ૐ નમો ભગવતે વાસુદેવાય ।

શ્રીમદ્‌ભાગવત-મહાપુરાણ

=★=

પાંચમો સ્કંધ

=★=

પહેલો અધ્યાય

પ્રિયવ્રતનું ચરિત્ર

રાજોવાચ

પ્રિયવ્રતો ભાગવત આત્મારામઃ કથં મુને ।
ગૃહેઽરમત યન્મૂલઃ કર્મબન્ધઃ પરાભવઃ ॥ ૧॥

ન નૂનં મુક્તસઙ્ગાનાં તાદૃશાનાં દ્વિજર્ષભ ।
ગૃહેષ્વભિનિવેશોઽયં[1] પુંસાં ભવિતુમર્હતિ ॥ ૨॥

મહતાં ખલુ વિપ્રર્ષે ઉત્તમશ્લોકપાદયોઃ ।
છાયાનિર્વૃતચિત્તાનાં ન કુટુમ્બે સ્પૃહામતિઃ ॥ ૩॥

સંશયોઽયં મહાન્ બ્રહ્મન્ દારાગારસુતાદિષુ ।
સક્તસ્ય યત્સિદ્ધિરભૂત્કૃષ્ણે ચ મતિરચ્યુતા ॥ ૪॥

શ્રીશુક ઉવાચ

બાઢમુક્તં[2] ભગવત ઉત્તમશ્લોકસ્ય શ્રીમચ્ચરણારવિન્દમકરન્દરસ આવેશિતચેતસો ભાગવતપરમહંસદયિતકથાં કિઞ્ચિદન્તરાયવિહતાં સ્વાં શિવતમાં પદવીં ન પ્રાયેણ હિન્વન્તિ ॥ ૫॥ યર્હિ વાવ હ રાજન્ સ રાજપુત્રઃ પ્રિયવ્રતઃ પરમભાગવતો નારદસ્ય ચરણોપસેવયાઞ્જસાવગત-પરમાર્થસતત્ત્વો[3] બ્રહ્મસત્રેણ દીક્ષિષ્યમાણોઽવનિતલપરિપાલયામ્નાતપ્રવર-[4] ગુણગણૈકાન્તભાજનતયા સ્વપિત્રોપામન્ત્રિતો ભગવતિ વાસુદેવ એવાવ્યવધાનસમાધિયોગેન સમાવેશિતસકલકારકક્રિયાકલાપો નૈવાભ્ય-નન્દદ્યદ્યપિ[5] તદપ્રત્યામ્નાતવ્યં તદધિકરણ આત્મનોઽન્યસ્માદસતોઽપિ પરાભવ-મન્વીક્ષમાણઃ ॥ ૬॥

રાજા પરીક્ષિતે પૂછ્યું – હે મુનિ! મહારાજ પ્રિયવ્રત તો મોટા ભગવદ્‌ભક્ત અને આત્મારામ હતા. ગૃહસ્થાશ્રમમાં તેમને રુચિ કેમ થઈ, કે જેમાં ફસાઈ જવાને કારણે મનુષ્યને પોતાના સ્વરૂપની વિસ્મૃતિ થાય છે અને તે કર્મોના બંધનમાં બંધાઈ જાય છે? (૧) હે વિપ્રવર! અલબત્ત, આવા નિઃસંગ મહાપુરુષોનો આ રીતે ગૃહસ્થાશ્રમમાં અભિનિવેશ થવો એ ઉચિત નથી. (૨) એમાં કોઈ પ્રકારનો સંદેહ નથી કે જેમનું ચિત્ત પુણ્યકીર્તિ શ્રીહરિનાં ચરણોની શીતળ છાયાનો આશ્રય લઈને શાંત થઈ ગયું છે તે મહાપુરુષોની ક્યારેય કુટુંબ વગેરેમાં આસક્તિ થવા પામતી નથી. (૩) હે બ્રહ્મન્! મને એ વાતનો મોટો સંદેહ છે કે મહારાજ પ્રિયવ્રતે પત્ની, પુત્ર, ઘર વગેરેમાં આસક્ત રહીને પણ કેવી રીતે સિદ્ધિ મેળવી લીધી અને કેમ કરીને ભગવાન શ્રીકૃષ્ણમાં તેમની અવિચળ ભક્તિ થઈ. (૪)

શ્રીશુકદેવજીએ કહ્યું – હે રાજન્! તમારું કહેવું ઘણું યોગ્ય છે. જેમનું ચિત્ત પવિત્રકીર્તિ શ્રીહરિના પરમ મધુર ચરણકમળમકરંદના રસમાં તરબોળ થઈ ગયું છે તેઓ કોઈ વિઘ્ન-અવરોધને કારણે રુકાવટ આવે તોપણ ભગવદ્‌ભક્ત પરમહંસોના પ્રિય શ્રીવાસુદેવ ભગવાનની કથાના શ્રવણરૂપી પરમ કલ્યાણમય માર્ગને ઘણું કરીને છોડતા નથી. (૫) રાજન્! રાજકુમાર પ્રિયવ્રત મોટા ભગવદ્‌ભક્ત હતા, શ્રીનારદજીનાં ચરણોની સેવા કરવાથી તેમને સહજપણે જ પરમાત્મતત્ત્વનો બોધ થઈ ગયો હતો. તેઓ બ્રહ્મસત્રની દીક્ષા – નિરંતર બ્રહ્મના અભ્યાસમાં જીવન વિતાવવાનો નિયમ – લેનારા જ હતા કે તે જ સમયે તેમના પિતા સ્વાયંભુવ મનુએ તેમને, પૃથ્વીનું પાલન કરવા માટે શાસ્ત્રમાં બતાવેલા બધા જ શ્રેષ્ઠ ગુણોથી સંપૂર્ણપણે સંપન્ન જોઈને રાજ્યશાસન કરવાની આજ્ઞા આપી. પરંતુ પ્રિયવ્રત તો અખંડસમાધિયોગ વડે પોતાની સમસ્ત ઇન્દ્રિયો અને ક્રિયાઓને ભગવાન વાસુદેવનાં ચરણોમાં જ સમર્પિત કરી ચૂક્યા હતા. તેથી પિતાની આજ્ઞા કોઈ રીતે ઉલ્લંઘન કરવા

૧. પ્રા. પા. – નિવાસોઽયમ્ । ૨. પ્રાચીન પ્રતમાં 'બાઢમુક્તં....'થી માંડીને 'હિન્વન્તિ' સુધીનો ભાગ નથી. ૩. પ્રા. પા. – પરમાત્મતત્ત્વો । ૪. પ્રા. પા. – ૦પ્રવરગુણૈકાન્ત૦ । ૫. પ્રા. પા. – ન વાભ્યનન્દદ્યદપિ તદપ્રત્યામ્નાતં ।

અથ[1] હ ભગવાનાદિદેવ એતસ્ય ગુણવિસર્ગસ્ય[2] પરિબૃંહણાનુધ્યાનવ્યવસિતસકલજગદભિપ્રાય આત્મયોનિરખિલનિગમનિજગણપરિવેષ્ટિતઃ[3] સ્વભવનાદવતતાર ॥ ૭॥ સ તત્ર[4] તત્ર ગગનતલ ઉડુપતિરિવ વિમાનાવલિભિરનુપથમમરપરિવૃઢૈરભિપૂજ્યમાનઃ[5] પથિ પથિ ચ વરૂથશઃ સિદ્ધગન્ધર્વસાધ્યચારણમુનિગણૈરુપગીયમાનો[6] ગન્ધમાદનદ્રોણીમવભાસયન્નુપસસર્પ ॥ ૮॥તત્ર હ વા એનં દેવર્ષિર્હંસયાનેન પિતરં ભગવન્તં હિરણ્યગર્ભમુપલભમાનઃ સહસૈવોત્થાયાર્હણેન સહ પિતાપુત્રાભ્યામવહિતાઞ્જલિરુપતસ્થે ॥ ૯॥ ભગવાનપિ ભારત તદુપનીતાર્હણઃ સૂક્તવાકેનાતિતરામુદિતગુણગણાવતારસુજયઃ પ્રિયવ્રતમાદિપુરુષસ્તં સદયહાસાવલોક[7] ઇતિ હોવાચ[8] ॥ ૧૦॥

શ્રીભગવાનુવાચ

નિબોધ તાતેદમૃતં બ્રવીમિ
માઽસૂયિતું દેવમર્હસ્યપ્રમેયમ્[9] ।
વયં ભવસ્તે[10] તત એષ મહર્ષિ-[11]
ર્વહામ સર્વે વિવશા યસ્ય દિષ્ટમ્[12] ॥ ૧૧॥

ન તસ્ય કશ્ચિત્તપસા વિદ્યયા વા
ન યોગવીર્યેણ મનીષયા વા ।
નૈવાર્થધર્મૈઃ પરતઃ સ્વતો વા
કૃતં વિહન્તું તનુભૃદ્વિભૂયાત્ ॥ ૧૨॥

ભવાય નાશાય ચ કર્મ કર્તું
શોકાય મોહાય સદા ભયાય ।
સુખાય દુઃખાય ચ દેહયોગ-
મવ્યક્તદિષ્ટં જનતાઙ્ગ ધત્તે ॥ ૧૩॥

યોગ્ય ન હોવા છતાં એવું વિચારીને કે 'રાજ્યનો અધિકાર મેળવીને તો મારું જે આત્મસ્વરૂપ છે તે, પત્ની, પુત્ર વગેરે અસત્ (મિથ્યા) પ્રપંચથી ઢંકાઈ જશે – રાજ્ય અને કુટુંબની ચિંતામાં ફસાઈને હું પરમાર્થતત્ત્વને ઘણું કરીને ભૂલી જઈશ,' તેમણે તે આજ્ઞાનો સ્વીકાર કર્યો નહીં. (૬)

આદિદેવ સ્વયંભૂ ભગવાન બ્રહ્માજીને આ ગુણમય પ્રપંચની નિરંતર વૃદ્ધિ કરવાનો જ વિચાર રહ્યા કરે છે. તેઓ સઘળા સંસારના જીવોનો અભિપ્રાય જાણતા રહે છે. જ્યારે તેમણે પ્રિયવ્રતની આવી પ્રવૃત્તિ જોઈ ત્યારે તેઓ મૂર્તિમાન ચારે વેદ અને મરીચિ વગેરે પાર્ષદોને સાથે લઈને પોતાના લોકમાંથી ઊતર્યા. (૭) આકાશમાં ચારેબાજુ વિમાનો પર આરૂઢ થયેલા ઇન્દ્ર વગેરે મુખ્ય-મુખ્ય દેવતાઓએ તેમની પૂજા કરી તથા માર્ગમાં મંડળીઓ રચીને આવેલા સિદ્ધો, ગંધર્વો, સાધ્યો, ચારણો અને મુનિઓએ તેમનું સ્તવન કર્યું. આ પ્રમાણે ઠેર-ઠેર આદર-સત્કાર મેળવતા તેઓ નક્ષત્રપતિ ચંદ્રમાની જેમ ગંધમાદનની ઘાટી (પહાડી પ્રદેશ)ને પ્રકાશિત કરતા પ્રિયવ્રતની પાસે આવી પહોંચ્યા. (૮) ત્યાં પ્રિયવ્રતને આત્મવિદ્યાનો ઉપદેશ આપવા માટે નારદજી પણ આવેલા હતા. બ્રહ્માજીના ત્યાં જઈ પહોંચવાથી તેમના વાહન હંસને જોઈને નારદજીએ જાણ્યું કે અમારા પિતા ભગવાન બ્રહ્માજી પધાર્યા છે; તેથી તેઓ સ્વાયંભુવ મનુ અને પ્રિયવ્રત સહિત તરત જ ઊભા થઈ ગયા અને સૌએ હાથ જોડીને તેમને પ્રણામ કર્યા. (૯) હે પરીક્ષિત! નારદજીએ તેમની અનેકવિધ પૂજા કરી અને સુમધુર વચનોમાં તેમના ગુણો અને અવતારોની ઉત્કૃષ્ટતાનું વર્ણન કર્યું. ત્યારે આદિપુરુષ ભગવાન બ્રહ્માજીએ પ્રિયવ્રત તરફ મંદસ્મિતયુક્ત દયાદૃષ્ટિપૂર્વક જોઈને આ પ્રમાણે કહ્યું – (૧૦)

શ્રીબ્રહ્માજીએ કહ્યું – હે તાત પ્રિયવ્રત! હું તને સત્ય સિદ્ધાંતની વાત કહું છું, ધ્યાન દઈને સાંભળ. તારે અપ્રમેય શ્રીહરિ પ્રત્યે કોઈ પ્રકારની દોષદૃષ્ટિ રાખવી જોઈએ નહીં. તું જ શું, હું, મહાદેવજી, તારા પિતા સ્વાયંભુવ મનુ અને તારા ગુરુ આ મહર્ષિ નારદ પણ વિવશ થઈને તે શ્રીહરિની જ આજ્ઞાનું પાલન કરે છે. (૧૧) તેમના વિધાનને કોઈ પણ શરીરધારી નથી તો તપ, વિદ્યા, યોગબળ કે બુદ્ધિબળથી, નથી તો અર્થ કે ધર્મની શક્તિથી અને નથી તો પોતે કે કોઈ બીજાની સહાયથી ટાળી શકતો. (૧૨) પ્રિયવર! તે જ અવ્યક્ત ઈશ્વરે આપેલા શરીરને બધા જીવો જન્મ, મરણ, શોક, મોહ, ભય અને સુખદુઃખનો ભોગ ભોગવવા માટે તથા કર્મ કરવા માટે ધારણ

૧. પ્રાચીન પ્રતમાં 'અથ હ' પાઠ નથી. ૨. પ્રા. પા. – ૦સર્ગસ્ય બૃંહણા૦ । ૩. પ્રા. પા. – ૦રખિલનિજગણપરિવેષ્ટિતઃ । ૪. પ્રા. પા. – તત્ર ગગનતલે । ૫. પ્રા. પા. – ૦મમરપરિવૃન્દૈરભિપૂ૦ । ૬. પ્રાચીન પ્રતમાં 'ચારણમુનિ'થી માંડીને 'પુરુષસ્તં સદય' સુધીનો ભાગ ખંડિત છે. ૭. પ્રાચીન પ્રતમાં 'વલોક ઇ' – આટલો ભાગ ખંડિત છે. ૮. પ્રા. પા. – હોવાચ ભગવાન્ વાચમ્ । ૯. પ્રા. પા. – ૦મર્હસ્યમેયમ્ । ૧૦. પ્રા. પા. – ભવસ્તે ચ ઇમે । ૧૧. પ્રા. પા. – મહર્ષયો । ૧૨. પ્રાચીન પ્રતમાં 'દિષ્ટમ્' પાઠ નથી.

યદ્વાચિ તન્ત્યાં[1] ગુણકર્મદામભિઃ
સુદુસ્તરૈર્વત્સ વયં સુયોજિતાઃ ।
સર્વે વહામો બલિમીશ્વરાય
પ્રોતા નસીવ દ્વિપદે ચતુષ્પદઃ ॥ ૧૪॥

ઈશાભિસૃષ્ટં હ્યવરુન્ધ્મહેઙ્ગ
દુઃખં સુખં વા ગુણકર્મસઙ્ગાત્ ।
આસ્થાય તત્તદ્યદયુઙ્ક્ત નાથ-
શ્ચક્ષુષ્મતાઙન્ધા ઈવ નીયમાનાઃ ॥ ૧૫॥

મુક્તોઙપિ તાવદ્ બિભૃયાત્સ્વદેહ-
મારબ્ધમશ્નન્નભિમાનશૂન્યઃ ।
યથાનુભૂતં પ્રતિયાતનિદ્રઃ
કિં ત્વન્યદેહાય ગુણાન્ન વૃઙ્ક્તે ॥ ૧૬॥

ભયં પ્રમત્તસ્ય વનેષ્વપિ સ્યાદ્
યતઃ સ આસ્તે[2] સહષટ્સપત્નઃ ।
જિતેન્દ્રિયસ્યાત્મરતેર્બુધસ્ય
ગૃહાશ્રમઃ કિં નુ કરોત્યવદ્યમ્ ॥ ૧૭॥

યઃ ષટ્ સપત્નાન્ વિજિગીષમાણો
ગૃહેષુ નિર્વિશ્ય યતેત પૂર્વમ્ ।
અત્યેતિ[3] દુર્ગાશ્રિત ઊર્જિતારીન્
ક્ષીણેષુ કામં વિચરેદ્વિપશ્ચિત્ ॥ ૧૮॥

ત્વં ત્વબ્જનાભાઙ્ઘ્રિસરોજકોશ-
દુર્ગાશ્રિતો નિર્જિતષટ્સપત્નઃ ।
ભુઙ્ક્ષ્વેહ ભોગાન્ પુરુષાતિદિષ્ટાન્
વિમુક્તસઙ્ગઃ પ્રકૃતિં ભજસ્વ ॥ ૧૯॥

શ્રીશુક ઉવાચ[4]

ઈતિ સમભિહિતો મહાભાગવતો ભગવત-સ્ત્રિભુવનગુરોરનુશાસનમાત્મનો લઘુતયાવનત-શિરોધરો બાઢમિતિ સબહુમાનમુવાહ ॥ ૨૦॥ ભગવાનપિ મનુના યથાવદુપકલ્પિતાપચિતિઃ પ્રિયવ્રતનારદયોરવિષમમભિસમીક્ષમાણયોરાત્મ-સમવસ્થાનમવાઙ્મનસં ક્ષયમવ્યવહૃતં[5] પ્રવર્તયન્નગમત્ ॥ ૨૧॥

કરે છે. (૧૩) હે વત્સ! જેમ દોરડાથી નાથવામાં આવેલું પશુ મનુષ્યોનો બોજ ખેંચે છે તેવી જ રીતે પરમાત્માની વેદવાણીરૂપી મોટા દોરડામાં સત્ત્વ વગેરે ગુણો, સાત્ત્વિક વગેરે કર્મો અને તેમનાં બ્રાહ્મણ વગેરે વાક્યોના મજબૂત દોરડાથી જકડાયેલા આપણે બધા તે શ્રીહરિની જ ઈચ્છા અનુસાર કર્મોમાં રત રહીએ છીએ અને તેના વડે તેમની પૂજા કરતા રહીએ છીએ. (૧૪) આપણા ગુણો અને આપણાં કર્મો અનુસાર પ્રભુએ આપણને જે યોનિમાં નાખી દીધા છે તેને જ સ્વીકારી લઈને, તેઓ જેવો પ્રબંધ કરે છે તે જ અનુસાર આપણે સુખ અથવા દુઃખ ભોગવતા રહીએ છીએ. આપણે તેમની ઈચ્છાનું એ પ્રમાણે અનુસરણ કરવું પડે છે, કે જેમ કોઈ આંધળાએ આંખવાળા મનુષ્યનું અનુસરણ કરવું પડે છે. (૧૫)

મુક્તિ પામેલો મનુષ્ય પણ પ્રારબ્ધનો ભોગ ભોગવતો રહીને ભગવાનની ઈચ્છા અનુસાર પોતાના શરીરને ધારણ કરે જ છે; બરાબર તેવી જ રીતે કે જેમ મનુષ્યની નિદ્રા તૂટી ગયા પછી પણ સ્વપ્નમાં અનુભવેલા પદાર્થોનું સ્મરણ રહે છે. આવી અવસ્થામાં પણ તેને અભિમાન થતું નથી અને વિષય-વાસનાના જે સંસ્કારોને કારણે બીજો જન્મ થાય છે તેમનો તે સ્વીકાર કરતો નથી. (૧૬) જે મનુષ્ય ઈન્દ્રિયોને વશીભૂત છે તે વન-વનમાં વિચરણ કરતો રહે તોપણ તેને જન્મ-મરણનો ભય ટકેલો જ રહે છે; કારણ કે જીત્યા વિનાના મન અને (પાંચ) ઈન્દ્રિયોરૂપી તેના છ શત્રુઓ ક્યારેય તેનો પીછો છોડતા નથી. જે બુદ્ધિમાન મનુષ્ય ઈન્દ્રિયોને જીતીને પોતાના આત્મામાં જ રમમાણ રહે છે તેનું તો ગૃહસ્થાશ્રમ પણ શું અહિત કરી શકે? (૧૭) જેને આ છ શત્રુઓને જીતવાની ઈચ્છા હોય તેણે સૌપ્રથમ તો ઘર-ગૃહસ્થીમાં રહીને જ તેમનો અત્યંત નિરોધ કરતા રહીને તેમને વશ કરવાનો પ્રયત્ન કરવો. કિલ્લામાં સુરક્ષિત રહીને યુદ્ધ કરનારો રાજા પોતાના પ્રબળ શત્રુઓને પણ જીતી લે છે. પછી જ્યારે આ શત્રુઓનું બળ અત્યંત ક્ષીણ થઈ જાય ત્યારે વિદ્વાન મનુષ્ય (પોતાની) ઈચ્છા અનુસાર વિચરણ કરી શકે છે. (૧૮) તું જોકે શ્રીકમળનાભ ભગવાનના ચરણકમળની કળી-રૂપ કિલ્લાને આશ્રયે રહીને આ છયે શત્રુઓને જીતી ચૂક્યો છે, તોપણ પહેલાં તે ભગવાને આપેલા ભોગો ભોગવ; ત્યારબાદ નિઃસંગ થઈને તું પોતાના આત્મસ્વરૂપમાં સ્થિત થઈ જજે. (૧૯)

શ્રીશુકદેવજી કહે છે – ત્રણે લોકના ગુરુ શ્રીબ્રહ્માજીએ જ્યારે આ પ્રમાણે કહ્યું ત્યારે પરમ ભાગવત પ્રિયવ્રતે (પોતે) નાનો હોવાને કારણે નમ્રતાપૂર્વક માથું નમાવી દીધું અને 'જેવી આજ્ઞા' એમ કહીને ઘણા આદરપૂર્વક તેમની આજ્ઞા માથે ચડાવી. (૨૦) ત્યારે સ્વાયંભુવ મનુએ પ્રસન્ન થઈને

૧. પ્રા. પા. – તન્ત્યાં । ૨. પ્રાચીન પ્રતમાં 'આસ્તે' શબ્દ ખંડિત છે. ૩. પ્રા. પા. – યદ્યપિ દુર્ગા૦ । ૪. પ્રાચીન પ્રતમાં 'શ્રીશુક ઉવાચ' પાઠ નથી. ૫. પ્રા. પા. – ૦મવ્યવહિતમગમત્ ।

મનુરપિ પરેણૈવં પ્રતિસન્ધિતમનોરથઃ સુરર્ષિવરાનુમતેનાત્મજમખિલધરામણ્ડલસ્થિતિગુપ્તય આસ્થાપ્ય સ્વયમતિવિષમવિષયવિષજલાશયાશાયા[1] ઉપરરામ ॥ ૨૨॥ ઈતિ હ વાવ સ જગતીપતિરીશ્વરેચ્છયાધિનિવેશિત[2]કર્માધિકારોઽખિલજગદ્‌બન્ધધ્વંસનપરાનુભાવસ્ય ભગવત આદિપુરુષસ્યાઙ્‌ઘ્રિયુગલાનવરતધ્યાનાનુભાવેન પરિરન્ધિતકષાયાશયોઽવદાતોઽપિ માનવર્ધનો મહતાં મહીતલમનુશશાસ ॥ ૨૩॥ અથ ચ[3] દુહિતરં પ્રજાપતેર્વિશ્વકર્મણ ઉપયેમે બર્હિષ્મતીં નામ તસ્યામુ હ વાવ [4]આત્મજાનાત્મસમાનશીલગુણકર્મરૂપવીર્યોદારાન્ દશ ભાવયામ્બભૂવ કન્યાં ચ યવીયસીમૂર્જસ્વતીં નામ ॥ ૨૪॥ આગ્નીધ્રેધ્મજિહ્વયજ્ઞબાહુમહાવીરહિરણ્યરેતોઘૃતપૃષ્ઠસવનમેધાતિથિવીતિહોત્રકવય ઈતિ સર્વ એવાગ્નિનામાનઃ ॥ ૨૫॥ એતેષાં કવિર્મહાવીરઃ સવન ઈતિ ત્રય આસન્નૂર્ધ્વરેતસસ્ત આત્મવિદ્યાયામર્ભભાવાદારભ્ય કૃતપરિચયાઃ પારમહંસ્યમેવાશ્રમમભજન્ ॥ ૨૬॥ તસ્મિન્નુ[5] હ વા ઉપશમશીલાઃ પરમર્ષયઃ સકલજીવનિકાયાવાસસ્ય ભગવતો વાસુદેવસ્ય ભીતાનાં શરણભૂતસ્ય શ્રીમચ્ચરણારવિન્દાવિરતસ્મરણાવિગલિતપરમભક્તિયોગાનુભાવેન પરિભાવિતાન્તર્હૃદયાધિગતે ભગવતિ[6] સર્વેષાં ભૂતાનામાત્મભૂતે પ્રત્યગાત્મન્યેવાત્મનસ્તાદાત્મ્યમવિશેષેણ[7] સમીયુઃ ॥ ૨૭॥ અન્યસ્યામપિ જાયાયાં ત્રયઃ પુત્રા આસન્નુત્તમસ્તામસો રૈવત ઈતિ મન્વન્તરાધિપતયઃ[8] ॥ ૨૮॥

ભગવાન બ્રહ્માજીની પૂજા કરી. ત્યારપછી તેઓ મન અને વાણીના અવિષય, પોતાના આશ્રય તથા સર્વ-વ્યવહારોથી અતીત એવા પરબ્રહ્મનું ચિંતન કરતાં કરતાં પોતાના લોકમાં ચાલ્યા ગયા. આ સમયે પ્રિયવ્રત અને નારદજી સરળભાવે તેમના તરફ જોઈ રહ્યા હતા. (૨૧)

મનુજીએ આ પ્રમાણે બ્રહ્માજીની કૃપાથી પોતાનો મનોરથ પૂરો થઈ ગયા પછી દેવર્ષિ નારદની આજ્ઞાથી પ્રિયવ્રતને સમગ્ર ભૂમંડળના રક્ષણની જવાબદારી સોંપી દીધી અને પોતે વિષયોરૂપી વિષયુક્ત જળથી ભરેલા, તરવા દુષ્કર એવા ગૃહસ્થાશ્રમરૂપી જળાશયના ભોગો ભોગવવાની કામનામાંથી નિવૃત્ત થઈ ગયા. (૨૨) હવે પૃથ્વીપતિ મહારાજ પ્રિયવ્રત ભગવાનની ઈચ્છાથી રાજ્યશાસનના કાર્યમાં નિયુક્ત થયા. જેઓ સમસ્ત જગતને બંધનમાંથી મુક્ત કરાવવામાં અત્યંત સમર્થ છે તે આદિપુરુષ શ્રીભગવાનના ચરણયુગ્મનું નિરંતર ધ્યાન ધરતા રહેવાથી તેમના રાગ વગેરે બધા જ મળ જોકે નષ્ટ થઈ ચૂક્યા હતા અને તેમનું હૃદય પણ અત્યંત શુદ્ધ હતું, તેમ છતાં મોટેરાઓનું માન રાખવા માટે તેઓ પૃથ્વીનું શાસન કરવા લાગ્યા. (૨૩) ત્યારબાદ તેમણે પ્રજાપતિ વિશ્વકર્માની પુત્રી બર્હિષ્મતી સાથે લગ્ન કર્યું. તેનાથી તેમને દસ પુત્રો થયા. તેઓ બધા તેમના (પિતાના) જેવા શીલવાન, ગુણશાળી, કર્મનિષ્ઠ, રૂપવાન અને પરાક્રમી હતા. તેમનાથી નાની ઊર્જસ્વતી નામની એક પુત્રી પણ થઈ. (૨૪) તે પુત્રોનાં નામ આગ્નીધ્ર, ઈધ્મજિહ્વ, યજ્ઞબાહુ, મહાવીર, હિરણ્યરેતા, ઘૃતપૃષ્ઠ, સવન, મેધાતિથિ, વીતિહોત્ર અને કવિ હતાં. આ બધાં નામો અગ્નિનાં પણ છે. (૨૫) એમાંથી કવિ, મહાવીર અને સવન – આ ત્રણ નૈષ્ઠિક બ્રહ્મચારી થયા. તેઓ બાલ્યાવસ્થાથી આત્મવિદ્યાનો અભ્યાસ કરતા રહ્યા અને અંતે તેમણે સંન્યાસાશ્રમ સ્વીકાર્યો. (૨૬) એ નિવૃત્તિપરાયણ મહર્ષિઓએ સંન્યાસાશ્રમમાં જ રહીને સમસ્ત જીવોના અધિષ્ઠાન અને ભવબંધનથી બીધેલા લોકોના આશ્રય – ભગવાન વાસુદેવનાં પરમ સુંદર ચરણકમળોનું નિરંતર ચિંતન કર્યું. તેનાથી પ્રાપ્ત થયેલા અખંડ અને શ્રેષ્ઠ ભક્તિયોગથી તેમનું અંતઃકરણ સર્વથા શુદ્ધ થઈ ગયું અને તેમાં શ્રીભગવાનનો આવિર્ભાવ થયો. ત્યારે શરીર વગેરે ઉપાધિઓની નિવૃત્તિ થઈ જવાથી તેમના આત્મા સમસ્ત જીવોના આત્મસ્વરૂપ સર્વાન્તર્યામી પરમાત્મા સાથે તદ્રૂપ થઈ ગયા. (૨૭) મહારાજ પ્રિયવ્રતની બીજી પત્નીથી ઉત્તમ, તામસ અને રૈવત – આ ત્રણ પુત્રો ઉત્પન્ન થયા, કે જેઓ પોતાના નામવાળા મન્વંતરોના અધિપતિ થયા. (૨૮)

૧. પ્રા. પા. – જલાશયાદુપરરામ । ૨. પ્રા. પા. – વિનિવેશિત૦ । ૩. પ્રા. પા. – અથ દુહિતરં । ૪. પ્રાચીન પ્રતમાં 'આત્મજાનાત્મ' એટલો ભાગ નથી. ૫. પ્રા. પા. – તસ્મિંન્નિહ । ૬. પ્રાચીન પ્રતમાં 'ભગવતિ' - પાઠ નથી. ૭. પ્રા. પા. – ૦વાત્મતાદાત્મ્યવિશે૦ । ૮. પ્રા. પા. – મન્વન્તરાધિપતયઃ સભક્તિયોગાનુભાવેન ।

એવમુપશમાયનેષુ સ્વતનયેષ્વથ જગતીપતિર્જગતીમર્બુદાન્યેકાદશ પરિવત્સરાણામવ્યાહતાખિલપુરુષકારસારસમ્ભૃતદોર્દણ્ડયુગલાપીડિતમૌર્વીગુણસ્તનિતવિરમિતધર્મપ્રતિપક્ષો બર્હિષ્મત્યાશ્ચાનુદિનમેધમાનપ્રમોદ[1]પ્રસરણયૌષિ[2]ણ્યવ્રીડાપ્રમુષિતહાસાવલોકરુચિરક્ષ્વેલ્યાદિભિઃ પરાભૂયમાનવિવેક[3] ઈવાનવબુધ્યમાન ઈવ મહામના બુભુજે ॥ ૨૯॥

યાવદવભાસયતિ[4] સુરગિરિમનુપરિક્રામન્ ભગવાનાદિત્યો વસુધાતલમર્ધેનૈવ પ્રતપત્યર્ધેનાવચ્છાદયતિ તદા હિ ભગવદુપાસનોપચિતાતિપુરુષપ્રભાવસ્તદનભિનન્દન્ સમજવેન રથેન જ્યોતિર્મયેન રજનીમપિ દિનં કરિષ્યામીતિ સપ્તકૃત્વસ્તરણિમનુ પર્યક્રામદ્ દ્વિતીય ઈવ પતઙ્ગઃ ॥ ૩૦॥ યે વા ઉ હ તદ્રથચરણનેમિકૃતપરિખાતાસ્તે સપ્ત[5] સિન્ધવ આસન્ યત એવ કૃતાઃ સપ્ત ભુવો દ્વીપાઃ ॥ ૩૧॥ જમ્બૂપ્લક્ષશાલ્મલિકુશક્રૌઞ્ચશાકપુષ્કરસઞ્જ્ઞાસ્તેષાં પરિમાણં પૂર્વસ્માત્પૂર્વસ્માદુત્તર ઉત્તરો યથાસઙ્ખ્યં દ્વિગુણમાનેન[6] બહિઃ સમન્તત ઉપક્લૃપ્તાઃ ॥ ૩૨॥ ક્ષારોદેક્ષુરસોદસુરોદઘૃતોદક્ષીરોદદધિમણ્ડોદશુદ્ધોદાઃ સપ્ત જલધયઃ સપ્તદ્વીપપરિખા[7] ઈવાભ્યન્તરદ્વીપસમાના એકૈકશ્યેન[8] યથાનુપૂર્વં સપ્તસ્વપિ બહિર્દ્વીપેષુ પૃથક્પરિત[9] ઉપકલ્પિતાસ્તેષુ[10] જમ્બ્વાદિષુ બર્હિષ્મતીપતિરનુવ્રતાનાત્મજાનાગ્નીધ્રેધ્મજિહ્વયજ્ઞબાહુહિરણ્યરેતોઘૃતપૃષ્ઠમેધાતિથિવીતિહોત્રસઞ્જ્ઞાન્[11] [12]યથાસઙ્ખ્યેનૈકૈકસ્મિન્નેકમેવાધિપતિં વિદધે ॥ ૩૩॥ દુહિતરં ચોર્જસ્વતીં નામોશનસે પ્રાયચ્છદ્ યસ્યામાસીદ્ દેવયાની નામ કાવ્યસુતા ॥ ૩૪॥

આ પ્રમાણે કવિ વગેરે ત્રણ પુત્રોના નિવૃત્તિપરાયણ થઈ જવાથી રાજા પ્રિયવ્રતે અગિયાર અર્બુદ (અર્થાત્ એકસો દસ કરોડ) વર્ષો સુધી પૃથ્વીનું શાસન કર્યું. જ્યારે તેઓ પોતાની અખંડ પુરુષાર્થમયી અને શક્તિશાળી ભુજાઓથી ધનુષ્યની દોરી ખેંચીને ટંકાર કરતા હતા ત્યારે બધા જ ધર્મદ્રોહીઓ ભયથી ન જાણે ક્યાં સંતાઈ જતા હતા. પ્રાણપ્રિયા બર્હિષ્મતીના દિવસે-દિવસે વધતા આનંદપ્રમોદ અને અભ્યુત્થાન વગેરે ક્રીડાઓને કારણે તથા તેના સ્ત્રીજનને અનુરૂપ હાવભાવ, શરમથી સંકુચિત મંદહાસ્યયુક્ત નેત્રકટાક્ષ, મનભાવન વિનોદ વગેરેથી મહામના પ્રિયવ્રત આત્મસ્વરૂપમાં સ્થિત હોવા છતાં પણ જાણે વિવેકહીન વ્યક્તિની જેમ ભોગો ભોગવતા હોય એમ લાગતું હતું. (૨૯)

એકવાર તેમણે જ્યારે એવું જોયું કે ભગવાન સૂર્ય સુમેરુની પરિક્રમા કરતા રહીને લોક-આલોકપર્યન્ત પૃથ્વીના જેટલા ભાગને પ્રકાશિત કરે છે તેમાંનો અડધો જ પ્રકાશમાં રહે છે અને અડધામાં અંધકાર છવાયેલો રહે છે, તો તેમને તે ગમ્યું નહીં. ત્યારે તેમણે 'હું રાત્રિને પણ દિવસ બનાવી દઈશ' એવો સંકલ્પ કરી લઈને સૂર્યના જેવા જ વેગવાળા એક જ્યોતિમય રથ પર ચઢીને, જાણે બીજો સૂર્ય હોય તેવી જ રીતે, તે સૂર્યની પાછળ-પાછળ પૃથ્વીની સાત પરિક્રમાઓ કરી નાખી. ભગવાનની ઉપાસના (કરવા)થી તેમનો અલૌકિક પ્રભાવ ઘણો વધી ગયો હતો. (૩૦) તે સમયે તેમના રથનાં પૈડાંઓથી જે ચાસ (ચીલા) પડી ગયા તે જ સાત સમુદ્ર થયા; તેમનાથી પૃથ્વી પર સાત દ્વીપ થઈ ગયા. (૩૧) તેમનાં નામ ક્રમશઃ જંબૂ, પ્લક્ષ, શાલ્મલિ, કુશ, ક્રૌંચ, શાક અને પુષ્કર દ્વીપ છે. એમાંના પહેલા-પહેલા કરતાં પછી-પછીના દ્વીપનું પરિમાણ (કદ-વિસ્તાર) બમણું છે અને એ સમુદ્રની બહારના ભાગમાં પૃથ્વીની ચારે બાજુએ ફેલાયેલા છે. (૩૨) સાત સમુદ્રો ક્રમશઃ ખારા પાણીથી, શેરડીના રસથી, મદિરાથી, ઘીથી, દૂધથી, દહીંથી અને મીઠા પાણીથી ભરેલા છે. આ સાતે (સમુદ્રો) દ્વીપોની ખાઈઓ જેવા છે અને પરિમાણમાં પોતાની અંદરના દ્વીપ જેવડા છે. આમાંનો પ્રત્યેક (સમુદ્ર) અલગ-અલગ સાતે દ્વીપોને બહારથી ઘેરીને રહેલો છે.* બર્હિષ્મતી-પતિ મહારાજ પ્રિયવ્રતે પોતાના અનુયાયી પુત્રો આગ્નીધ્ર, ઈધ્મજિહ્વ, યજ્ઞબાહુ, હિરણ્યરેતા, ઘૃતપૃષ્ઠ,

૧. પ્રા. પા. – ૦પ્રમોદમોદપ્રસરણ૦ । ૨. પ્રા. પા. – ૦યૌષણ્યવ્રીડાપ્રમોદિત૦ । ૩. પ્રા. પા. – વિવેકો નાવબુધ્યમા૦ । ૪. પ્રા. પા. – યદેવાભાસયતિ । ૫. પ્રા. પા. – સપ્ત સપ્ત સિન્ધ૦ । ૬. પ્રા. પા. – દ્વિગુણેન બહિઃ સમન્તતઃ । ૭. પ્રા. પા. – દ્વીપશિખાભ્યન્તરે દ્વીપ૦ । ૮. પ્રા. પા. – એકૈકસ્યૈવ । ૯. પ્રા. પા. – પૃથક્ પરિધય ઉપકલ્પિતા૦ । ૧૦. પ્રા. પા. – તેષુ બર્હિષ્મતીપતિ૦ । ૧૧. પ્રા. પા. – વાહ૦ । ૧૨. પ્રા. પા. – યથાસંખ્યકમેકૈકસ્મિન્નેકમેવાધિ૦ ।

* આ ક્રમ આ પ્રકારે જાણવો જોઈએ – પ્રથમ જંબૂદ્વીપ છે, તેની ચારે બાજુ ક્ષાર સમુદ્ર છે. તે પ્લક્ષદ્વીપથી ઘેરાયેલો છે, તેની ચારે બાજુ શેરડીના રસનો સમુદ્ર છે. તે શાલ્મલિદ્વીપથી ઘેરાયેલો છે. તેની ચારે બાજુ મદિરાનો સમુદ્ર છે. તે પછી કુશદ્વીપ છે, તે ઘીના સમુદ્રથી ઘેરાયેલો છે. તેની બહાર ક્રૌંચદ્વીપ છે, તેની ચારે બાજુ દૂધનો સમુદ્ર છે. ત્યારપછી શાકદ્વીપ છે, તેને મઠાના સમુદ્રે ઘેરેલો છે. તેની ચારે બાજુ પુષ્કરદ્વીપ છે, તે મીઠા પાણીના સમુદ્રથી ઘેરાયેલો છે.

નૈવંવિધઃ પુરુષકાર ઉરુક્રમસ્ય
પુંસાં તદઙ્‌ઘ્રિરજસા જિતષડ્‌ગુણાનામ્ ।
ચિત્રં વિદૂરવિગતઃ સકૃદાદદીત[1]
યન્નામધેયમધુના સ[2] જહાતિ બન્ધમ્ ॥ ૩૫॥

મેધાતિથિ અને વીતિહોત્રમાંથી ક્રમશઃ પ્રત્યેકને ઉક્ત જંબૂ વગેરે દ્વીપોમાંના પ્રત્યેકનો રાજા બનાવ્યો. (૩૩) તેમણે પોતાની પુત્રી ઊર્જસ્વતીનું લગ્ન શુક્રાચાર્યજી સાથે કર્યું; તેનાથી જ શુક્રપુત્રી દેવયાનીનો જન્મ થયો. (૩૪) હે રાજન્! જેમણે ભગવાનનાં ચરણકમળોની રજના પ્રભાવથી શરીરના ભૂખ, તરસ, શોક, મોહ, જરા (વૃદ્ધત્વ) અને મૃત્યુ – આ છ ગુણોને અથવા મન સહિત છ ઇન્દ્રિયોને જીતી લીધાં છે તે ભગવદ્‌ભક્તોનો આવો પુરુષાર્થ હોય એ કોઈ આશ્ચર્યની વાત નથી; કારણ કે વર્ણમાંથી બહિષ્કૃત કરાયેલો ચાંડાલ વગેરે નીચ યોનિનો મનુષ્ય પણ ભગવાનના નામનું માત્ર એકવાર ઉચ્ચારણ કરવાથી તત્કાળ સંસારના બંધનમાંથી મુક્ત થઈ જાય છે. (૩૫)

સ એવમપરિમિતબલપરાક્રમ એકદા તુ દેવર્ષિચરણાનુશયનાનુપતિતગુણવિસર્ગસંસર્ગેણાનિર્વૃતમિવાત્માનં મન્યમાન આત્મનિર્વેદ ઇદમાહ ॥ ૩૬॥ અહો અસાધ્વનુષ્ઠિતં યદભિનિવેશિતોઽહમિન્દ્રિયૈરવિદ્યારચિતવિષમવિષયાન્ધકૂપે તદલમલમમુષ્યા વનિતાયા વિનોદમૃગં માં ધિગ્ધિગિતિ ગર્હયાઞ્ચકાર ॥ ૩૭॥ પરદેવતાપ્રસાદાધિગતાત્મપ્રત્યવમર્શેનાનુપ્રવૃત્તેભ્યઃ[3] પુત્રેભ્ય ઇમાં યથાદાયં વિભજ્ય[4] ભુક્તભોગાં ચ મહિષીં મૃતકમિવ સહ મહાવિભૂતિમપહાય સ્વયં નિહિતનિર્વેદો હૃદિ ગૃહીતહરિવિહારાનુભાવો ભગવતો નારદસ્ય પદવીં પુનરેવાનુસસાર ॥ ૩૮॥

આવા અપરિમિત (અસીમ) બળ-પરાક્રમથી યુક્ત મહારાજ પ્રિયવ્રત એક વાર, એવું વિચારવા લાગ્યા કે હું દેવર્ષિ નારદનાં ચરણોના શરણે ગયા પછી પણ ફરીથી પ્રપંચમાં કઈ રીતે ફસાઈ ગયો? આવું વિચારીને પોતાને બેચેન જેવા જોઈને, વિરક્ત થઈને મનોમન આ પ્રમાણે કહેવા લાગ્યા – (૩૬) ‘અરે! ઘણું ખરાબ થયું! મારી વિષયલોલુપ ઇન્દ્રિયોએ મને અવિદ્યાજનિત વિષમ વિષયરૂપી આ અંધારા કૂવામાં ફેંકી દીધો! બસ, બસ, હવે ઘણું થઈ ગયું! અરે... રે! હું તો સ્ત્રીનો ક્રીડામૃગ જ બની ગયો! તેણે મને માંકડાની જેમ નચાવ્યો! મને ધિક્કાર છે, ધિક્કાર છે!’ આ પ્રમાણે તેમણે પોતાની ઘણીઘણી નિર્ભર્ત્સના કરી. (૩૭) પરમ આરાધ્ય શ્રીહરિની કૃપાથી તેમની વિવેકવૃત્તિ જાગ્રત થઈ ગઈ. તેમણે આ સઘળી પૃથ્વી યથાયોગ્ય રીતે પોતાના અનુગત પુત્રોને વહેંચી આપી અને જેની સાથે તેમણે જાત-જાતના ભોગ ભોગવ્યા હતા તે પોતાની રાજરાણીનો સામ્રાજ્યલક્ષ્મી સહિત, એ રીતે ત્યાગ કર્યો; જેમ આપણે મૃતકનો ત્યાગ કરીએ છીએ. તેઓ હૃદયમાં વૈરાગ્ય ધારણ કરીને, ભગવાનની લીલાઓનું ચિંતન કરતા રહીને, તેના પ્રભાવથી, શ્રીનારદજીએ બતાવેલા માર્ગનું ફરીથી અનુસરણ કરવા લાગ્યા. (૩૮)

તસ્ય હ વા એતે શ્લોકાઃ –

મહારાજ પ્રિયવ્રત વિષે આ લોકોક્તિ પ્રસિદ્ધ છે –

પ્રિયવ્રતકૃતં કર્મ કો નુ કુર્યાદ્વિનેશ્વરમ્ ।
યો નેમિનિમ્નૈરકરોચ્છાયાં ઘ્નન્ સપ્ત વારિધીન્ ॥ ૩૯॥

ભૂસંસ્થાનં કૃતં યેન સરિદ્‌ગિરિવનાદિભિઃ ।
સીમા ચ ભૂતનિર્વૃત્યૈ દ્વીપે દ્વીપે વિભાગશઃ ॥ ૪૦॥

‘રાજા પ્રિયવ્રતે જે કર્મ કર્યાં તે કર્મો સર્વશક્તિમાન ઈશ્વર સિવાય બીજું કોણ કરી શકે છે? તેમણે રાત્રિના અંધકારને નષ્ટ કર્યો. અને પોતાના રથનાં પૈડાંથી પડેલા ચાસથી જ સાત સમુદ્રો બનાવી દીધા. (૩૯) અને પ્રાણીઓની સુવિધા માટે (જેનાથી તેમનામાં પરસ્પર ક્લેશ ન થાય એ માટે) દ્વીપો વડે પૃથ્વીના વિભાગ કર્યા અને પ્રત્યેક દ્વીપમાં અલગ-અલગ નદી, પર્વત અને વન વગેરેથી તેની હદ નક્કી કરી દીધી. (૪૦)

૧. પ્રા. પા. – સુકૃદાદદીત । ૨. પ્રા. પા. – સહજાતિતત્ત્વમ્ । ૩. પ્રા. પા. – પ્રત્યવમર્ષોઽનુપરિનિવૃત્તસ્વપુત્રે૦ । ૪. પ્રા. પા. – વિભજ્ય ભોગં ચ ।

ભૌમં દિવ્યં માનુષં ચ મહિત્વં કર્મયોગજમ્ ।
યશ્ચક્રે નિરયૌપમ્યં પુરુષાનુજનપ્રિયઃ ॥ ૪૧॥

તેઓ ભગવદ્ભક્ત નારદજીના પ્રેમીભક્ત હતા. તેમણે પાતાળલોકને, દેવલોકને, મર્ત્યલોકને તથા કર્મ અને યોગની શક્તિથી પ્રાપ્ત થયેલા ઐશ્વર્યને પણ નરકતુલ્ય માન્યાં હતાં.' (૪૧)

═★═

ઇતિ શ્રીમદ્ભાગવતે મહાપુરાણે પારમહંસ્યાં સંહિતાયાં પઞ્ચમસ્કન્ધે પ્રિયવ્રતવિજયે[1] પ્રથમોઽધ્યાયઃ ॥ ૧॥
પાંચમા સ્કંધ-અંતર્ગત પ્રિયવ્રતવિજયમાંનો પહેલો અધ્યાય સમાપ્ત.

═★═

બીજો અધ્યાય

આગ્નીધ્રનું ચરિત્ર

શ્રીશુક ઉવાચ[2]

એવં પિતરિ સમ્પ્રવૃત્તે[3] તદનુશાસને વર્તમાન આગ્નીધ્રો[4] જમ્બૂદ્વીપૌકસઃ પ્રજા ઔરસવદ્ધર્માવેક્ષમાણઃ પર્યગોપાયત્ ॥ ૧॥ સ ચ કદાચિત્પિતૃલોકકામઃ[5] સુરવરવનિતાક્રીડાચલદ્રોણ્યાં ભગવન્તં વિશ્વસૃજાં પતિમાભૃતપરિચર્યોપકરણ આત્મૈકાગ્ર્યેણ તપસ્વ્યારાધયામ્બભૂવ ॥ ૨॥ તદુપલભ્ય ભગવાનાદિપુરુષઃ સદસિ ગાયન્તીં પૂર્વચિત્તિં નામાપ્સરસમભિયાપયામાસ ॥ ૩॥ સા ચ તદાશ્રમોપવનમતિરમણીયં વિવિધનિબિડવિટપિવિટપનિકરસંશ્લિષ્ટપુરટલતા[6]રૂઢસ્થલવિહઙ્ગમમિથુનૈઃ[7] પ્રોચ્યમાનશ્રુતિભિઃ પ્રતિબોધ્યમાનસલિલકુક્કુટકારણ્ડવકલહંસાદિભિર્વિચિત્રમુપકૂજિતામલજલાશયકમલાકરમુપબભ્રામ ॥ ૪॥

તસ્યાઃ સુલલિતગમનપદવિન્યાસગતિવિલાસાયાશ્ચાનુપદં ખણખણાયમાનરુચિરચરણાભરણસ્વનમુપાકર્ણ્ય નરદેવકુમારઃ સમાધિયોગેનામીલિતનયનનલિનમુકુલયુગલ[8]મીષદ્વિકચય્ય[9] વ્યચષ્ટ ॥ ૫॥ [10]તામેવાવિદૂરે મધુકરીમિવ સુમનસ[11] ઉપજિઘ્રન્તીં દિવિજમનુજમનો[12]નયનાહ્લાદદુઘૈર્ગતિવિહારવ્રીડાવિનયાવલોકસુસ્વરાક્ષરાવયવૈર્મનસિ નૃણાં કુસુમાયુધસ્ય વિદધતીં વિવરં

શ્રીશુકદેવજી કહે છે – પિતા પ્રિયવ્રત આ પ્રમાણે તપસ્યામાં સંલગ્ન થઈ ગયા ત્યારે રાજા આગ્નીધ્ર તેમની આજ્ઞાનું અનુસરણ કરતા રહીને જમ્બૂદ્વીપની પ્રજાનું ધર્મ અનુસાર પુત્રવત્ પાલન કરવા લાગ્યા. (૧) એક વાર તેઓ પિતૃલોક (પામવા)ની કામનાથી સત્પુત્રની પ્રાપ્તિ માટે પૂજાની બધી સામગ્રી એકઠી કરીને સુર-સુંદરીઓના ક્રીડાસ્થળ મંદરાચલની એક ઘાટી (પહાડી પ્રદેશ)માં ગયા અને તપસ્યામાં તત્પર થઈને એકાગ્રચિત્તે પ્રજાપતિઓના પતિ શ્રીબ્રહ્માજીની આરાધના કરવા લાગ્યા. (૨) આદિદેવ ભગવાન બ્રહ્માજીએ તેમની અભિલાષા જાણી લીધી. તેથી પોતાની સભાની ગાયિકા પૂર્વચિત્તિ નામની અપ્સરા તેમની પાસે મોકલી. (૩) આગ્નીધ્રજીના આશ્રમની પાસે એક અત્યંત રમણીય ઉપવન હતું. તેમાં તે અપ્સરા વિચરણ કરવા લાગી. તે ઉપવનમાં જાત-જાતનાં ગીચ વૃક્ષોની ડાળીઓ પર સોનેરી વેલીઓ ફેલાયેલી હતી. તેમના પર બેઠેલાં મોર વગેરે ઘણી જાતનાં સ્થળચર પક્ષીઓનાં યુગલો સમધુર બોલીઓ બોલી રહ્યાં હતાં. તેમનો ષડ્જ વગેરે સ્વરોથી યુક્ત ધ્વનિ સાંભળીને સચેત થયેલાં જળકૂકડી, કારંડવ, કલહંસ વગેરે જળચર પક્ષીઓ વિવિધ પ્રકારે કલરવ કરવા લાગતાં હતાં. એનાથી ત્યાંનાં કમળવનોથી સુશોભિત નિર્મળ સરોવરો ગુંજન કરવા લાગતાં હતાં. (૪)

પૂર્વચિત્તિની વિલાસપૂર્ણ સુ-લલિત ગતિવિધિથી અને પાદવિન્યાસ (ચાલ)ની શૈલીથી ડગલે-ડગલે તેનાં ચરણોનાં નૂપુરોનો ઝણકાર થઈ ઊઠતો હતો. તેનો મનોહર ધ્વનિ સાંભળીને રાજકુમાર આગ્નીધ્રે સમાધિયોગ વડે મીંચેલાં, કમળકળીઓ જેવાં સુંદર પોતાનાં નેત્રો જરાક જેટલાં ખોલીને જોયું તો પાસે જ તેમને તે અપ્સરા દેખાઈ. ભમરીની જેમ

૧. પ્રાચીન પ્રતમાં 'પ્રિયવ્રતવિજયે' – એટલો ભાગ નથી. ૨. પ્રાચીન પ્રતમાં 'શ્રીશુક ઉવાચ' – એટલો ભાગ નથી. ૩. પ્રાચીન પ્રતમાં 'સમ્પ્રવૃત્તે' – એટલો ભાગ ખંડિત છે. ૪. પ્રા. પા. – અગ્નિધ્રો । ૫. પ્રાચીન પ્રતમાં 'પિતૃલોકકામઃ'થી માંડીને 'સદસિ ગાયન્તીં' સુધીનો ભાગ નથી. ૬. પ્રા. પા. – ૦વિટપિનિકટપુરટલતા૦ । ૭. પ્રા. પા. – વિહગ૦ । ૮. પ્રાચીન પ્રતમાં 'યુગલ' પાઠ નથી. ૯. પ્રા. પા. – ૦મીષદ્વિહસ્ય । ૧૦. પ્રા. પા. – તામેવ દૂરે । ૧૧. પ્રાચીન પ્રતમાં 'સુમનસ' પાઠ ખંડિત છે. ૧૨. પ્રાચીન પ્રતમાં '૦મનો૦' પાઠ નથી.

[1]નિજમુખવિગલિતામૃતાસવસહાસભાષણામોદ-
મદાન્ધમધુકરનિકરોપરોધેન દ્રુતપદવિન્યાસેન[2]
વલ્ગુસ્પન્દનસ્તનકલશકબરભારરશનાં દેવીં
તદવલોકનેન વિવૃતાવસરસ્ય ભગવતો મકરધ્વજસ્ય
વશમુપનીતો જડવદિતિ હોવાચ ॥ ૬॥

કા ત્વં ચિકીર્ષસિ ચ કિં મુનિવર્ય શૈલે[3]
માયાઽસિ કાપિ ભગવત્પરદેવતાયાઃ ।
વિજ્યે બિભર્ષિ ધનુષી સુહૃદાત્મનોઽર્થે
કિં વા મૃગાન્ મૃગયસે વિપિને પ્રમત્તાન્ ॥ ૭॥

બાણાવિમૌ ભગવતઃ શતપત્રપત્રૌ
શાન્તાવપુઙ્ખરુચિરાવતિતિગ્મદન્તૌ ।
કસ્મૈ યુયુઙ્ક્ષસિ વને વિચરન્ન વિદ્મઃ
ક્ષેમાય નો જડધિયાં તવ વિક્રમોઽસ્તુ ॥ ૮॥

શિષ્યા ઇમે ભગવતઃ પરિતઃ પઠન્તિ
ગાયન્તિ સામ સરહસ્યમજસ્રમીશમ્ ।
યુષ્મચ્છિખાવિલુલિતાઃ સુમનોઽભિવૃષ્ટીઃ
સર્વે ભજન્ત્યૃષિગણા ઇવ વેદશાખાઃ ॥ ૯॥

વાચં પરં ચરણપઞ્જરતિત્તિરીણાં
બ્રહ્મન્નરૂપમુખરાં શૃણવામ તુભ્યમ્ ।
લબ્ધા કદમ્બરુચિરઙ્કવિટઙ્કબિમ્બે
યસ્યામલાતપરિધિઃ ક્વ ચ વલ્કલં તે ॥ ૧૦॥

તે પ્રત્યેક પુષ્પ પાસે જઈને તેને સૂંઘતી હતી તથા દેવતાઓ અને મનુષ્યોનાં મન અને નયનોને આહ્લાદિત કરનારી પોતાની વિલાસપૂર્ણ ગતિ (ચાલ), ક્રીડા-ચાપલ્ય, લજ્જા અને વિનયયુક્ત દૃષ્ટિ, સુમધુર વાણી તથા મનોહર અંગો-અવયવોથી પુરુષોના હૃદયમાં કામદેવના પ્રવેશ માટે જાણે કે દ્વાર બનાવી દેતી હતી. જ્યારે તે હસી-હસીને બોલવા લાગતી ત્યારે એવું પ્રતીત થતું હતું કે જાણે તેના મુખમાંથી અમૃતમય માદક મધ ઝરી રહ્યું છે. તેના ઉચ્છ્વાસની ગંધથી મદાંધ થઈને ભમરાઓ તેના મુખકમળને ઘેરી લેતા હતા ત્યારે તે તેમનાથી બચવા માટે જલદી જલદી પગ ઉપાડીને ચાલતી, તો તેના કુચકળશ (કળશ જેવા સ્તન), વેણી અને કંદોરો હાલવાથી ઘણાં જ સોહામણાં લાગતાં હતાં. આ બધું જોવાથી ભગવાન કામદેવને આગ્નીધ્રના હૃદયમાં પ્રવેશવાની તક મળી ગઈ. તેઓ તેમને આધીન થઈને તે (અપ્સરા)ને પ્રસન્ન કરવા માટે ઉન્મત્તની જેમ આ પ્રમાણે કહેવા લાગ્યા – (૫-૬)

'હે મુનિવર્ય! તું કોણ છે? આ પર્વત પર તું શું કરવા ઇચ્છે છે? તું પરમપુરુષ શ્રીનારાયણની કોઈ માયા તો નથીને? (ભવાં તરફ સંકેત કરીને) મિત્ર! તેં દોરી (પ્રત્યંચા) વિનાનાં આ બે ધનુષ્ય શા માટે ધારણ કર્યાં છે? એમનાથી શું તારું પોતાનું કોઈ પ્રયોજન છે, કે પછી આ સંસાર-અરણ્યમાં મારા જેવાં મત્ત મૃગોનો શિકાર કરવા ઇચ્છે છે? (૭) (નેત્રકટાક્ષો તરફ સંકેત કરીને) તારાં આ બે બાણ તો ઘણાં સુંદર અને તીણાં છે. અહો! એમાં કમળદલની પાંખડીઓ છે, દેખાવમાં ઘણાં શાંત છે અને છે પણ પીંછાં* વિનાનાં. અહીં વનમાં વિચરતાં તું એમને કોના પર છોડવા ઇચ્છે છે એ અમે જાણતા નથી. મારી એટલી જ માગણી છે કે તારું આ પરાક્રમ અમારા જેવા જડબુદ્ધિઓ માટે કલ્યાણકારી થાઓ. (૮) (ભવાં તરફ જોઈને) હે ભગવન્! તારી ચારે બાજુએ આ જે શિષ્યો અધ્યયન કરી રહ્યા છે તેઓ તો નિરંતર રહસ્યયુક્ત સામ-ગાન કરતાં કરતાં જાણે ભગવાનની સ્તુતિ કરી રહ્યા હોય અને જેમ ઋષિઓ વેદની શાખાઓનું અનુકરણ કરે છે તેવી જ રીતે આ બધા તારા ચોટલામાંથી ખરેલાં પુષ્પોનું સેવન કરી રહ્યા છે. (૯) (નૂપુરધ્વનિ તરફ સંકેત કરીને) હે બ્રહ્મન્! તારાં ચરણોરૂપી પિંજરાંઓમાં જે તેતર પુરાયેલાં છે તેમનો ધ્વનિ તો સંભળાય છે પણ તેમનું રૂપ જોવામાં આવતું નથી. (કરધની સહિત પીળી સાડીમાં અંગની કાન્તિની ઉત્પ્રેક્ષા કરીને) તારા નિતંબો પર કદંબનાં પુષ્પો જેવી આ આભા ક્યાંથી આવી? એમની

૧. પ્રા. પા. – નિજમુખભાષણામોદમદા૦ । ૨. પ્રા. પા. – દ્રુતપદન્યાસેન । ૩. પ્રા. પા. – શીલે ।
* બાણનો પાછળનો ભાગ.

કિં સમ્ભૃતં રુચિરયોર્દ્વિજ શૃઙ્ગયોસ્તે
મધ્યે કૃશો વહસિ યત્ર દશિઃ શ્રિતા[1] મે ।
પઙ્કોઽરુણઃ સુરભિરાત્મવિષાણ ઈદૃગ્
યેનાશ્રમં સુભગ મે સુરભીકરોષિ[2] ॥૧૧॥

લોકં પ્રદર્શય સુહૃત્તમ તાવકં મે
યત્રત્ય ઇત્થમુરસાઽવયવાવપૂર્વૌ ।
અસ્મદ્વિધસ્ય મનઉન્નયનૌ[3] બિભર્તિ
બહ્વદ્ભુતં [4]સરસરાસસુધાદિ વક્ત્રે ॥૧૨॥

કા વાઽઽત્મવૃત્તિરદનાદ્ધવિરઙ્ગ વાતિ
વિષ્ણોઃ કલાસ્યનિમિષોન્મકરૌ ચ કર્ણૌ ।
ઉદ્વિગ્નમીનયુગલં દ્વિજપઙ્ક્તિશોચિ-
રાસન્નભૃઙ્ગનિકરં સરઇન્મુખં તે ॥૧૩॥

યોઽસૌ ત્વયા કરસરોજહતઃ પતઙ્ગો
દિક્ષુ ભ્રમન્ ભ્રમત એજયતેઽક્ષિણી મે[5] ।
મુક્તં ન તે સ્મરસિ વક્રજટાવરૂથં
કષ્ટોઽનિલો હરતિ લમ્પટ એષ નીવીમ્ ॥૧૪॥

રૂપં તપોધન તપશ્ચરતાં તપોઘ્નં
હ્યેતત્તુ કેન તપસા ભવતોપલબ્ધમ્[6] ।
ચર્તું તપોઽર્હસિ મયા સહ મિત્ર મહ્યં
કિં વા પ્રસીદતિ સ વૈ ભવભાવનો મે[7] ॥૧૫॥

ન ત્વાં ત્યજામિ દયિતં[8] દ્વિજ દેવદત્તં
યસ્મિન્મનો દૃગપિ નો ન વિયાતિ લગ્નમ્ ।
માં ચારુશૃઙ્ગ્યર્હસિ નેતુમનુવ્રતં તે
ચિત્તં યતઃ પ્રતિસરન્તુ શિવાઃ સચિવ્યઃ ॥૧૬॥

ઉપર તો અંગારાઓના મંડળ જેવું પણ દેખાય છે; પરંતુ તારું વલ્કલવસ્ત્ર ક્યાં છે? (૧૦) (ચંદનચર્ચિત સ્તનોને લક્ષિત કરીને) હે દ્વિજવર! તારાં આ બંને સુંદર શીંગોમાં શું ભરેલું છે? અવશ્ય તેમનામાં ઘણાં અમૂલ્ય રત્નો ભરેલાં છે, તેનાથી જ તો તારો મધ્યભાગ (કટિપ્રદેશ) આટલો કૃશ હોવા છતાં પણ તું એમનો બોજ વહી રહી છે. અહીં જઈને તો મારી દૃષ્ટિ પણ જાણે રોકાઈ ગઈ છે અને હે સુભગા! આ શીંગો પર તેં આ લાલ-લાલ લેપ જેવું શું લગાડ્યું છે? તેની ગંધથી તો મારો આખો આશ્રમ મહેકી ઊઠ્યો છે. (૧૧) હે મિત્રવર! મને તો તું પોતાનો દેશ બતાવ જ, કે જ્યાંના નિવાસીઓ પોતાનાં વક્ષઃસ્થળો પર આવાં અદ્ભુત અવયવો ધારણ કરે છે, જેમણે અમારા જેવાં પ્રાણીઓનાં ચિત્તોને ક્ષુબ્ધ કરી દીધાં છે તથા જેઓ મુખમાં વિચિત્ર હાવભાવ, સુંદર ભાષણ અને અધરામૃત જેવી અનોખી વસ્તુઓ રાખે છે. (૧૨) હે પ્રિયવર! તારો આહાર શો છે, કે જેને આરોગવાથી તારા મુખેથી હવન-સામગ્રીના જેવી સુગંધ ફેલાઈ રહી છે? લાગે છે કે તું વિષ્ણુ ભગવાનની કોઈ કળા જ છે; તેથી તારા કાનોમાં ક્યારેય પલકારો નહીં મારનારાં મગરના આકારનાં બે કુંડળ છે. તારું મુખ એક સુંદર સરોવર જેવું છે. તેમાં તારી ચંચળ આંખો, કાંપતી બે માછલીઓ જેવી, દંતપંક્તિ હંસો જેવી અને વાંકડિયાળી કેશલટાઓ ભમરાઓ જેવી શોભાયમાન છે. (૧૩) તું જ્યારે પોતાનાં કરકમળો વડે થાપ (ટપલી) મારીને તે દડાને ઉછાળે છે ત્યારે એ દિશા-વિદિશાઓમાં જતો મારી આંખોને તો ચંચળ કરી જ મૂકે છે, સાથે સાથે મારા મનમાં પણ ખળભળાટ પેદા કરી દે છે. તારો વાંકો જટાસમૂહ ખૂલી ગયો છે, તું એને સંભાળતો નથી? અરે! આ ધૂર્ત વાયુ કેવો દુષ્ટ છે કે જે વારંવાર તારા કટિ-વસ્ત્રને ઉડાડી મૂકે છે! (૧૪) હે તપોધન! તપસ્વીઓના તપને ભ્રષ્ટ કરનારું આ અનુપમ રૂપ તેં કયા તપના પ્રભાવે મેળવ્યું છે? મિત્ર! આવ, થોડા દિવસ મારી સાથે રહીને તપસ્યા કર અથવા ક્યાંક વિશ્વનો વિસ્તાર કરવાની ઇચ્છાથી બ્રહ્માજીએ જ તો મારા પર કૃપા નથી કરીને! (૧૫) સાચે જ, તું બ્રહ્માજીએ જ આપેલી પ્રિય ભેટ છે; હવે હું તને છોડી શકું નહીં. તારામાં તો મારાં મન અને આંખો એવાં અટવાઈ ગયાં છે કે અન્યત્ર જવા જ ઇચ્છતાં નથી. હે સુંદર શીંગોવાળા! તારું જ્યાં (જવાનું) મન હોય, મને પણ ત્યાં જ લઈ જા. હું તો તારો અનુચર છું અને તારી આ મંગલમયી સખીઓ પણ (ભલે) આપણી સાથે જ રહે.' (૧૬)

૧. પ્રા. પા. – સૃતા મે । ૨. પ્રા. પા. – સુરભિં કરોષિ । ૩. પ્રા. પા. – ઉન્નયનૈર્બિભર્તિ । ૪. પ્રા. પા. – સ્મરસરાસસુધાદિ । ૫. પ્રા. પા. – તે । ૬. પ્રા. પા. – ભવતેહ લબ્ધમ્ । ૭. પ્રા. પા. – ઽભાવનોઽસૌ । ૮. પ્રા. પા. – દયિતાં ।

શ્રીશુક ઉવાચ[1]

ઇતિ લલનાનુનયાતિવિશારદો ગ્રામ્યવૈદગ્ધ્યયા પરિભાષયા તાં વિબુધવધૂં વિબુધમતિરધિ સભાજયામાસ ॥ ૧૭॥ સા ચ તતસ્તસ્ય વીરયૂથપતેર્બુદ્ધિશીલરૂપવયઃશ્રિયૌદાર્યેણ[2] પરાક્ષિપ્તમનાસ્તેન[3] સહાયુતાયુતપરિવત્સરોપલક્ષણં[4] કાલં[5] જમ્બૂદ્વીપપતિના ભૌમસ્વર્ગભોગાન્[6] બુભુજે ॥ ૧૮॥ તસ્યામુ હ વા આત્મજાન્[7] સ રાજવર[8] આગ્નીધ્રો નાભિકિમ્પુરુષહરિવર્ષેલાવૃત-[9]રમ્યકહિરણ્મયકુરુભદ્રાશ્વકેતુમાલસઞ્જ્ઞાન્નવ પુત્રાનજનયત્ ॥ ૧૯॥

શ્રીશુકદેવજી કહે છે – હે રાજન્ ! આગ્નીધ્ર દેવો જેવા બુદ્ધિમાન અને સ્ત્રીઓને પ્રસન્ન કરવામાં ઘણા કુશળ હતા. તેમણે આ પ્રકારની રતિ-માધુર્યપૂર્ણ મીઠી-મીઠી વાતોથી તે અપ્સરાને પ્રસન્ન કરી દીધી. (૧૭) વીરસમાજમાં અગ્રગણ્ય આગ્નીધ્રની બુદ્ધિ, શીલ, રૂપ, અવસ્થા, લક્ષ્મી અને ઉદારતાથી આકર્ષાઇને તે અપ્સરા જમ્બૂદ્વીપના તે અધિપતિની સાથે કેટલાંક હજાર વર્ષો સુધી પૃથ્વી અને સ્વર્ગના ભોગ ભોગવતી રહી. (૧૮) ત્યાર બાદ નૃપશ્રેષ્ઠ આગ્નીધ્રે તેના ગર્ભથી નાભિ, કિંપુરુષ, હરિવર્ષ, ઇલાવૃત્ત, રમ્યક, હિરણ્મય, કુરુ, ભદ્રાશ્વ અને કેતુમાલ નામના નવ પુત્રો ઉત્પન્ન કર્યા. (૧૯)

સા સૂત્વાઽથ સુતાન્નવાનુવત્સરં ગૃહ એવાપહાય પૂર્વચિત્તિર્ભૂય એવાજં દેવમુપતસ્થે ॥ ૨૦॥ આગ્નીધ્રસુતાસ્તે માતુરનુગ્રહાદૌત્પત્તિકેનૈવ સંહનનબલોપેતાઃ પિત્રા વિભક્તા આત્મતુલ્યનામાનિ યથાભાગં[10] જમ્બૂદ્વીપવર્ષાણિ બુભુજુઃ ॥ ૨૧॥ આગ્નીધ્રો રાજાઽતૃપ્તઃ કામાનામપ્સરસમેવાનુદિનમધિ-[11]મન્યમાનસ્તસ્યાઃ સલોકતાં શ્રુતિભિરવારુન્ધ યત્ર પિતરો માદયન્તે[12] ॥ ૨૨॥ સમ્પરેતે પિતરિ નવ ભ્રાતરો મેરુદુહિતૃર્મેરુદેવીં પ્રતિરૂપામુગ્રદંષ્ટ્રીં લતાં રમ્યાં[13] શ્યામાં નારીં ભદ્રાં દેવવીતિમિતિ[14] સઞ્જ્ઞા નવોદવહન્[15] ॥ ૨૩॥

આ પ્રમાણે નવ વર્ષોમાં પ્રતિવર્ષ એકના ક્રમથી નવ પુત્રો ઉત્પન્ન કરીને પૂર્વચિત્તિ તેમને રાજભવનમાં જ છોડીને, ફરી બ્રહ્માજીની સેવામાં હાજર થઈ ગઈ. (૨૦) આગ્નીધ્રના આ પુત્રો માતાના અનુગ્રહથી સ્વાભાવિક જ સુડોળ અને સબળ શરીરવાળા હતા. આગ્નીધ્રે જંબૂદ્વીપના વિભાગ કરીને તેમના જ જેવા નામવાળા નવ વર્ષ (ભૂખંડ-દેશ) બનાવ્યા અને તેમને એક-એક પુત્રને સોંપી દીધા. ત્યારે તે બધા પોતપોતાના દેશનું રાજ્ય ભોગવવા લાગ્યા. (૨૧) મહારાજ આગ્નીધ્ર રોજેરોજ ભોગો ભોગવતા રહ્યા, છતાં પણ તેમનાથી અતૃપ્ત જ રહ્યા. તેઓ તે અપ્સરાને જ પરમ પુરુષાર્થ સમજતા હતા. તેથી તેમણે વૈદિક કર્મો વડે તે જ લોક પ્રાપ્ત કર્યો, કે જ્યાં પિતૃઓ પોતાનાં સુકૃતો (પુણ્યકર્મો) અનુસાર જાતજાતના ભોગોમાં મસ્ત રહે છે. (૨૨) પિતા પરલોક સિધાવી ગયા ત્યારે નાભિ વગેરે નવ ભાઈઓએ મેરુની મેરુદેવી, પ્રતિરૂપા, ઉગ્રદંષ્ટ્રી, લતા, રમ્યા, શ્યામા, નારી, ભદ્રા અને દેવવીતિ નામની નવ પુત્રીઓ સાથે લગ્ન કર્યાં. (૨૩)

=★=

ઇતિ શ્રીમદ્ભાગવતે મહાપુરાણે પારમહંસ્યાં સંહિતાયાં પઞ્ચમસ્કન્ધે[16] આગ્નીધ્રવર્ણનં નામ દ્વિતીયોઽધ્યાયઃ ॥ ૨॥

પાંચમા સ્કંધ-અંતર્ગત આગ્નીધ્રવર્ણન નામનો બીજો અધ્યાય સમાપ્ત.

=★=

૧. પ્રાચીન પ્રતમાં 'શ્રીશુક ઉવાચ' પાઠ નથી. ૨. પ્રા. પા. – ૦રૂપવિદ્યાવયઃ૦ । ૩. પ્રાચીન પ્રતમાં 'તે' પાઠ ખંડિત છે. ૪. પ્રાચીન પ્રતમાં 'યુ' પાઠ ખંડિત છે. ૫. પ્રાચીન પ્રતમાં 'કાલં' પાઠ ખંડિત છે. ૬. પ્રા. પા. – ભૂમિ૦ । ૭. પ્રાચીન પ્રતમાં '૦જાન્' પાઠ ખંડિત છે. ૮. પ્રા. પા. – રાજવર્ય । ૯. પ્રાચીન પ્રતમાં '૦વૃતરમ્યકહિરણ્મય'થી માંડીને 'આત્મતુલ્યનામાનિ' સુધીનો ભાગ ખંડિત છે. ૧૦. પ્રા. પા. – યથાવિભાગં । ૧૧. પ્રા. પા. – ૦મધિગમ્યમાન૦ । ૧૨. પ્રા. પા. – મોદયન્તે । ૧૩. પ્રા. પા. – રામાં નારીં । ૧૪. પ્રાચીન પ્રતમાં '૦મિતિ' પાઠ નથી. ૧૫. પ્રા. પા. – સંજ્ઞા અવહન્ । ૧૬. પ્રા. પા. – પઞ્ચમે સ્કન્ધે દ્વિતીયોઽધ્યાયઃ ।

ત્રીજો અધ્યાય

રાજા નાભિનું ચરિત્ર

શ્રીશુક ઉવાચ[૧]

નાભિરપત્યકામોઽપ્રજયા મેરુદેવ્યા ભગવન્તં યજ્ઞપુરુષમવહિતાત્માઽયજત[૨] ॥૧॥ તસ્ય[૩] હ વાવ શ્રદ્ધયા વિશુદ્ધભાવેન યજતઃ પ્રવર્ગ્યેષુ પ્રચરત્સુ દ્રવ્યદેશકાલમન્ત્રર્ત્વિગ્દક્ષિણા-વિધાનયોગોપપત્ત્યા દુરધિગમોઽપિ ભગવાન્ ભાગવતવાત્સલ્યતયા સુપ્રતીક આત્માન-મપરાજિતં નિજજનાભિપ્રેતાર્થવિધિત્સયા[૪] ગૃહીતહૃદયો હૃદયઙ્ગમં મનોનયનાનન્દનાવયવા-ભિરામમાવિશ્ચકાર ॥૨॥ અથ હ તમાવિષ્કૃતભુજયુગલદ્વયં હિરણ્મયં પુરુષવિશેષં કપિશકૌશેયામ્બરધરમુરસિ વિલસચ્છ્રી-વત્સલલામં દરવરવનરુહવનમાલાચ્છૂર્યમૃતમણિ-ગદાદિભિરુપલક્ષિતં સ્ફુટકિરણપ્રવરમુકુટકુણ્ડલકટક-કટિસૂત્રહારકેયૂરનૂપુરાદ્યઙ્ગભૂષણવિભૂષિતમૃત્વિક્-સદસ્યગૃહપતયોઽધના ઈવોત્તમધનમુપલભ્ય સબહુ-માનમર્હણેનાવનતશીર્ષાણ ઉપતસ્થુઃ ॥૩॥

ઋત્વિજ ઊચુઃ[૫]

અર્હસિ મુહુરર્હત્તમાર્હણમસ્માકમનુપથાનાં નમો નમ ઈત્યેતાવત્સદુપશિક્ષિતં કોઽર્હતિ પુમાન્ પ્રકૃતિગુણ-વ્યતિકરમતિરનીશ ઈશ્વરસ્ય[૬] પરસ્ય પ્રકૃતિપુરુષયો-ર્વાક્તનાભિર્નામરૂપાકૃતિભી રૂપનિરૂપણમ્ ॥૪॥ સકલજનનિકાયવૃજિનનિરસનશિવતમપ્રવરગુણ-ગણૈકદેશકથનાદતે ॥૫॥ પરિજનાનુરાગવિરચિત-

શ્રીશુકદેવજી કહે છે – હે રાજન્! આગ્નીધ્રના પુત્ર નાભિને કોઈ સંતાન ન હતું, તેથી તેમણે પોતાની પત્ની મેરુદેવીની સાથે, પુત્રની કામનાથી ભગવાન યજ્ઞપુરુષનું એકાગ્રતાપૂર્વક યજન કર્યું. (૧) જોકે સુંદર અંગોવાળા શ્રીભગવાન દ્રવ્ય, દેશ, કાળ, મંત્ર, ઋત્વિજ, દક્ષિણા અને વિધિ - યજ્ઞનાં આ સાધનોથી સહજપણે મળતા નથી, તોપણ તેઓ ભક્તો પર કૃપા તો કરે જ છે. તેથી મહારાજ નાભિએ જ્યારે શ્રદ્ધાપૂર્વક વિશુદ્ધભાવે તેમની આરાધના કરી ત્યારે ભગવાનનું ચિત્ત પોતાના ભક્તનું અભીષ્ટ કાર્ય કરવા માટે ઉત્સુક થઈ ગયું. જોકે તેમનું સ્વરૂપ સર્વથા સ્વતંત્ર છે. તોપણ તેમણે પ્રવર્ગ્ય-કર્મનું અનુષ્ઠાન થતી વેળાએ તે સ્વરૂપને, મન અને નેત્રોને આનંદ આપતાં અવયવોવાળી અતિ સુંદર હૃદયાકર્ષક મૂર્તિમાં પ્રગટ કર્યું. (૨) તેમના શ્રીઅંગ પર રેશમી પીતાંબર હતું; વક્ષઃસ્થળ પર સુમનોહર શ્રીવત્સનું ચિહ્ન સુશોભિત હતું; ભુજાઓમાં શંખ, ચક્ર, ગદા અને પદ્મ તથા ગળામાં વનમાળા અને કૌસ્તુભમણિની શોભા હતી. સમગ્ર શરીર અંગ-પ્રત્યંગની કાન્તિને વધારનારાં કિરણ સમૂહથી યુક્ત હતું. મુગટ, કુંડળ, કંકણ, કટિમેખલા, હાર, બાજુબંધ,નૂપુર વગેરે આભૂષણોથી વિભૂષિત હતું. આવા પરમ તેજસ્વી, ચતુર્ભુજ-મૂર્તિ પુરુષવિશેષને પ્રગટ થયેલા જોઈને ઋત્વિજ, સદસ્ય, યજમાન વગેરે તમામ લોકો એવા આહ્લાદિત થયા કે જેમ નિર્ધન મનુષ્ય અપાર ધનરાશિ મેળવીને ખુશીથી ફૂલ્યો સમાતો નથી. પછી બધાએ માથું નમાવીને અત્યંત આદરપૂર્વક અર્ઘ્ય વડે પ્રભુની પૂજા કરી અને ઋત્વિજોએ તેમની સ્તુતિ કરી. (૩)

ઋત્વિજોએ (સ્તુતિ કરતાં) કહ્યું – હે પૂજ્યતમ! અમે આપના અનુગત ભક્તો છીએ, આપ અમારા વારંવાર પૂજનીય છો. પરંતુ આપની પૂજા કરવાનું અમે શું જાણીએ? અમે તો વારંવાર આપને નમસ્કાર કરીએ છીએ – આટલું જ અમને મહાપુરુષોએ શીખવ્યું છે. આપ પ્રકૃતિ અને પુરુષથી પણ પર છો; તો પછી પ્રાકૃત ગુણોના કાર્યભૂત આ પ્રપંચમાં બુદ્ધિ ફસાઈ જવાથી, આપના ગુણગાન કરવામાં સર્વથા અસમર્થ એવો કયો મનુષ્ય છે કે જે પ્રાકૃત નામ, રૂપ અને આકૃતિ વડે આપના સ્વરૂપનું નિરૂપણ કરી શકે? આપ સાક્ષાત્ પરમેશ્વર છો. (૪) આપના પરમ મંગલમય ગુણો સમસ્ત પ્રજાનાં દુઃખોનું દમન કરનારા છે.

૧. પ્રાચીન પ્રતમાં 'શ્રીશુક ઉવાચ' પાઠ નથી. ૨. પ્રાચીન પ્રતમાં '૦મવ૦' પાઠ ખંડિત છે. ૩. પ્રા. પા. – તસ્ય હ વાવેતિ । ૪. પ્રા. પા. – ૦જનાભિપ્રાયાર્થ૦ । ૫. પ્રાચીન પ્રતમાં 'ઋત્વિજ ઊચુઃ' પાઠ નથી. ૬. પ્રાચીન પ્રતમાં 'ઈશ્વરસ્ય' પાઠ નથી.

[1]શબલસંશબ્દસલિલ[2]સિતકિસલય[3]તુલસિકાદૂર્વાઙ્કુરૈ-રપિ સમ્ભૃતયા[4] સપર્યયા કિલ પરમ પરિતુષ્યસિ ॥ ૬॥

અથાનયાઽપિ ન ભવત[5] ઈજ્યયોરુભારભરયા સમુચિતમર્થમિહોપલભામહે ॥ ૭॥આત્મન એવાનુસવન-મઞ્જસાઽવ્યતિરેકેણ[6] બોભૂયમાનાશેષપુરુષાર્થસ્વરૂપસ્ય કિન્તુ નાથાશિષ આશાસાનાનામેતદભિસંરાધનમાત્રં ભવિતુમર્હતિ ॥ ૮॥તદ્યથા બાલિશાનાં સ્વયમાત્મનઃ શ્રેયઃ[7]પરમવિદુષાં[8]પરમપરમપુરુષપ્રકર્ષકરુણયા સ્વમહિમાનં ચાપવર્ગાખ્યમુપકલ્પયિષ્યન્ સ્વયં નાપચિત એવેતરવદિહોપલક્ષિતઃ ॥ ૯॥અથાયમેવ વરો હ્યર્હત્તમ યર્હિ બર્હિષિ રાજર્ષેર્વરદર્ષભો ભવાન્નિજપુરુષેક્ષણવિષય આસીત્ ॥ ૧૦॥

અસઙ્ગનિશિતજ્ઞાનાનલવિધૂતાશેષમલાનાં[9] ભવત્સ્વભાવાનામાત્મારામાણાં મુનીનામનવરત-[10]પરિગુણિતગુણગણ પરમમઙ્ગલાયનગુણગણકથનો-ઽસિ ॥ ૧૧॥ અથ કથઞ્ચિત્સ્ખલનક્ષુત્પતનજૃમ્ભણ-દુરવસ્થાનાદિષુ[11] વિવશાનાં નઃ સ્મરણાય જ્વર-મરણદશાયામપિ[12] સકલકશ્મલનિરસનાનિ તવ ગુણકૃતનામધેયાનિ વચનગોચરાણિ ભવન્તુ ॥ ૧૨॥

જો કોઈ આપને વર્ણવવાનું સાહસ પણ કરે, તો તેમના માત્ર કોઈ એક અંશનું જ વર્ણન કરી શકશે. (૫) હે પ્રભુ! આપ એવા દયાસાગર છો કે, જો આપના ભક્તો પ્રેમ-ગદ્ગદ વાણીથી સ્તુતિ કરતા રહીને સામાન્ય જળ, વિશુદ્ધ પલ્લવ, તુલસી, દુર્વાંકુર વગેરે સુલભ સામગ્રી જે વિના મૂલ્ય મળે છે તેના વડે જ આપની પૂજા કરે છે, તોપણ આપ બધી રીતે સંતુષ્ટ થઈ જાઓ છો. (૬)

અમે જે યજ્ઞ કરી રહ્યા છીએ એનાથી આપનો કોઈ વિશેષ અર્થ સિદ્ધ થતો હોય એવું અમને જણાતું નથી. આપનો વિશેષ અનુરાગ જ અમારા પ્રતિ જણાય છે. (૭) તમારા આપમેળે જ ક્ષણે ક્ષણે થતા પુરુષાર્થોના ફળસ્વરૂપ જે પરમાનંદ સ્વાભાવિક જ નિરંતર પ્રાદુર્ભૂત થતો રહે છે, આપ સાક્ષાત્ તેનું જ સ્વરૂપ છો. આ પ્રમાણે જોકે આપને આ યજ્ઞ વગેરેથી કોઈ પ્રયોજન નથી, તોપણ કંઈક કામનાને લીધે જ આ યજ્ઞ વડે આપની આરાધના કરી રહ્યા છીએ. અને તે મનોરથની સિદ્ધિ પણ થવી જોઈએ. (૮) આપ બ્રહ્મા વગેરે પરમપુરુષો કરતાં પણ પરમ શ્રેષ્ઠ છો. અમે તો એ પણ જાણતા નથી કે અમારું પરમ કલ્યાણ શામાં છે અને નથી તો અમારાથી આપની યથાયોગ્ય પૂજા પણ થઈ શકી; તોપણ જેમ તત્ત્વજ્ઞાની મનુષ્યો બોલાવ્યા વિના પણ માત્ર કરુણાવશ થઈને અજ્ઞાની મનુષ્યોની પાસે પહોંચી જાય છે તેવી જ રીતે આપ પણ અમને મોક્ષ નામના પોતાના પરમપદનું અને અમારી અભીષ્ટ વસ્તુઓનું પ્રદાન કરવા માટે અન્ય સાધારણ યજ્ઞદર્શકોની જેમ અહીં પ્રગટ થયા છો. (૯) હે પૂજ્યતમ! અમને સૌથી મોટું વરદાન તો આપે એ જ આપી દીધું કે બ્રહ્મા વગેરે સઘળા વરદાન આપનારાઓમાં શ્રેષ્ઠ હોવાથી આપ રાજર્ષિ નાભિની આ યજ્ઞશાળામાં અમારી આંખો સામે જ સાક્ષાત્ પ્રગટ થયા છો! હવે અમે બીજું શું વરદાન માગીએ? (૧૦)

હે પ્રભુ! આપના ગુણસમુદાયનું ગાન પરમ મંગલમય છે. જેમણે વૈરાગ્યથી પ્રજ્વલિત થયેલા જ્ઞાનરૂપી અગ્નિ વડે પોતાના અંતઃકરણના રાગ-દ્વેષ વગેરે સમસ્ત મળ બાળી નાખ્યા છે અને તેથી જેમનો સ્વભાવ આપના જ જેવો શાંત છે તેવા આત્મારામ મુનિઓ પણ નિરંતર આપના ગુણોનું જ ગાન કરતા રહે છે. (૧૧) તેથી અમે આપની પાસેથી એ જ વરદાન માગીએ છીએ કે પડતાં-આખડતાં, છીંકતાં કે બગાસું ખાતાં તેમ જ સંકટ સમયે તથા જ્વર (તાવ-બીમારી) અને મરણ વગેરે અવસ્થાઓમાં આપનું સ્મરણ

૧. પ્રા. પા. – ૦સુબલસંશબ્દિતસલિલ૦ । ૨. પ્રાચીન પ્રતમાં 'સિત' પાઠ નથી. ૩. પ્રા. પા. – ૦તુલસી૦ । ૪. પ્રા. પા. – સમ્ભૃતયા । ૫. પ્રા. પા. – તવ । ૬. પ્રા. પા. – ૦સવનમવ્યતિરેકેણ । ૭. પ્રાચીન પ્રતમાં 'પરમ' પાઠ નથી. ૮. પ્રાચીન પ્રતમાં 'પરમ' પાઠ નથી. ૯. પ્રા. પા. – ૦જ્ઞાનાનલવિશેષાશેષમલાનાં । ૧૦. પ્રા. પા. – પરિગણિત૦ । ૧૧. પ્રા. પા. – ૦પતનપરિજૃમ્ભણ૦ । ૧૨. પ્રા. પા. – જરામરણ૦ ।

કિઞ્ચાયં રાજર્ષિરપત્યકામઃ પ્રજાં ભવાદૃશીમાશાસાન ઈશ્વરમાશિષાં સ્વર્ગાપવર્ગયોરપિ ભવન્તમુપધાવતિ પ્રજાયામર્થપ્રત્યયો ધનદમિવાધનઃ ફલીકરણમ્ ॥૧૩॥ કો વા ઇહ[૧] તેઽપરાજિતોઽપરાજિતયા માયયાઽનવસિતપદવ્યાઽનાવૃતમતિર્વિષયવિષરયાનાવૃતપ્રકૃતિરનુપાસિતમહચ્ચરણઃ[૨] ॥૧૪॥ યદુ[૩] હ વાવ તવ પુનરદભ્રકર્તરિહ સમાહૂતસ્તત્રાર્થધિયાં મન્દાનાં નસ્તદ્યદ્દેવહેલનં દેવદેવાર્હસિ સામ્યેન સર્વાન્[૪] પ્રતિવોઢુમવિદુષામ્ ॥૧૫॥

શ્રીશુક ઉવાચ[૫]

ઇતિ નિગદેનાભિષ્ટૂયમાનો ભગવાનનિમિષર્ષભો વર્ષધરાભિવાદિતાભિવન્દિતચરણઃ[૬] સદયમિદમાહ ॥૧૬॥

શ્રીભગવાનુવાચ[૭]

અહો બતાહમૃષયો ભવદ્ભિરવિતથગીર્ભિર્વરમસુલભમભિયાચિતો યદમુષ્યાત્મજો મયા સદૃશો ભૂયાદિતિ મમાહમેવાભિરૂપઃ કૈવલ્યાદથાપિ બ્રહ્મવાદો ન મૃષા[૮] ભવિતુમર્હતિ મમૈવ હિ મુખં યદ્ દ્વિજદેવકુલમ્ ॥૧૭॥ તત[૯] આગ્નીધ્રીયેંઽશકલયાઽવતરિષ્યામ્યાત્મતુલ્યમનુપલભમાનઃ ॥૧૮॥

નહીં થઈ શકવા છતાં પણ, કોઈ પણ રીતે, આપના સકળ-કળિયુગના મળનો નાશ કરનારાં 'ભક્તવત્સલ', 'દીનબંધુ' વગેરે ગુણોને અનુરૂપ નામોનું ઉચ્ચારણ અમારી વાણી દ્વારા થાય. (૧૨)

આ સિવાય, કહેવા યોગ્ય નહીં હોવા છતાં પણ એક અન્ય પ્રાર્થના પણ છે. આપ સાક્ષાત્ પરમેશ્વર છો; સ્વર્ગ-અપવર્ગ વગેરે એવી કોઈ વસ્તુ નથી કે જે આપ આપી શકો નહીં. તોપણ જેમ કોઈ કંગાળ મનુષ્ય ધન લુટાવનારા કોઈ પરમ ઉદાર પુરુષની પાસે જઈ પહોંચીને પણ તેમની પાસેથી ભૂસું જ માગે, તેવી જ રીતે અમારા યજમાન આ રાજર્ષિ નાભિ સંતાનને જ પરમ પુરુષાર્થ માનીને આપના જ જેવો પુત્ર પ્રાપ્ત કરવા માટે આપની આરાધના કરી રહ્યા છે. (૧૩) આ કોઈ આશ્ચર્યની વાત નથી. આપની માયાનો નથી કોઈ પાર પામી શકતું કે નથી તો તેનું સ્વરૂપ કોઈ સમજી શકતું. જે લોકોએ મહાપુરુષોનાં ચરણોનો આશ્રય લીધો નથી તેઓમાં એવો કોણ છે કે જે માયાને વશ થતો નથી, જેની બુદ્ધિ પર માયાનો પડદો પડી જતો નથી અને જેના સ્વભાવને વિષયરૂપી વિષનો વેગ દૂષિત કરી દેતો નથી? (૧૪) હે દેવાધિદેવ! આપ ભક્તોનાં મોટાં-મોટાં કામ કરનારા છો. અમે મંદબુદ્ધિઓએ કામનાવશ થઈને આ તુચ્છ કામ માટે આપનું આવાહન કર્યું એ આપનો એક રીતે અનાદર જ (કર્યો) છે. પરંતુ આપ સમદર્શી છો, તેથી અજ્ઞાનીઓ એવા અમારા આ અવિનયને ક્ષમા કરો. (૧૫)

શ્રીશુકદેવજી કહે છે – હે રાજન્! આ ભૂખંડના રાજા (વર્ષાધિપતિ) નાભિના પૂજ્ય ઋત્વિજોએ પ્રભુનાં ચરણોની વંદના કરીને જ્યારે પૂર્વોક્ત સ્તોત્ર વડે સ્તુતિ કરી ત્યારે દેવશ્રેષ્ઠ શ્રીહરિએ કરુણાવશ થઈને આ પ્રમાણે કહ્યું. (૧૬)

શ્રીભગવાને કહ્યું – હે ઋષિઓ! ભારે અસમંજસની (અર્થાત્ સમજી ન શકાય તેવી) વાત છે. તમે બધા સત્યવાદી મહાત્મા છો. તમે મારી પાસેથી આ ઘણું દુર્લભ વરદાન માગ્યું છે કે રાજર્ષિ નાભિને મારા જેવો પુત્ર થાય. મુનિઓ! મારા જેવો તો (કેવળ) હું જ છું, કારણ કે હું અદ્વિતીય છું. તેમ છતાં બ્રાહ્મણોનું વચન મિથ્યા થવું જોઈએ નહીં, (કેમ કે) દ્વિજકુળ (અર્થાત્ બ્રાહ્મણો) મારું જ તો મુખ છે.(૧૭) તેથી સ્વયં હું જ પોતાની અંશ-કળાથી આગ્નીધ્રપુત્ર નાભિને ત્યાં અવતાર લઈશ, કારણ કે મારા જેવો કોઈ અન્ય મને દેખાતો નથી. (૧૮)

૧. પ્રા. પા. – ઇહ તેઽપરાજિતયા । ૨. પ્રા. પા. – ર્વિષરયાનૃતપ્રકૃતિ૦ । ૩. પ્રા. પા. – યદિહ વાવ પુનરદભ્ર૦ । ૪. પ્રા. પા. – સર્વાત્મન્ । ૫. પ્રાચીન પ્રતમાં 'શ્રીશુક ઉવાચ' પાઠ નથી. ૬. પ્રા. પા. – વર્ષવરાભિ૦ । ૭. પ્રાચીન પ્રતમાં 'શ્રીભગવાનુવાચ' પાઠ નથી. ૮. પ્રા. પા. – વૃથા । ૯. પ્રા. પા. – આગ્નીધ્રીયે સ્વકલયા૦ ।

શ્રીશુક ઉવાચ[1]

ઇતિ નિશામયન્ત્યા મેરુદેવ્યાઃ પતિમભિધાયાન્તર્દધે ભગવાન્ ॥ ૧૯॥ બર્હિષિ તસ્મિન્નેવ વિષ્ણુદત્ત ભગવાન્ પરમર્ષિભિઃ પ્રસાદિતો નાભેઃ પ્રિયચિકીર્ષયા તદવરોધાયને મેરુદેવ્યાં ધર્માન્ દર્શયિતુકામો વાત[2]-રશનાનાં શ્રમણાનામૃષીણામૂર્ધ્વમન્થિનાં શુક્લયા તનુવાઽવતતાર ॥ ૨૦॥

શ્રીશુકદેવજી કહે છે – મહારાણી મેરુદેવીના સાંભળતાં તેના પતિને આ પ્રમાણે કહીને ભગવાન અંતર્ધાન થઈ ગયા. (૧૯) હે વિષ્ણુદત્ત પરીક્ષિત! તે યજ્ઞમાં મહર્ષિઓ વડે આ પ્રમાણે પ્રસન્ન કરાયાથી શ્રીભગવાન મહારાજ નાભિનું પ્રિય (અભીષ્ટ કાર્ય - હિત) કરવા માટે તેમના રાણીવાસમાં મહારાણી મેરુદેવીને ત્યાં, દિગંબર સંન્યાસીઓ અને ઊર્ધ્વરેતા (નૈષ્ઠિક બ્રહ્મચારી) મુનિઓનો ધર્મ પ્રગટ કરવા માટે શુદ્ધ-સત્ત્વમય શ્રીવિગ્રહથી પ્રગટ થયા. (૨૦)

═★═

ઇતિ શ્રીમદ્ભાગવતે મહાપુરાણે પારમહંસ્યાં સંહિતાયાં પઞ્ચમસ્કન્ધે નાભિચરિતે ઋષભાવતારો નામ તૃતીયોઽધ્યાયઃ ॥ ૩॥

પાંચમા સ્કંધ-અંતર્ગત નાભિચરિતમાંનો ઋષભાવતાર નામનો ત્રીજો અધ્યાય સમાપ્ત.

═★═

ચોથો અધ્યાય

ઋષભદેવજીનું રાજ્યશાસન

શ્રીશુક ઉવાચ[3]

અથ હ તમુત્પત્ત્યૈવાભિવ્યજ્યમાનભગવલ્લક્ષણં [4]સામ્યોપશમવૈરાગ્યૈશ્વર્યમહાવિભૂતિભિરનુદિનમેધમાનાનુભાવં પ્રકૃતયઃ પ્રજા બ્રાહ્મણા[5] દેવતાશ્ચાવનિતલસમવનાયાતિતરાં જગૃધુઃ ॥૧॥ તસ્ય હ વા ઇત્થં વર્ષ્મણા વરીયસા બૃહચ્છ્લોકેન ચૌજસા બલેન શ્રિયા યશસા વીર્યશૌર્યાભ્યાં ચ પિતા ઋષભ ઇતીદં નામ ચકાર ॥ ૨॥

તસ્ય[6] હીન્દ્રઃ સ્પર્ધમાનો ભગવાન્ વર્ષે ન વવર્ષ તદવધાર્ય ભગવાનૃષભદેવો યોગેશ્વરઃ પ્રહસ્યાત્મયોગમાયયા[7] સ્વવર્ષમજનાભં નામાભ્યવર્ષત્ ॥ ૩॥ નાભિસ્તુ યથાઽભિલષિતં સુપ્રજસ્ત્વમવરુધ્યાતિપ્રમોદભરવિહ્વલો ગદ્ગદાક્ષરયા ગિરા સ્વૈરં ગૃહીતનરલોકસધર્મં[8] ભગવન્તં પુરાણપુરુષં માયાવિલસિતમતિર્વત્સ તાતેતિ સાનુરાગમુપલાલયન્ પરાં નિર્વૃતિમુપગતઃ ॥ ૪॥

વિદિતાનુરાગમાપૌરપ્રકૃતિ જનપદો રાજા નાભિરાત્મજં સમયસેતુરક્ષાયામભિષિચ્ય બ્રાહ્મણેષૂપનિધાય સહ[9] મેરુદેવ્યા વિશાલાયાં પ્રસન્નનિપુણેન

શ્રીશુકદેવજી કહે છે – હે રાજન્! નાભિપુત્રનાં અંગો જન્મથી જ ભગવાન વિષ્ણુનાં વજ્ર-અંકુશ વગેરે ચિહ્નોથી યુક્ત હતાં; સમતા, શાંતિ વૈરાગ્ય, ઐશ્વર્ય વગેરે મહાવિભૂતિઓને કારણે તેમનો પ્રભાવ દિવસે-દિવસે વધતો જતો હતો. આ જોઈને મંત્રી વગેરે પ્રકૃતિવર્ગ, પ્રજા, બ્રાહ્મણો અને દેવતાઓને એવી પ્રબળ અભિલાષા થવા લાગી કે ઋષભદેવજી જ પૃથ્વીનું શાસન કરે. (૧) તેમનું સુંદર અને સુડોળ શરીર, વિપુલ કીર્તિ, તેજ, બળ, ઐશ્વર્ય, યશ, પરાક્રમ, શૂરવીરતા વગેરે ગુણોને કારણે મહારાજ નાભિએ તેમનું નામ 'ઋષભ' (શ્રેષ્ઠ) રાખ્યું.(૨)

એક વાર ભગવાન ઇન્દ્રે ઈર્ષ્યાવશ તેમના રાજ્યમાં વૃષ્ટિ કરી નહીં. ત્યારે યોગેશ્વર ભગવાન ઋષભે ઇન્દ્રની મૂર્ખતા પર હસતાં હસતાં પોતાની યોગમાયાના પ્રભાવથી પોતાના વર્ષ (અર્થાત્ રાષ્ટ્ર) અજનાભ-ખંડમાં ખૂબ પાણી વરસાવ્યું. (૩) મહારાજ નાભિ પોતાની ઇચ્છા મુજબ શ્રેષ્ઠ પુત્ર પામીને અત્યંત આનંદમગ્ન થઈ ગયા અને પોતાની જ ઇચ્છાથી મનુષ્યશરીર ધારણ કરનારા પુરાણપુરુષ શ્રીહરિનું સપ્રેમ લાલનપાલન કરતાં કરતાં, તેમના જ લીલાવિલાસથી મુગ્ધ થઈને 'વત્સ! તાત!' એમ ગદ્ગદ વાણીમાં કહેતા અત્યંત સુખ અનુભવવા લાગ્યા. (૪)

જ્યારે તેમણે જોયું કે મંત્રીમંડળ, નાગરિકો અને રાષ્ટ્રની પ્રજા ઋષભદેવને ઘણો પ્રેમ કરે છે ત્યારે તેમણે ધર્મ-

૧. પ્રાચીન પ્રતમાં 'શ્રીશુક ઉવાચ' પાઠ નથી. ૨. પ્રા. પા. – વાતાશનાનાં । ૩. પ્રાચીન પ્રતમાં 'શ્રીશુક ઉવાચ' પાઠ નથી. ૪. પ્રા. પા. – સૌમ્યોપશમ૦ । ૫. પ્રા. પા. – બ્રાહ્મણદેવતા૦ । ૬. પ્રા. પા. – યસ્ય । ૭. પ્રા. પા. – પ્રેમમાયયા વર્ષમજનાભં । ૮. પ્રા. પા. – નરલોકસાધર્મ્યં । ૯. પ્રા. પા. – સહ દેવ્યા ।

તપસા સમાધિયોગેન નરનારાયણાખ્યં ભગવન્તં વાસુદેવમુપાસીનઃ કાલેન[1] તન્મહિમાનમવાપ ॥ ૫॥

યસ્ય[2] હ પાણ્ડવેય શ્લોકાવુદાહરન્તિ –
કો[3] નુ તત્કર્મ રાજર્ષેર્નાભેરન્વાચરેત્પુમાન્ ।
અપત્યતામગાદ્ યસ્ય હરિઃ શુદ્ધેન કર્મણા ॥ ૬॥
બ્રહ્મણ્યોઽન્યઃ કુતો નાભેર્વિપ્રા મઙ્ગલપૂજિતાઃ ।
યસ્ય બર્હિષિ યજ્ઞેશં દર્શયામાસુરોજસા ॥ ૭॥

અથ[4] હ ભગવાનૃષભદેવઃ[5] સ્વવર્ષં કર્મક્ષેત્રમનુમન્યમાનઃ પ્રદર્શિતગુરુકુલવાસો લબ્ધવરૈર્ગુરુભિરનુજ્ઞાતો ગૃહમેધિનાં ધર્માનનુશિક્ષમાણો જયન્ત્યામિન્દ્રદત્તાયામુભયલક્ષણં કર્મ સમામ્નાયામ્નાતમભિયુઞ્જન્નાત્મજાનામાત્મસમાનાનાં[6] શતં જનયામાસ ॥ ૮॥ યેષાં[7] ખલુ મહાયોગી ભરતો જ્યેષ્ઠઃ શ્રેષ્ઠગુણ આસીદ્ યેનેદં વર્ષં ભારતમિતિ વ્યપદિશન્તિ ॥ ૯॥ તમનુ કુશાવર્ત ઈલાવર્તો બ્રહ્માવર્તો મલયઃ કેતુર્ભદ્રસેન ઈન્દ્રસ્પૃગ્વિદર્ભઃ કીકટ ઈતિ નવ નવતિપ્રધાનાઃ ॥ ૧૦॥
કવિર્હરિરન્તરિક્ષઃ પ્રબુદ્ધઃ પિપ્પલાયનઃ ।
આવિર્હોત્રોઽથ દ્રુમિલશ્ચમસઃ[8] કરભાજનઃ ॥ ૧૧॥

ઈતિ ભાગવતધર્મદર્શના નવ મહાભાગવતાસ્તેષાં સુચરિતં ભગવન્મહિમોપબૃંહિતં[9] વસુદેવનારદસંવાદમુપશમાયનમુપરિષ્ટાદ્વર્ણયિષ્યામઃ[10] ॥ ૧૨॥ યવીયાંસ એકાશીતિર્જાયન્તેયાઃ પિતુરાદેશકરા મહાશાલીના મહાશ્રોત્રિયા યજ્ઞશીલાઃ કર્મવિશુદ્ધા[11] બ્રાહ્મણા બભૂવુઃ ॥ ૧૩॥

મર્યાદાના રક્ષણ માટે તેમનો રાજ્યાભિષેક કરીને બ્રાહ્મણોની દેખરેખ હેઠળ છોડી દીધા; અને પોતે પોતાની પત્ની મેરુદેવી સહિત બદરિકાશ્રમમાં ચાલ્યા ગયા. ત્યાં અહિંસાવૃત્તિથી, જેનાથી કોઈને ઉદ્વેગ ન થાય તેવી કૌશલપૂર્ણ તપસ્યા અને સમાધિયોગ વડે ભગવાન વાસુદેવના નર-નારાયણરૂપની આરાધના કરતાં કરતાં, સમય આવ્યો ત્યારે તેમના જ સ્વરૂપમાં લીન થઈ ગયા. (૫)

હે પાંડુનંદન! રાજા નાભિ વિશે આ લોકોક્તિ પ્રસિદ્ધ છે –

'રાજર્ષિ નાભિનાં ઉદાર કર્મોનું આચરણ બીજો કયો પુરુષ કરી શકે? – કે જેમનાં શુદ્ધ કર્મોથી સંતુષ્ટ થઈને સાક્ષાત્ શ્રીહરિ તેમના પુત્ર થયા હતા. (૬) મહારાજ નાભિ જેવો બ્રાહ્મણભક્ત પણ કોણ હોઈ શકે? – કે જેમની દક્ષિણા વગેરેથી સંતુષ્ટ થયેલા બ્રાહ્મણોએ પોતાના મંત્રબળથી તેમને યજ્ઞશાળામાં સાક્ષાત્ શ્રીવિષ્ણુ ભગવાનનાં દર્શન કરાવ્યાં.' (૭)

ભગવાન ઋષભદેવે પોતાના દેશ અજનાભ-ખંડને કર્મભૂમિ માનીને લોકસંગ્રહ (અર્થાત્ લોકકલ્યાણ) માટે થોડાક સમય માટે ગુરુકુળમાં વાસ કર્યો. ગુરુદેવને યથાયોગ્ય દક્ષિણા આપીને ગૃહસ્થીમાં પ્રવેશવા માટે તેમની આજ્ઞા મેળવી. પછી લોકોને ગૃહસ્થધર્મનો બોધ કરાવવા માટે તેમણે દેવરાજ ઈન્દ્રે આપેલી તેમની પુત્રી જયન્તી સાથે લગ્ન કર્યું તથા શ્રુતિગત અને સ્મૃતિગત - બંને પ્રકારનાં શાસ્ત્રોમાં ઉપદેશ કરેલાં કર્મોનું આચરણ કરતા રહીને તેના ગર્ભથી પોતાના જેવા જ ગુણોવાળા સો પુત્રો ઉત્પન્ન કર્યા. (૮) તેમાંથી મહાયોગી ભરતજી સૌથી મોટા અને સૌથી અધિક ગુણવાન હતા. તેમના જ નામથી લોકો આ અજનાભ-ખંડને 'ભારતવર્ષ' કહેવા લાગ્યા. (૯) તેમનાથી નાના કુશાવર્ત, ઈલાવર્ત, બ્રહ્માવર્ત, મલય, કેતુ, ભદ્રસેન, ઈન્દ્રસ્પૃક્, વિદર્ભ અને કીકટ – આ નવ રાજકુમારો બાકીના નેવું ભાઈઓથી મોટા અને શ્રેષ્ઠ હતા. (૧૦) તેમનાથી નાના કવિ, હરિ, અંતરિક્ષ, પ્રબુદ્ધ, પિપ્પલાયન, આવિર્હોત્ર, દ્રુમિલ, ચમસ અને કરભાજન – આ નવ રાજકુમારો ભાગવત ધર્મનો પ્રચાર કરનારા ભગવદ્ભક્તો હતા. ભગવાનના મહિમાથી માહિમાન્વિત અને પરમ શાંતિથી પૂર્ણ તેમનું પવિત્ર ચરિત્ર અમે નારદ-વસુદેવ-સંવાદના પ્રસંગ પછી આગળ ઉપર (અગિયારમા સ્કંધમાં) કહીશું. (૧૧-૧૨) તેમનાથી નાના જયન્તીના એક્યાશી પુત્રો પિતાની આજ્ઞાનું પાલન કરનારા, અતિ વિનમ્ર, મહાન વેદજ્ઞ અને નિરંતર યજ્ઞો કરનારા હતા.

૧. પ્રા. પા. – કાલે તન્મહિમા૦ । ૨. પ્રા. પા. – યત્ર । ૩. પ્રા. પા. – કસ્તત્કર્મ । ૪. પ્રાચીન પ્રતમાં 'અથ હ' પાઠ નથી. ૫. પ્રા. પા. – ભગવાનૃષભઃ સ્વ૦ । ૬. પ્રાચીન પ્રતમાં '૦મ્નાત' પાઠ ખંડિત છે. ૭. પ્રા. પા. – એષાં । ૮. પ્રા. પા. – દ્રવિડશ્ચમસઃ । ૯. પ્રાચીન પ્રતમાં 'ભગવન્મહિમોપબૃંહિતં' પાઠ નથી. ૧૦. પ્રા. પા. – ૦મુપશમેન સમુપરિષ્ટાદ્૦ । ૧૧. પ્રા. પા. – કર્મશુદ્ધા ।

ભગવાનૃષભસઞ્જ્ઞ[1] આત્મતન્ત્રઃ સ્વયં નિત્યનિવૃત્તાનર્થપરમ્પરઃ કેવલાનન્દાનુભવ[2] ઈશ્વર એવ વિપરીતવત્કર્માણ્યારભમાણઃ કાલેનાનુગતં ધર્મમાચરણેનોપશિક્ષયન્નતદ્વિદાં સમ ઉપશાન્તો મૈત્રઃ કારુણિકો ધર્માર્થયશઃપ્રજાનન્દામૃતાવરોધેન ગૃહેષુ લોકં[3] નિયમયત્ ॥ ૧૪॥ યદ્યચ્છીર્ષણ્યાચરિતં તત્તદનુવર્તતે લોકઃ ॥ ૧૫॥ યદ્યપિ સ્વવિદિતં સકલધર્મં[4] બ્રાહ્મં ગુહ્યં બ્રાહ્મણૈર્દર્શિતમાર્ગેણ સામાદિભિરુપાયૈર્જનતામનુશશાસ ॥ ૧૬॥

દ્રવ્યદેશકાલવયઃશ્રદ્ધર્ત્વિગ્વિવિધોદ્દેશોપચિતૈઃ સર્વૈરપિ ક્રતુભિર્યથોપદેશં શતકૃત્વ ઈયાજ ॥ ૧૭॥ ભગવતર્ષભેણ[5] પરિરક્ષ્યમાણ એતસ્મિન્ વર્ષે ન કશ્ચન પુરુષો વાઞ્છત્યવિદ્યમાનમિવાત્મનોઽન્યસ્માત્કથઞ્ચન કિમપિ કર્હિચિદવેક્ષતે[6] ભર્તર્યનુસવનં વિજૃમ્ભિતસ્નેહાતિશયમન્તરેણ[7] ॥ ૧૮॥ સ કદાચિદટમાનો ભગવાનૃષભો બ્રહ્માવર્તગતો બ્રહ્મર્ષિપ્રવરસભાયાં પ્રજાનાં નિશામયન્તીનામાત્મજાનવહિતાત્મનઃ પ્રશ્રયપ્રણયભરસુયન્ત્રિતાનપ્યુપશિક્ષયન્નિતિ[8] હોવાચ ॥ ૧૯॥

તેઓ પુણ્યકર્મોનું અનુષ્ઠાન કરવાથી શુદ્ધ થઈને બ્રાહ્મણ થઈ ગયા હતા. (૧૩)

ભગવાન ઋષભદેવ, જોકે પરમ સ્વતંત્ર હોવાને કારણે પોતે સદૈવ બધા પ્રકારના અનર્થોની પરંપરાથી રહિત, કેવળ આનંદ-અનુભવ-સ્વરૂપ અને સાક્ષાત્ ઈશ્વર જ હતા, તોપણ અજ્ઞાનીઓની જેમ કર્મો કરતા રહીને તેમણે સમય અનુસાર પ્રાપ્ત ધર્મનું આચરણ કરીને, તેનું તત્ત્વ નહીં જાણનારા લોકોને તેનો બોધ આપ્યો. સાથોસાથ સમ, શાન્ત, સુહૃદ અને કરુણામય રહીને ધર્મ, અર્થ, યશ, સંતાન, ભોગ-સુખ અને મોક્ષનો સંગ્રહ કરતાં કરતાં લોકોને ગૃહસ્થાશ્રમમાં નિયમબદ્ધ બનાવ્યા. (૧૪) મહાપુરુષો જેવું-જેવું આચરણ કરે છે, બીજા લોકો તેનું જ અનુકરણ કરે છે. (૧૫) જોકે તેઓ બધા જ ધર્મોના સારરૂપ વેદના ગૂઢ રહસ્યને જાણતા હતા, તોપણ બ્રાહ્મણોએ બતાવેલી વિધિથી, સામ-દામ વગેરે નીતિ અનુસાર જ પ્રજાનું પાલન કરતા હતા. (૧૬) તેમણે શાસ્ત્રો અને બ્રાહ્મણોના ઉપદેશ અનુસાર ભિન્ન-ભિન્ન દેવતાઓના ઉદ્દેશ્યથી દ્રવ્ય, દેશ, કાળ, આયુષ્ય, શ્રદ્ધા, ઋત્વિજ વગેરેથી સુસંપન્ન બધા જ પ્રકારના સો-સો યજ્ઞો કર્યા. (૧૭) ભગવાન ઋષભદેવના શાસનકાળમાં તમામ પ્રજાજનો પોતાને માટે, કોઈની પણ પાસેથી, પોતાના પ્રભુ પ્રત્યે દિવસે-દિવસે વધતા જતા અનુરાગ સિવાય અન્ય કોઈ વસ્તુની ક્યારેય ઈચ્છા કરતા ન હતા. એટલું જ નહીં, પ્રભુ સિવાય કોઈ પદાર્થ વસ્તુ તરફ દૃષ્ટિપાત પણ કરતા ન હતા. (૧૮) એક વાર ભગવાન ઋષભદેવ ફરતા ફરતા બ્રહ્માવર્ત દેશમાં જઈ પહોંચ્યા. ત્યાં મોટા-મોટા બ્રહ્મર્ષિઓની સભામાં તેમણે પ્રજાની સામે જ, પોતાના સમાહિત-ચિત્તવાળા તથા વિનય અને પ્રેમના ભારથી સુસંયત પુત્રોને ઉપદેશ આપવા માટે આ પ્રમાણે કહ્યું. (૧૯)

=★=

ઈતિ શ્રીમદ્ભાગવતે મહાપુરાણે પારમહંસ્યાં સંહિતાયાં પઞ્ચમસ્કન્ધે ચતુર્થોઽધ્યાયઃ ॥ ૪॥

પાંચમા સ્કંધ-અંતર્ગત ચોથો અધ્યાય સમાપ્ત.

=★=

૧. પ્રા. પા. – ભગવાન્સર્વજ્ઞ આત્મ૦ । ૨. પ્રા. પા. – કેવલ આનન્દા૦ । ૩. પ્રા. પા. – લોકાનયમયત્ । ૪. પ્રા. પા. – સકલધર્માધર્મં બ્રાહ્મં । ૫. પ્રા. પા. – ભગવતા ઋષભેણ । ૬. પ્રા. પા. – ૦દપેક્ષતે । ૭. પ્રા. પા. – ૦સવનં જૃમ્ભિતસ્નેહા૦ । ૮. પ્રા. પા. – ૦પ્રણયમયસુ૦ ।

પાંચમો અધ્યાય

ઋષભદેવજીનો પોતાના પુત્રોને ઉપદેશ આપવો અને પોતે અવધૂતવૃત્તિ ગ્રહણ કરવી

ઋષભ ઉવાચ

નાયં દેહો દેહભાજાં નૃલોકે
કષ્ટાન્ કામાનર્હતે વિડ્ભુજાં યે ।
તપો દિવ્યં પુત્રકા[1] યેન સત્ત્વં
શુદ્ધ્યેદ્ યસ્માદ્ બ્રહ્મસૌખ્યં ત્વનન્તમ્[2] ॥ ૧॥
મહત્સેવાં[3] દ્વારમાહુર્વિમુક્તે-
સ્તમોદ્વારં યોષિતાં સઙ્ગિસઙ્ગમ્ ।
મહાન્તસ્તે સમચિત્તાઃ પ્રશાન્તા
વિમન્યવઃ સુહૃદઃ સાધવો યે ॥ ૨॥
યે વા મયીશે કૃતસૌહૃદાર્થા
જનેષુ દેહમ્ભરવાર્તિકેષુ ।
ગૃહેષુ જાયાત્મજરાતિમત્સુ[4]
ન પ્રીતિયુક્તા યાવદર્થાશ્ચ લોકે ॥ ૩॥
નૂનં પ્રમત્તઃ કુરુતે[5] વિકર્મ
યદિન્દ્રિયપ્રીતય આપૃણોતિ ।
ન સાધુ મન્યે યત આત્મનોઽય-
મસન્નપિ ક્લેશદ આસ[6] દેહઃ ॥ ૪॥
પરાભવસ્તાવદબોધજાતો
યાવન્ન જિજ્ઞાસત આત્મતત્ત્વમ્ ।
યાવત્ક્રિયાસ્તાવદિદં મનો વૈ
કર્માત્મકં યેન શરીરબન્ધઃ ॥ ૫॥
એવં[7] મનઃ કર્મવશં પ્રયુઙ્ક્તે
અવિદ્યયાઽઽત્મન્યુપધીયમાને ।
પ્રીતિર્ન યાવન્મયિ વાસુદેવે
ન મુચ્યતે દેહયોગેન તાવત્ ॥ ૬॥
યદા ન પશ્યત્યયથા ગુણેહાં
સ્વાર્થે પ્રમત્તઃ સહસા વિપશ્ચિત્ ।
ગતસ્મૃતિર્વિન્દતિ તત્ર તાપા-
નાસાદ્ય મૈથુન્યમગારમજ્ઞઃ ॥ ૭॥
પુંસઃ સ્ત્રિયા મિથુનીભાવમેતં
તયોર્મિથો હૃદયગ્રન્થિમાહુઃ ।

શ્રીઋષભદેવજીએ કહ્યું – હે પુત્રો! આ મર્ત્યલોકમાં આ મનુષ્યશરીર દુઃખમય વિષયભોગ ભોગવવા માટે જ નથી. આ ભોગો તો વિષ્ઠા ખાનારાં ભૂંડ-કૂતરાં વગેરેને પણ મળે જ છે. આ શરીરથી દિવ્ય તપસ્યા જ કરવી જોઈએ, કે જેથી અંતઃકરણ શુદ્ધ થાય; કારણ કે આનાથી જ બ્રહ્માનંદ પ્રાપ્ત થાય છે. (૧) શાસ્ત્રોએ મહાપુરુષોની સેવાને મુક્તિનું દ્વાર કહ્યું છે, અને સ્ત્રીનો સંગ કરનારા કામીજનોના સંગને નરકનું દ્વાર કહ્યું છે. મહાપુરુષો તેઓ જ છે કે જેઓ સમતાયુક્ત ચિત્તવાળા, પરમ શાંતિયુક્ત, ક્રોધરહિત, સૌના હિતચિંતક અને સદાચારથી સંપન્ન હોય; (૨) અથવા જેઓ કેવળ પરમાત્માના પ્રેમને જ એકમાત્ર પુરુષાર્થ માનતા હોય; કેવળ વિષયોની જ ચર્ચા કરનારા લોકોમાં તથા પત્ની, પુત્ર, ધન વગેરે સામગ્રીથી સંપન્ન ઘરોમાં જેમની અરુચિ હોય અને જેઓ લૌકિક (દુન્યવી) કાર્યોમાં માત્ર શરીરનિર્વાહ માટે જ પ્રવૃત્ત થતા હોય. (૩) મનુષ્ય પ્રમાદવશ અવશ્ય કુકર્મ કરે છે, તેની તે પ્રવૃત્તિ ઇન્દ્રિયોને તૃપ્ત કરવા માટે જ થાય છે. હું તેને સારું નથી માનતો; કારણ કે એના જ કારણે આ અસત્ અને દુઃખાત્મક શરીર પ્રાપ્ત થાય છે. (૪) જ્યાં સુધી જીવને આત્મતત્ત્વની જિજ્ઞાસા થતી નથી ત્યાં સુધી જ તે અજ્ઞાનને લીધે પોતાના સ્વરૂપને જાણી શકતો નથી. તેથી તેનો પરાભવ થાય છે. જ્યાં સુધી એ લૌકિક-વૈદિક કર્મોમાં ફસાયેલો રહે છે ત્યાં સુધી મનમાં કર્મની વાસનાઓ પણ કાયમ રહે છે અને એમના લીધે જ દેહ-બંધન પ્રાપ્ત થાય છે. (૫) આ પ્રમાણે અવિદ્યા વડે આત્મસ્વરૂપના ઢંકાઈ જવાથી કર્મવાસનાઓને વશ થયેલું ચિત્ત મનુષ્યને ફરીથી કર્મોમાં જ પ્રવૃત્ત કરે છે. તેથી જ્યાં સુધી તેને મુજ વાસુદેવમાં પ્રીતિ થતી નથી ત્યાં સુધી તે દેહબંધનમાંથી છૂટી શકતો નથી. (૬) સ્વાર્થમાં પાગલ થયેલો જીવ જ્યાં સુધી વિવેકદૃષ્ટિનો આશ્રય લઈને ઇન્દ્રિયોની ચેષ્ટાઓને મિથ્યા જોતો નથી ત્યાં સુધી આત્મ-સ્વરૂપની સ્મૃતિ ખોઈ બેસવાને કારણે તે અજ્ઞાનને લીધે વિષયપ્રધાન ઘર વગેરેમાં આસક્ત રહે છે અને જાત-જાતના ક્લેશ ઉઠાવતો રહે છે. (૭)

સ્ત્રી અને પુરુષ – એ બંનેનો પરસ્પર જે દામ્પત્યભાવ છે તેને જ પંડિત લોકો તેમના હૃદયની બીજી સ્થૂળ અને દુર્ભેદ્ય ગ્રંથિ કહે છે. દેહાભિમાનરૂપી એક-એક સૂક્ષ્મ ગ્રંથિ તો તેમનામાં અલગ-અલગ રીતે પહેલાંથી જ છે. આને કારણે

૧. પ્રાચીન પ્રતમાં 'પુત્રકા' પાઠ ખંડિત છે. ૨. પ્રા. પા. – હ્યનન્તમ્ । ૩. પ્રા. પા. – મહાત્મનાં । ૪. પ્રાચીન પ્રતમાં 'રા' ભાગ ખંડિત છે. ૫. પ્રા. પા. – કુરુતે કર્મ દીનોઽયમિન્દ્રિ૦ । ૬. પ્રા. પા. – એષ । ૭. પ્રા. પા. – એનં મનઃ ।

અતો ગૃહક્ષેત્રસુતાપ્તવિત્તૈ-
ર્જનસ્ય મોહોઽયમહં મમેતિ ॥ ૮॥

યદા[1] મનોહૃદયગ્રન્થિરસ્ય
કર્માનુબદ્ધો દૃઢ આશ્લથેત ।
તદા જનઃ [2]સમ્પરિવર્તતેઽસ્માદ્
મુક્તઃ પરં યાત્યતિહાય હેતુમ્ ॥ ૯॥

હંસે[3] ગુરૌ મયિ ભક્ત્યાનુવૃત્ત્યા[4]
વિતૃષ્ણયા દ્વન્દ્વતિતિક્ષયા ચ ।
સર્વત્ર જન્તોર્વ્યસનાવગત્યા
જિજ્ઞાસયા તપસેહાનિવૃત્ત્યા ॥ ૧૦॥

મત્કર્મભિર્મત્કથયા ચ નિત્યં
મદ્દેવસઙ્ગાદ્ ગુણકીર્તનાન્મે ।
નિર્વૈરસામ્યોપશમેન પુત્રા
જિહાસયા[5] દેહગેહાત્મબુદ્ધેઃ ॥ ૧૧॥

અધ્યાત્મયોગેન વિવિક્તસેવયા
પ્રાણેન્દ્રિયાત્માભિજયેન[6] સધ્ર્યક્ ।
સચ્છ્રદ્ધયા બ્રહ્મચર્યેણ શશ્વદ્
અસમ્પ્રમાદેન યમેન વાચામ્ ॥ ૧૨॥

સર્વત્ર મદ્ભાવવિચક્ષણેન
જ્ઞાનેન વિજ્ઞાનવિરાજિતેન[7] ।
યોગેન ધૃત્યુદ્યમસત્ત્વયુક્તો
લિઙ્ગં વ્યપોહેત્કુશલોઽહમાખ્યમ્ ॥ ૧૩॥

કર્માશયં [8]હૃદયગ્રન્થિબન્ધ-[9]
મવિદ્યયાઽઽસાદિતમપ્રમત્તઃ ।
અનેન યોગેન યથોપદેશં
સમ્યગ્વ્યપોહ્યોપરમેત યોગાત્ ॥ ૧૪॥

પુત્રાંશ્ચ શિષ્યાંશ્ચ નૃપો ગુરુર્વા
મલ્લોકકામો મદનુગ્રહાર્થઃ ।
ઇત્થં વિમન્યુરનુશિષ્યાદતજ્જ્ઞાન્
ન યોજયેત્કર્મસુ કર્મમૂઢાન્[10] ।

જ જીવને શરીર, ઇન્દ્રિયો ઉપરાંત ઘર, ખેતર, પુત્ર, સ્વજન, ધન વગેરેમાં પણ 'હું' અને 'મારા'પણાનો મોહ થઈ જાય છે. (૮) કર્મવાસનાઓને કારણે બંધાયેલી તે જીવની આ દૃઢ હૃદય-ગ્રંથિ જે સમયે ઢીલી થાય છે તે જ સમયે તે દામ્પત્યભાવથી નિવૃત્ત થઈ જાય છે અને સંસારના કારણભૂત અહંકારને ત્યજી દઈને બધા પ્રકારનાં બંધનોમાંથી મુક્ત થઈને પરમપદ પ્રાપ્ત કરી લે છે. (૯) (પરમ પદની પ્રાપ્તિ માટે સાધન બતાવતાં કહે છે કે -) હે પુત્રો! સૌના આત્મા અને ગુરુસ્વરૂપ મુજ ભગવાનમાં ભક્તિભાવ રાખવાથી, મારે પરાયણ રહેવાથી, તૃષ્ણાનો ત્યાગ કરવાથી, સુખ-દુઃખ વગેરે દ્વંદ્વોને સહન કરવાથી, 'જીવે બધી જ યોનિઓમાં દુઃખ જ ભોગવવું પડે છે' – એવા ખ્યાલથી, તત્ત્વ-જિજ્ઞાસાથી, તપથી, સકામ કર્મોનો ત્યાગ કરવાથી, મારા જ માટે કર્મ કરવાથી, મારી કથાઓનું દરરોજ શ્રવણ કરવાથી, મારા ભક્તોનો સંગ કરવાથી તથા મારા ગુણોનું કીર્તન કરવાથી, વેર ત્યજી દેવાથી, સમતાથી, શાંતિથી અને શરીર-ઘર વગેરેમાંના 'હું-મારા'પણાના ભાવને ત્યજવાની ઇચ્છાથી, અધ્યાત્મશાસ્ત્રના અનુશીલનથી, એકાન્ત-સેવનથી, પ્રાણ, ઇન્દ્રિયો અને મનના સારી રીતે સંયમથી, શાસ્ત્રોનાં અને સત્પુરુષોનાં વચનોમાં યથાર્થ બુદ્ધિ રાખવાથી, પૂર્ણ બ્રહ્મચર્યથી, કર્તવ્ય-કર્મોમાં નિરંતર સાવધાન રહેવાથી, વાણીના સંયમથી, સર્વત્ર મારી જ સત્તા (અસ્તિત્વ) જોવાથી, અનુભવ-જ્ઞાન સહિતના તત્ત્વવિચારથી અને યોગના સાધનથી ધૈર્ય, ઉદ્યમી અને સત્ત્વગુણથી યુક્ત થઈને અહંકારરૂપ પોતાના લિંગશરીરને લીન કરી દેવું જોઈએ. (૧૦-૧૩) મનુષ્યે પોતે સાવધાન રહીને અવિદ્યાને લીધે પ્રાપ્ત થતા આ હૃદયગ્રંથિરૂપ બંધનને શાસ્ત્રોમાં બતાવાયેલી રીતે આ બધાં સાધનો વડે સારી પેઠે કાપી નાખવું જોઈએ; કારણ કે આ જ કર્મ-સંસ્કારોના રહેવાનું સ્થાન છે. ત્યારબાદ સાધનનો પણ પરિત્યાગ કરી દેવો જોઈએ. (૧૪)

જેને મારા લોકની ઇચ્છા હોય અથવા જે મારા અનુગ્રહ (કૃપા-કરુણા)ની પ્રાપ્તિને જ પરમ પુરુષાર્થ માનતો હોય તે રાજા હોય તો પોતાની અબુધ પ્રજાને, ગુરુ હોય તો પોતાના શિષ્યોને અને પિતા હોય તો પોતાના પુત્રોને આવો જ ઉપદેશ આપે; અજ્ઞાનને કારણે જો તેઓ તે ઉપદેશ અનુસાર નહીં વર્તતાં, કર્મને જ પરમ પુરુષાર્થ માનતા રહે તોપણ તેમના પર ક્રોધ નહીં કરતાં તેમને સમજાવી-મનાવીને કર્મોમાં પ્રવૃત્ત ન થવા દે. તેમને વિષયની આસક્તિથી યુક્ત

૧. પ્રા. પા. – યદાત્મનો । ૨. પ્રા. પા. – સમ્પ્રતિવર્ત્તતે । ૩. પ્રા. પા. – હરૌ ગુરૌ મયિ । ૪. પ્રા. પા. – ભક્ત્યાનુવૃદ્ધ્યા । ૫. પ્રા. પા. – જિજ્ઞાસયા । ૬. પ્રાચીન પ્રતમાં 'ન્દ્રિ' – એટલો ભાગ ખંડિત છે. ૭. પ્રા. પા. – વિજ્ઞાનવિસ્ફારિતેન । ૮. પ્રાચીન પ્રતમાં 'હૃદય' – એટલો ભાગ ખંડિત છે. ૯. પ્રા. પા. – વિધ્વંસવિદ્યયા । ૧૦. પ્રાચીન પ્રતમાં 'મૂઢાન્' – એ ભાગ ખંડિત છે.

કં[1] યોજયન્મનુજોઽર્થં લભેત
　　નિપાતયન્નષ્ટદૃશં હિ ગર્તે ॥ ૧૫॥

લોકઃ સ્વયં શ્રેયસિ નષ્ટદૃષ્ટિ[2]-
　　ર્યોઽર્થાન્ સમીહેત નિકામકામઃ ।
અન્યોન્યવૈરઃ સુખલેશહેતો[3]-
　　રનન્તદુઃખં ચ ન વેદ મૂઢઃ ॥ ૧૬॥

કસ્તં સ્વયં તદભિજ્ઞો વિપશ્ચિદ્
　　અવિદ્યાયામન્તરે વર્તમાનમ્ ।
દૃષ્ટ્વા પુનસ્તં સઘૃણઃ કુબુદ્ધિં
　　પ્રયોજયેદુત્પથગં યથાઽન્ધમ્ ॥ ૧૭॥

ગુરુર્ન સ સ્યાત્સ્વજનો ન સ સ્યાત્
　　પિતા ન સ સ્યાજ્જનની ન સા સ્યાત્ ।
દૈવં[4] ન તત્સ્યાન્ન પતિશ્ચ સ સ્યા-
　　ન્ન મોચયેદ્ યઃ સમુપેતમૃત્યુમ્ ॥ ૧૮॥

ઇદં શરીરં મમ દુર્વિભાવ્યં
　　સત્ત્વં[5] હિ મે હૃદયં યત્ર ધર્મઃ ।
પૃષ્ઠે કૃતો મે યદધર્મ આરાદ્
　　અતો હિ મામૃષભં પ્રાહુરાર્યાઃ ॥ ૧૯॥

તસ્માદ્ભવન્તો હૃદયેન જાતાઃ
　　સર્વે મહીયાંસમમું સનાભમ્ ।
અક્લિષ્ટબુદ્ધ્યા ભરતં ભજધ્વં
　　શુશ્રૂષણં તદ્ભરણં પ્રજાનામ્ ॥ ૨૦॥

ભૂતેષુ વીરુદ્ભ્ય ઉદુત્તમા યે
　　સરીસૃપાસ્તેષુ સબોધનિષ્ઠાઃ[6] ।
તતો મનુષ્યાઃ પ્રમથાસ્તતોઽપિ[7]
　　ગન્ધર્વસિદ્ધા વિબુધાનુગા યે ॥ ૨૧॥

દેવાસુરેભ્યો મઘવત્પ્રધાના
　　દક્ષાદયો બ્રહ્મસુતાસ્તુ[8] તેષામ્ ।
ભવઃ પરઃ સોઽથ વિરિઞ્ચવીર્યઃ
　　સ મત્પરોઽહં દ્વિજદેવદેવઃ ॥ ૨૨॥

કામ્ય-કર્મોમાં જોડવા એ તો એવું જ છે કે જેમ કોઈ આંધળા માણસને જાણી-જોઈને ખાડામાં ધકેલી દેવામાં આવે. આનાથી ભલા, ક્યા પુરુષાર્થની સિદ્ધિ થઈ શકે? (૧૫) પોતાનું સાચું કલ્યાણ કઈ વાતમાં છે તે લોકો જાણતા નથી; તેથી જ તેઓ જાત-જાતની ભોગ-કામનાઓમાં ફસાઈને તુચ્છ ક્ષણિક સુખ માટે પરસ્પર વેર બાંધી લે છે અને નિરંતર વિષયભોગો (ભોગવવા) માટે જ પ્રયત્ન કરતા રહે છે. તે મૂર્ખાઓ એ વાત પર કશો જ વિચાર કરતા નથી કે આ વેર-વિરોધને કારણે નરક વગેરે અનંત ઘોર દુઃખો જ પ્રાપ્ત થશે. (૧૬) ખાડામાં પડવા માટે અવળા માર્ગે જતા મનુષ્યને જેમ આંખવાળો મનુષ્ય તે તરફ જવા દેતો નથી, તેવી જ રીતે અજ્ઞાની મનુષ્યને અવિદ્યામાં ફસાઈને દુઃખો તરફ જતો જોઈને, એવો કોણ દયાળુ અને જ્ઞાની મનુષ્ય હશે કે જે જાણી-જોઈને પણ તેને તે માર્ગ પર જવા દેશે અથવા જવા માટે પ્રેરિત કરશે? (૧૭) જે પોતાના પ્રિય સંબંધીને ભગવાનની ભક્તિનો ઉપદેશ આપતો નથી અને (એ રીતે તેને) મૃત્યુના ફાંસલામાંથી છોડાવતો નથી તે ગુરુ, ગુરુ નથી, સ્વજન, સ્વજન નથી, પિતા, પિતા નથી, માતા, માતા નથી, ઇષ્ટદેવ, ઇષ્ટદેવ નથી અને પતિ, પતિ નથી. (૧૮)

મારા આ અવતાર-શરીરનું રહસ્ય સાધારણ મનુષ્યો માટે બુદ્ધિગમ્ય નથી. શુદ્ધ સત્ત્વ જ મારું હૃદય છે અને તેમાં જ ધર્મ રહેલો છે. મેં અધર્મને પોતાનાથી ઘણો દૂર પાછળ તરફ ધકેલી દીધો છે, તેથી જ સત્પુરુષો મને 'ઋષભ' કહે છે. (૧૯) તમે બધા મારા તે શુદ્ધ સત્ત્વમય હૃદયમાંથી ઉત્પન્ન થયેલા છો, તેથી મત્સર છોડીને તમારા મોટાભાઈ ભરતની સેવા કરો. તેની સેવા કરવી એ મારી જ સેવા કરવા બરાબર છે અને એ જ તમારું પ્રજાપાલન-કાર્ય પણ છે. (૨૦) અન્ય બધાં ભૂતો કરતાં વૃક્ષો અત્યંત શ્રેષ્ઠ છે, તેમના કરતાં ચાલનારા જીવો શ્રેષ્ઠ છે અને તેમનામાં પણ કીટ વગેરે કરતાં જ્ઞાનયુક્ત પશુ શ્રેષ્ઠ છે; પશુઓ કરતાં મનુષ્ય, મનુષ્યો કરતાં પ્રમથગણ, પ્રમથો કરતાં ગંધર્વ, ગંધર્વો કરતાં સિદ્ધ અને સિદ્ધો કરતાં દેવતાઓના અનુયાયી કિન્નર વગેરે શ્રેષ્ઠ છે. (૨૧) અસુરો કરતાં દેવતા શ્રેષ્ઠ છે, દેવતાઓમાં પણ ઇન્દ્ર શ્રેષ્ઠ છે. ઇન્દ્ર કરતાં પણ બ્રહ્માજીના પુત્રો દક્ષ વગેરે પ્રજાપતિઓ શ્રેષ્ઠ છે, બ્રહ્માજીના પુત્રોમાં રુદ્ર સૌથી શ્રેષ્ઠ છે. તેઓ બ્રહ્માજીથી ઉત્પન્ન થયેલા છે તેથી તેમના કરતાં બ્રહ્માજી શ્રેષ્ઠ છે. તે (બ્રહ્માજી) પણ મારાથી ઉત્પન્ન થયેલા છે એ મારી ઉપાસના કરે છે, તેથી હું તેમના કરતાં પણ શ્રેષ્ઠ છું. પરંતુ

૧. પ્રાચીન પ્રતમાં 'કં યોજયન્'થી 'ઽદશં હિ ગર્તે' સુધીનો ભાગ નથી. ૨. પ્રાચીન પ્રતમાં 'નષ્ટદૃષ્ટિર્યોઽર્થાન્' એ ભાગ ખંડિત છે. ૩. પ્રાચીન પ્રતમાં 'ઽલેશહેતોર૦' પાઠ ખંડિત છે. ૪. પ્રાચીન પ્રતમાં 'દૈવં' ભાગ ખંડિત છે. ૫. પ્રા. પા. – તત્ત્વં । ૬. પ્રા. પા. – નિબોધનિષ્ઠાઃ । ૭. પ્રા. પા. – પ્રમથાસ્તત્રાપિ । ૮. પ્રા. પા. – ઽસુતા હિ તેષામ્ ।

ન બ્રાહ્મણૈસ્તુલયે ભૂતમન્યત્
પશ્યામિ વિપ્રાઃ કિમતઃ પરં તુ[1] ।
યસ્મિન્નૃભિઃ પ્રહુતં શ્રદ્ધયાઽહ-
મશ્નામિ કામં ન તથાઽગ્નિહોત્રે ॥ ૨૩॥

ધૃતા[2] તનૂરુશતી મે પુરાણી
યેનેહ સત્ત્વં પરમં પવિત્રમ્ ।
શમો દમઃ સત્યમનુગ્રહશ્ચ
તપસ્તિતિક્ષાઽનુભવશ્ચ યત્ર ॥ ૨૪॥

મત્તોઽપ્યનન્તાત્પરતઃ પરસ્માત્
સ્વર્ગાપવર્ગાધિપતેર્ન કિઞ્ચિત્ ।
યેષાં કિમુ સ્યાદિતરેણ તેષા-
મકિઞ્ચનાનાં મયિ ભક્તિભાજામ્ ॥ ૨૫॥

સર્વાણિ મદ્ધિષ્ણ્યતયા ભવદ્ભિ-
શ્ચરાણિ ભૂતાનિ સુતા ધ્રુવાણિ ।
સમ્ભાવિતવ્યાનિ પદે પદે વો
વિવિક્તદૃગ્ભિસ્તદુહાર્હણં[3] મે ॥ ૨૬॥

મનોવચોદૃક્કરણેહિતસ્ય
સાક્ષાત્કૃતં મે પરિબર્હણં હિ ।
વિના પુમાન્ યેન મહાવિમોહાત્
કૃતાન્તપાશાન્ન વિમોક્તુમીશેત્ ॥ ૨૭॥

શ્રીશુક ઉવાચ[4]

એવમનુશાસ્યાત્મજાન્ સ્વયમનુશિષ્ટાનપિ લોકાનુશાસનાર્થં મહાનુભાવઃ પરમસુહૃદ્ભગવા-નૃષભાપદેશ ઉપશમશીલાનામુપરતકર્મણાં મહામુનીનાં ભક્તિજ્ઞાનવૈરાગ્યલક્ષણં પારમહંસ્યધર્મમુપશિક્ષમાણઃ સ્વતનયશતજ્યેષ્ઠં પરમભાગવતં ભગવજ્જનપરાયણં ભરતં ધરણિપાલનાયાભિષિચ્ય સ્વયં ભવન [5]એવોર્વરિતશરીરમાત્રપરિગ્રહ ઉન્મત્ત ઇવ ગગન-પરિધાનઃ પ્રકીર્ણકેશ આત્મન્યારોપિતાહવનીયો બ્રહ્માવર્તાત્પ્રવવ્રાજ ॥ ૨૮॥ જડાન્ધ-

મારા કરતાં પણ બ્રાહ્મણો શ્રેષ્ઠ છે, કારણ કે હું તેમને પૂજ્ય માનું છું. (૨૨)

(સભામાં ઉપસ્થિત બ્રાહ્મણોને સંબોધીને કહ્યું –) હે વિપ્રગણ! બીજા કોઈ પણ પ્રાણીને હું બ્રાહ્મણો જેવું પણ સમજતો નથી, તો પછી તેમના કરતાં અધિક તો માની જ કેવી રીતે શકું? લોકો શ્રદ્ધાપૂર્વક બ્રાહ્મણોના મુખમાં અન્ન વગેરેની જે આહુતિ આપે છે તેને હું જેટલી પ્રસન્નતાથી ગ્રહણ કરું છું તેટલી (પ્રસન્નતાથી) અગ્નિહોત્રમાં હોમાયેલી સામગ્રીનો સ્વીકાર કરતો નથી. (૨૩) જેમણે આ લોકમાં અધ્યયન વગેરે વડે વેદરૂપી મારી અતિ સુંદર અને પુરાતન મૂર્તિ ધારણ કરી રાખેલી છે તથા જેઓ પરમ પવિત્ર સત્ત્વગુણો – શમ, દમ, સત્ય, દયા, તપ, તિતિક્ષા અને જ્ઞાન એ આઠ ગુણોથી સંપન્ન છે તે બ્રાહ્મણો કરતાં અધિક શ્રેષ્ઠ કોઈ હોઈ શકે? (૨૪) હું બ્રહ્મા વગેરે કરતાં પણ શ્રેષ્ઠ છું, અનંત છું તથા સ્વર્ગ, મોક્ષ વગેરે આપવાનું પણ સામર્થ્ય ધરાવું છું; પરંતુ મારા અકિંચન ભક્તો એવા નિઃસ્પૃહ હોય છે કે તેઓ મારી પાસેથી પણ કશું જ ઇચ્છતા નથી, તો પછી રાજ્ય વગેરે ઇતર વસ્તુઓની તો તેઓ ઇચ્છા જ કેમ કરી શકે? (૨૫)

હે પુત્રો! તમે સમસ્ત ચરાચર (જડ-ચેતન) ભૂતપ્રાણીઓને મારું જ શરીર સમજીને શુદ્ધ બુદ્ધિથી ડગલે ને પગલે તેમની સેવા કરો, એ જ મારી સાચી પૂજા છે. (૨૬) મન, વચન, દૃષ્ટિ તથા અન્ય ઇન્દ્રિયો વગેરેની ક્રિયાઓનું સાક્ષાત્ ફળ એ મારી આ પ્રકારની પૂજા જ છે. એના વિના મનુષ્ય પોતાને મહા-મોહમય કાળ-પાશમાંથી છોડાવી શકતો નથી. (૨૭)

શ્રીશુકદેવજી કહે છે – હે રાજન્! ઋષભદેવજીના પુત્રો જોકે પોતે જ બધી રીતે સુશિક્ષિત હતા, તોપણ લોકોને ઉપદેશ આપવાના ઉદ્દેશ્યથી મહાપ્રભાવશાળી પરમ સુહૃદ ભગવાન ઋષભે તેમને આ પ્રમાણે ઉપદેશ આપ્યો. ઋષભદેવજીના સો પુત્રોમાં ભરત સૌથી મોટા હતા; તેઓ ભગવાનના પરમ ભક્ત હતા અને ભગવાનના ભક્તોને પરાયણ હતા. ઋષભદેવજીએ પૃથ્વીનું પાલન કરવા માટે તેમને રાજગાદીએ બેસાડ્યા અને પોતે ઉપશમશીલ નિવૃત્તિપરાયણ મહામુનિઓના ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્યરૂપ પરમહંસોને યોગ્ય ધર્મોનો ઉપદેશ આપવા માટે બિલકુલ વિરક્ત થઈ ગયા; કેવળ શરીર-માત્રનો પરિગ્રહ રાખ્યો અને સર્વ કાંઈનો ઘરમાં (ગૃહસ્થીમાં) રહેવા છતાં ત્યાગ કરી દીધો. તેઓ વસ્ત્રોનો પણ ત્યાગ કરીને સર્વથા દિગંબર

૧. પ્રા. પા. – પરં યત્ । ૨. પ્રા. પા. – ભૂત્વા । ૩. પ્રા. પા. – ळदृग्भिस्तदिहार्पणं मे । ૪. પ્રાચીન પ્રતમાં 'શ્રીશુક ઉવાચ' પાઠ નથી. ૫. પ્રાચીન પ્રતમાં 'એ' ખંડિત છે.

મૂકબધિરપિશાચોન્માદકવદવધૂતવેષોઽભિભાષ્યમાણોઽપિ જનાનાં ગૃહીતમૌનવ્રતસ્તૂષ્ણીં બભૂવ ॥૨૯॥ તત્ર તત્ર પુરગ્રામાકરખેટવાટખર્વટશિબિરવ્રજઘોષસાર્થગિરિવનાશ્રમાદિષ્વનુપથમવનિચરાપસદૈઃપરિભૂયમાનો મક્ષિકાભિરિવ [1]વનગજસ્તર્જનતાડનાવમેહનષ્ઠીવનગ્રાવશકૃદ્રજઃપ્રક્ષેપપૂતિવાતદુરુક્તૈસ્તદવિગણયન્નેવાસત્સંસ્થાન એતસ્મિન્ દેહોપલક્ષણે સદપદેશ ઉભયાનુભવસ્વરૂપેણ સ્વમહિમાવસ્થાનેનાસમારોપિતાહંમમાભિમાનત્વાદવિખણ્ડિતમનાઃ પૃથિવીમેકચરઃ પરિબભ્રામ ॥૩૦॥ અતિસુકુમારકરચરણોરઃસ્થલવિપુલબાહ્વંસગલવદનાદ્યવયવવિન્યાસઃ[2] પ્રકૃતિસુન્દરસ્વભાવહાસસુમુખો નવનલિનદલાયમાનશિશિર[3]તારારુણાયતનયનરુચિરઃ સદૃશસુભગકપોલકર્ણકણ્ઠનાસો વિગૂઢસ્મિતવદનમહોત્સવેન પુરવનિતાનાં મનસિ કુસુમશરાસનમુપદધાનઃ પરાગવલમ્બ[4]માનકુટિલજટિલકપિશકેશભૂરિભારોઽવધૂતમલિનનિજશરીરેણ ગ્રહગૃહીત ઈવાદૃશ્યત ॥૩૧॥

થઈ ગયા. તે સમયે તેમના વાળ વિખરાયેલા હતા, ઉન્મત્તના જેવો (તેમનો) વેશ હતો. આવી સ્થિતિમાં તેઓ આહ્‌વનીય-અગ્નિહોત્રના અગ્નિઓને પોતાનામાં જ લીન કરીને સંન્યાસી થઈ ગયા અને બ્રહ્માવર્ત દેશમાંથી બહાર નીકળી ગયા. (૨૮) તેઓ સર્વથા મૌન થઈ ગયા હતા, કોઈ વાત કરવા ઈચ્છતું તો તેઓ બોલતા ન હતા. જડ, અંધ, બધિર, મૂંગા, પિશાચ અને ગાંડાઓના જેવી ચેષ્ટાઓ કરતા, અવધૂત બનીને તેઓ સર્વત્ર વિચરવા લાગ્યા. (૨૯) ક્યારેક નગરોમાં અને ગામોમાં જઈ પહોંચતા, તો ક્યારેક ખાણોમાં, ખેડૂતોની વસ્તીઓમાં, બગીચાઓમાં, પહાડી ગામોમાં, સૈન્યની છાવણીઓમાં, ગોશાળાઓમાં, ભરવાડોના નેસડાઓમાં અને ધર્મશાળાઓમાં વાસ કરતા હતા. ક્યારેક પહાડો, જંગલો, આશ્રમો વગેરેમાં વિચરતા હતા. તેઓ જે કોઈ રસ્તેથી જતા તો જેમ વનમાં વિચરનારા હાથીને માખીઓ સતાવે છે તેવી જ રીતે મૂર્ખ અને દુષ્ટ લોકો તેમની પાછળ પડતા અને તેમને હેરાન કરતા હતા. કોઈ ધમકી આપતા, કોઈ મારતા, કોઈ (તેમના પર) પેશાબ કરતા, કોઈ થૂંકતા, કોઈ ઢેખાળા મારતા, કોઈ વિષ્ઠા અને ધૂળ ફેંકતા, કોઈ અધોવાયુ છોડતા અને કોઈ ગાળો આપીને તેમનો તિરસ્કાર કરતા હતા. પરંતુ તેમનું આ બધા પર જરા પણ ધ્યાન જતું ન હતું. આનું કારણ એ હતું કે ભ્રમને લીધે સત્ય કહેવામાં આવતા આ મિથ્યા શરીરમાં તેમની જરા જેટલી પણ અહંતા-મમતા ન હતી. તેઓ કાર્ય-કારણરૂપ સમસ્ત પ્રપંચના સાક્ષી થઈને પોતાના પરમાત્મ-સ્વરૂપમાં જ સ્થિત હતા, તેથી અખંડ ચિત્તવૃત્તિપૂર્વક એકલા જ પૃથ્વી પર વિચરણ કર્યા કરતા હતા. (૩૦) જોકે તેમના હાથ, પગ, છાતી, લાંબી-લાંબી ભુજાઓ, ખભા, ગળું, મુખ વગેરે અંગોની રચના ઘણી જ સુકુમાર હતી; તેમનું સ્વાભાવિક જ સુંદર મુખ સ્વાભાવિક મધુર સ્મિતને લીધે અધિક મનોહર લાગતું હતું; તેમનાં નેત્રો નવીન કમળપાંદડીઓ જેવી સોહામણી, વિશાળ અને થોડીક લાલાશવાળી હતી; તેમની કીકીઓ શીતળ અને સંતાપને હરનારી હતી. તે આંખોને કારણે તેઓ અત્યંત મનોહર લાગતા હતા. કપોલ, કાન અને નાસિકા નાનાં-મોટાં નહીં, પણ સરખાં (માપસરનાં) અને સુંદર હતાં તથા તેમના અસ્ફુટ હાસ્યયુક્ત મનોહર મુખકમળની શોભા જોઈને નગરની સ્ત્રીઓના ચિત્તમાં કામદેવનો સંચાર થઈ જતો હતો, તેમ છતાં તેમના મુખ આગળ ભૂરા રંગની લાંબી-લાંબી વાંકડિયાળી કેશલટો લટકતી રહેતી હતી. તેમના ઘણા ભારને લીધે અને અવધૂતોના જેવા ધૂળથી

૧. પ્રા. પા. – મદગજ૦ । ૨. પ્રા. પા. – ૦બાહ્વંસયુગલ૦ । ૩. પ્રા. પા. – ૦શિશિરચાર્વરુણાયત૦ । ૪. પ્રા. પા. – ૦જટિલાલક૦ ।

યર્હિ વાવ સ ભગવાન્ લોકમિમં યોગસ્યાદ્ધા પ્રતીપમિવાચક્ષાણસ્તત્પ્રતિક્રિયા[1] કર્મબીભત્સિતમિતિ વ્રતમાજગરમાસ્થિતઃ શયાન એવાશ્નાતિ પિબતિ ખાદત્યવમેહતિ હદતિ[2] સ્મ ચેષ્ટમાન ઉચ્ચરિત આદિગ્ધોદ્દેશઃ ॥ ૩૨ ॥ તસ્ય હ યઃ પુરીષસુરભિસૌગન્ધ્યવાયુસ્તં[3] દેશં દશયોજનં સમન્તાત્ સુરભિં ચકાર ॥ ૩૩ ॥ એવં ગોમૃગકાકચર્યયા વ્રજંસ્તિષ્ઠન્નાસીનઃ શયાનઃ કાકમૃગગોચરિતઃ[4] પિબતિ ખાદત્યવમેહતિ સ્મ ॥ ૩૪ ॥ ઈતિ નાનાયોગચર્યાચરણો ભગવાન્ કૈવલ્યપતિર્ઋષભોऽવિરતપરમમહાનન્દાનુભવ આત્મનિ સર્વેષાં ભૂતાનામાત્મભૂતે ભગવતિ વાસુદેવ આત્મનોऽવ્યવધાનાનન્તરોદરભાવેન સિદ્ધસમસ્તાર્થપરિપૂર્ણો યોગૈશ્વર્યાણિ વૈહાયસમનોજવાન્તર્ધાનપરકાયપ્રવેશદૂરગ્રહણાદીનિ[5] યદૃચ્છયોપગતાનિ નાઞ્જસા નૃપ હૃદયેનાભ્યનન્દત્ ॥ ૩૫ ॥

ધૂળિયા બનેલા શરીરને કારણે તેઓ ગ્રહોથી ગ્રસ્ત મનુષ્યના જેવા જણાતા હતા. (૩૧)

જ્યારે ભગવાન ઋષભદેવે જોયું કે આ પ્રજા યોગનું સાધન કરવામાં વિઘ્નરૂપ છે અને એનાથી બચવાનો ઉપાય બીભત્સ વૃત્તિથી રહેવું એ જ છે, ત્યારે તેમણે અજગરવૃત્તિ ધારણ કરી લીધી. તેઓ સૂતાં-સૂતાં જ ખાવા-પીવા, ચાવવા અને મળ-મૂત્રનો ત્યાગ કરવા લાગ્યા. તેઓ પોતાના ત્યજેલા મળમાં આળોટી-આળોટીને તેનાથી શરીરને રગદોળતા હતા. (૩૨) (પણ) તેમના મળમાં દુર્ગંધ ન હતી, ભારે સુગંધ હતી; અને પવન તે ગંધ લઈને તેમની ચારે તરફ દસ જોજન સુધી સમગ્ર દેશને સુગંધિત કરી દેતો હતો. (૩૩) આ જ રીતે ગાય, મૃગ, કાગડો વગેરેની વૃત્તિઓ અપનાવીને તેઓ તેમની જ જેમ ક્યારેક ચાલતાં-ચાલતાં, ક્યારેક ઊભાં-ઊભાં, ક્યારેક બેઠાં-બેઠાં અને ક્યારેક સૂતાં-સૂતાં જ ખાતા-પીતા હતા અને મળ-મૂત્રનો ત્યાગ કરતા હતા. (૩૪) હે પરીક્ષિત! પરમહંસોને ત્યાગના આદર્શનો બોધ આપવા માટે આ પ્રમાણે મોક્ષપતિ ભગવાન ઋષભદેવે ઘણી જાતની યોગચર્યાઓનું આચરણ કર્યું. તેઓ સર્વશ્રેષ્ઠ મહા-આનંદનો નિરંતર અનુભવ કરતા રહેતા હતા. તેમની દૃષ્ટિમાં નિરુપાધિક-રૂપે સમસ્ત પ્રાણીઓના આત્મા પોતાના આત્મસ્વરૂપ ભગવાન વાસુદેવ સાથે કોઈ પ્રકારનો ભેદ ન હતો; તેથી તેમના સઘળાયે પુરુષાર્થ પૂર્ણ થઈ ચૂક્યા હતા. તેમની પાસે આકાશગમન, મનોજવ (મનની ગતિની જેમ જ શરીરનું પણ ઈચ્છા કરતાં જ સર્વત્ર જઈ પહોંચવું), અંતર્ધાન, પરકાયાપ્રવેશ (બીજાઓના શરીરમાં પ્રવિષ્ટ થવું), દૂરગ્રહણ (દૂર થતી વાતો સાંભળવી અને દૂરનાં દૃશ્ય જોવાં) વગેરે તમામ પ્રકારની સિદ્ધિઓ સ્વેચ્છાપૂર્વક જ સેવા કરવાને ઉપસ્થિત થઈ, પરંતુ તેમણે તેમનો મનથી આદર કે સ્વીકાર કર્યો નહીં. (૩૫)

=★=

ઈતિ શ્રીમદ્ભાગવતે મહાપુરાણે પારમહંસ્યાં સંહિતાયાં પઞ્ચમસ્કન્ધે ઋષભદેવાનુચરિતે પઞ્ચમોऽધ્યાયઃ ॥ ૫ ॥

પાંચમા સ્કંધ-અંતર્ગત ઋષભદેવ-અનુચરિતમાંનો પાંચમો અધ્યાય સમાપ્ત.

=★=

૧. પ્રા. પા. – પ્રતિક્રિયાયાં । ૨. પ્રાચીન પ્રતમાં 'હદતિ' પાઠ નથી. ૩. પ્રા. પા. – વાયુસ્તાન્દેશાન્ દશયોજનાન્ સમન્તાત્સુરભીંશ્ચકાર । ૪. પ્રા. પા. – કાકમૃગગોવચ્ચરતિ પિબત્યવમેહતિ સ્મ । ૫. પ્રા. પા. – ૦પરકાયાવેશદૂર૦ ।

છઠ્ઠો અધ્યાય

ઋષભદેવજીનો દેહત્યાગ

રાજોવાચ

ન નૂનં ભગવ[1] આત્મારામાણાં યોગસમીરિત-જ્ઞાનાવભર્જિતકર્મબીજાનામૈશ્વર્યાણિ[2] પુનઃ ક્લેશદાનિ ભવિતુમર્હન્તિ યદૃચ્છયોપગતાનિ ॥ ૧॥

ઋષિરુવાચ

સત્યમુક્તં કિન્ત્વિહ વા એકે[3]ન મનસોઽદ્ધા[4] વિશ્રમ્ભમનવસ્થાનસ્ય[5] શઠકિરાત ઈવ સઙ્ગચ્છન્તે[6] ॥ ૨॥ તથા ચોક્તમ્ –

ન કુર્યાત્કર્હિચિત્સખ્યં, મનસિ હ્યનવસ્થિતે ।
યદ્વિશ્રમ્ભાચ્ચિરાચ્ચીર્ણં ચસ્કન્દ તપ ઐશ્વરમ્ ॥ ૩॥

નિત્યં દદાતિ કામસ્ય ચ્છિદ્રં તમનુ યેઽરયઃ ।
યોગિનઃ કૃતમૈત્રસ્ય પત્યુર્જાયેવ પુંશ્ચલી ॥ ૪॥

કામો મન્યુર્મદો લોભઃ શોકમોહભયાદયઃ ।
કર્મબન્ધશ્ચ યન્મૂલઃ સ્વીકુર્યાત્કો નુ[7] તદ્ બુધઃ ॥ ૫॥

અથૈવમખિલલોકપાલલલામોઽપિ[8]

વિલક્ષણૈર્જડવદવધૂતવેષભાષાચરિતૈરવિલક્ષિત[9]-ભગવત્પ્રભાવો યોગિનાં સામ્પરાયવિધિમનુશિક્ષયન્ સ્વકલેવરં જિહાસુરાત્મન્યાત્માનમસંવ્ય-વહિતમનર્થાન્તરભાવેનાન્વીક્ષમાણ[10] ઉપરતાનુ-વૃત્તિરુપરરામ ॥ ૬॥ તસ્ય હ વા એવં મુક્તલિઙ્ગસ્ય ભગવત ઋષભસ્ય યોગમાયા-વાસનયા[11] દેહ ઈમાં જગતીમભિમાનાભાસેન સઙ્ક્રમમાણઃ [12]કોઙ્કવેઙ્કકુટકાન્ દક્ષિણ-કર્ણાટકાન્ દેશાન્ યદૃચ્છયોપગતઃ કુટકાચલોપવન આસ્યકૃતાશ્મકવલ[13] ઉન્માદ ઈવ મુક્તમૂર્ધજોઽસંવીત એવ વિચચાર ॥ ૭॥ અથ

રાજા પરીક્ષિતે પૂછ્યું – હે ભગવન્! યોગરૂપી પવનથી પ્રજ્વલિત થયેલા જ્ઞાનરૂપી અગ્નિથી જેમનાં રાગ વગેરે-રૂપી કર્મબીજ બળી ગયાં છે તેવા આત્મારામ મુનિઓને જો દૈવવશ આપમેળે જ અણિમા વગેરે સિદ્ધિઓ મળી જાય તો તે તેમના રાગ-દ્વેષ વગેરે ક્લેશોનું કારણ તો કોઈ રીતે બની શકતી નથી; તો પછી ભગવાન ઋષભદેવે શા માટે તે (સિદ્ધિઓ) સ્વીકારી નહીં? (૧)

શ્રીશુકદેવજીએ કહ્યું – તમારું કહેવું સાચું છે, પરંતુ સંસારમાં જેમ ચાલાક પારધી પોતે પકડેલા મૃગનો ભરોસો કરતો નથી તેવી જ રીતે બુદ્ધિમાન લોકો આ ચંચળ ચિત્તનો ભરોસો કરતા નથી. (૨) આવું જ કહેવાયું પણ છે – આ ચંચળ ચિત્ત સાથે ક્યારેય મૈત્રી કરવી જોઈએ નહીં. એનામાં વિશ્વાસ કરવાથી મોટા-મોટા યોગીઓનું દીર્ઘકાળનું સંચિત તપ ક્ષીણ થઈ જાય છે. (૩) જેમ વ્યભિચારિણી સ્ત્રી જાર (વ્યભિચારી) પુરુષોને તક આપીને તેમના હાથે, પોતાનામાં ભરોસો રાખનારા પતિનો વધ કરાવી દે છે, તેવી જ રીતે જે યોગીઓ મન પર વિશ્વાસ કરે છે તેમનું મન કામને તથા તેના સાથી ક્રોધ વગેરે શત્રુઓને આક્રમણ કરવાની તક આપીને તેમને નષ્ટભ્રષ્ટ કરી દે છે. (૪) કામ, ક્રોધ, મદ, લોભ, મોહ, ભય વગેરે શત્રુઓનું તથા કર્મબંધનનું મૂળ તો મન જ છે; એના પર કોઈ પણ બુદ્ધિમાન વ્યક્તિ કેવી રીતે વિશ્વાસ કરી શકે? (૫)

એટલે જ ભગવાન ઋષભદેવ જોકે ઈન્દ્ર વગેરે તમામ લોકપાલોના પણ ભૂષણસ્વરૂપ હતા, તોપણ તેઓ જડ મનુષ્યોની જેમ અવધૂતોના જેવા વિવિધ વેશ, ભાષા અને આચરણથી પોતાના ઈશ્વરીય પ્રભાવને છુપાવીને રહેતા હતા. અંતમાં તેમણે યોગીઓને દેહત્યાગની વિધિ શિખવાડવા માટે પોતાના શરીરનો ત્યાગ કરવા ઈચ્છ્યું. દૃશ્ય પ્રપંચમાત્ર અસત્ છે એવા દૃઢ નિર્ધારથી પોતાના અંતઃકરણમાં આત્મા-પરમાત્માને અભિન્નરૂપે જોતા રહીને લિંગશરીરના અભિમાનમાંથી મુક્ત થઈને તેઓ પૂર્ણ રીતે ઉપરામ થઈ ગયા. (૬) આ પ્રમાણે લિંગશરીરના અભિમાનમાંથી મુક્ત થયેલા ભગવાન શ્રીઋષભદેવજી યોગમાયાની વાસનાથી કેવળ અભિમાનના ભાસના આશ્રયે જ આ પૃથ્વીતટ પર વિચરતા રહ્યા. તે દૈવવશાત્ કોંક, વેંક, કુટક આદિ દક્ષિણ

૧. પ્રા. પા. – ભગવન્નાત્મરામા૦ । ૨. પ્રા. પા. – ૦જ્ઞાનાવર્જિત૦ । ૩. પ્રાચીન પ્રતમાં 'એકે' પાઠ ખંડિત છે. ૪. પ્રાચીન પ્રતમાં '૦ઽદ્ધા' પાઠ નથી. ૫. પ્રા. પા. – ૦મનવસ્થાનસ્ય યોગિનઃ શઠ૦ । ૬. પ્રા. પા. – સઙ્ગચ્છન્તિ । ૭. પ્રા. પા. – વોઽત્ર તદ્બુધઃ । ૮. પ્રાચીન પ્રતમાં '૦ઽપિ' પાઠ નથી. ૯. પ્રા. પા. – ૦જડવદવધૂતભાષા૦ । ૧૦. પ્રા. પા. – ૦ભાવેનાનુવીક્ષ૦ । ૧૧. પ્રા. પા. – યોગમાયાવાસેન । ૧૨. પ્રા. પા. – કોઙ્કવેઙ્ક૦ । ૧૩. પ્રાચીન પ્રતમાં 'શ્મ' ખંડિત છે.

[1]સમીરવેગવિધૂતવેણુવિકર્ષણજાતોગ્રદાવાનલ-સ્તદ્વનમાલેલિહાનઃ સહ તેન દદાહ ॥ ૮॥

યસ્ય કિલાનુચરિતમુપાકર્ણ્ય કોઙ્કવેઙ્ક-કુટકાનાં[2] રાજાઽર્હન્નામોપશિક્ષ્ય કલાવધર્મ ઉત્કૃષ્યમાણે ભવિતવ્યેન વિમોહિતઃ સ્વધર્મપથ-મકુતોભયમપહાય કુપથપાખણ્ડમસમઞ્જસં નિજ-મનીષયા મન્દઃ સમ્પ્રવર્તયિષ્યતે ॥ ૯॥ યેન[3] હ વાવ કલૌ મનુજાપસદા દેવમાયામોહિતાઃ સ્વ-વિધિનિયોગશૌચચારિત્રવિહીના દેવહેલનાન્યપવ્રતાનિ નિજનિજેચ્છયા ગૃહ્ણાના અસ્નાનાનાચમનાશૌચ-કેશોલ્લુઞ્ચનાદીનિ કલિનાઽધર્મબહુલેનોપહતધિયો બ્રહ્મબ્રાહ્મણયજ્ઞપુરુષલોકવિદૂષકાઃ[4] પ્રાયેણ ભવિષ્યન્તિ ॥ ૧૦॥ તે[5] ચ હ્યર્વાક્તનયા નિજલોકયાત્રયાઽન્ધપરમ્પરયાઽઽશ્વસ્તાસ્તમસ્યન્ધે[6] સ્વયમેવ[7] પ્રપતિષ્યન્તિ[8] ॥ ૧૧॥

અયમવતારો રજસોપપ્લુતકૈવલ્યોપશિક્ષણાર્થઃ[9] ॥ ૧૨॥ તસ્યાનુગુણાન્ શ્લોકાન્ ગાયન્તિ—

અહો ભુવઃ સપ્તસમુદ્રવત્યા
દ્વીપેષુ વર્ષેષ્વધિપુણ્યમેતત્[10] ।
ગાયન્તિ યત્રત્યજના મુરારેઃ
કર્માણિ ભદ્રાણ્યવતારવન્તિ ॥ ૧૩॥

અહો નુ વંશો યશસાઽવદાતઃ
પ્રૈયવ્રતો યત્ર પુમાન્ પુરાણઃ ।
કૃતાવતારઃ પુરુષઃ સ આદ્ય-
શ્ચચાર ધર્મં યદકર્મહેતુમ્ ॥ ૧૪॥

કો ન્વસ્ય[11] કાષ્ઠામપરોઽનુગચ્છે-
ન્મનોરથેનાપ્યભવસ્ય યોગી ।
યો યોગમાયાઃ સ્પૃહયત્યુદસ્તા
હ્યસત્તયા યેન કૃતપ્રયત્નાઃ ॥ ૧૫॥

કર્ણાટકના દેશોમાં ગયા અને મોઢામાં પથ્થરનો ટુકડો નાખેલા તથા વાળ વિખેરેલા પાગલ(ઉન્મત્ત)ની જેમ દિગંબરરૂપે કુટકાચલના વનમાં વિચરવા લાગ્યા. (૭) આ જ સમયે ઝંઝાવાતથી હાલી ઊઠેલા વાંસોના ઘર્ષણને લીધે પ્રબળ દાવાગ્નિ ભભૂકી ઊઠ્યો અને તેણે આખા વનને પોતાની પ્રજ્વલિત જ્વાળાઓમાં લપેટી લઈને ઋષભદેવજી સમેત ભસ્મ કરી દીધું. (૮)

હે રાજન્! જ્યારે કળિયુગમાં અધર્મની વૃદ્ધિ થશે ત્યારે કોંક, વેંક અને કુટક દેશનો મંદમતિ રાજા અર્હત્ ત્યાંના લોકો પાસેથી ઋષભદેવજીના આશ્રમાતીત (ગૃહસ્થીથી પર) આચરણનું વૃત્તાંત સાંભળશે. અને પોતે તેનું ગ્રહણ કરશે. તેઓ લોકોનાં પૂર્વ-સંચિત પાપોના ફળરૂપ ભવિતવ્યને વશીભૂત થઈ જશે. તેઓ નિર્ભયપણે પોતાના ધર્મના માર્ગનો પરિત્યાગ કરીને, પોતાની બુદ્ધિ મુજબ અયોગ્ય અને પાખંડપૂર્ણ કુમાર્ગનો પ્રચાર કરશે. (૯) એનાથી કળિયુગમાં દેવ-માયાથી મોહિત થયેલા અનેક અધમ મનુષ્યો શાસ્ત્રવિહિત શૌચ-શુદ્ધિ અને આચરણનો ત્યાગ કરી બેસશે. અધર્મબહુલ કળિયુગના પ્રભાવથી બુદ્ધિહીન થઈ જવાને કારણે તેઓ સ્નાન નહીં કરવું, આચમન નહીં કરવું, અશુદ્ધ રહેવું, વાળ ચૂંટાવી લેવા વગેરે ઈશ્વરનો તિરસ્કાર કરનારા પાખંડી ધર્મોને મન ફાવે તે રીતે અપનાવશે અને ઘણું કરીને વેદો, બ્રાહ્મણો તેમ જ ભગવાન યજ્ઞપુરુષની નિંદા કરવા લાગશે. (૧૦) તેઓ પોતાની આ અવૈદિક, સ્વેચ્છાકૃત નવી પ્રવૃત્તિમાં આંધળી પરંપરાથી (અંધશ્રદ્ધાથી) વિશ્વાસ કરીને મત્ત રહેવાને કારણે પોતે જ ઘોર નરકમાં પડશે. (૧૧)

ભગવાન ઋષભદેવનો આ અવતાર રજોગુણથી ભરેલા લોકોને મોક્ષમાર્ગનો બોધ કરાવવા માટે જ થયો હતો. (૧૨) આના ગુણોનું વર્ણન કરતાં લોકો આ વાક્યો કહેતા રહે છે – 'અહો! સાત સમુદ્રોવાળી પૃથ્વીના તમામ દ્વીપો અને દેશોમાં આ ભારતવર્ષ મહાન પુણ્યભૂમિ છે, કારણ કે અહીંના લોકો શ્રીહરિના મંગળમય અવતારોનાં ચરિત્રોનું ગાન કરે છે. (૧૩) અહો! મહારાજ પ્રિયવ્રતનો વંશ ઘણો જ ઉજ્જ્વળ અને સુયશપૂર્ણ છે, જેમાં પુરાણપુરુષ શ્રીઆદિનારાયણે ઋષભ- અવતાર લઈને મોક્ષની પ્રાપ્તિ કરાવનારા પારમહંસ્ય ધર્મનું આચરણ કર્યું. (૧૪) અહો! અજન્મા ભગવાન ઋષભદેવના માર્ગ પર કોઈ બીજો યોગી

૧. પ્રા. પા. – ૦વેણુનિઘર્ષ૦ । ૨. પ્રાચીન પ્રતમાં '૦કુટકાનાં' પાઠ ખંડિત છે. ૩. પ્રા. પા. – યેનેહ વાવ । ૪. પ્રા. પા. – ૦યજ્ઞલોકપુરુષવિદૂષકાઃ । ૫. પ્રા. પા. – તથૈવ હ્યર્વાક્તનયા । ૬. પ્રા. પા. – તથૈવાતત્ત્વજ્ઞાસ્તમ૦ । ૭. પ્રાચીન પ્રતમાં 'સ્વયમેવ' પાઠ નથી. ૮. પ્રાચીન પ્રતમાં 'ન્તિ' પાઠ ખંડિત છે. ૯. પ્રા. પા. – ૦શિક્ષણાર્થં । ૧૦. પ્રાચીન પ્રતમાં '૦મેતત્' ભાગ ખંડિત છે. ૧૧. પ્રા. પા. – કો હ્યસ્ય ।

ઈતિ હ સ્મ સકલવેદલોકદેવબ્રાહ્મણગવાં પરમગુરોર્ભગવત ઋષભાખ્યસ્ય વિશુદ્ધાચરિતમીરિતં[1] પુંસાં સમસ્તદુશ્ચરિતાભિહરણં પરમમહામઙ્ગલાયનમિદમનુશ્રદ્ધયોપચિતયાઽનુશૃણોત્યાશ્રાવયતિ વાઽવહિતો[2] ભગવતિ તસ્મિન્ વાસુદેવ એકાન્તતો ભક્તિરનયોરપિ સમનુવર્તતે ॥૧૬॥ યસ્યામેવ કવય આત્માનમવિરતં વિવિધવૃજિનસંસારપરિતાપોપતપ્યમાનમનુસવનં સ્નાપયન્તસ્તયૈવ પરયા નિર્વૃત્યા હ્યપવર્ગમાત્યન્તિકં પરમપુરુષાર્થમપિ સ્વયમાસાદિતં નો એવાદ્રિયન્તે[3] ભગવદીયત્વેનૈવ[4] પરિસમાપ્તસર્વાર્થાઃ ॥ ૧૭॥

રાજન્ પતિર્ગુરુરલં ભવતાં યદૂનાં
દૈવં પ્રિયઃ કુલપતિઃ ક્વ ચ કિઙ્કરો વઃ ।
અસ્ત્વેવમઙ્ગ ભગવાન્ ભજતાં મુકુન્દો
મુક્તિં દદાતિ કર્હિચિત્સ્મ[5] ન ભક્તિયોગમ્ ॥ ૧૮॥

નિત્યાનુભૂતનિજલાભનિવૃત્તતૃષ્ણઃ[6]
શ્રેયસ્યતદ્રચનયા ચિરસુપ્તબુદ્ધેઃ ।
લોકસ્ય યઃ કરુણયાઽભયમાત્મલોક-
માખ્યાન્નમો ભગવતે ઋષભાય તસ્મૈ ॥ ૧૯॥

મનથી પણ કેવી રીતે ચાલી શકે? – કારણ કે યોગીજનો જે યોગસિદ્ધિઓ માટે લલચાઈને નિરંતર પ્રયત્ન કરતા રહે છે તે આપોઆપ જ પ્રાપ્ત થયેલી હોવા છતાં પણ તેમને અસત્ (મિથ્યા) સમજીને તેમણે તેમનો ત્યાગ કરી દીધો હતો. (૧૫)

હે રાજન્! આ પ્રમાણે સમસ્ત વેદો, લોકો (ભુવનો), દેવતાઓ, બ્રાહ્મણો અને ગાયોના પરમગુરુ ભગવાન ઋષભદેવનું આ નિર્મળ ચરિત્ર મેં તમને કહી સંભળાવ્યું. આ (ચરિત્ર) મનુષ્યોનાં સમસ્ત પાપોને હરનારું છે. જે મનુષ્યો આ પરમ મંગલમય પવિત્ર ચરિત્ર નિરંતર એકાગ્રચિત્તે શ્રદ્ધાપૂર્વક સાંભળે છે અથવા સંભળાવે છે તે બંનેય (સાંભળનાર-સંભળાવનાર)ની ભગવાન વાસુદેવમાં અનન્ય ભક્તિ થઈ જાય છે.(૧૬) જાતજાતનાં પાપોથી ભરેલા, સાંસારિક તાપોથી અત્યંત તપેલા પોતાના અંતઃકરણને પંડિતજનો આ ભક્તિ-સરિતામાં જ નવડાવતા રહે છે. આનાથી તેમને જે પરમ શાંતિ મળે છે તે એટલી આનંદમયી હોય છે કે પછી તે લોકો આની આગળ, આપોઆપ જ પ્રાપ્ત થયેલા મોક્ષરૂપી પરમ પુરુષાર્થનો પણ આદર કરતા નથી. ભગવાનના નિજીજન (ભગવદીય) થઈ જવાથી જ તેમના સઘળા પુરુષાર્થ સિદ્ધ થઈ જાય છે. (૧૭)

(શ્રીશુકદેજી કહે છે) હે રાજન્! ભગવાન શ્રીકૃષ્ણ સ્વયં પાંડવોના તથા યદુવંશીઓ (યાદવો)ના રક્ષક, ગુરુ, ઈષ્ટદેવ, સુહૃદ અને કુલપતિ હતા; ત્યાં સુધી કે તેઓ ક્યારેક ક્યારેક તો આજ્ઞાંકિત સેવક પણ બની જતા હતા. આ જ પ્રમાણે ભગવાન બીજા ભક્તોનાં પણ અનેક કાર્યો કરે છે અને તેમને મુક્તિ પણ આપી દે છે; પરંતુ મુક્તિ કરતાં પણ શ્રેષ્ઠ જે ભક્તિયોગ છે તેને સહેલાઈથી આપતા નથી. (૧૮)

નિરંતર વિષયભોગોની અભિલાષા કરવાને કારણે પોતાના વાસ્તવિક શ્રેય પ્રત્યે દીર્ઘકાળ સુધી બેસુધ (અસાવધ) રહેલા લોકોને જેમણે કરુણાવશ નિર્ભય આત્મલોકનો ઉપદેશ આપ્યો અને જેઓ પોતે નિરંતર અનુભવાતા આત્મસ્વરૂપની પ્રાપ્તિ થવાને લીધે બધા પ્રકારની તૃષ્ણાઓથી મુક્ત હતા તે ભગવાન ઋષભદેવને નમસ્કાર છે. (૧૯)

=★=

ઈતિ શ્રીમદ્ભાગવતે મહાપુરાણે પારમહંસ્યાં સંહિતાયાં પઞ્ચમસ્કન્ધે ઋષભદેવાનુચરિતે ષષ્ઠોઽધ્યાયઃ ॥ ૬॥
પાંચમા સ્કંધ-અંતર્ગત ઋષભદેવ-અનુચરિતમાંનો છઠ્ઠો અધ્યાય સમાપ્ત.

=★=

૧. પ્રા. પા. – વિશુદ્ધાચરિતં પુંસાં૦ । ૨. પ્રા. પા. – વાઽવહિતસ્તસ્મિન્ વાસુદેવ । ૩. પ્રા. પા. – નૈવાદ્રિયન્તે । ૪. પ્રા. પા. – ભગવત્તત્ત્વેનૈવ । ૫. પ્રાચીન પ્રતમાં 'ચિત્' એ ભાગ ખંડિત છે. ૬. પ્રાચીન પ્રતમાં 'ત' - એ ભાગ ખંડિત છે.

સાતમો અધ્યાય

ભરતજીનું ચરિત્ર

શ્રીશુક ઉવાચ[1]

ભરતસ્તુ મહાભાગવતો યદા ભગવતાઽવનિતલપરિપાલનાય સઞ્ચિન્તિતસ્તદનુશાસનપરઃ પઞ્ચજનીં વિશ્વરૂપદુહિતરમુપયેમે ॥ ૧॥ તસ્યામુ હ વા આત્મજાન્ કાર્ત્સ્ન્યેનાનુરૂપાનાત્મનઃ પઞ્ચ જનયામાસ ભૂતાદિરિવ ભૂતસૂક્ષ્માણિ ॥ ૨॥ સુમતિં રાષ્ટ્રભૃતં સુદર્શનમાવરણં[2] ધૂમ્રકેતુમિતિ । અજનાભં[3] નામૈતદ્વર્ષં ભારતમિતિ યત આરભ્ય વ્યપદિશન્તિ ॥ ૩॥

સ[4] બહુવિન્મહીપતિઃ [5]પિતૃપિતામહવદુરુવત્સલતયા સ્વે સ્વે કર્મણિ વર્તમાનાઃ પ્રજાઃ સ્વધર્મમનુવર્તમાનઃ પર્યપાલયત્ ॥ ૪॥ ઈજે ચ ભગવન્તં યજ્ઞક્રતુરૂપં[6] ક્રતુભિરુચ્ચાવચૈઃ શ્રદ્ધયાઽઽહૃતાગ્નિહોત્રદર્શપૂર્ણમાસચાતુર્માસ્યપશુસોમાનાં પ્રકૃતિવિકૃતિભિરનુસવનં ચાતુર્હોત્રવિધિના ॥ ૫॥ સમ્પ્રચરત્સુ નાનાયાગેષુ[7] વિરચિતાઙ્ગક્રિયેષ્વપૂર્વં યત્તત્ક્રિયાફલં ધર્માખ્યં પરે બ્રહ્મણિ યજ્ઞપુરુષે સર્વદેવતાલિઙ્ગાનાં મન્ત્રાણામર્થનિયામકતયા સાક્ષાત્કર્તરિ પરદેવતાયાં ભગવતિ વાસુદેવ એવ[8] ભાવયમાન આત્મનૈપુણ્યમૃદિતકષાયો હવિઃષ્વધ્વર્યુભિર્ગૃહ્યમાણેષુ સ યજમાનો યજ્ઞભાજો દેવાંસ્તાન્ પુરુષાવયવેષ્વભ્યધ્યાયત્ ॥ ૬॥ એવં કર્મવિશુદ્ધ્યા વિશુદ્ધસત્ત્વસ્યાન્તર્હૃદયાકાશશરીરે[9] બ્રહ્મણિ ભગવતિ વાસુદેવે મહાપુરુષરૂપોપલક્ષણે[10] શ્રીવત્સકૌસ્તુભવનમાલાઽરિદરગદાદિભિરુપલક્ષિતે નિજપુરુષહૃલ્લિખિતેનાત્મનિ પુરુષરૂપેણ વિરોચમાન[11] ઉચ્ચૈસ્તરાં ભક્તિરનુદિનમેધમાનરયાઽજાયત ॥ ૭॥

શ્રીશુકદેવજી કહે છે — હે રાજન્! મહારાજ ભરત ઘણા મહાન ભગવદ્ભક્ત હતા. ભગવાન ઋષભદેવે પોતાના સંકલ્પમાત્રથી તેમને પૃથ્વીનું રક્ષણ કરવા માટે નિયુક્ત કરી દીધા. તેમણે (ભરતે) તેમની આજ્ઞા માથે ચડાવીને વિશ્વરૂપની પુત્રી પંચજની સાથે લગ્ન કર્યું. (૧) જેમ અહંકારથી શબ્દ વગેરે પાંચ ભૂત-તન્માત્રાઓ ઉત્પન્ન થાય છે તેવી જ રીતે પંચજનીના ગર્ભથી તેમને સુમતિ, રાષ્ટ્રભૃત, સુદર્શન, આવરણ અને ધૂમ્રકેતુ નામના પાંચ પુત્રો થયા, કે જેઓ સર્વથા તેમના જ જેવા હતા. આ રાષ્ટ્ર, કે જેનું પહેલાં અજનાભવર્ષ નામ હતું — તેને રાજા ભરતના સમયથી જ 'ભારતવર્ષ' કહે છે. (૨-૩)

મહારાજ ભરત બહુશ્રુત (બહુવિદ) હતા. તેમણે પોતપોતાનાં કર્મોમાં વ્યસ્ત પ્રજાનું, પોતાના બાપદાદાઓની જેમ જ પોતાના ધર્મમાં સ્થિત રહીને, અત્યંત વાત્સલ્યભાવે પાલન કર્યું. (૪) તેમણે હોતા, અધ્વર્યુ, ઉદ્ગાતા અને બ્રહ્મા — આ ચાર ઋત્વિજો વડે કરવામાં આવતા પ્રકૃતિ અને વિકૃતિ* એ બંને પ્રકારના અગ્નિહોત્ર, દર્શ, પૂર્ણમાસ, ચાતુર્માસ્ય, પશુ, સોમ વગેરે નાના-મોટા યજ્ઞો (ક્રતુઓ)થી યથાયોગ્ય સમયે યજ્ઞ અને ક્રતુરૂપ શ્રીભગવાનનું શ્રદ્ધાપૂર્વક યજન કર્યું. (૫) આ પ્રમાણે અંગો અને ક્રિયાઓ સમેત ભિન્ન-ભિન્ન યજ્ઞોના અનુષ્ઠાન વેળાએ જ્યારે અધ્વર્યુઓ આહુતિ આપવા હાથમાં હવિ ધારણ કરતા ત્યારે યજમાન ભરત તે યજ્ઞકર્મથી થતા પુણ્યરૂપી ફળનું યજ્ઞપુરુષ ભગવાન વાસુદેવને અર્પણ કરી દેતા હતા. વાસ્તવમાં તે પરબ્રહ્મ જ, ઈન્દ્ર વગેરે સમસ્ત દેવતાઓના પ્રકાશક છે. તેઓ જ મંત્રો દ્વારા પ્રાપ્ત કરવા યોગ્ય વાસ્તવિક તત્ત્વ પણ છે, તથા તે દેવતાઓના પણ નિયામક હોવાથી મુખ્ય કર્તા તેમ જ મુખ્ય દેવ છે. આ પ્રમાણે પોતાની ભગવદર્પણબુદ્ધિરૂપી કુશળતા થકી હૃદયના રાગ-દ્વેષ વગેરે મળોની શુદ્ધિ કરતા રહીને તેઓ સૂર્ય વગેરે તમામ યજ્ઞભોક્તા દેવતાઓનું ભગવાનના નેત્રો વગેરે અવયવો-રૂપે ચિંતન કરતા હતા. (૬) આ રીતે કર્મની શુદ્ધિથી તેમનું અંતઃકરણ શુદ્ધ થઈ ગયું; ત્યારે તેમને અંતર્યામીરૂપે વિરાજમાન, હૃદય-આકાશમાં જ અભિવ્યક્ત

૧. પ્રાચીન પ્રતમાં 'શ્રીશુક ઉવાચ' એ પાઠ નથી. ૨. પ્રા. પા. – સુદર્શનં વાવરણં । ૩. પ્રાચીન પ્રતમાં 'ભં' એ ભાગ ખંડિત છે. ૪. પ્રા. પા. – સ હ બહુવિન્મહીપતિઃ । ૫. પ્રાચીન પ્રતમાં 'મહ' એ પાઠ નથી. ૬. પ્રા. પા. – યજ્ઞકર્તું ક્રતુભિરુચ્ચા૦ । ૭. પ્રા. પા. – નાનાયોગેષુ । ૮. પ્રા. પા. – એવમ્ । ૯. પ્રા. પા. – કર્મવિશુદ્ધિઃ સત્ત્વસ્યાન્તર્હૃદયાકા૦ । ૧૦. પ્રાચીન પ્રતમાં 'ક્ષે' એ ભાગ ખંડિત છે. ૧૧. પ્રા. પા. – વિરાજમાન૦ ।

* પ્રકૃતિ અને વિકૃતિના ભેદથી અગ્નિહોત્ર વગેરે ક્રતુ બે પ્રકારના હોય છે. સઘળાં અંગોવાળા ક્રતુઓને 'પ્રકૃતિ' કહે છે અને જેમનામાં બધાં અંગો પૂરેપૂરાં હોતાં નથી, કોઈને કોઈ અંગની ઊણપ રહે છે તેમને 'વિકૃતિ' કહે છે.

એવં વર્ષાયુતસહસ્રપર્યન્તાવસિતકર્મ-નિર્વાણાવસરોઽધિભુજ્યમાનં[1] સ્વતનયેભ્યો રિક્થં પિતૃપૈતામહં[2] યથાદાયં વિભજ્ય સ્વયં સકલ-સમ્પન્નિકેતાત્સ્વનિકેતાત્ પુલહાશ્રમં[3] પ્રવવ્રાજ ॥ ૮॥ યત્ર હ વાવ ભગવાન્ હરિરદ્યાપિ તત્રત્યાનાં નિજજનાનાં વાત્સલ્યેન સન્નિધાપ્યત[4] ઇચ્છારૂપેણ ॥ ૯॥ યત્રાશ્રમપદાન્યુભયતોનાભિભિર્દૃષચ્ચક્રૈ-શ્ચક્રનદી નામ સરિત્પ્રવરા સર્વતઃ પવિત્રીકરોતિ ॥ ૧૦॥

તસ્મિન્ વાવ[5] કિલ સ એકલઃ પુલહાશ્રમોપવને વિવિધકુસુમકિસલયતુલસિકામ્બુભિઃ કન્દમૂલ-ફલોપહારૈશ્ચ સમીહમાનો ભગવત આરાધનં વિવિક્ત ઉપરતવિષયાભિલાષ ઉપભૃતોપશમઃ પરાં નિર્વૃતિમવાપ ॥ ૧૧॥ તયેત્થમવિરતપુરુષપરિચર્યયા ભગવતિ પ્રવર્ધમાનાનુરાગભરદ્રુતહૃદયશૈથિલ્યઃ પ્રહર્ષવેગેનાત્મ-ન્યુદ્ભિદ્યમાનરોમપુલકકુલક ઔત્કણ્ઠ્યપ્રવૃત્તપ્રણય-બાષ્પનિરુદ્ધાવલોકનયન એવં[6] નિજરમણારુણ-ચરણારવિન્દાનુધ્યાનપરિચિતભક્તિયોગેન પરિપ્લુત-પરમાહ્લાદગમ્ભીરહૃદયહ્રદાવગાઢધિષણસ્તામપિ ક્રિયમાણાં ભગવત્સપર્યાં ન સસ્માર ॥ ૧૨॥ ઇત્થં ધૃતભગવદ્વ્રત ઐણેયાજિનવાસસાઽનુસવનાભિષેકાર્દ્રકપિશકુટિલ-જટાકલાપેન[7] ચ વિરોચમાનઃ સૂર્યર્ચા ભગવન્તં હિરણ્મયં પુરુષમુજ્જિહાને સૂર્યમણ્ડલેઽભ્યુપતિષ્ઠન્નેતદુ હોવાચ– ॥ ૧૩॥

થતા, બ્રહ્મસ્વરૂપ તેમ જ મહાપુરુષોનાં લક્ષણોથી ઉપલક્ષિત ભગવાન વાસુદેવમાં – કે જેઓ શ્રીવત્સ, કૌસ્તુભમણિ, વનમાળા, ચક્ર, શંખ, ગદા વગેરેથી સુશોભિત છે તથા જેઓ નારદ વગેરે આત્મીય ભક્તોનાં હૃદયોમાં ચિત્રવત્ નિશ્ચળભાવે સ્થિત રહે છે, તેમનામાં દિવસે-દિવસે વેગપૂર્વક વધતી રહેતી ઉત્કટ ભક્તિ પ્રાપ્ત થઈ. (૭)

આ પ્રમાણે એક કરોડ વર્ષ વીત્યા પછી તેમણે રાજ્યભોગનું પ્રારબ્ધ ક્ષીણ થયેલું જાણીને, પોતે ભોગવેલી વંશપરંપરાગત સંપત્તિ યથાયોગ્ય રીતે પુત્રોને વહેંચી આપી. પછી પોતાના સર્વ-સંપત્તિથી સંપન્ન રાજમહેલમાંથી નીકળીને તેઓ પુલહ મુનિના આશ્રમ (હરિહરક્ષેત્ર)માં ચાલ્યા ગયા. (૮) આ પુલહાશ્રમમાં રહેતા ભક્તો પર ભગવાનનું અત્યંત વાત્સલ્ય છે. તેઓ આજે પણ તે ભક્તોને તેમના ઇષ્ટરૂપમાં મળતા રહે છે. (૯) ત્યાં ચક્રનદી (ગંડકી) નામની પ્રસિદ્ધ નદી ગોળાકાર શાલિગ્રામ-શિલાઓથી, કે જેમની ઉપર-નીચે બંને તરફ નાભિ જેવાં ચિહ્ન હોય છે – તેમનાથી ઋષિઓના આશ્રમોને બધી બાજુએથી પવિત્ર કરતી રહે છે. (૧૦)

તેઓ પુલહાશ્રમના ઉપવનમાં, એકાન્ત સ્થાનમાં એકલા જ રહીને તે પત્ર, પુષ્પ, તુલસીદલ, જળ, કંદમૂળ-ફળ વગેરે અનેક પ્રકારના ઉપહારોથી ભગવાનની આરાધના કરવા લાગ્યા. આનાથી તેમનું અંતઃકરણ સમસ્ત વિષય-અભિલાષાઓમાંથી નિવૃત્ત થઈને શાંત થઈ ગયું અને તેમને પરમ આનંદ પ્રાપ્ત થયો. (૧૧) આ પ્રમાણે જ્યારે તેઓ નિયમપૂર્વક ભગવાનની પરિચર્યા કરવા લાગ્યા ત્યારે એનાથી પ્રેમનો વેગ વધતો ગયો, કે જેના થકી તેમનું હૃદય દ્રવીભૂત થઈને શાંત થઈ ગયું, આનંદના પ્રબળ વેગથી શરીરમાં રોમાંચ થવા લાગ્યો તથા ઉત્કંઠાને કારણે આંખોમાં પ્રેમનાં આંસુ ઊભરાઈ આવ્યાં - જેનાથી તેમની દૃષ્ટિ રોકાઈ ગઈ (સ્થિર - અચલ થઈ ગઈ). અંતે જ્યારે પોતાના પ્રિયતમનાં અરુણ ચરણકમળોના ધ્યાનથી ભક્તિયોગનો આવિર્ભાવ થયો ત્યારે પરમ આનંદથી છલોછલ હૃદયરૂપી ગહન સરોવરમાં બુદ્ધિના ડૂબી જવાથી તેમને નિયમપૂર્વક કરવામાં આવતી તે ભગવત્પૂજાનું પણ સ્મરણ રહ્યું નહીં. (૧૨) આ પ્રમાણે તેઓ ભગવાનની સેવાના નિયમમાં જ તત્પર રહેતા હતા, શરીરે કૃષ્ણમૃગચર્મ ધારણ કરતા હતા તથા ત્રિકાળસ્નાનને કારણે ભીંજાતા રહેવાને લીધે તેમના કેશ ભૂરી-ભૂરી વાંકડિયાળી લટોમાં પરિણમ્યા હતા, જેમનાથી તેઓ ઘણા જ સોહામણા લાગતા હતા. તેઓ ઉદય પામેલા સૂર્યમંડળમાં સૂર્યસંબંધિત ઋચાઓ વડે જ્યોતિર્મય

૧. પ્રા. પા. – ઽવસરો વિભુજ્યમાનં તનયેભ્યઃ પિતૃ૦ । ૨. પ્રાચીન પ્રતમાં 'પૈ' - એ ભાગ ખંડિત છે. ૩. પ્રા. પા. – પુલહાશ્રમમેષ પ્ર૦ । ૪. પ્રાચીન પ્રતમાં 'પ્ય' - એ ભાગ ખંડિત છે. ૫. પ્રા. પા. – તસ્મિન્નેવ વાવ કિલ સ એવ આશ્રમોપવને । ૬. પ્રાચીન પ્રતમાં 'એવં' પાઠ નથી. ૭. પ્રાચીન પ્રતમાં 'ઐણેયાજિનવાસ૦'થી માંડીને 'ઽતિષ્ઠન્નેતદુ હોવાચ' સુધીનો ભાગ લખવાનો રહી ગયો છે.

પરોરજઃ સવિતુર્જાતવેદો
દેવસ્ય ભર્ગો મનસેદં જજાન ।
સુરેતસાદઃ[1] પુનરાવિશ્ય ચષ્ટે
હંસં[2] ગૃધ્રાણં નૃષદ્રિઙ્ગિરામિમઃ ॥ ૧૪॥

પરમપુરુષ ભગવાન નારાયણની આરાધના કરતા હતા અને આ પ્રમાણે સ્તુતિ કરીને કહેતા હતા – (૧૩) ભગવાન સૂર્ય-નારાયણનું તેજ પ્રકૃતિથી પર છે, તેઓ કર્મફળને આપનારા છે. તેમણે પોતાના સંકલ્પથી વિશ્વને ઉત્પન્ન કર્યું, પછી પોતાની ચિત્-શક્તિથી એમાં પ્રવેશ કર્યો. તેઓ જ આ વિશ્વને જુએ છે અર્થાત્ પાલન કરે છે. તમામ જીવોની ઇચ્છા પ્રમાણે તેમની બુદ્ધિને ગતિ આપે છે તેવા ભગવાન સૂર્યનારાયણના તેજનું અમે શરણ લઈએ છીએ. (૧૪)

═★═

ઇતિ શ્રીમદ્ભાગવતે મહાપુરાણે પારમહંસ્યાં સંહિતાયાં પઞ્ચમસ્કન્ધે ભરતચરિતે ભગવત્પરિચર્યાયાં સપ્તમોઽધ્યાયઃ ॥ ૭॥
પાંચમા સ્કંધ-અંતર્ગત ભરતચરિત્રમાંનો ભગવત્પરિચર્યામાંનો સાતમો અધ્યાય સમાપ્ત.

═★═

આઠમો અધ્યાય

મૃગના મોહમાં ફસાઈને ભરતજીનો મૃગયોનિમાં જન્મ લેવો

શ્રીશુક ઉવાચ

એકદા તુ મહાનદ્યાં કૃતાભિષેક-નૈયમિકાવશ્યકો બ્રહ્માક્ષરમભિગૃણાનો મુહૂર્તત્રયમુદકાન્ત[3] ઉપવિવેશ ॥ ૧॥ તત્ર તદા રાજન્ હરિણી પિપાસયા [4]જલાશયાભ્યાશ-મેકૈવોપજગામ ॥ ૨॥ તયા પેપીયમાન[5] ઉદકે તાવદેવાવિદૂરેણ નદતો મૃગપતેરુન્નાદો લોકભયઙ્કર ઉદપતત્ ॥ ૩॥ તમુપશ્રુત્ય સા મૃગવધૂઃ પ્રકૃતિવિક્લવા ચકિતનિરીક્ષણા સુતરામપિ હરિભયાભિનિવેશ-વ્યગ્રહૃદયા પારિપ્લવદૃષ્ટિરગતતૃષા ભયાત્ સહસૈવોચ્ચક્રામ ॥ ૪॥

તસ્યા ઉત્પતન્ત્યા અન્તર્વત્ન્યા ઉરુભયાવગલિતો યોનિનિર્ગતો[6] ગર્ભઃ સ્રોતસિ નિપપાત ॥ ૫॥ તત્પ્રસવોત્સર્પણભયખેદાતુરા[7] સ્વગણેન વિયુજ્યમાના કસ્યાઞ્ચિદ્દર્યાં કૃષ્ણસારસતી નિપપાતાથ[8] ચ મમાર ॥ ૬॥

શ્રીશુકદેવજી કહે છે – એક વાર ભરતજી ગંડકી નદીમાં સ્નાન કરીને, નિત્ય-નૈમિત્તિક તથા શૌચ વગેરે અન્ય આવશ્યક કર્મોમાંથી પરવારીને પ્રણવ (ૐકાર)નો જપ કરતા ત્રણ મુહૂર્ત સુધી નદીના જળપ્રવાહ પાસે બેસી રહ્યા. (૧) હે રાજન્! એ જ સમયે એક હરણી તરસથી વ્યાકુળ થઈને પાણી પીવા માટે એકલી જ તે નદીકિનારે આવી. (૨) હજી તો તે પાણી પી રહી હતી ત્યાં જ ગરજતા સિંહની જગતને ભય પમાડતી (લોકભયંકર) ત્રાડ સંભળાઈ. (૩) હરણની જાત તો સ્વભાવે જ ડરપોક હોય છે. તે હરણી પહેલાંથી જ ચકિત થઈને ચારે બાજુ જોતી રહેતી હતી. હવે જેવો તેના કાને તે ભયંકર શબ્દ પડ્યો કે તરત સિંહના ડરનું માર્યું તેનું કાળજું ધડકવા લાગ્યું અને તેની આંખો દયામણી (કાતર) થઈ ગઈ. તરસ હજી છિપાઈ ન હતી, પણ હવે તો જીવ બચાવવાની નોબત આવી પડી. તેથી તેણે ભયને લીધે નદી પાર કરવા માટે જોરથી છલાંગ મારી. (૪)

તેના પેટમાં ગર્ભ હતો; તેથી છલાંગ મારતી વેળાએ અત્યંત ભયને કારણે તેનો તે ગર્ભ પોતાના સ્થાનેથી ખસીને યોનિદ્વારમાંથી નીકળી જઈને નદીના પ્રવાહમાં પડ્યો. (૫) તે કાળિયાર હરણી અચાનક ગર્ભના પડી જવાને, લાંબી છલાંગ મારવાને તથા સિંહથી બીધેલી હોવાને કારણે ઘણી જ દુઃખાતુર થઈ ગઈ હતી. હવે પોતાના સમૂહમાંથી વિયોગ થઈ ગયો, તેથી

૧. પ્રા. પા. – સ્વતેજસાદઃ પુનરા૦ । ૨. પ્રાચીન પ્રતમાં 'હંસં' પાઠ ખંડિત છે. ૩. પ્રા. પા. – ૦મુદકાન્તમ્ । ૪. પ્રાચીન પ્રતમાં 'શ' એ ભાગ ખંડિત છે. ૫. પ્રા. પા. – તથા પીયમાન ઉદકે । ૬. પ્રાચીન પ્રતમાં 'યોનિનિર્ગતઃ' પાઠ નથી. ૭. પ્રાચીન પ્રતમાં 'તત્પ્રસવ' એ ભાગ નથી. ૮. પ્રા. પા. – પપાતાથ ચ ।

તં ત્વેણકુણકં કૃપણં સ્રોતસાઽનૂહ્યમાનમભિવીક્ષ્યાપવિદ્ધં બન્ધુરિવાનુકમ્પયા[1] રાજર્ષિર્ભરત આદાય મૃતમાતરમિત્યાશ્રમપદમનયત્ ॥ ૭॥ તસ્ય હ વા એણકુણક ઉચ્ચૈરેતસ્મિન્ કૃતનિજાભિમાનસ્યાહરહસ્તત્પોષણપાલનલાલનપ્રીણનાનુધ્યાનેનાત્મનિયમાઃ સહયમાઃ પુરુષપરિચર્યાદય એકૈકશઃ કતિપયેનાહર્ગણેન વિયુજ્યમાનાઃ કિલ સર્વ એવોદવસન્ ॥ ૮॥ અહો બતાયં હરિણકુણકઃ કૃપણ ઈશ્વરરથચરણપરિભ્રમણરયેણ [2]સ્વગણસુહૃદ્બન્ધુભ્યઃ[3] પરિવર્જિતઃ શરણં ચ[4] મોપસાદિતો મામેવ માતાપિતરૌ ભ્રાતૃજ્ઞાતીન્ યૌથિકાંશ્ચૈવોપેયાય[5] નાન્યં કઞ્ચન વેદ [6]મય્યતિવિસ્રબ્ધશ્ચાત[7] એવ મયા મત્પરાયણસ્ય પોષણપાલનપ્રીણનલાલનમનસૂયુનાઽનુષ્ઠેયં શરણ્યોપેક્ષાદોષવિદુષા ॥ ૯॥ નૂનં હ્યાર્યાઃ સાધવ ઉપશમશીલાઃ કૃપણસુહૃદ એવંવિધાર્થે સ્વાર્થાનપિ ગુરુતરાનુપેક્ષન્તે ॥ ૧૦॥

ઈતિ કૃતાનુષઙ્ગ આસનશયનાટનસ્થાનાશનાદિષુ[8] સહ મૃગજહુના સ્નેહાનુબદ્ધહૃદય આસીત્ ॥ ૧૧॥ કુશકુસુમસમિત્પલાશફલમૂલોદકાન્યાહરિષ્યમાણો વૃકસાલાવૃકાદિભ્યો[9] ભયમાશંસમાનો યદા સહ હરિણકુણકેન વનં સમાવિશતિ[10] ॥ ૧૨॥ પથિષુ ચ મુગ્ધભાવેન[11] તત્ર તત્ર વિષક્તમતિપ્રણયભરહૃદયઃ કાર્પણ્યાત્સ્કન્ધેનોદ્વહતિ એવમુત્સઙ્ગ ઉરસિ ચાધાયોપલાલયન્ મુદં પરમામવાપ ॥ ૧૩॥ ક્રિયાયાં નિર્વર્ત્યમાનાયામન્તરાલેઽપ્યુત્થાયોત્થાય યદૈનમભિચક્ષીત તર્હિ વાવ સ વર્ષપતિઃ પ્રકૃતિસ્થેન મનસા તસ્મા આશિષ આશાસ્તે સ્વસ્તિ સ્તાદ્વત્સ તે સર્વત ઈતિ ॥ ૧૪॥

તે કોઈ ગુફામાં જઈ પડી અને ત્યાં જ મરી ગઈ. (૬)

રાજર્ષિ ભરતે જોયું કે બિચારું હરણીનું બચ્ચું પોતાની માથી વિખૂટું પડીને નદીના પ્રવાહમાં તણાઈ રહ્યું છે. આનાથી તેમને તેના પર ઘણી દયા આવી અને તેઓ સ્વજનની જેમ તે માતાવિહોણા બચ્ચાને પોતાના આશ્રમમાં લઈ આવ્યા. (૭) તે મૃગબાળ પ્રત્યે ભરતજીની મમતા ઉત્તરોત્તર વધતી જ ગઈ. તેઓ હંમેશાં તેના ખાવાપીવાની વ્યવસ્થા કરવી, વાઘ-સિંહ વગેરેથી તેને બચાવવું, લાડ લડાવવાં અને પુચકારવું – વગેરેની ચિંતામાં જ ડૂબેલા રહેવા લાગ્યા. થોડા જ દિવસોમાં તેમનાં યમ, નિયમ, ભગવત્પૂજન વગેરે આવશ્યક કર્મો એક પછી એક છૂટવા લાગ્યાં અને આખરે બધાં જ કર્મો છૂટી ગયાં.(૮) તેમને એવો વિચાર થયા કરતો કે – 'અહો! કેવી ખેદની વાત છે! આ બિચારા દીન મૃગબાળને કાળચક્રની ગતિએ પોતાના સમૂહ, સુહૃદો અને બંધુ-બાંધવોથી અળગું કરીને મારા શરણમાં પહોંચાડી દીધું છે. આ મને જ પોતાનાં માતાપિતા, ભાઈ-ભાંડુ અને સમૂહનો સાથી-સંગી સમજે છે. આને મારા સિવાય અન્ય કોઈની ખબર નથી અને મારામાં આનો વિશ્વાસ પણ ઘણો છે. હું પણ શરણાગતની ઉપેક્ષા કરવામાં જે દોષો છે તેમને જાણું છું. તેથી મારે હવે પોતાના આ આશ્રિતનું, બધા પ્રકારની દોષબુદ્ધિ ત્યજીને સારી રીતે પાલન-પોષણ કરવું જોઈએ, લાડ-પ્યાર કરવાં જોઈએ. (૯) ખરે જ શાંત સ્વભાવવાળા અને દીનદુઃખિયાંનું રક્ષણ કરનારા પરોપકારી સજ્જનો આવા શરણાગતના રક્ષણ ખાતર પોતાના મોટામાં મોટા સ્વાર્થની પણ પરવા કરતા નથી.' (૧૦)

આ પ્રમાણે હરણના તે બચ્ચામાં આસક્તિ વધી જવાથી બેસતાં, સૂતાં, હરતાંફરતાં, ઊભા રહેતાં તેમ જ ભોજન કરતી વખતે પણ તેમનું ચિત્ત તેના સ્નેહપાશમાં બંધાયેલું રહેતું હતું. (૧૧) જ્યારે તેમને દર્ભ, પુષ્પ, સમિધ, પત્ર, ફળ-કંદમૂળ વગેરે લાવવાનું થતું ત્યારે વરૂ અને કૂતરાઓની બીકને લીધે તેને તેઓ સાથે જ લઈને વનમાં જતા. (૧૨) રસ્તામાં જ્યાં ને ત્યાં કૂણું ઘાસ વગેરે જોઈને તે હરણબાળ મુગ્ધભાવે રોકાઈ જતું તો તેઓ અત્યંત પ્રેમપૂર્ણ હૃદયથી દયાવશ તેને પોતાના ખભે બેસાડી દેતા. આ પ્રમાણે ક્યારેક ખોળામાં લઈને, તો ક્યારેક છાતીએ વળગાડીને તેને લાડ કરવામાં પણ તેમને ઘણું સુખ મળતું. (૧૩) નિત્ય-નૈમિત્તિક કર્મો કરતી વખતે પણ રાજરાજેશ્વર ભરતજી વચ્ચે-વચ્ચે ઊઠી જઈને તે મૃગબાળને જોઈ લેતા અને જ્યારે તેના

૧. પ્રા. પા. – ૦રિવાનુકમ્પિતયા । ૨. પ્રાચીન પ્રતમાં 'સ્વ' પાઠ નથી. ૩. પ્રા. પા. – ૦સુહૃદ્બન્ધુભિઃ । ૪. પ્રા. પા. – શરણં મમોપસાદિતો । ૫. પ્રાચીન પ્રતમાં 'યાય' - એ ભાગ ખંડિત છે. ૬. પ્રાચીન પ્રતમાં 'મય્ય' - એ ભાગ ખંડિત છે. ૭. પ્રા. પા. – મય્યપિશ્રબ્ધ એવ । ૮. પ્રા. પા. – ૦શયનાટનકુસુમકુશાશનાદિષુ સહ મૃગજાતિના । ૯. પ્રા. પા. – વૃકશા૦ । ૧૦. પ્રા. પા. – સમાવિશત્ । ૧૧. પ્રા. પા. – શુદ્ધભાવેન ।

અન્યદા [1]ભૃશમુદ્વિગ્નમના નષ્ટદ્રવિણ ઈવ કૃપણઃ સકરુણમતિતર્ષેણ હરિણકુણકવિરહવિહ્વલહૃદયસન્તાપસ્તમેવાનુશોચન્ કિલ કશ્મલં મહદભિરમ્ભિત ઈતિ હોવાચ ॥ ૧૫॥ અપિ બત સ વૈ કૃપણ એણબાલકો મૃતહરિણીસુતોઽહો મમાનાર્યસ્ય શઠકિરાતમતેરકૃતસુકૃતસ્ય[2] કૃતવિસ્રમ્ભ આત્મપ્રત્યયેન તદવિગણયન્ સુજન[3] ઈવાગમિષ્યતિ ॥ ૧૬॥ અપિ ક્ષેમેણાસ્મિન્નાશ્રમોપવને શષ્પાણિ[4] ચરન્તં દેવગુપ્તં દ્રક્ષ્યામિ ॥ ૧૭॥ અપિ ચ[5] ન વૃકઃ સાલાવૃકોઽન્યતમો વા નૈકચર[6] એકચરો વા ભક્ષયતિ ॥ ૧૮॥ નિમ્લોચતિ[7] હ ભગવાન્ સકલજગત્ક્ષેમોદયસ્ત્રય્યાત્માઽદ્યાપિ મમ ન મૃગવધૂન્યાસ આગચ્છતિ ॥ ૧૯॥ અપિસ્વિદકૃતસુકૃતમાગત્ય માં સુખયિષ્યતિ હરિણરાજકુમારો વિવિધરુચિરદર્શનીયનિજમૃગદારકવિનોદૈરસન્તોષં સ્વાનામપનુદન્ ॥ ૨૦॥ ક્ષ્વેલિકાયાં માં મૃષાસમાધિનાઽઽમીલિતદૃશં પ્રેમસંરમ્ભેણ ચકિતચકિત આગત્ય[8] પૃષદપરુષવિષાણાગ્રેણ લુઠતિ ॥ ૨૧॥ આસાદિતહવિષિ બર્હિષિ દૂષિતે મયોપાલબ્ધો ભીતભીતઃ સપદ્યુપરતરાસ[9] ઋષિકુમારવદવહિતકરણકલાપ આસ્તે ॥ ૨૨॥

કિં વા અરે આચરિતં તપસ્તપસ્વિન્યાઽનયા યદિયમવનિઃ સવિનયકૃષ્ણસારતનયતનુતરસુભગશિવતમાખરખુરપદપઙ્ક્તિભિર્દ્રવિણવિધુરાતુરસ્ય કૃપણસ્ય મમ[10] દ્રવિણપદવીં સૂચયન્ત્યાત્માનં ચ સર્વતઃ કૃતકૌતુકં દ્વિજાનાં સ્વર્ગાપવર્ગકામાનાં દેવયજનં કરોતિ ॥ ૨૩॥ અપિસ્વિદસૌ

પર તેમની નજર પડતી ત્યારે જ તેમના ચિત્તને શાંતિ મળતી. તે સમયે તેના માટે મંગળ કામના કરતાં તેઓ બોલી ઊઠતા – 'બેટા! તારું સર્વત્ર કલ્યાણ થાઓ.' (૧૪)

ક્યારેક જો તે જોવામાં આવતું નહીં તો, જેનું ધન લૂંટાઈ ગયું હોય તેવા લાચાર માણસની જેમ તેમનું ચિત્ત અત્યંત ઉદ્વિગ્ન થઈ જતું અને પછી તેઓ હરણીના તે બચ્ચાના વિરહથી વ્યાકુળ અને સંતપ્ત થઈને કરુણાવશ અત્યંત ઉત્કંઠિત અને મોહાવિષ્ટ (મોહના આવેશથી ગ્રસ્ત) થઈ જતા તથા શોકમગ્ન થઈને આ પ્રમાણે બોલી ઊઠતા – (૧૫) 'અરે! શું કહી શકાય? શું તે મા- વિહોણું બિચારું મૃગબાળ દુષ્ટ કિરાતના જેવી બુદ્ધિવાળા, પુણ્યહીણા અનાર્ય એવા મારો વિશ્વાસ કરીને મને પોતાનો (આત્મીય) માનીને, મેં કરેલા અપરાધોને સત્પુરુષનોની જેમ ભૂલી જઈને ફરી પાછું તો આવશે ને? (૧૬) શું હું ફરી આ આશ્રમના ઉપવનમાં તેને, ભગવાનની કૃપાથી સુરક્ષિત (હેમખેમ) રહીને નિર્વિઘ્નપણે લીલી-લીલી ધરો ચરતું જોવા પામીશ? (૧૭) અરે! ક્યાંક એવું ના બને કે કોઈ વરૂ, કૂતરો, ટોળે મળીને રખડનાર ભૂંડ વગેરે અથવા એકલા ઘૂમનાર વાઘ-સિંહ તેને ભરખી ન જાય! (૧૮) અરે! સમગ્ર જગતના ક્ષેમકુશળ માટે પ્રગટતા વેદત્રયીરૂપ સૂર્ય ભગવાન અસ્ત થવા પર છે, પણ હજી સુધી હરણીની તે થાપણ વળીને પાછી નથી આવી! (૧૯) શું તે મૃગરાજકુમાર પુણ્યહીણા એવા મારી પાસે આવીને મૃગબાળને અનુરૂપ પોતાની જાતજાતની મનોહર અને દર્શનીય ક્રીડાઓથી પોતાનાં સ્વજનોનો શોક દૂર કરતો મને આનંદિત તો કરશે ને? (૨૦) અહો! ક્યારેક હું જ્યારે પ્રણયકોપથી રમત ખાતર ખાલી- ખોટી સમાધિના બહાને આંખો મીંચીને બેસી જતો ત્યારે તે ચકિત ચિત્તથી મારી પાસે આવીને જળબિંદુ જેવી નાજુક અને નાની-નાની શીંગડીઓની અણીથી મારા અંગોને કેવું તો ખંજવાળવા લાગતો હતો! (૨૧) ક્યારેક હું દર્ભ પર હવન-સામગ્રી મૂકતો અને તે પોતાના દાંતોથી તેને ખેંચીને અપવિત્ર કરી મૂકતો, તો મારા ધમકાવવાથી તે અત્યંત ભયભીત થઈને તે જ સમયે ઊછળવા-કૂદવાનું છોડી દેતો અને ઋષિકુમારની જેમ પોતાની સમસ્ત ઈન્દ્રિયોનો નિરોધ કરીને ચૂપચાપ બેસી જતો હતો.' (૨૨)

(પછી જમીન પરનાં તે મૃગબાળની ખરીઓનાં નિશાન જોઈને કહેવા લાગતા –) 'અહો! આ તપસ્વિની ધરતીએ એવું તો કયું તપ કર્યું છે કે તે અતિ નમ્ર કાળિયાર-મૃગબાળનાં નાનાં નાનાં સુંદર, સુખદાયી અને સુકોમળ ખરીઓવાળાં ચરણોનાં ચિહ્નોથી મને, કે જે હું પોતાનું મૃગધન લૂંટાઈ જવાથી અત્યંત

૧. પ્રા. પા. – તુ ભૃશ૦ । ૨. પ્રા. પા. – શઠકિતવમતેરકૃતસુકૃતસ્ય । ૩. પ્રા. પા. – સ્વજન ઈવા૦ । ૪. પ્રા. પા. – સસ્યાનિ । ૫. પ્રા. પા. – અપિ ન વૃકઃ શાલાવૃકો વા । ૬. પ્રા. પા. – નૈકચરો વા ભક્ષયતિ । ૭. પ્રા. પા. – નિમ્લોચયતિ । ૮. પ્રા. પા. – આવૃત્ય । ૯. પ્રા. પા. – સપદ્યુપરતરાગ । ૧૦. પ્રા. પા. – મે ।

ભગવાનુડુપતિરેનં મૃગપતિભયાન્મૃતમાતરં મૃગબાલકં સ્વાશ્રમપરિભ્રષ્ટમનુકમ્પયા કૃપણજનવત્સલઃ પરિપાતિ ॥ ૨૪॥ કિં વાઽઽત્મજવિશ્લેષજ્વરદવદહનશિખાભિરુપતપ્યમાનહૃદયસ્થલનલિનીકં મામુપસૃતમૃગીતનયં શિશિરશાન્તાનુરાગગુણિતનિજવદનસલિલામૃતમયગભસ્તિભિઃ સ્વધયતીતિ ચ[1] ॥ ૨૫॥

એવમઘટમાનમનોરથાકુલહૃદયો મૃગદારકાભાસેન સ્વારબ્ધકર્મણા યોગારમ્ભણતો વિભ્રંશિતઃ સ યોગતાપસો ભગવદારાધનલક્ષણાચ્ચ કથમિતરથા જાત્યન્તર એણકુણક આસઙ્ગઃ સાક્ષાન્નિઃશ્રેયસપ્રતિપક્ષતયા પ્રાક્પરિત્યક્તદુસ્ત્યજહૃદયાભિજાતસ્ય તસ્યૈવમન્તરાયવિહતયોગારમ્ભણસ્ય રાજર્ષેર્ભરતસ્ય તાવન્મૃગાર્ભકપોષણપાલનપ્રીણનલાલનાનુષઙ્ગેણાવિગણયત આત્માનમહિરિવાખુબિલં દુરતિક્રમઃ કાલઃ કરાલરભસ આપદ્યત ॥ ૨૬॥ તદાનીમપિ પાર્શ્વવર્તિનમાત્મજમિવાનુશોચન્તમભિવીક્ષમાણો મૃગ એવાભિનિવેશિતમના વિસૃજ્ય લોકમિમં સહ મૃગેણ કલેવરં મૃતમનુ[2] ન મૃતજન્માનુસ્મૃતિરિતરવન્મૃગશરીરમવાપ[3] ॥ ૨૭॥

વ્યાકુળ અને દીન થઈ રહ્યો છું, તે ધનની (પુનઃ)પ્રાપ્તિનો માર્ગ બતાવી રહી છે અને તે પોતે પોતાના શરીરને પણ સર્વત્ર તે પદચિહ્નોથી વિભૂષિત કરીને સ્વર્ગ અને અપવર્ગના ઇચ્છુક બ્રાહ્મણો માટે યજ્ઞસ્થળ* બનાવી રહી છે?' (૨૩) (ચંદ્રમામાં મૃગના જેવું કાળું ચિહ્ન જોઈને, તેને પોતાનો જ મૃગ માનીને કહેવા લાગતા –) 'અહો! જેની માતા સિંહના ભયથી મરી ગઈ હતી તે જ મૃગશિશુ આજે પોતાના આશ્રમથી (પણ) વિખૂટું પડી ગયું છે, તેથી તેને અનાથ જોઈને શું આ દીનવત્સલ ભગવાન નક્ષત્રનાથ (ચંદ્રમા) દયાથી પ્રેરાઈને તેનું રક્ષણ કરી રહ્યા છે?' (૨૪) (પછી ચંદ્રમાનાં શીતળ કિરણોથી આહ્લાદિત થઈને કહેવા લાગતા –) 'કે પછી પોતાના પુત્રોના વિયોગરૂપી દાવાનળની વિષમ જ્વાળાથી હૃદયકમળ દાઝી જવાને કારણે મેં એક મૃગબાળનો સહારો લીધો હતો, હવે તેના ચાલ્યા જવાથી મારું હૃદય ફરીથી બળવા લાગ્યું છે તેથી શું આ (સુધાનાથ ચંદ્રમા) પોતાનાં શીતળ, શાંત, સ્નેહસભર અને વદન-સલિલરૂપી અમૃતમય કિરણો વડે મને શાંત કરી રહ્યા છે!' (૨૫)

હે રાજન્! આ પ્રમાણે જેમના પૂરા થવાનું સર્વથા અસંભવ હતું તે વિવિધ મનોરથોથી ભરતનું ચિત્ત વ્યાકુળ રહેવા લાગ્યું. મૃગબાળના રૂપમાં પ્રતીત થતા પોતાના પ્રારબ્ધકર્મને કારણે તપસ્વી ભરતજી ભગવાનની આરાધનાના કર્મમાંથી તેમ જ યોગના અનુષ્ઠાનમાંથી ચ્યુત થઈ ગયા. નહિતર તો જેમણે પોતાના જ હૃદયથી ઉત્પન્ન થયેલા અને ત્યજી દેવા દુષ્કર એવા પોતાના પુત્રોને પણ, તેઓ મોક્ષના માર્ગમાં સાક્ષાત્ વિઘ્નરૂપ છે એમ સમજીને ત્યજી દીધા હતા તેવા તેમની આ અન્યજાતીય મૃગબાળમાં આવી આસક્તિ શા માટે થવા પામત? આ પ્રમાણે રાજર્ષિ ભરત વિઘ્નોના વશીભૂત થઈને યોગના સાધનમાંથી ભ્રષ્ટ થઈ ગયા અને તે મૃગબાળના પાલનપોષણમાં અને લાડ-પ્યારમાં જ વ્યસ્ત રહીને આત્મ-સ્વરૂપને વીસરી ગયા. એ દરમિયાન જેનું ટળવું અત્યંત મુશ્કેલ છે તે પ્રબળ વેગવાળો વિકરાળ કાળ, જેમ ઉંદરના દરમાં સાપ ઘૂસી આવે તેવી જ રીતે તેમના માથા પર ચડી આવ્યો. (૨૬) તે વેળાએ પણ તે મૃગબાળ તેમની પાસે બેઠેલો પુત્રની જેમ શોકાતુર થઈ રહ્યો હતો. તેઓ તેને આ સ્થિતિમાં નીરખી રહ્યા હતા અને તેમનું ચિત્ત તેનામાં જ લાગેલું હતું. આ પ્રકારની આસક્તિમાં જ મૃગની સાથે તેમનું શરીર પણ છૂટી ગયું. ત્યારબાદ તેમને અંતકાળની ભાવના મુજબ અન્ય સાધારણ મનુષ્યોની જેમ મૃગશરીર જ મળ્યું. પરંતુ તેમની સાધના પૂરેપૂરી હતી, તેથી તેમની પૂર્વજન્મની સ્મૃતિનો નાશ થયો નહીં. (૨૭)

૧. પ્રાચીન પ્રતમાં 'ચ' પાઠ નથી. ૨. પ્રા. પા. – કલેવરં ન નુ મૃતજન્મા૦ ૩. પ્રાચીન પ્રતમાં 'રિ' ખંડિત છે.

* શાસ્ત્રોમાં ઉલ્લેખ આવે છે કે જે ભૂમિમાં કૃષ્ણમૃગ (કાળિયાર) વિચરે છે તે અત્યંત પવિત્ર અને યજ્ઞના અનુષ્ઠાન માટે યોગ્ય છે.

તત્રાપિ હ વા આત્મનો મૃગત્વકારણં ભગવદારાધનસમીહાનુભાવેનાનુસ્મૃત્ય ભૃશ-મનુતપ્યમાન આહ ॥ ૨૮॥ અહો કષ્ટં ભ્રષ્ટોઽહ-માત્મવતામનુપથાદ્યદ્વિમુક્તસમસ્તસઙ્ગસ્ય વિવિક્ત-પુણ્યારણ્યશરણસ્યાત્મવત આત્મનિ[1] સર્વેષામાત્મનાં ભગવતિ વાસુદેવે તદનુશ્રવણમનનસઙ્કીર્તનારાધનાનુ-સ્મરણાભિયોગેનાશૂન્યસકલયામેન[2] કાલેન સમાવેશિતં સમાહિતં કાર્ત્સ્ન્યેન મનસ્તત્તુ પુનર્મમાબુધસ્યારાન્મૃગસુતમનુ પરિસુસ્રાવ ॥ ૨૯॥ ઇત્યેવં નિગૂઢનિર્વેદો[3] વિસૃજ્ય મૃગીં માતરં પુન-ર્ભગવત્ક્ષેત્રમુપશમશીલમુનિગણદયિતં[4] શાલગ્રામં પુલસ્ત્યપુલહાશ્રમં કાલઞ્જરાત્પ્રત્યાજગામ ॥ ૩૦॥ તસ્મિન્નપિ કાલં પ્રતીક્ષમાણઃ સઙ્ગાચ્ચ ભૃશમુદ્વિગ્ન આત્મસહચરઃ શુષ્કપર્ણતૃણવીરુધા વર્તમાનો મૃગત્વનિમિત્તાવસાનમેવ ગણયન્મૃગશરીરં તીર્થોદકક્લિન્નમુત્સસર્જ ॥ ૩૧॥

તે યોનિમાં પણ, પૂર્વજન્મની ભગવાનની આરાધનાના પ્રભાવથી પોતાના મૃગરૂપ થવાનું કારણ જાણીને તેઓ ઘણો જ પશ્ચાત્તાપ કરતાં કહેવા લાગ્યા – (૨૮) 'અહો! ઘણા ખેદની વાત છે કે, હું સંયમશીલ મહાનુભાવોના માર્ગમાંથી પતિત થઈ ગયો. મેં તો ધૈર્યપૂર્વક બધા પ્રકારની આસક્તિ ત્યજીને એકાંત અને પવિત્ર વનનો આશ્રય લીધો હતો. ત્યાં રહીને જે ચિત્તને મેં સર્વ પ્રાણીના આત્મા શ્રીવાસુદેવમાં, નિરંતર તેમના જ ગુણોનું શ્રવણ, મનન અને સંકીર્તન કરીને તથા પ્રત્યેક ક્ષણને તેમની જ આરાધના, સ્મરણ વગેરે થકી સફળ કરીને, સ્થિરભાવે સંપૂર્ણપણે જોડી દીધું હતું, અજ્ઞાની એવા મારું તે જ ચિત્ત અકસ્માત્ (એકાએક અણધાર્યું જ) એક નાનકડા મૃગબાળ પાછળ, પોતાના લક્ષ્યમાંથી ચ્યુત થઈ ગયું!' (૨૯)

આ પ્રમાણે મૃગ બનેલા રાજર્ષિ ભરતના હૃદયમાં જે વૈરાગ્યભાવ જાગ્રત થયો તેને છુપાવેલો રાખીને તેમણે પોતાની માતા હરણીનો ત્યાગ કર્યો અને પોતાની જન્મભૂમિ કાલંજર પર્વત પરથી તેઓ ફરી શાન્તસ્વભાવવાળા મુનિઓના પ્રિય એવા તે શાલિગ્રામતીર્થમાં, કે જે ભગવાનનું ક્ષેત્ર છે – ત્યાં પુલસ્ત્ય અને પુલહ ઋષિના આશ્રમમાં ચાલ્યા આવ્યા. (૩૦) ત્યાં રહીને પણ તેઓ કાળની જ પ્રતીક્ષા કરવા લાગ્યા. આસક્તિ તરફથી તેમને ભારે ભય લાગવા માંડ્યો હતો. (તેથી) માત્ર એકલા જ રહેતા અને સૂકાં પાંદડાં, ઘાસ વગેરે વડે ગુજારો કરતા રહીને, મૃગયોનિ પ્રાપ્ત કરાવનારા પ્રારબ્ધના ક્ષયની વાટ જોતા રહ્યા. અંતે તેમણે પોતાના શરીરનો અડધો ભાગ ગંડકીના પાણીમાં ડુબાડેલો રાખીને તે મૃગશરીરનું વિસર્જન કર્યું. (૩૧)

═★═

ઇતિ શ્રીમદ્ભાગવતે મહાપુરાણે પારમહંસ્યાં સંહિતાયાં પઞ્ચમસ્કન્ધે[5] ભરતચરિતેઽષ્ટમોઽધ્યાયઃ ॥ ૮॥
પાંચમા સ્કંધ-અંતર્ગત ભરતચરિત્રમાંનો આઠમો અધ્યાય સમાપ્ત.

═★═

નવમો અધ્યાય

ભરતજીનો બ્રાહ્મણકુળમાં જન્મ

શ્રીશુક ઉવાચ

અથ કસ્યચિદ્ દ્વિજવરસ્યાઙ્ગિરઃપ્રવરસ્ય શમદમતપઃસ્વાધ્યાયાધ્યયનત્યાગસન્તોષતિતિક્ષા-પ્રશ્રયવિદ્યાનસૂયાત્મજ્ઞાનાનન્દયુક્તસ્યાત્મસદૃશ-શ્રુતશીલાચારરૂપૌદાર્યગુણા નવ સોદર્યા અઙ્ગજા બભૂવુ-

શ્રીશુકદેવજી કહે છે – હે રાજન્! આંગિરસ ગોત્રમાં શમ, દમ, તપ, સ્વાધ્યાય, વેદોનું અધ્યયન, ત્યાગ (અતિથિ વગેરેને અન્નદાન), સંતોષ, તિતિક્ષા (સહિષ્ણુતા), વિનય, વિદ્યા (કર્મવિદ્યા), અનસૂયા (અન્યના ગુણોમાં દોષ નહીં ખોળવો - અદોષદૃષ્ટિ), આત્મજ્ઞાન (આત્માના કર્તૃત્વ અને ભોક્તૃત્વનું જ્ઞાન), આનંદ (ધર્મપાલન-જનિત સુખ) વગેરે

૧. પ્રાચીન પ્રતમાં 'આ' ખંડિત છે. ૨. પ્રા. પા. – ૦સકલકાલેન । ૩. પ્રા. પા. – નિરૂઢનિર્વેદો । ૪. પ્રા. પા. – ૦મુનિગણાર્ચિતં દયિતં । ૫. પ્રા. પા. – પઞ્ચમે સ્કન્ધે આદિભરતચરિતેઽષ્ટ૦ ।

મિથુનં ચ યવીયસ્યાં ભાર્યાયામ્ ॥ ૧॥ યસ્તુ તત્ર પુમાંસ્તં પરમભાગવતં રાજર્ષિપ્રવરં ભરતમુત્સૃષ્ટમૃગશરીરં ચરમશરીરેણ વિપ્રત્વં ગતમાહુઃ ॥ ૨॥ તત્રાપિ સ્વજનસઙ્ગાચ્ચ ભૃશમુદ્વિજમાનો[1] ભગવતઃ કર્મબન્ધ-વિધ્વંસનશ્રવણસ્મરણગુણવિવરણચરણારવિન્દયુગલં મનસા વિદધદાત્મનઃ પ્રતિઘાતમાશઙ્કમાનો ભગવ-દનુગ્રહેણાનુસ્મૃતસ્વપૂર્વજન્માવલિરાત્માનમુન્મત્ત[2]-જડાન્ધબધિરસ્વરૂપેણ દર્શયામાસ લોકસ્ય ॥ ૩॥ તસ્યાપિ હ વા આત્મજસ્ય[3] વિપ્રઃ પુત્રસ્નેહાનુબદ્ધમના આસમાવર્તનાત્સંસ્કારાન્ યથોપદેશં વિદધાન ઉપનીતસ્ય ચ પુનઃ શૌચાચમનાદીન્ કર્મનિયમા-નનભિપ્રેતાનપિ સમશિક્ષયદનુશિષ્ટેન હિ ભાવ્યં પિતુઃ પુત્રેણેતિ ॥ ૪॥ સ ચાપિ તદુ હ પિતૃસન્નિધાવે-વાસધ્રીચીનમિવ સ્મ કરોતિ છન્દાંસ્યધ્યાપયિષ્યન્ સહ વ્યાહૃતિભિઃ સપ્રણવશિરસ્ત્રિપદીં સાવિત્રીં ગ્રૈષ્મવાસન્તિકાન્[4] માસાનધીયાનમપ્યસમવેતરૂપં ગ્રાહયામાસ ॥ ૫॥

એવં સ્વતનુજ આત્મન્યનુરાગાવેશિતચિત્તઃ શૌચાધ્યયનવ્રતનિયમગુર્વનલશુશ્રૂષણાદ્યૌપ-કુર્વાણકકર્માણ્યનભિયુક્તાન્યપિ સમનુશિષ્ટેન ભાવ્યમિત્યસદાગ્રહઃ પુત્રમનુશાસ્ય સ્વયં તાવદનધિગતમનોરથઃ કાલેનાપ્રમત્તેન સ્વયં ગૃહ એવ[5] પ્રમત્ત ઉપસંહૃતઃ ॥ ૬॥ અથ યવીયસી

તમામ ગુણોથી સંપન્ન એક શ્રેષ્ઠ બ્રાહ્મણ હતા. તેમની મોટી પત્નીથી તેમના જ જેવા વિદ્યા, શીલ, આચાર, રૂપ, ઉદારતા વગેરે ગુણોવાળા નવ પુત્રો થયા તથા નાની પત્નીથી એક પુત્ર અને એક પુત્રી એમ જોડિયાં બાળકો જન્મ્યાં. (૧) તે બંનેમાં જે પુરુષ-બાળક હતો તે પરમ ભાગવત રાજર્ષિશ્રેષ્ઠ ભરત જ હતા. તેઓ મૃગશરીરનો પરિત્યાગ કરીને (આ) અંતિમ જન્મમાં બ્રાહ્મણ થયા હતા – એમ મહાપુરુષોનું કહેવું છે. (૨) આ જન્મમાં પણ ભગવાનની કૃપાથી પોતાની પૂર્વજન્મ-પરંપરાની સ્મૃતિ રહેવાને કારણે, તેઓ વળી પાછું કોઈ વિઘ્ન આવી ન પડે - એવી આશંકાથી, પોતાનાં સ્વજનોના સંગથી પણ ઘણા ડરતા હતા; અને હરહંમેશ, જેમનું શ્રવણ, સ્મરણ અને ગુણકીર્તન બધા પ્રકારના કર્મબંધનને કાપી નાખે છે તેવાં શ્રીભગવાનનાં યુગ્મ ચરણકમળોને જ હૃદયમાં ધારણ કરેલા રહેતા હતા તથા બીજાઓની દૃષ્ટિમાં પોતાને પાગલ (ઉન્મત્ત), જડ, અંધ અને બધિર-સ્વરૂપે દેખાડતા હતા. (૩)

પિતાનો તો તેમનામાં પણ તેવો જ સ્નેહ હતો, તેથી તે બ્રાહ્મણ દેવતાએ પોતાના આવા પુત્રના પણ, સમાવર્તન સુધીના, લગ્ન પહેલાંના બધા જ સંસ્કારો શાસ્ત્ર અનુસાર કરવાના ખ્યાલથી તેમનો ઉપનયનસંસ્કાર કર્યો. જોકે ભરતજીની તો ઇચ્છા ન હતી, તોપણ 'પિતાનું કર્તવ્ય છે કે પુત્રને ઉપદેશ આપવો' – એવા શાસ્ત્ર-વિધાન અનુસાર તે પિતાએ તેમને શૌચ-આચમન વગેરે આવશ્યક કર્મોનો ઉપદેશ આપ્યો. (૪) પરંતુ ભરતજી તો પિતાજીની સામે જ તેમના ઉપદેશથી વિરુદ્ધ આચરણો કરતા હતા. પિતા ઇચ્છતા હતા કે વર્ષાકાળમાં આને વેદના અધ્યયનનો આરંભ કરાવી દઉં; પરંતુ વસંત અને ગ્રીષ્મઋતુના ચૈત્ર, વૈશાખ, જેઠ અને અષાઢ – એ ચાર મહિનાઓ સુધી ભણાવતા રહ્યા તોપણ તેઓ તેમને વ્યાહૃતિ અને શિરોમંત્ર-પ્રણવ સહિત ત્રિપદા ગાયત્રી પણ સારી રીતે યાદ રખાવી શક્યા નહીં. (૫)

જોકે ભરતજીની ઇચ્છા ન હતી, આમ હોવા છતાં પણ પોતાના આ પુત્રમાં તેમને આત્મવત્ અનુરાગ હતો. તેથી 'પુત્રને સારી રીતે ઉપદેશ આપવો જોઈએ' – એવા અનુચિત આગ્રહ (હઠ)થી તેને શૌચ, વેદાધ્યયન, વ્રત, નિયમ તથા ગુરુ અને અગ્નિની સેવા – વગેરે બ્રહ્મચર્યાશ્રમના આવશ્યક નિયમોનો ઉપદેશ આપતા જ રહ્યા. પરંતુ પુત્રને સુશિક્ષિત જોવાનો તેમનો મનોરથ હજીય પૂરો થવા પામ્યો ન હતો અને પોતે પણ ભગવાનની ભક્તિના પોતાના મુખ્ય કર્તવ્ય પ્રત્યે અસાવધ રહીને કેવળ ઘરગૃહસ્થીમાં જ વ્યસ્ત હતા, ત્યારે જ,

૧. પ્રાચીન પ્રતમાં 'ભૃશમુદ્વિજમાનો' પાઠ નથી. ૨. પ્રા. પા. – ૦મત્તજડબધિરસ્વરૂપેણ । ૩. પ્રા. પા. – આત્મજસ્ય સ વિપ્રઃ । ૪. પ્રાચીન પ્રતમાં '૦કાન્' પાઠ ખંડિત છે. ૫. પ્રા. પા. – સ્વયં ગૃહે પ્રમત્ત ।

દ્વિજસતી સ્વગર્ભજાતં મિથુનં સપત્ન્યા ઉપન્યસ્ય સ્વયમનુસંસ્થયાં પતિલોકમગાત્ ॥ ૭॥

પિતર્યુપરતે ભ્રાતર એનમતત્પ્રભાવવિદસ્ત્રય્યાં વિદ્યાયામેવ પર્યવસિતમતયો ન પરવિદ્યાયાં જડમતિરિતિ ભ્રાતુરનુશાસનનિર્બન્ધાન્ન્યવૃત્સન્ત[1] ॥ ૮॥ સ ચ પ્રાકૃતૈર્દ્વિપદપશુભિરુન્મત્તજડબધિરેત્યભિભાષ્યમાણો યદા તદનુરૂપાણિ પ્રભાષતે કર્માણિ ચ સ કાર્યમાણઃ પરેચ્છયા કરોતિ વિષ્ટિતો વેતનતો વા યાચ્ઞયા યદૃચ્છયા વોપસાદિતમલ્પં બહુ મિષ્ટં કદન્નં વાઽભ્યવહરતિ પરં નેન્દ્રિયપ્રીતિનિમિત્તમ્ । [2]નિત્યનિવૃત્તનિમિત્તસ્વસિદ્ધવિશુદ્ધાનુભવાનન્દસ્વાત્મલાભાધિગમઃ સુખદુઃખયોર્દ્વન્દ્વનિમિત્તયોરસમ્ભાવિતદેહાભિમાનઃ ॥ ૯॥ શીતોષ્ણવાતવર્ષેષુ વૃષ ઈવાનાવૃતાઙ્ગઃ[3] પીનઃ સંહનનાઙ્ગઃ સ્થણ્ડિલસંવેશનાનુન્મર્દનામજ્જનરજસા મહામણિરિવાનભિવ્યક્તબ્રહ્મવર્ચસઃ કુપટાવૃતકટિરુપવીતેનોરુમષિણા દ્વિજાતિરિતિ બ્રહ્મબન્ધુરિતિ[4] સઞ્જ્ઞયાઽતજ્જ્ઞજનાવમતો વિચચાર ॥ ૧૦॥ યદા તુ પરત આહારં કર્મવેતનત[5] ઈહમાનઃ સ્વભ્રાતૃભિરપિ કેદારકર્મણિ[6] નિરૂપિતસ્તદપિ કરોતિ કિન્તુ ન સમં વિષમં ન્યૂનમધિકમિતિ વેદ કણપિણ્યાકફલીકરણકુલ્માષસ્થાલીપુરીષાદીન્યપ્યમૃતવદભ્યવહરતિ ॥ ૧૧॥

હંમેશાં સજાગ રહેનારા કાળ ભગવાને આક્રમણ કર્યું અને તેમનો અંત કરી દીધો. (૬) ત્યારે તેમની નાની પત્ની પોતાના ગર્ભથી ઉત્પન્ન થયેલાં બંને બાળકોને પોતાની શોક્યને સોંપીને પોતે સતી થઈને પતિલોકમાં સિધાવી ગઈ. (૭)

ભરતજીના ભાઈઓ કર્મકાંડને સૌથી શ્રેષ્ઠ સમજતા હતા, તેઓ બ્રહ્મજ્ઞાનરૂપ પરાવિદ્યાથી સાવ અજ્ઞાત હતા; તેથી તેમને ભરતજીના પ્રભાવની પણ જાણ હતી નહીં, તેઓ તેમને સાવ મૂર્ખ (જડબુદ્ધિ) સમજતા હતા. તેથી પિતાજીના પરલોકગમન પછી તેમણે તેમને ભણાવવાનો આગ્રહ છોડી દીધો. (૮) ભરતજીને માન-અપમાનનો કોઈ ખ્યાલ ન હતો. જ્યારે તેમને સાધારણ નરપશુ, ઉન્મત્ત, જડ કે બધિર કહીને બોલાવતા ત્યારે તેઓ પણ તે મુજબ જ બોલવા લાગતા. કોઈ પણ તેમની પાસે કંઈ પણ કામ કરાવવા ઇચ્છતું તો તેઓ તેમની ઇચ્છા મુજબ જ કરતા. વેઠરૂપે, મજૂરીરૂપે, માગવાથી કે વગર માગ્યે જે થોડું-ઘણું, સારું કે ખરાબ અન્ન તેમને મળી જતું તે જ, જીભના સ્વાદને સહેજ પણ લક્ષમાં લીધા વિના ખાઈ લેતા. અન્ય કોઈ કારણે નહીં નીપજનારું, સ્વતઃસિદ્ધ, કેવળ જ્ઞાનસ્વરૂપ આત્મજ્ઞાન તેમને પ્રાપ્ત થઈ ગયું હતું; તેથી ઠંડી-ગરમી, માન-અપમાન વગેરે દ્વંદ્વોને લીધે થતાં સુખ-દુઃખ વગેરેમાં તેમને દેહાભિમાનનું સ્ફુરણ થતું ન હતું. (૯) તેઓ ઠંડી, ગરમી, વરસાદ અને આંધી વખતે સાંઢની જેમ નગ્ન પડ્યા રહેતા હતા. તેમનાં બધાં જ અંગો હૃષ્ટપુષ્ટ અને માંસલ હતાં. તેઓ જમીન પર જ પડ્યા રહેતા હતા, ક્યારેય તેલ વગેરે શરીરને સજાવવાના પદાર્થોનો ઉપયોગ કરતા ન હતા અને ક્યારેય સ્નાન પણ કરતા ન હતા, એનાથી તેમના શરીરે મેલ જામી ગયો હતો. તેમનું બ્રહ્મતેજ ધૂળથી ઢંકાયેલા મૂલ્યવાન મણિની જેમ છુપાઈ ગયું હતું. તેઓ પોતાની કમરમાં એક ચીંથરું લપેટેલા રહેતા હતા. તેમનું યજ્ઞોપવીત (જનોઈ) પણ ઘણું જ મેલું થઈ ગયું હતું. તેથી અજ્ઞાની માણસો 'આ તો કોઈ દ્વિજ છે!' 'આ કોઈ અધમ બ્રાહ્મણ છે.' - એવું કહીને તેમનો તિરસ્કાર કરતા રહેતા હતા. પરંતુ તેઓ એનો કોઈ ખ્યાલ નહીં કરતાં સ્વચ્છંદપણે વિચરતા હતા. (૧૦) બીજાઓની મજૂરી કરીને પેટ-ગુજારો કરતા જોઈને જ્યારે તેમને તેમના ભાઈઓએ ખેતરના ક્યારા સરખા કરવાના કામમાં લગાડ્યા ત્યારે તેઓ તે કામ પણ કરવા લાગ્યા; પરંતુ તેમને એ વાતનું કશું જ ધ્યાન ન હતું કે તે ક્યારાઓની જમીન સમતલ છે કે ઊંચી-નીચી અથવા તે વધુ છે કે ઓછી. તેમના ભાઈઓ તેમને ચોખાની કણકી, ઓસામણ, ભૂસું, સડેલા અડદ કે પછી

૧. પ્રા. પા. – ૦નિર્બન્ધાન્ન્યવૃત્સ્યન્ત । ૨. પ્રા. પા. – નિત્યવૃત્તિનિમિત્ત૦ । ૩. પ્રા. પા. – ઈવાપાવૃતાઙ્ગઃ । ૪. પ્રા. પા. – ૦બન્ધુરિતિ સંજ્ઞોઽતજ્જ્ઞઃ । ૫. પ્રા. પા. – ૦વેતન ઈહમાનઃ । ૬. પ્રાચીન પ્રતમાં 'ર્મ' ભાગ ખંડિત છે.

અથ કદાચિત્કશ્ચિદ્ વૃષલપતિર્ભદ્રકાલ્યૈ[1] પુરુષપશુમાલભતાપત્યકામઃ ॥ ૧૨॥ તસ્ય હ દૈવમુક્તસ્ય પશોઃ પદવીં તદનુચરાઃ પરિધાવન્તો નિશિ નિશીથસમયે[2] તમસાઽઽવૃતાયામનધિગતપશવ આકસ્મિકેન વિધિના કેદારાન્ વીરાસનેન મૃગ-વરાહાદિભ્યઃ સંરક્ષમાણમઙ્ગિરઃપ્રવરસુતમપશ્યન્ ॥ ૧૩॥ અથ ત એનમનવદ્યલક્ષણમવમૃશ્ય ભર્તૃકર્મનિષ્પત્તિં મન્યમાના બદ્ધ્વા રશનયા ચણ્ડિકાગૃહમુપનિન્યુર્મુદા વિકસિતવદનાઃ ॥ ૧૪॥

અથ પણયસ્તં સ્વવિધિનાઽભિષિચ્યા-હતેન વાસસાઽઽચ્છાદ્ય ભૂષણાલેપસ્રક્તિલકાદિભિ-રુપસ્કૃતં ભુક્તવન્તં[3]ધૂપદીપમાલ્યલાજકિસલયાઙ્કુર-ફલોપહારોપેતયા વૈશસસંસ્થયા મહતા ગીતસ્તુતિ-મૃદઙ્ગપણવઘોષેણ ચ[4] પુરુષપશું ભદ્રકાલ્યાઃ પુરત ઉપવેશયામાસુઃ ॥ ૧૫॥ અથ વૃષલરાજપણિઃ પુરુષપશોરસૃગાસવેન દેવીં ભદ્રકાલીં યક્ષ્યમાણ-સ્તદભિમન્ત્રિતમસિમતિકરાલનિશિતમુપાદદે ॥ ૧૬॥

ઇતિ તેષાં વૃષલાનાં રજસ્તમઃપ્રકૃતીનાં ધનમદરજ-ઉત્સિક્તમનસાં ભગવત્કલાવીરકુલં કદર્થીકૃત્યોત્પથેન સ્વૈરં વિહરતાં હિંસાવિહારાણાં કર્માતિદારુણં યદ્બ્રહ્મ-ભૂતસ્ય સાક્ષાદ્બ્રહ્મર્ષિસુતસ્ય નિર્વૈરસ્ય સર્વભૂતસુહૃદઃ સૂનાયામપ્યનનુમતમાલમ્ભનં[5] તદુપલભ્ય બ્રહ્મ-તેજસાઽતિદુર્વિષહેણ દન્દહ્યમાનેન વપુષા સહસોચ્ચચાટ[6] સૈવ દેવી ભદ્રકાલી ॥ ૧૭॥ [7]ભૃશમમર્ષરોષાવેશ-

વાસણોમાં ચોંટેલા દાઝી ગયેલા અન્નનો પોપડો (ખરેટો) જે કંઈ પણ આપતા તેને જ તેઓ અમૃતતુલ્ય માનીને ખાઈ લેતા હતા. (૧૧)

એક વખતની વાત છે, જેના સામંત શૂદ્ર જાતિના હતા તેવા ડાકૂઓના સરદારે પુત્ર(પ્રાપ્તિ)ની ઇચ્છાથી ભદ્રકાળીને મનુષ્યનો બલિ આપવાનો સંકલ્પ કર્યો. (૧૨) તેણે જે નરપશુ બલિ આપવા માટે પકડી મંગાવ્યો હતો તે ભાગ્યબળે તેના ફંદામાંથી છટકીને નાસી ગયો. તેને શોધવા માટે તેના સેવકો ચારે તરફ દોડ્યા, પણ અંધારી રાતે મધ્યરાત્રિના સમયે તેનો ક્યાંય પત્તો લાગ્યો નહીં. તે જ સમયે નસીબજોગે અચાનક જ તેમની નજર તે આંગિરસગોત્રીય બ્રાહ્મણપુત્ર પર પડી, કે જે વીરાસનમાં બેઠા બેઠા હરણ-ભૂંડ વગેરે પ્રાણીઓથી (બચાવવા) ખેતરોની રખેવાળી કરી રહ્યા હતા.(૧૩) તે લોકોએ જોયું કે આ પશુ તો ઘણાં સારાં લક્ષણોવાળો છે, આનાથી અમારા માલિકનું કાર્ય અવશ્ય સિદ્ધ થઈ જશે. આમ વિચારતાં તેમનાં મુખ આનંદથી ખીલી ઊઠ્યાં અને તેઓ તેમને દોરડાંઓથી બાંધીને ચંડિકાના મંદિરમાં લઈ ગયા. (૧૪)

ત્યારબાદ તે ચોરોએ પોતાની રીત-રસમ મુજબ વિધિપૂર્વક તેમનો અભિષેક કર્યો અને સ્નાન કરાવીને તેમને કોરાં (વણવાપરેલાં, નવાં) વસ્ત્રો પહેરાવ્યાં. તથા વિવિધ પ્રકારનાં આભૂષણો, ચંદન, માળા, તિલક વગેરેથી શણગારીને સારી રીતે ભોજન કરાવ્યું. પછી ધૂપ, દીપ, માળા, લાજા (ડાંગરની ધાણી), કૂંપળ, અંકુર તથા ફળ વગેરે ઉપહાર-સામગ્રી સહિત આપવાના બલિદાનની વિધિ પ્રમાણે ગાન, સ્તુતિ અને મૃદંગ તેમ જ ઢોલ વગેરેનો મહાન ધ્વનિ કરતાં કરતાં તે નરપશુને ભદ્રકાળીની સામે, માથું નીચું કરાવીને બેસાડ્યો. (૧૫) એ પછી દસ્યુરાજના પુરોહિત બનેલા લુંટારાએ તે નરપશુના લોહીથી દેવીને તૃપ્ત કરવા માટે દેવીમંત્રોથી મંત્રેલું એક તીક્ષ્ણ ખડ્ગ ઉપાડ્યું. (૧૬)

તે લુટારાઓ સ્વભાવથી તો રજોગુણી-તમોગુણી હતા જ, ધનના મદથી તેઓનાં ચિત્ત વળી અધિક ઉન્મત્ત થઈ ગયાં હતાં. હિંસામાં પણ તેમની સ્વાભાવિક રુચિ હતી. આ સમયે તો તેઓ ભગવાનના અંશસ્વરૂપ બ્રાહ્મણકુળનો તિરસ્કાર કરીને સ્વચ્છંદતાપૂર્વક કુમાર્ગ ભણી આગળ વધી રહ્યા હતા. આપત્તિકાળમાં પણ જે હિંસાનું અનુમોદન કરવામાં આવ્યું છે તેમાં પણ બ્રાહ્મણવધનો સર્વથા નિષેધ છે; તોપણ તેઓ સાક્ષાત્ બ્રહ્મભાવને પામેલા નિર્વૈર તથા સમસ્ત પ્રાણીઓના સુહૃદ એવા એક બ્રહ્મર્ષિકુમારનો બલિ આપવા ઇચ્છતા હતા.

૧. પ્રા. પા. – ૦ભદ્રકાલ્યૈ પશુમાલભતા૦ । ૨. પ્રાચીન પ્રતમાં 'નિં' ભાગ ખંડિત છે. ૩. પ્રા. પા. – ૦લાજા૦ । ૪. પ્રા. પા. – ચ તં પુરુષ૦ । ૫. પ્રા. પા. – ૦માલભનં । ૬. પ્રા. પા. – સહસોત્થાપ્ય બાઢં । ૭. પ્રા. પા. – નૃશંસામર્ષરોષાવેશસમુત્થભ્રુકુટિ૦ ।

રભસવિલસિતભ્રુકુટિવિટપકુટિલદંષ્ટ્રારુણેક્ષણાટોપાતિભયાનકવદના હન્તુકામેવેદં[૧] મહાટ્ટહાસમતિસંરમ્ભેણ[૨] વિમુઞ્ચન્તી તત ઉત્પત્ય પાપીયસાં દુષ્ટાનાં[૩] તેનૈવાસિના વિવૃક્ણશીર્ષ્ણાં ગલાત્સ્રવન્તમસૃગાસવમત્યુષ્ણં સહ ગણેન નિપીયાતિપાનમદવિહ્વલોચ્ચૈસ્તરાં સ્વપાર્ષદૈઃ સહ જગૌ નનર્ત ચ[૪] વિજહાર ચ શિરઃકન્દુકલીલયા ॥ ૧૮॥ એવમેવ[૫] ખલુ મહદભિચારાતિક્રમઃ કાર્ત્સ્ન્યેનાત્મને[૬] ફલતિ ॥ ૧૯॥ ન વા એતદ્વિષ્ણુદત્ત[૭] મહદદ્ભુતં યદસમ્ભ્રમઃ સ્વશિરશ્છેદન આપતિતેઽપિ [૮]વિમુક્તદેહાદ્યાત્મભાવસુદૃઢહૃદયગ્રન્થીનાં સર્વસત્ત્વસુહૃદાત્મનાં નિર્વૈરાણાં સાક્ષાદ્ભગવતાઽનિમિષારિવરાયુધેનાપ્રમત્તેન તૈસ્તૈર્ભાવૈઃ[૯] પરિરક્ષ્યમાણાનાં તત્પાદમૂલમકુતશ્ચિદ્ભયમુપસૃતાનાં[૧૦] ભાગવતપરમહંસાનામ્ ॥ ૨૦॥

આ ભયંકર કુકર્મ જોઈને દેવી ભદ્રકાળીના શરીરમાં અત્યંત દુઃસહ્ય બ્રહ્મતેજથી દાહ થવા લાગ્યો અને તેઓ એકાએક મૂર્તિને ફોડીને પ્રગટ થઈ ગયાં. (૧૭) અત્યંત અસહિષ્ણુતા અને ક્રોધને કારણે તેમનાં ભવાં ચડી ગયેલાં હતાં તથા વિકરાળ દાંત અને ચઢેલી લાલ આંખોને કારણે તેમનો ચહેરો ઘણો ભયંકર જણાતો હતો. તેમના તે વિકરાળ રૂપને જોઈને એવું લાગતું હતું કે જાણે તેઓ આ સંસારનો સંહાર કરી નાખશે. તેમણે ક્રોધથી તાડૂકીને ઘણું ભયંકર અટ્ટહાસ્ય કર્યું અને ઊછળીને તે મંત્રેલા ખડ્ગથી જ તે બધા પાપીઓનાં માથાં છેદી નાખ્યાં અને પોતાના ગણો સહિત (પોતે) તેમનાં ગળાંઓમાંથી વહેતા ગરમ-ગરમ લોહીરૂપી આસવ પીને, અત્યંત ઉન્મત્ત થઈને ઊંચા સ્વરે ગાતાં અને નાચતાં, તે માથાંઓને જ દડો બનાવીને રમવા લાગ્યાં. (૧૮) સાચું છે કે મહાપુરુષો પ્રત્યે કરેલો અત્યાચારનો અપરાધ આ જ રીતે જેમનો તેમ ઊલટો પોતાના જ ઉપર આવી પડે છે. (૧૯) હે પરીક્ષિત! જેમની દેહાભિમાનની સુદૃઢ હૃદયગ્રંથિ છૂટી ગઈ છે, જેઓ સમસ્ત પ્રાણીઓના સુહૃદ તેમ જ આત્મા છે અને વેરરહિત છે, જેમનું રક્ષણ સાક્ષાત્ ભગવાન જ ભદ્રકાળી વગેરે ભિન્ન-ભિન્ન રૂપો ધારણ કરીને, ક્યારેય (લક્ષ્ય) નહીં ચૂકનારા કાળચક્રરૂપ શ્રેષ્ઠ શસ્ત્રથી કરે છે અને જેમણે ભગવાનનાં નિર્ભય ચરણકમળોનો આશ્રય લઈ રાખ્યો છે તે ભગવદ્ભક્ત પરમહંસો માટે પોતાનું માથું કપાવાનો અવસર આવવા છતાં પણ કોઈ રીતે વ્યાકુળ નહીં થવું – એ કોઈ મોટા આશ્ચર્યની વાત નથી. (૨૦)

=★=

ઇતિ શ્રીમદ્ભાગવતે મહાપુરાણે પારમહંસ્યાં સંહિતાયાં પઞ્ચમસ્કન્ધે જડભરતચરિતે નવમોઽધ્યાયઃ ॥ ૯॥
પાંચમા સ્કંધ-અંતર્ગત જડભરતચરિત્રમાંનો નવમો અધ્યાય સમાપ્ત.

=★=

૯ દસમો અધ્યાય

જડભરત અને રાજા રહૂગણનો મેળાપ

શ્રીશુક ઉવાચ

અથ સિન્ધુસૌવીરપતે[૧૧] રહૂગણસ્ય વ્રજત ઇક્ષુમત્યાસ્તટે તત્કુલપતિના [૧૨]શિબિકાવાહપુરુષાન્વેષણસમયે[૧૩] દૈવેનોપસાદિતઃ સ દ્વિજવર ઉપલબ્ધ એષ પીવા [૧૪]યુવા સંહનનાઙ્ગો ગોખરવદ્ધુરં વોઢુમલમિતિ પૂર્વવિષ્ટિગૃહીતૈઃ સહ

શ્રીશુકદેવજી કહે છે – હે રાજન્! એક વાર સિંધુસૌવીર દેશનો સ્વામી રાજા રહૂગણ પાલખી પર ચડીને જઈ રહ્યો હતો. જ્યારે તે ઇક્ષુમતી નદીના કિનારે પહોંચ્યો ત્યારે તેની પાલખી ઊંચકનારા કહારોના જમાદારને એક કહારની જરૂર પડી. કહાર ખોળતી વખતે નસીબજોગે તેને આ બ્રાહ્મણદેવતા મળી ગયા. આમને જોઈને તેણે વિચાર્યું – 'આ માણસ હૃષ્ટપુષ્ટ, યુવાન અને માંસલ અંગોવાળો છે. તેથી આ તો બળદ કે

૧. પ્રા. પા. – હન્તુકામૈવેદં । ૨. પ્રા. પા. – મહાટ્ટહાસસંરમ્ભેણ । ૩. પ્રા. પા. – વૃષલાનાં । ૪. પ્રા. પા. – નનર્ત વિજહાર ચ । ૫. પ્રા. પા. – એવં ખલુ । ૬. પ્રા. પા. – ૦નાત્મનિ ફલતિ । ૭. પ્રા. પા. – એવં વિષ્ણુદત્ત । ૮. પ્રા. પા. – ૦દેહાધ્યાત્મભાવ૦ । ૯. પ્રા. પા. – તૈસ્તૈર્ભાવૈરભિરક્ષ્યમાણાનાં । ૧૦. પ્રા. પા. – ૦મકુતશ્ચનભયમુપ૦ । ૧૧. પ્રા. પા. – સિન્ધુપતે । ૧૨. પ્રા. પા. – શિબિકાવાહક૦ । ૧૩. પ્રા. પા. – ૦પુરુષાન્વેષસમયે । ૧૪. પ્રા. પા. – યાવાન્ સંહનનાઙ્ગો ।

ગૃહીતઃ પ્રસભમતદર્હ[1] ઉવાહ શિબિકાં સ મહાનુભાવઃ ॥ ૧॥

યદા હિ દ્વિજવરસ્યેષુમાત્રાવલોકાનુગતેર્ન સમાહિતા પુરુષગતિસ્તદા વિષમગતાં સ્વશિબિકાં રહૂગણ ઉપધાર્ય પુરુષાનધિવહત આહ હે વોઢારઃ સાધ્વતિક્રમત કિમિતિ વિષમમુહ્યતે યાનમિતિ ॥ ૨॥

અથ ત[2] ઈશ્વરવચઃ સોપાલમ્ભમુપાકર્ણ્યોપાયતુરીયાચ્છઙ્કિતમનસસ્તં વિજ્ઞાપયામ્બભૂવુઃ ॥ ૩॥ ન વયં નરદેવ પ્રમત્તા ભવન્નિયમાનુપથાઃ સાધ્વેવ વહામઃ । અયમધુનૈવ નિયુક્તોઽપિ ન દ્રુતં વ્રજતિ નાનેન સહ વોઢુમુ[3] હ વયં પારયામ ઇતિ ॥ ૪॥

સાંસર્ગિકો દોષ એવ નૂનમેકસ્યાપિ સર્વેષાં સાંસર્ગિકાણાં[4] ભવિતુમર્હતીતિ નિશ્ચિત્ય[5] નિશમ્ય કૃપણવચો રાજા રહૂગણ ઉપાસિતવૃદ્ધોઽપિ નિસર્ગેણ બલાત્કૃત ઈષદુત્થિતમન્યુરવિસ્પષ્ટબ્રહ્મતેજસં જાતવેદસમિવ રજસાઽઽવૃતમતિરાહ ॥ ૫॥ અહો કષ્ટં ભ્રાતર્વ્યક્તમુરુ પરિશ્રાન્તો દીર્ઘમધ્વાનમેક[6] એવ ઊહિવાન્ સુચિરં નાતિપીવા ન સંહનનાઙ્ગો જરસા ચોપદ્રુતો[7] ભવાન્ સખે નો એવાપર એતે સઙ્ઘટ્ટિન ઇતિ બહુ વિપ્રલબ્ધોઽપ્યવિદ્યયા રચિત-[8]દ્રવ્યગુણકર્માશયસ્વચરમકલેવરેઽવસ્તુનિ સંસ્થાનવિશેષેઽહંમમેત્યનધ્યારોપિતમિથ્યાપ્રત્યયો બ્રહ્મભૂતસ્તૂષ્ણીં શિબિકાં પૂર્વવદુવાહ ॥ ૬॥

ગધેડાની જેમ સારી રીતે બોજ ખેંચી શકે.' આમ વિચારીને તેણે વેઠ માટે પકડેલા બીજા કહારોની સાથે આમને પણ બળપૂર્વક પકડીને પાલખીમાં જોતરી દીધા. મહાત્મા ભરતજી જોકે કોઈ રીતે આ કામને લાયક ન હતા, તોપણ તેઓ કશું બોલ્યા વિના ચૂપચાપ પાલખી ઉપાડીને ચાલવા લાગ્યા. (૧)

તે બ્રાહ્મણશ્રેષ્ઠ કોઈ જીવ રખેને પગ તળે દબાઈ જાય એવા ડરથી આગળની એક બાણ જેટલી ધરતી જોઈને ચાલતા હતા, તેથી બીજા કહારોની સાથે તેમની ચાલનો મેળ ખાતો ન હતો. તેથી જ્યારે પાલખી વાંકી-સીધી થવા લાગી ત્યારે એ જોઈને રાજા રહૂગણે પાલખી ઊંચકનારાઓને કહ્યું – 'અરે કહારો! બરાબર ચાલો, પાલખીને આ રીતે વાંકી-સીધી કરતા કેમ ચાલો છો?' (૨)

પોતાના માલિકનું આ આક્ષેપયુક્ત વચન સાંભળીને કહારોને બીક લાગી કે ક્યાંક રાજા તેમને સજા ન કરે. તેથી તેમણે રાજાને આ પ્રમાણે નિવેદન કર્યું – (૩) 'મહારાજ! અમે તમારી નિયમમર્યાદા મુજબ યોગ્ય રીતે જ પાલખી ઊંચકીને ચાલીએ છીએ. આમાં અમારી ગફલત નથી, આ એક નવો કહાર હમણાં-હમણાં જ પાલખીમાં જોતરવામાં આવ્યો છે, છતાં પણ એ ઝડપથી ચાલતો નથી. અમે બધા એના સાથમાં પાલખી લઈ જઈ શકતા નથી.' (૪)

કહારોનાં આ દીન (દયામણાં) વચન સાંભળીને રાજા રહૂગણે વિચાર્યું - 'સંસર્ગને લીધે ઉત્પન્ન થતો દોષ એક વ્યક્તિમાં હોવા છતાં પણ તેની સાથે સંબંધ રાખનારા બધા જ મનુષ્યોમાં આવી શકે છે. તેથી જો આનો પ્રતીકાર (ઉપાય) નહીં કરવામાં આવે તો ધીરે ધીરે આ બધા જ કહારો પોતાની ચાલ બગાડશે.' આમ વિચારતાં રાજા રહૂગણને થોડો ક્રોધ થઈ આવ્યો. જોકે તેણે મહાપુરુષોનું સેવન કર્યું હતું તોપણ (પોતાના) ક્ષત્રિય-સ્વભાવને લીધે બળપૂર્વક તેની બુદ્ધિ રજોગુણથી વ્યાપ્ત થઈ ગઈ અને તે, જેમનું બ્રહ્મતેજ રાખથી ઢંકાયેલા અગ્નિની જેમ પ્રગટ નહીં હતું તેવા તે બ્રાહ્મણશ્રેષ્ઠને વ્યંગ્યપૂર્ણ વચન કહેવા લાગ્યો – (૫) 'અરે ભાઈ! ઘણા ખેદની વાત છે, અવશ્ય તું ઘણો થાકી ગયો છે. લાગે છે કે તારા આ સાથીઓએ તને જરાયે સહારો આપ્યો નથી. આટલે દૂરથી તું એકલો જ ઘણા વખતથી પાલખી ઊંચકીને ચાલી રહ્યો છે. તારું તો શરીર પણ ખાસ સશક્ત અને હૃષ્ટપુષ્ટ નથી. અરે મિત્ર! ઘડપણે તને ઢીલો પાડી દીધો છે!' આ પ્રમાણે ઘણાં ટોણાં મારવા છતાં પણ તેઓ પહેલાંની જેમ જ ચૂપચાપ પાલખી ઊંચકીને ચાલતા રહ્યા. આનું તેમને કશું માઠું લાગ્યું નહીં; કારણ કે તેમની દૃષ્ટિએ તો

૧. પ્રા. પા. – ૦મતદર્પણ૦ । ૨. પ્રા. પા. – અથ ઈશ્વરવચઃ । ૩. પ્રા. પા. – વોઢું વયં । ૪. પ્રા. પા. – સંસર્ગિણાં । ૫. પ્રા. પા. – ભવિતુમર્હતીતિ નિશમ્ય । ૬. પ્રાચીન પ્રતમાં 'નમેક એવ' - એટલો ભાગ ખંડિત છે. ૭. પ્રા. પા. – જરસા દ્રુતો ભવાન્ સુખિનો યે વાડપર । ૮. પ્રા. પા. – ૦કર્માતિશય૦ ।

અથ પુનઃસ્વશિબિકાયાં વિષમગતાયાં પ્રકુપિત ઉવાચ રહૂગણઃ કિમિદમરે ત્વં જીવન્મૃતો માં કદર્થીકૃત્ય ભર્તૃશાસનમતિચરસિ પ્રમત્તસ્ય ચ તે કરોમિ ચિકિત્સાં[1] દણ્ડપાણિરિવ જનતાયા યથા પ્રકૃતિં સ્વાં ભજિષ્યસ ઇતિ ॥ ૭॥

એવં બહ્વબદ્ધમપિ[2] ભાષમાણં નરદેવાભિમાનં રજસા તમસાઽનુવિદ્ધેન[3] મદેન તિરસ્કૃતાશેષભગવત્પ્રિયનિકેતં પણ્ડિતમાનિનં સ ભગવાન્ બ્રાહ્મણો બ્રહ્મભૂતઃ સર્વભૂતસુહૃદાત્મા યોગેશ્વરચર્યાયાં નાતિવ્યુત્પન્નમતિં સ્મયમાન ઇવ વિગતસ્મય ઇદમાહ ॥ ૮॥

બ્રાહ્મણ ઉવાચ

ત્વયોદિતં વ્યક્તમવિપ્રલબ્ધં
ભર્તુઃ સ મે સ્યાદ્ યદિ વીર ભારઃ ।
ગન્તુર્યદિ સ્યાદધિગમ્યમધ્વા
પીવેતિ રાશૌ ન વિદાં પ્રવાદઃ ॥ ૯॥

સ્થૌલ્યં કાર્શ્યં વ્યાધય આધયશ્ચ[4]
ક્ષુત્તૃડ્ભયં કલિરિચ્છા જરા ચ ।
નિદ્રા રતિર્મન્યુરહંમદઃ શુચો
દેહેન જાતસ્ય હિ મે ન સન્તિ ॥ ૧૦॥

જીવન્મૃતત્વં નિયમેન રાજન્
આદ્યન્તવદ્યદ્વિકૃતસ્ય દૃષ્ટમ્ ।
સ્વસ્વામ્યભાવો ધ્રુવ ઈડ્ય યત્ર
તર્હ્યુચ્યતેઽસૌ વિધિકૃત્યયોગઃ ॥ ૧૧॥

વિશેષબુદ્ધેર્વિવરં મનાક્ ચ
પશ્યામ યન્ન વ્યવહારતોઽન્યત્ ।
ક ઈશ્વરસ્તત્ર કિમીશિતવ્યં
તથાપિ રાજન્ કરવામ કિં તે ॥ ૧૨॥

પંચભૂતો, ઇન્દ્રિયો અને અંતઃકરણના યોગ(સંઘાત)રૂપ પોતાનું આ અંતિમ શરીર અવિદ્યાનું જ કાર્ય હતું. તે વિવિધ અંગોવાળું દેખાતું હોવા છતાં પણ વાસ્તવમાં તો હતું જ નહીં. તેથી તેમનો તેમાં 'હું-મારા'પણાનો મિથ્યા અધ્યાસ સર્વથા નિવૃત્ત થઈ ગયો હતો અને તેઓ બ્રહ્મરૂપ થઈ ગયા હતા. (૬)

(પરંતુ) પાલખી હજી પણ સીધી ચાલે ચાલતી નથી - એ જોઈને રાજા રહૂગણ ક્રોધાવિષ્ટ થઈ ગયો અને કહેવા લાગ્યો – 'અરે! આ શું છે? શું તું જીવતો જ મરી ગયો છે? તું મારો અનાદર કરીને (મારી) આજ્ઞાનું ઉલ્લંઘન કરી રહ્યો છે. લાગે છે કે તું સર્વથા પ્રમાદી (બેદરકાર) છે. અરે! જેમ દંડપાણિ યમરાજ જનસમુદાયને તેના અપરાધો બદલ દંડ આપે છે તેવી જ રીતે હું પણ હમણાં જ તારો ઇલાજ કરી દઉં છું; ત્યારે જ તારી સાન ઠેકાણે આવશે.' (૭)

રહૂગણને રાજા હોવાનું અભિમાન હતું, તેથી તે આ પ્રમાણે ઘણીબધી એલ-ફેલ વાતો બોલી ગયો. તે પોતાને મોટો પંડિત સમજતો હતો, તેથી રજ-તમ-યુક્ત અભિમાનને વશીભૂત થઈને તેણે ભગવાનના અનન્ય પ્રીતિપાત્ર ભક્તશ્રેષ્ઠ ભરતજીનો તિરસ્કાર કરી નાખ્યો. યોગેશ્વરોની અદ્‌ભુત કહેણી-કરણીને તો તે બિલકુલ જાણતો ન હતો. તેની આવી અપરિપક્વ બુદ્ધિ જોઈને સમસ્ત પ્રાણીઓના સુહૃદ અને આત્મા, બ્રહ્મભૂત તે બ્રાહ્મણદેવતા સ્હેજ મલકાઈને કોઈ પ્રકારનું અભિમાન કર્યા વિના આ પ્રમાણે કહેવા લાગ્યા. (૮)

જડભરતે કહ્યું – હે રાજન્! તમે જે કહ્યું છે તે સાચું જ છે, તેમાં કોઈ ઠેકડી અથવા ઉપહાસની વાત નથી. જો ભાર નામની કોઈ વસ્તુ છે તો તે ઊંચકનારા માટે છે (મારા માટે નહિ); જો માર્ગ છે તો તે ચાલવાવાળા માટે છે, (હું તો ચાલનારો નથી); તેમજ જાડાપણું પણ પંચભૂતોની રાશિસ્વરૂપ આ દેહનું છે – ક્ષેત્રજ્ઞ, આત્માનું નથી. (૯) સ્થૂળતા, કૃશતા, આધિ, વ્યાધિ, ભૂખ, તરસ, ભય, કલહ, ઇચ્છા, વૃદ્ધત્વ, નિદ્રા, પ્રેમ, ક્રોધ, અભિમાન અને શોક – આ બધા ધર્મો દેહાભિમાનને લીધે ઉત્પન્ન થનારા જીવના છે (હું દેહાભિમાની નથી), મારામાં તેઓ લેશમાત્ર પણ નથી. (૧૦) હે રાજન્! તમે જીવવા-મરવાની જે વાત કહી એ બંને વાતો તો જેટલા પણ વિકારી પદાર્થો છે તે બધાયમાં નિયમિતરૂપે જોવામાં આવે છે; કારણ કે તે બધાય આદિ અને અંતવાળા છે. હે યશસ્વી નરેશ! જ્યાં સ્વામી-સેવકભાવ સ્થિર હોય ત્યાં જ આજ્ઞાપાલન વગેરે જેવા નિયમો પણ લાગુ પડી શકે છે. (પરંતુ તે મને લાગુ પડતા નથી.) (૧૧) 'તમે રાજા છો અને હું પ્રજા છું' – આ પ્રકારના વ્યવહારમાં ભેદબુદ્ધિ સિવાય બીજું કાંઈ પણ હોવાનો જરા પણ

૧. પ્રા. પા. – ચિકિત્સાં તવ દણ્ડ । ૨. પ્રા. પા. – ઽમભિભાષમાણં । ૩. પ્રા. પા. – તમસાઽનુવૃદ્ધેન । ૪. પ્રાચીન પ્રતમાં 'આધયશ્ચ' - એટલો પાઠ લખવાનો રહી ગયો છે.

ઉન્મત્તમત્તજડવત્સ્વસંસ્થાં[1]
гતસ્ય મે વીર ચિકિત્સિતેન ।

અર્થઃ[2] કિયાન્ ભવતા શિક્ષિતેન
સ્તબ્ધપ્રમત્તસ્ય ચ પિષ્ટપેષઃ ॥ ૧૩॥

શ્રીશુક ઉવાચ

એતાવદનુવાદપરિભાષયા પ્રત્યુદીર્ય મુનિવર[3] ઉપશમશીલ ઉપરતાનાત્મ્યનિમિત્ત ઉપભોગેન[4] કર્મારબ્ધં વ્યપનયન્ રાજયાનમપિ તથોવાહ ॥ ૧૪॥ સ ચાપિ પાણ્ડવેય સિન્ધુસૌવીરપતિસ્તત્ત્વજિજ્ઞાસાયાં સમ્યક્શ્રદ્ધયાઽધિકૃતાધિકારસ્તદ્ધૃદયગ્રન્થિમોચનં દ્વિજવચ આશ્રુત્ય બહુયોગગ્રન્થસમ્મતં ત્વરયાઽવરુહ્ય શિરસા પાદમૂલમુપસૃતઃ ક્ષમાપયન્ વિગતનૃપદેવસ્મય ઉવાચ ॥ ૧૫॥

કસ્ત્વં નિગૂઢશ્ચરસિ દ્વિજાનાં
બિભર્ષિ સૂત્રં કતમોઽવધૂતઃ ।
કસ્યાસિ કુત્રત્ય ઇહાપિ કસ્માત્
ક્ષેમાય નશ્ચેદસિ નોત[5] શુક્લઃ ॥ ૧૬॥

નાહં વિશઙ્કે સુરરાજવજ્રા-
ન્ન ત્ર્યક્ષશૂલાન્ન યમસ્ય દણ્ડાત્ ।
નાગ્ન્યર્કસોમાનિલવિત્તપાસ્ત્રા-
ચ્છઙ્કે ભૃશં બ્રહ્મકુલાવમાનાત્ ॥ ૧૭॥

તદ્ બ્રૂહ્યસઙ્ગો જડવન્નિગૂઢ-
વિજ્ઞાનવીર્યો વિચરસ્યપારઃ[6] ।
વચાંસિ યોગગ્રથિતાનિ સાધો
ન નઃ ક્ષમન્તે મનસાઽપિ ભેત્તુમ્ ॥ ૧૮॥

અવકાશ નથી. પરમાર્થ-દૃષ્ટિએ જોવામાં આવે તો બે વસ્તુ જ નથી તો કોને સ્વામી કહેવો અને કોને સેવક કહેવો? તેમ છતાં હે રાજન્! તમને જો સ્વામીપણાનું અભિમાન છે તો બોલો, હું તમારી શી સેવા કરું? (૧૨) હે વીરશ્રેષ્ઠ! હું મત્ત, ઉન્મત્ત અને જડ જેવો પોતાની જ સ્થિતિમાં રહું છું. મારો ઇલાજ કરીને તમારા હાથમાં શું આવશે? જો હું વાસ્તવમાં જડ અને પ્રમાદી જ છું, તોપણ મને શિક્ષા કરવી એ તો વ્યર્થ પિષ્ટપેષણ જ થશે. (૧૩)

શ્રીશુકદેવજી કહે છે — હે પરીક્ષિત! મુનિશ્રેષ્ઠ ભરતજી યથાર્થ તત્ત્વનો ઉપદેશ કરતાં-કરતાં આટલો ઉત્તર આપીને મૌન થઈ ગયા. દેહાત્મબુદ્ધિના કારણભૂત તેમનું અજ્ઞાન નિવૃત્ત થઈ ચૂક્યું હતું, તેથી તેઓ બ્રાહ્મી સ્થિતિમાં હોવાથી પરમ શાંત હતા. તેથી આટલું કહીને, ભોગ વડે પ્રારબ્ધનો ક્ષય કરવા માટે તેઓ ફરી પાછા પહેલાંની જેમ જ તે પાલખી ખભા પર લઈને ચાલવા લાગ્યા. (૧૪) હે પરીક્ષિત! સિંધુસૌવીર-નરેશ રહૂગણ પણ પોતાની ઉત્તમ શ્રદ્ધાને કારણે તત્ત્વ-જિજ્ઞાસાનો સંપૂર્ણ અધિકારી હતો. જ્યારે તેણે તે બ્રાહ્મણશ્રેષ્ઠનાં, યોગસંબંધિત અનેક ગ્રંથો વડે સમર્પિત અને હૃદયની ગ્રંથિને કાપનારાં આ વચનો સાંભળ્યાં ત્યારે તે તરત જ પાલખીમાંથી નીચે ઊતર્યો. તેનો રાજ-મદ સર્વથા દૂર થઈ ગયો હતો અને તે તેમનાં ચરણોમાં માથું મૂકીને પોતાના અપરાધને માફ કરવા વીનવતો આ પ્રમાણે કહેવા લાગ્યો — (૧૫) "દેવ! તમે બ્રાહ્મણોનું ચિહ્ન યજ્ઞોપવીત ધારણ કરેલું છે. બતાવો, આ પ્રમાણે ગુપ્તવેશમાં વિચરનારા તમે કોણ છો? શું તમે દત્તાત્રેય વગેરે અવધૂતોમાંથી કોઈ છો? તમે કોના પુત્ર છો? તમારો જન્મ ક્યાં થયો છે? અને અહીં આપનાં પગલાં શા માટે થયાં છે? જો તમે અમારું કલ્યાણ કરવા પધાર્યા છો, તો શું તમે સાક્ષાત્ સત્ત્વમૂર્તિ ભગવાન કપિલજી જ તો નથી ને? (૧૬) મને ઇન્દ્રના વજ્રનો કોઈ ડર નથી અને નથી તો હું મહાદેવજીના ત્રિશૂળથી ડરતો કે નથી તો યમરાજના દંડથી પણ ડરતો. મને અગ્નિ, સૂર્ય, ચંદ્ર, વાયુનો અને કુબેરનાં અસ્ત્રો-શસ્ત્રોનો પણ કોઈ ભય નથી; પરંતુ હું બ્રાહ્મણકુળના અપમાનથી ઘણો જ ડરું છું. (૧૭) માટે, કૃપા કરીને બતાવો કે આ પ્રમાણે પોતાની વિજ્ઞાનરૂપી શક્તિને છુપાવીને અજ્ઞાનીની જેમ વિચરનારા તમે કોણ છો? વિષયોથી તો તમે સર્વથા અનાસક્ત છો. તમારાં યોગયુક્ત વચનોને બુદ્ધિ વડે ચકાસતાં તમારી ગહનતાને મનથી જાણવી એ મુશ્કેલ થઈ રહ્યું છે અને મારો સંદેહ દૂર થતો નથી. હું આત્મજ્ઞાની મુનિઓના પરમ ગુરુ અને સાક્ષાત્ શ્રીહરિની જ્ઞાનશક્તિના અવતાર યોગેશ્વર ભગવાન કપિલજીને એ પૂછવા જઈ રહ્યો હતો કે આ લોકમાં એકમાત્ર શરણ લેવા

૧. પ્રા. પા. — ૦જડવત્સ્વસ્વસંસ્થાં । ૨. પ્રા. પા. — અથ કિયાન્ભવતા । ૩. પ્રા. પા. — સ મુનિવરઃ । ૪. પ્રા. પા. — ૦નિમિત્તમુપભોગેન । ૫. પ્રા. પા. — નોઽત્ર । ૬. પ્રાચીન પ્રતમાં 'વિચરસ્યપારઃ'થી શરૂ કરીને 'સાક્ષાદ્ધરિં' સુધીનો ભાગ ખંડિત છે.

અહં ચ યોગેશ્વરમાત્મતત્ત્વ-
વિદાં મુનીનાં પરમં ગુરું વૈ ।
પ્રષ્ટું પ્રવૃત્તઃ કિમિહારણં તત્
સાક્ષાદ્ધરિં જ્ઞાનકલાવતીર્ણમ્ ॥ ૧૯॥

સ[૧] વૈ ભવાઁલ્લોકનિરીક્ષણાર્થ-
મવ્યક્તલિઙ્ગો વિચરત્યપિસ્વિત્ ।
યોગેશ્વરાણાં ગતિમન્ધબુદ્ધિઃ
કથં વિચક્ષીત ગૃહાનુબન્ધઃ ॥ ૨૦॥

દૃષ્ટઃ શ્રમઃ કર્મત આત્મનો વૈ
ભર્તુર્ગન્તુર્ભવતશ્ચાનુમન્યે[૨] ।
યથાઽસતોદાનયનાદ્યભાવાત્
સમૂલ ઈષ્ટો વ્યવહારમાર્ગઃ ॥ ૨૧॥

સ્થાલ્યગ્નિતાપાત્પયસોઽભિતાપ-
સ્તત્તાપતસ્તણ્ડુલગર્ભરન્ધિઃ ।
દેહેન્દ્રિયાસ્વાશયસન્નિકર્ષાત્
તત્સંસૃતિઃ પુરુષસ્યાનુરોધાત્ ॥ ૨૨॥

શાસ્તાઽભિગોપ્તા નૃપતિઃ પ્રજાનાં
યઃ કિઙ્કરો વૈ ન પિનષ્ટિ પિષ્ટમ્ ।
સ્વધર્મમારાધનમચ્યુતસ્ય
યદીહમાનો વિજહાત્યઘૌઘમ્ ॥ ૨૩॥

તન્મે ભવાન્નરદેવાભિમાન-
મદેન તુચ્છીકૃતસત્તમસ્ય ।
કૃષીષ્ટ મૈત્રીદૃશમાર્તબન્ધો
યથા તરે સદવધ્યાનમંહઃ ॥ ૨૪॥

ન વિક્રિયા વિશ્વસુહૃત્સખસ્ય
સામ્યેન વીતાભિમતેસ્તવાપિ ।
મહદ્વિમાનાત્ સ્વકૃતાદ્ધિ[૩] માદૃઙ્
નઙ્ક્ષ્યત્યદૂરાદપિ શૂલપાણિઃ ॥ ૨૫॥

યોગ્ય કોણ છે. (૧૮) શું તમે તે કપિલ મુનિ જ છો, કે જેઓ લોકોની દશા જોવા માટે આ રીતે પોતાનું રૂપ છુપાવીને વિચરી રહ્યા છે? ભલા, ઘરમાં આસક્ત રહેનારો વિવેકહીન મનુષ્ય યોગેશ્વરોની ગતિને કેવી રીતે જાણી શકે? (૨૦)

કર્મો કરવાથી આત્માને (દેહને) શ્રમ થાય છે તેવું મેં જોયું તેથી મારું અનુમાન છે કે વજન ઊંચકવાથી અને રસ્તે ચાલવાથી તેમને પણ અવશ્ય શ્રમ પહોંચતો હશે. (પરંતુ તમે તો કહ્યું હતું કે હું તો વજન ઊંચકનારો પણ નથી અને ચાલનારો પણ નથી, અને વ્યવહાર સિવાય મને કંઈ જણાતું નથી વગેરે) તો મને તો વ્યવહારમાર્ગ પણ સાચો જ જણાય છે, કારણ કે નકામા (ફૂટેલા) ઘડાથી પાણી લાવવું વગેરે કામ થતાં નથી. (૨૧) (દેહ વગેરેના ધર્મોનો આત્મા પર કોઈ પ્રભાવ હોતો નથી, એવી વાત પણ નથી.) ચૂલા પર મૂકેલી તપેલી જ્યારે અગ્નિથી તપવા લાગે છે ત્યારે તેમાંનું પાણી પણ ઊકળવા લાગે છે; અને પછી તે પાણીથી ચોખાનો અંદરનો ભાગ પણ પાકી જાય (રંધાઈ જાય) છે. એ જ પ્રમાણે દેહ, ઇન્દ્રિય અને અંતઃકરણના સાન્નિધ્યથી જીવનું સંસરણ થાય છે. જીવનો તે દેહથી સંબંધ છે તેથી તેમાં થનારા સુખ-દુઃખ, ઠંડી-ગરમી વગેરેને તથા તેના શ્રમ વગેરેનો આત્મા પણ અનુભવ કરે છે. (૨૨) તમે દંડ વગેરેનું જે વ્યર્થપણું બતાવ્યું, પણ રાજા તો પ્રજાનું શાસન અને પાલન કરવા માટે નિયુક્ત કરાયેલો તે પ્રજાનો સેવક જ છે. પરંતુ રાજા દ્વારા ઉન્મત્ત વગેરે લોકોને દંડ આપવો એ પિષ્ટપેષણ કહેવાય નહીં. કારણ કે પોતાના ધર્મનું આચરણ કરવું એ ભગવાનની સેવા જ છે, તેમ કરનારો માણસ પોતાના સમસ્ત પાપસમૂહને નષ્ટ કરી દે છે. (૨૩)

"હે દીનબંધુ! રાજવીપણાના અભિમાનથી ઉન્મત્ત થઈને મેં તમારા જેવા પરમસાધુની અવજ્ઞા કરી છે. હવે તમે મૈત્રીની ભાવના કરો અને એવી કૃપાદૃષ્ટિ કરો કે જેનાથી સાધુની અવજ્ઞા કરવાના આ અપરાધમાંથી હું મુક્ત થઈ જાઉં. (૨૪) તમે દેહાભિમાન-રહિત અને વિશ્વબંધુ શ્રીહરિના અનન્ય ભક્ત છો; તેથી સૌમાં સમદૃષ્ટિ છે. આપની અંદર માન-અપમાનને કારણે કોઈ વિકાર થઈ શકતો નથી. પરંતુ એક મહાપુરુષનું અપમાન કરવાને કારણે મારા જેવો મનુષ્ય, સાક્ષાત્ ત્રિશૂળપાણિ મહાદેવજી જેવો પ્રભાવશાળી હોવા છતાં પણ, પોતાના અપરાધને લીધે થોડા જ સમયમાં અવશ્ય નષ્ટ થઈ જશે." (૨૫)

═★═

ઇતિ શ્રીમદ્ભાગવતે મહાપુરાણે પારમહંસ્યાં સંહિતાયાં પઞ્ચમસ્કન્ધે [૪]દશમોઽધ્યાયઃ ॥ ૧૦॥
પાંચમા સ્કંધ-અંતર્ગત દસમો અધ્યાય સમાપ્ત.

═★═

૧. પ્રાચીન પ્રતમાં 'સ વૈ' - પાઠ લખવાનો રહી ગયો છે. ૨. પ્રા. પા. – ભર્તુર્ગુરોર્ભવત૦ । ૩. પ્રા. પા. – સુકૃતાદ્ધિ । ૪. પ્રા. પા. – જડચરિતે દશમો૦ ।

અગિયારમો અધ્યાય

રાજા રહૂગણને ભરતજીનો ઉપદેશ

બ્રાહ્મણ ઉવાચ

અકોવિદઃ કોવિદવાદવાદાન્
વદસ્યથો નાતિવિદાં[1] વરિષ્ઠઃ ।
ન સૂરયો હિ વ્યવહારમેનં[2]
તત્ત્વાવમર્શેન સહામનન્તિ ॥ ૧॥
તથૈવ રાજન્નુરુગાર્હમેધ-
વિતાનવિદ્યોરુવિજૃમ્ભિતેષુ ।
ન વેદવાદેષુ હિ તત્ત્વવાદઃ
પ્રાયેણ શુદ્ધો નુ ચકાસ્તિ સાધુઃ ॥ ૨॥
ન તસ્ય તત્ત્વગ્રહણાય સાક્ષાદ્
વરીયસીરપિ[3] વાચઃ સમાસન્ ।
સ્વપ્ને નિરુક્ત્યા ગૃહમેધિસૌખ્યં
ન યસ્ય હેયાનુમિતં સ્વયં સ્યાત્ ॥ ૩॥
યાવન્મનો રજસા પૂરુષસ્ય
સત્ત્વેન વા તમસા વાઽનુરુદ્ધમ્ ।
ચેતોભિરાકૂતિભિરાતનોતિ
નિરઙ્કુશં કુશલં ચેતરં વા ॥ ૪॥
સ વાસનાત્મા વિષયોપરક્તો
ગુણપ્રવાહો વિકૃતઃ ષોડશાત્મા ।
બિભ્રત્પૃથઙ્નામભિ રૂપભેદ-
મન્તર્બહિષ્ટ્વં ચ પુરૈસ્તનોતિ ॥ ૫॥
દુઃખં સુખં વ્યતિરિક્તં ચ તીવ્રં
કાલોપપન્નં ફલમાવ્યનક્તિ ।
આલિઙ્ગ્ય માયારચિતાન્તરાત્મા
સ્વદેહિનં સંસૃતિચક્રકૂટઃ ॥ ૬॥
તાવાનયં વ્યવહારઃ[4] સદાવિઃ
ક્ષેત્રજ્ઞસાક્ષ્યો ભવતિ સ્થૂલસૂક્ષ્મઃ ।
તસ્માન્મનો લિઙ્ગમદો વદન્તિ
ગુણાગુણત્વસ્ય[5] પરાવરસ્ય ॥ ૭॥
ગુણાનુરક્તં વ્યસનાય જન્તોઃ
ક્ષેમાય નૈર્ગુણ્યમથો મનઃ સ્યાત્ ।

જડભરતે કહ્યું – હે રાજન્! તમે અજ્ઞાની હોવા છતાં પણ પંડિતોની જેમ ઉપર-ઉપરની તર્કવિતર્કયુક્ત વાતો કરી રહ્યા છો, તેથી શ્રેષ્ઠ જ્ઞાનીઓમાં તમારી ગણના થઈ શકે નહીં. તત્ત્વજ્ઞાની મનુષ્યો આ અવિચારસિદ્ધ સ્વામી-સેવક વગેરેના વ્યવહારને તત્ત્વનો વિચાર કરતી વખતે સ્વીકારતા નથી. (૧) હે રાજન્! એ જ પ્રમાણે ગૃહસ્થધર્મમાં કરવામાં આવતા મોટા-મોટા યજ્ઞોનું વેદોમાં બહુ વિસ્તારથી વર્ણન થયેલ છે. એવી તે વેદવાણીમાં સર્વથા શુદ્ધ, રાગ-દ્વેષ, તથા હિંસા આદિ દોષોથી રહિત તત્ત્વજ્ઞાનની વાત ઘણું કરીને કહેવામાં આવી નથી. (૨) જે મનુષ્યને ગૃહસ્થ-યોગ્ય યજ્ઞ વગેરે કર્મોથી પ્રાપ્ત થતું સ્વર્ગ વગેરેનું સુખ સ્વપ્નવત્ ત્યાજ્ય છે એમ નથી લાગતું તેને તત્ત્વનું જ્ઞાન કરાવવામાં સાક્ષાત્ ઉપનિષદ-વચન પણ સમર્થ નથી. (૩) જ્યાં સુધી મનુષ્યનું મન સત્ત્વગુણ, રજોગુણ અથવા તમોગુણથી વ્યાપ્ત રહે છે ત્યાં સુધી તે નિરંકુશપણે તેની જ્ઞાનેન્દ્રિયો અને કર્મેન્દ્રિયો પાસે શુભ અને અશુભ કર્મો કરાવતું રહે છે. (૪) આ મન જ વાસનામય છે. અને વિષયોમાં આસક્ત છે. આ મનમાં ગુણોનો પ્રવાહ ચાલતો જ રહે છે અને તે રાગ-દ્વેષાદિ વિકારોથી યુક્ત છે. આ (પાંચ ભૂતોથી બનેલું) સ્થૂળ શરીર, દશ ઇન્દ્રિયો અને મન - આ સોળમાં આ (મન) મુખ્ય છે. આ મન જ દેવ, તિર્યક્ આદિ ઉત્તમ-અધમ ભિન્ન-ભિન્ન શરીરોનું નિર્માણ કરવામાં કારણ છે. (૫) આ માયામય મન સંસારચક્રમાં છેતરનારું છે. આ જ (મન) પોતાના શરીરના અભિમાની જીવ સાથે મળીને તેને કાળક્રમે પ્રાપ્ત થતાં સુખ-દુઃખો અને તેનાથી ભિન્ન તીવ્ર મોહરૂપી અવશ્યંભાવી ફળોની અભિવ્યક્તિ કરે છે. (૬) જ્યાં સુધી આ મન છે ત્યાં સુધી પ્રાપંચિક વ્યવહાર સદા આવિર્ભૂત થતો રહે છે. જાગ્રત અવસ્થાનો અને સ્વપ્નાવસ્થાનો વ્યવહાર પ્રકાશિત થાય છે તેમાં ક્ષેત્રજ્ઞ સાક્ષીરૂપે છે. મન જ ગુણયુક્ત પ્રપંચમાં ફસાવનારું છે અને તે જ મન ગુણાતીત થવાથી ઉત્કૃષ્ટ મોક્ષનું પણ કારણ છે. આ પ્રમાણે સારી-નરસી યોનિ પ્રાપ્ત થવામાં મનને જ કારણ કહ્યું છે. (૭) વિષયાસક્ત મન જીવને સંસારના સંકટમાં નાખી દે છે; વિષય-રહિત થયા પછી એ જ મન જીવને શાંતિમય મોક્ષપદની પ્રાપ્તિ કરાવી દે છે. જેમ ઘીથી ભીંજાયેલી વાટને ખાનારા દીપકમાંથી તો ધુમાડાવાળી જ્યોત નીકળતી રહે છે અને જ્યારે ઘી સમાપ્ત થઈ જાય છે ત્યારે તે પોતાના

૧. પ્રા. પા. – નાત્મવિદાં । ૨. પ્રા. પા. – વ્યવહારમેતં । ૩. પ્રા. પા. – ગરીયસીરપિ । ૪. પ્રા. પા. – વ્યવહારો યઃ સદાશિવઃ । ૫. પ્રા. પા. – ગુણાગુણત્વગ્ય ।

યથા પ્રદીપો ઘૃતવર્તિમશ્નન્
શિખાઃ સધૂમા ભજતિ હ્યન્યદા[1] સ્વમ્ ।
પદં તથા ગુણકર્માનુબદ્ધં[2]
વૃત્તીર્મનઃ શ્રયતેઽન્યત્ર તત્ત્વમ્ ॥ ૮॥

એકાદશાસન્મનસો[3] હિ વૃત્તય
આકૂતયઃ પઞ્ચ ધિયોઽભિમાનઃ[4] ।
માત્રાણિ કર્માણિ પુરં ચ તાસાં
વદન્તિ હૈકાદશ વીર[5] ભૂમીઃ ॥ ૯॥

ગન્ધાકૃતિસ્પર્શરસશ્રવાંસિ
વિસર્ગરત્યર્ત્યભિજલ્પશિલ્પાઃ ।
એકાદશં સ્વીકરણં મમેતિ
શય્યામહં દ્વાદશમેક આહુઃ ॥ ૧૦॥

દ્રવ્યસ્વભાવાશયકર્મકાલૈ-
રેકાદશામી મનસો વિકારાઃ ।
સહસ્રશઃ શતશઃ કોટિશશ્ચ
ક્ષેત્રજ્ઞતો ન મિથો ન સ્વતઃ સ્યુઃ ॥ ૧૧॥

ક્ષેત્રજ્ઞ એતા મનસો વિભૂતી-
ર્જીવસ્ય માયારચિતસ્ય નિત્યાઃ ।
આવિર્હિતાઃ ક્વાપિ તિરોહિતાશ્ચ
શુદ્ધો વિચષ્ટે હ્યવિશુદ્ધકર્તુઃ ॥ ૧૨॥

ક્ષેત્રજ્ઞ આત્મા પુરુષઃ પુરાણઃ
સાક્ષાત્સ્વયંજ્યોતિરજઃ પરેશઃ ।
નારાયણો ભગવાન્ વાસુદેવઃ
સ્વમાયયાઽઽત્મન્યવધીયમાનઃ ॥ ૧૩॥

યથાઽનિલઃ સ્થાવરજઙ્ગમાના-
માત્મસ્વરૂપેણ નિવિષ્ટ ઈશેત્ ।
એવં પરો ભગવાન્ વાસુદેવઃ
ક્ષેત્રજ્ઞ આત્મેદમનુપ્રવિષ્ટઃ ॥ ૧૪॥

ન યાવદેતાં તનુભૃન્નરેન્દ્ર
વિધૂય માયાં વયુનોદયેન ।
વિમુક્તસઙ્ગો જિતષટ્સપત્નો
વેદાત્મતત્ત્વં ભ્રમતીહ તાવત્ ॥ ૧૫॥

કારણભૂત અગ્નિતત્ત્વમાં લીન થઈ જાય છે; તેવી જ રીતે વિષયો અને કર્મોથી આસક્ત થયેલું મન જાતજાતની વૃત્તિઓનો આશ્રય લેતું રહે છે અને તેમનામાંથી મુક્ત થઈ ગયા પછી તે પોતાના તત્ત્વમાં લીન થઈ જાય છે. (૮)

હે વીરશ્રેષ્ઠ! પાંચ કર્મેન્દ્રિયો, પાંચ જ્ઞાનેન્દ્રિયો અને એક અહંકાર – આ મનની અગિયાર વૃત્તિઓ છે તથા પાંચ પ્રકારનાં કર્મો, પાંચ તન્માત્રાઓ અને એક શરીર – આ તેના આધારભૂત અગિયાર વિષયો કહેવાય છે. (૯) ગંધ, રૂપ, સ્પર્શ, રસ અને શબ્દ – આ જ્ઞાનેન્દ્રિયોના પાંચ વિષયો છે; મળત્યાગ, સંભોગ, ગમન, ભાષણ (બોલવું) અને આપ-લે વગેરેનો વ્યાપાર – આ કર્મેન્દ્રિયોના પાંચ વિષયો છે; તથા શરીરનો 'આ મારું છે' એવી રીતે સ્વીકાર કરવો એ અહંકારનો વિષય છે. કેટલાક લોકો અહંકારને મનની બારમી વૃત્તિ અને તેના આશ્રયભૂત શરીરને બારમો વિષય માને છે. (૧૦) મનની આ અગિયાર વૃત્તિઓ દ્રવ્ય (વિષય), સ્વભાવ, આશય (સંસ્કાર), કર્મ અને કાળ વડે સેંકડો, હજારો અને કરોડો પ્રકારોમાં પરિણમે છે. પણ તેમની સત્તા (અસ્તિત્વ) ક્ષેત્રજ્ઞ આત્માની સત્તાને લીધે જ છે, આપમેળે અથવા પરસ્પર મળવાથી નથી. (૧૧) આમ હોવા છતાં પણ મન સાથે ક્ષેત્રજ્ઞ (આત્મા)નો કોઈ સંબંધ નથી. આ તો જીવની જ માયાનિર્મિત ઉપાધિ છે. આ (મન) ઘણું કરીને સંસારબંધનમાં નાખનારાં અ-વિશુદ્ધ કર્મો કરવામાં જ પ્રવૃત્ત રહે છે. આની ઉપર્યુક્ત વૃત્તિઓ પ્રવાહરૂપે કાયમ જ રહે છે; જાગ્રતાવસ્થામાં અને સ્વપ્નાવસ્થામાં તે (વૃત્તિઓ) પ્રગટ થઈ જાય છે અને સુષુપ્તાવસ્થામાં છુપાઈ જાય છે. આ બંનેય અવસ્થામાં ક્ષેત્રજ્ઞ (આત્મા), કે જે વિશુદ્ધ ચિન્માત્ર છે તે મનની આ વૃત્તિઓને દ્રષ્ટા (સાક્ષી)રૂપે જોતો રહે છે. (૧૨)

આ ક્ષેત્રજ્ઞ પરમ-આત્મા સર્વવ્યાપક, જગતનું આદિકારણ, પરિપૂર્ણ, અપરોક્ષ (પ્રત્યક્ષ), સ્વયંપ્રકાશ, અજન્મા, બ્રહ્મા વગેરેનો પણ નિયંતા અને પોતાને આધીન રહેનારી માયા વડે સૌનાં અંતઃકરણોમાં રહીને જીવોને પ્રેરિત કરનાર, સમસ્ત ભૂતપ્રાણીઓના આશ્રયરૂપ ભગવાન વાસુદેવ છે. (૧૩) જેમ વાયુ સમસ્ત સ્થાવર-જંગમ પ્રાણીઓમાં પ્રાણરૂપે પ્રવિષ્ટ થઈને તેમને પ્રેરિત કરતો રહે છે તેવી જ રીતે તે પરમેશ્વર ભગવાન વાસુદેવ સર્વસાક્ષી આત્મસ્વરૂપે આ સમગ્ર પ્રપંચમાં ઓતપ્રોત છે. (૧૪) હે રાજન્! મનુષ્ય જ્ઞાનોદય વડે આ માયાનો તિરસ્કાર કરીને, બધામાંની આસક્તિ છોડીને તથા કામ-ક્રોધ વગેરે છ શત્રુઓને જીતીને જ્યાં સુધી આત્મ-તત્ત્વને જાણી લેતો નથી અને તે જ્યાં સુધી આત્માની

૧. પ્રા. પા. – હ્યન્યથા । ૨. પ્રા. પા. – ૦કર્માનુબદ્ધે મૂર્તિર્મનઃ । ૩. પ્રા. પા. – મનસસ્તુ વૃત્તયઃ । ૪. પ્રા. પા. – ધિયોઽભિમાનાઃ । ૫. પ્રાચીન પ્રતમાં 'વીર' - એ પાઠ ખંડિત છે.

ન યાવદેતન્મન આત્મલિઙ્ગં
સંસારતાપાવપનં જનસ્ય ।
યચ્છોકમોહામયરાગલોભ-
વૈરાનુબન્ધં મમતાં વિધત્તે ॥ ૧૬॥

ભ્રાતૃવ્યમેનં તદદભ્રવીર્ય-
મુપેક્ષયાઽધ્યેધિતમપ્રમત્તઃ[1] ।
ગુરોર્હરેશ્ચરણોપાસનાસ્ત્રો
જહિ વ્યલીકં સ્વયમાત્મમોષમ્ ॥ ૧૭॥

ઉપાધિરૂપ મનને સંસારનાં દુ:ખોનું ક્ષેત્ર સમજતો નથી ત્યાં સુધી તે આ લોકમાં આમ જ ભટકતો રહે છે; કારણ કે આ મન તેના શોક, મોહ, રોગ, રાગ, લોભ, વેર વગેરેના સંસ્કારોની તથા મમતાની વૃદ્ધિ કરતું રહે છે. (૧૫-૧૬) આ તમારા ભાઈ જેવું ભાસતું મન જ તમારો મહાબળવાન શત્રુ છે. તમારાથી તેની ઉપેક્ષા થવાથી તેની શક્તિ વિશેષપણે વધી ગઈ છે. આ મન જોકે પોતે તો સર્વથા મિથ્યા છે તોપણ એણે તમારા આત્મસ્વરૂપને ઢાંકી રાખ્યું છે. તેથી તમે સાવધાન થઈને તેને શ્રીગુરુ અને શ્રીહરિનાં ચરણોની ઉપાસનારૂપી અસ્ત્ર વડે મારી નાખો. (૧૭)

==★==

ઇતિ શ્રીમદ્ભાગવતે મહાપુરાણે પારમહંસ્યાં સંહિતાયાં પઞ્ચમસ્કન્ધે બ્રાહ્મણરહૂગણસંવાદે એકાદશોઽધ્યાયઃ ॥ ૧૧॥
પાંચમા સ્કંધ-અંતર્ગત બ્રાહ્મણ-રહૂગણસંવાદમાંનો અગિયારમો અધ્યાય સમાપ્ત.

==★==

બારમો અધ્યાય

રહૂગણનો પ્રશ્ન અને તેનું ભરતજીએ કરેલું સમાધાન

રહૂગણ ઉવાચ[2]

નમો નમઃ કારણવિગ્રહાય
સ્વરૂપતુચ્છીકૃતવિગ્રહાય ।
નમોઽવધૂત દ્વિજબન્ધુલિઙ્ગ-
નિગૂઢનિત્યાનુભવાય તુભ્યમ્ ॥ ૧॥
જ્વરામયાર્તસ્ય યથાઽગદં સત્
નિદાઘદગ્ધસ્ય યથા હિમામ્ભઃ ।
કુદેહમાનાહિવિદષ્ટદૃષ્ટે-
ર્બ્રહ્મન્ વચસ્તેઽમૃતમૌષધં મે ॥ ૨॥
તસ્માદ્ભવન્તં મમ સંશયાર્થં
પ્રક્ષ્યામિ પશ્ચાદધુના સુબોધમ્ ।
અધ્યાત્મયોગગ્રથિતં તવોક્ત-
માખ્યાહિ કૌતૂહલચેતસો મે ॥ ૩॥
યદાહ યોગેશ્વર દૃશ્યમાનં
ક્રિયાફલં સદ્વ્યવહારમૂલમ્ ।
ન હ્યઞ્જસા તત્ત્વવિમર્શનાય
ભવાનમુષ્મિન્ ભ્રમતે મનો મે ॥ ૪॥

બ્રાહ્મણ ઉવાચ

અયં જનો નામ ચલન્ પૃથિવ્યાં
યઃ પાર્થિવઃ પાર્થિવ[3] કસ્ય હેતોઃ ।

રાજા રહૂગણે કહ્યું — હે ભગવન્! હું તમને નમસ્કાર કરું છું. તમે જગતનો ઉદ્ધાર કરવા માટે જ આ શરીર ધારણ કર્યું છે. હે યોગેશ્વર! પોતાના પરમાનંદમય સ્વરૂપનો અનુભવ કરીને તમે આ સ્થૂળ શરીરથી ઉદાસીન થઈ ગયા છો તથા એક જડ બ્રાહ્મણના વેશથી પોતાના નિત્ય જ્ઞાનમય સ્વરૂપને જનસાધારણની નજરથી અદશ્ય કરી રાખેલું છે. હું તમને વારંવાર નમસ્કાર કરું છું. (૧) હે બ્રહ્મન્! જેમ જ્વરથી પીડિત રોગી માટે ગળ્યું ઔષધ અને તડકાથી તપેલા માણસ માટે ઠંડું પાણી અમૃતતુલ્ય હોય છે તેવી જ રીતે જેની વિવેકબુદ્ધિને દેહાભિમાનરૂપી ઝેરી સાપે ડસી લીધી છે તેવા મારે માટે તમારાં વચનો અમૃતમય ઔષધિ સમાન છે. (૨) હે દેવ! હું તમારી પાસે મારા સંશયોનું નિવારણ તો પછીથી કરાવીશ, પણ એ પહેલાં અત્યારે તમે જે અધ્યાત્મયોગમય ઉપદેશ આપ્યો છે તે જ સરળ બનાવીને સમજાવો. તે સમજવાની મને ઘણી ઉત્કંઠા છે. (૩) હે યોગેશ્વર! તમે જે એમ કહ્યું કે બોજ ઊંચકવાની ક્રિયા તથા તેને લીધે શ્રમરૂપી જે ફળ હોય છે — તે બંનેય પ્રત્યક્ષ હોવા છતાં પણ કેવળ વ્યવહારમૂલક જ છે, વાસ્તવમાં સત્ય નથી — તત્ત્વવિચારની આગળ તેનું કોઈ મહત્ત્વ નથી — તો આ વિષયમાં મારું મન ચકરાવે ચડ્યું છે, તમારા ઉક્ત વચનનો મર્મ મારી સમજમાં આવતો નથી. (૪)

જડભરતે કહ્યું — હે પૃથ્વીપતિ! આ શરીર પૃથ્વીનો વિકાર છે. એમાં અને પથ્થર વગેરેમાં શો ફરક છે? જ્યારે

૧. પ્રા. પા. — ૦ધિતમપ્રવૃત્તઃ । ૨. પ્રા. પા. — રાહુગણ ઉવાચ । ૩. પ્રા. પા. — કથન કસ્ય ।

તસ્યાપિ ચાઙ્‌ઘ્ર્યોરધિ ગુલ્ફજઙ્ઘા-
જાનૂરુમધ્યોરશિરોધરાંસાઃ ॥ ૫॥
અંસેઽધિ દાર્વી શિબિકા ચ[1] યસ્યાં
સૌવીરરાજેત્યપદેશ આસ્તે ।
યસ્મિન્[2] ભવાન્ રૂઢનિજાભિમાનો
રાજાઽસ્મિ સિન્ધુષ્વિતિ દુર્મદાન્ધઃ ॥ ૬॥
શોચ્યાનિમાંસ્ત્વમધિકષ્ટદીનાન્
વિષ્ટ્યા નિગૃહ્ણન્નિરનુગ્રહોઽસિ ।
જનસ્ય ગોપ્તાસ્મિ વિકત્થમાનો
ન શોભસે વૃદ્ધસભાસુ ધૃષ્ટઃ[3] ॥ ૭॥
યદા ક્ષિતાવેવ[4] ચરાચરસ્ય
વિદામ નિષ્ઠાં પ્રભવં ચ નિત્યમ્[5] ।
તન્નામતોઽન્યદ્ વ્યવહારમૂલં
નિરૂપ્યતાં સત્ ક્રિયયાઽનુમેયમ્ ॥ ૮॥
એવં નિરુક્તં ક્ષિતિશબ્દવૃત્ત-
મસન્નિધાનાત્પરમાણવો[6] યે ।
અવિદ્યયા મનસા કલ્પિતાસ્તે
યેષાં[7] સમૂહેન કૃતો વિશેષઃ ॥ ૯॥
એવં કૃશં સ્થૂલમણુર્બૃહદ્ યદ્
અસચ્ચ સજ્જીવમજીવમન્યત્ ।
દ્રવ્યસ્વભાવાશયકાલકર્મ-
નામ્નાઽજયાઽવેહિ કૃતં દ્વિતીયમ્ ॥ ૧૦॥
જ્ઞાનં વિશુદ્ધં પરમાર્થમેક-
મનન્તરં ત્વબહિર્બ્રહ્મ સત્યમ્ ।
પ્રત્યક્ પ્રશાન્તં ભગવચ્છબ્દસઞ્જ્ઞં
યદ્વાસુદેવં કવયો વદન્તિ ॥ ૧૧॥
રહૂગણૈતત્તપસા[8] ન યાતિ
ન ચેજ્યયા નિર્વપણાદ્ ગૃહાદ્વા ।
ન ચ્છન્દસા નૈવ જલાગ્નિસૂર્યૈ-
ર્વિના મહત્પાદરજોઽભિષેકમ્ ॥ ૧૨॥
યત્રોત્તમશ્લોકગુણાનુવાદઃ
પ્રસ્તૂયતે ગ્રામ્યકથાવિઘાતઃ ।

આ (શરીર) કોઈ કારણથી પૃથ્વી ઉપર ચાલવા લાગે છે ત્યારે આનાં 'ભારવાહક' વગેરે નામ પડે છે. આને બે પગ છે; તેમના ઉપર ક્રમશઃ એડીઓ, પિંડીઓ, ઘૂંટણો, જાંઘો, કમર, વક્ષઃસ્થળ, ગરદન, ખભા વગેરે અંગો છે. (૫) ખભાઓ ઉપર લાકડાની પાલખી મૂકેલી છે; તેમાં પણ સૌવીરરાજ નામનો એક પાર્થિવ વિકાર જ છે, કે જેનામાં આત્મબુદ્ધિરૂપી અભિમાન કરવાથી તમે 'હું સિંધુ દેશનો રાજા છું' એવા પ્રબળ મદથી આંધળા થઈ રહ્યા છો. (૬) પરંતુ આનાથી તમારી કોઈ શ્રેષ્ઠતા સિદ્ધ થતી નથી; વાસ્તવમાં તો તમે ઘણા ક્રૂર અને ધૃષ્ટ જ છો. તમે આ બિચારા દીનદુઃખી કહારોને કેદ પકડીને પાલખીમાં જોતર્યા છે; અને પછી મહાપુરુષોની સભામાં વધારી-ચડાવીને કહ્યા કરો છો કે હું લોકોનું રક્ષણ કરનારો છું. આમ કરવું તમને શોભતું નથી. (૭) આપણે જોઈએ છીએ કે સઘળાં ચરાચર ભૂતપ્રાણીઓ હંમેશાં પૃથ્વીમાંથી જ ઉત્પન્ન થાય છે અને પૃથ્વીમાં જ લીન થાય છે, તેથી તેમના ક્રિયાભેદને કારણે અલગ-અલગ જે નામ પડ્યાં છે – બતાવો તો, એમના સિવાય વ્યવહારનું બીજું શું મૂળ છે? (૮)

આ પ્રમાણે 'પૃથ્વી' શબ્દનો વ્યવહાર પણ મિથ્યા જ છે, વાસ્તવિક નથી; કારણ કે એ પોતાના ઉપાદાન-કારણ સૂક્ષ્મ પરમાણુઓમાં લીન થઈ જાય છે અને જેમના મળવાથી (સંયોગથી) પૃથ્વીરૂપ કાર્યની સિદ્ધિ થાય છે તે પરમાણુઓ અવિદ્યાને લીધે મનથી કલ્પેલા છે; વાસ્તવમાં તેમની પણ સત્તા (અસ્તિત્વ) નથી. (૯) આ જ પ્રમાણે અન્ય પણ જે કંઈ પાતળું-જાડું (સૂક્ષ્મ-સ્થૂળ), નાનું-મોટું, કાર્ય-કારણ, ચેતન-અચેતન વગેરે ગુણોથી યુક્ત દ્વૈત પ્રપંચ છે તેને પણ દ્રવ્ય, સ્વભાવ, આશય, કાળ, કર્મ વગેરે નામોવાળી ભગવાનની માયાનું જ કાર્ય સમજો. (૧૦) વિશુદ્ધ પરમાર્થરૂપ, અદ્વિતીય તથા આંતર-બાહ્ય ભેદ વિનાનું પરિપૂર્ણ જ્ઞાન જ સત્ય વસ્તુ છે. તે સર્વ-અંતર્વર્તી અને સર્વથા નિર્વિકાર છે. તેનું જ નામ 'ભગવાન' છે અને તેને જ પંડિતજનો 'વાસુદેવ' કહે છે. (૧૧) હે રહૂગણ! મહાપુરુષોની ચરણરજથી પોતાને નવડાવ્યા વિના કેવળ તપ, યજ્ઞ વગેરે વૈદિક કર્મો, અન્ન વગેરેનાં દાન, અતિથિસેવા, દીનજનોની સેવા વગેરે ગૃહસ્થોચિત ધર્મોનું અનુષ્ઠાન, વેદોનું અધ્યયન અથવા જળ, અગ્નિ કે સૂર્યની ઉપાસના વગેરે કોઈ પણ સાધનથી આ પરમાત્મ જ્ઞાન પ્રાપ્ત થઈ શકતું નથી. (૧૨) આનું કારણ એ છે કે મહાપુરુષોના સમાજમાં હંમેશાં પવિત્રકીર્તિ શ્રીહરિના ગુણોની ચર્ચા થતી રહેતી હોય

૧. પ્રા. પા. – શિબિકા યસ્યાં । ૨. પ્રા. પા. – તસ્મિન્ । ૩. પ્રા. પા. – દુષ્ટઃ । ૪. પ્રા. પા. – યદા દુઃખિતાવેવ । ૫. પ્રાચીન પ્રતમાં 'નિત્યમ્' - પાઠ ખંડિત છે. ૬. પ્રા. પા. – પરમાણવોઽથ યે । ૭. પ્રા. પા. – કલ્પિતાસ્તે સમૂહેન । ૮. પ્રા. પા. – રાહુગણૈતત્તપસા ।

નિષેવ્યમાણોઽનુદિનં[1] મુમુક્ષો-
ર્મતિં સતીં યચ્છતિ વાસુદેવે ॥ ૧૩॥

છે, જેથી વિષયોની વાત તો પાસે ફરકવા પણ પામતી નથી; અને જો દરરોજ ભગવાનની કથાનું સેવન કરવામાં આવે છે તો તે (કથા) મોક્ષની આકાંક્ષા ધરાવતા મનુષ્યની શુદ્ધ બુદ્ધિને ભગવાન વાસુદેવમાં લગાડી દે છે. (૧૩)

અહં પુરા ભરતો નામ રાજા
વિમુક્તદૃષ્ટશ્રુતસઙ્ગબન્ધઃ ।
આરાધનં ભગવત ઈહમાનો
મૃગોઽભવં મૃગસઙ્ગાદ્ધતાર્થઃ ॥ ૧૪॥

પૂર્વજન્મમાં હું ભરત નામનો રાજા હતો. ઐહિક અને પારલૌકિક બંને પ્રકારના વિષયોમાંથી વિરક્ત થઈને ભગવાનની આરાધનામાં જ રત રહેતો હતો, તોપણ એક મૃગમાં આસક્તિ થઈ જવાથી મારે પરમાર્થમાંથી ભ્રષ્ટ થઈને આગલા જન્મમાં મૃગ બનવું પડ્યું. (૧૪) પરંતુ ભગવાન શ્રીકૃષ્ણની આરાધનાના પ્રભાવથી તે મૃગયોનિમાં પણ મારી પૂર્વજન્મની સ્મૃતિ લુપ્ત ન થઈ. એથી જ હું અત્યારે જનસંસર્ગથી ડરીને હંમેશાં અસંગભાવથી ગુપ્તરૂપે જ વિચરતો રહું છું. (૧૫) સારાંશ એ છે કે વિરક્ત મહાપુરુષોના સત્સંગથી પ્રાપ્ત થયેલા જ્ઞાનરૂપી ખડ્ગ વડે મનુષ્યે આ લોકમાં જ પોતાના મોહબંધનને કાપી નાખવું જોઈએ. પછી શ્રીહરિની લીલાઓના કથન અને શ્રવણથી ભગવાનનું સ્મરણ કાયમ રહેવાને કારણે તે સહેલાઈથી જ સંસારમાર્ગને પાર કરીને ભગવાનને પ્રાપ્ત કરી શકે છે. (૧૬)

સા માં સ્મૃતિર્મૃગદેહેઽપિ વીર
કૃષ્ણાર્ચનપ્રભવા નો જહાતિ ।
અથો અહં જનસઙ્ગાદસઙ્ગો
વિશઙ્કમાનોઽવિવૃતશ્ચરામિ ॥ ૧૫॥

તસ્માન્નરોઽસઙ્ગસુસઙ્ગજાત-
જ્ઞાનાસિનેહૈવ વિવૃક્ણમોહઃ ।
હરિં તદીહાકથનશ્રુતાભ્યાં
લબ્ધસ્મૃતિર્યાત્યતિપારમધ્વનઃ ॥ ૧૬॥

ઇતિ શ્રીમદ્ભાગવતે મહાપુરાણે પારમહંસ્યાં સંહિતાયાં પઞ્ચમસ્કન્ધે બ્રાહ્મણરહૂગણસંવાદે દ્વાદશોઽધ્યાયઃ ॥ ૧૨॥
પાંચમા સ્કંધ-અંતર્ગત બ્રાહ્મણ-રહૂગણસંવાદમાંનો બારમો અધ્યાય સમાપ્ત.

તેરમો અધ્યાય

ભવાટવીનું વર્ણન અને રહૂગણના સંશયનો નાશ

બ્રાહ્મણ ઉવાચ

દુરત્યયેઽધ્વન્યજયા નિવેશિતો
રજસ્તમઃસત્ત્વવિભક્તકર્મદૃક્ ।
સ એષ સાર્થોઽર્થપરઃ પરિભ્રમન્
ભવાટવીં યાતિ ન શર્મ વિન્દતિ ॥ ૧॥

યસ્યામિમે ષણ્નરદેવ દસ્યવઃ
સાર્થં વિલુમ્પન્તિ કુનાયકં બલાત્ ।
ગોમાયવો યત્ર હરન્તિ સાર્થિકં
પ્રમત્તમાવિશ્ય યથોરણં વૃકાઃ ॥ ૨॥

જડભરતે કહ્યું – હે રાજન્! આ જીવસમુદાય સુખરૂપી ધનમાં આસક્ત, દેશ-દેશાન્તરમાં ફરી-ફરીને વેપાર કરનારા વ્યાપારી-સમૂહ જેવો છે. માયાએ તેને દુસ્તર પ્રવૃત્તિમાર્ગમાં જોડી દીધો છે; તેથી તેની દૃષ્ટિ સાત્ત્વિક, રાજસ અને તામસ એ ભેદથી અનેક પ્રકારનાં કર્મો પર જાય છે. તે કર્મોમાં ભટકતો ભટકતો એ (જીવસમુદાય) આ સંસારરૂપી જંગલમાં – ભવાટવીમાં જઈ પહોંચે છે. ત્યાં તેને જરા પણ શાંતિ મળતી નથી. (૧) મહારાજ! તે જંગલમાં છ લુટારાઓ છે. આ વેપારી-સમાજનો નાયક ઘણો દુષ્ટ છે. તેના નેતૃત્વમાં આ (વેપારી-સમાજ) જ્યારે ત્યાં પહોંચે છે ત્યારે આ લુટારાઓ બળપૂર્વક આની બધી માલમત્તા લૂંટી લે છે તથા વરૂઓ જે રીતે ઘેટાંઓના ટોળામાં ઘૂસી જઈને તેમને ખેંચીને લઈ જાય છે તેવી જ રીતે આની સાથે રહેતાં વરુ જ આને અસાવધાન જોઈને આના ધનને અહીં-તહીં

૧. પ્રાચીન પ્રતમાં 'ઽણોઽનુદિનં મમુક્ષોર્મતિં'થી માંડીને 'વિશઙ્કમાનો૦' સુધીનો પાઠ ખંડિત થઈ ગયો છે.

પ્રભૂતવીરુત્તૃણગુલ્મગહ્વરે
કઠોરદંશૈર્મશકૈરુપદ્રુતઃ ।
ક્વચિત્તુ ગન્ધર્વપુરં પ્રપશ્યતિ
ક્વચિત્ક્વચિચ્ચાશુરયોલ્મુકગ્રહમ્ ॥ ૩॥

નિવાસતોયદ્રવિણાત્મબુદ્ધિ-
સ્તતસ્તતો ધાવતિ ભો અટવ્યામ્ ।
ક્વચિચ્ચ વાત્યોત્થિતપાંસુધૂમ્રા
દિશો ન જાનાતિ રજસ્વલાક્ષઃ ॥ ૪॥

અદૃશ્યઝિલ્લીસ્વનકર્ણશૂલ
ઉલૂકવાગ્ભિર્વ્યથિતાન્તરાત્મા[1] ।
અપુણ્યવૃક્ષાન્ શ્રયતે ક્ષુધાર્દિતો
મરીચિતોયાન્યભિધાવતિ ક્વચિત્ ॥ ૫॥

ક્વચિદ્વિતોયાઃ સરિતોઽભિયાતિ
પરસ્પરં ચાલષતે નિરન્ધઃ[2] ।
આસાદ્ય દાવં ક્વચિદગ્નિતપ્તો
નિર્વિદ્યતે ક્વ ચ યક્ષૈર્હૃતાસુઃ ॥ ૬॥

શૂરૈર્હૃતસ્વઃ ક્વ ચ નિર્વિણ્ણચેતાઃ
શોચન્ વિમુહ્યન્નુપયાતિ કશ્મલમ્ ।
ક્વચિચ્ચ ગન્ધર્વપુરં પ્રવિષ્ટઃ
પ્રમોદતે નિર્વૃતવન્મુહૂર્તમ્ ॥ ૭॥

ચલન્ ક્વચિત્કણ્ટકશર્કરાઙ્ઘ્રિ-
ર્નગારુરુક્ષુર્વિમના[3] ઇવાસ્તે ।
પદે પદેઽભ્યન્તરવહ્નિનાર્દિતઃ
કૌટુમ્બિકઃ ક્રુધ્યતિ વૈ જનાય ॥ ૮॥

ક્વચિન્નિગીર્ણોઽજગરાહિના જનો
નાવૈતિ કિઞ્ચિદ્વિપિનેઽપવિદ્ધઃ ।
દષ્ટઃ સ્મ શેતે ક્વ ચ દન્દશૂકૈ-
રન્ધોઽન્ધકૂપે પતિતસ્તમિસ્રે ॥ ૯॥

કર્હિ સ્મ ચિત્ક્ષુદ્રરસાન્ વિચિન્વં-
સ્તન્મક્ષિકાભિર્વ્યથિતો વિમાનઃ ।
તત્રાતિકૃચ્છ્રાત્પ્રતિલબ્ધમાનો[4]
બલાદ્વિલુમ્પન્ત્યથ તં તતોઽન્યે ॥ ૧૦॥

ખેંચવા લાગે છે. (૨) તે જંગલ ઘણા-બધા વેલા, ઘાસ અને ઝાડ-ઝાંખરાંને કારણે ઘણું દુર્ગમ બનેલું છે. તેમાં તીવ્ર ડાંસ અને મચ્છરો આને આરામ લેવા દેતા નથી. ત્યાં આને ક્યારેક તો ગંધર્વનગર દેખાવા લાગે છે અને ક્યારેક ક્યારેક ચમચમતા અતિચંચળ આગિયા આંખો સામે આવી જાય છે. (૩) આ વેપારી-સમાજ આ જંગલમાં નિવાસસ્થાન, પાણી, ધન વગેરેમાં આસક્ત થઈને અહીં-તહીં ભટકતો રહે છે. ક્યારેક આંધીથી ઊડેલી ધૂળને લીધે જ્યારે બધી દિશાઓ ધુમાડાથી ઢંકાઈ ગયા જેવી થઈ જાય છે અને આની આંખોમાં ધૂળ ભરાઈ જાય છે, તો આને દિશાઓનું જ્ઞાન પણ રહેતું નથી. (૪) ક્યારેક આ (વેપારી-સમુદાય)ને નહીં દેખાતાં તમરાંઓનો કર્ણકટુ અવાજ સંભળાય છે, ક્યારેક ઘુવડોની બોલીથી આનું ચિત્ત વ્યથિત થઈ જાય છે; ક્યારેક આને ભૂખ સતાવવા લાગે છે, તો આ નિંદનીય વૃક્ષોનો જ સહારો ખોળવા લાગે છે અને ક્યારેક તરસથી વ્યાકુળ થઈને મૃગજળ ભણી દોટ મૂકે છે. (૫) ક્યારેક પાણી વિનાની નદીઓ તરફ જાય છે, ક્યારેક અન્ન નહીં મળવાથી પરસ્પર એક-બીજા આગળ ભોજન મેળવવાની ઇચ્છા કરે છે; ક્યારેક દાવાનળમાં ઘૂસીને આગમાં અટવાઈ જાય છે અને ક્યારેક યક્ષલોકો આના પ્રાણ ખેંચવા લાગે છે તો આ ખિન્ન થઈ જાય છે. (૬) ક્યારેક પોતાનાથી વધુ બળવાન લોકો આનું ધન છીનવી લે છે, તો આ દુઃખી થઈને શોક અને મોહથી અચેત થઈ જાય છે અને ક્યારેક ગંધર્વનગરમાં પહોંચી જઈને ઘડીભર માટે બધું દુઃખ ભૂલીને ખુશી મનાવવા લાગે છે. (૭) ક્યારેક પર્વતો પર ચડવા ઇચ્છે છે તો કાંટા અને કાંકરાઓને લીધે પગ ચાળણી થઈ જવાથી ઉદાસ થઈ જાય છે. પરિવાર ઘણો વધી જાય છે અને ઉદરપૂર્તિ (પેટ-ગુજારા)નું સાધન નથી હોતું તો ભૂખની આગથી સંતપ્ત થઈને પોતાનાં જ બંધુ-બાંધવો પર ખિજાવા લાગે છે. (૮) ક્યારેક અજગર અથવા સાપનો કોળિયો બનીને જંગલમાં ફેંકી દેવાયેલા મડદા જેવો પડ્યો રહે છે, તે સમયે આને કોઈ સાન-ભાન રહેતું નથી. ક્યારેક બીજાં ઝેરી જંતુઓ આને કરડે છે તો તેમના ઝેરના પ્રભાવથી આંધળો થઈને આ કોઈ અંધારા કૂવામાં પડી જાય છે અને ઘોર દુઃખમય અંધકારમાં બેહોશ પડ્યો રહે છે. (૯) ક્યારેક મધ ખોળવા લાગે છે તો મધમાખીઓ આને કરડવા દોડે છે અને આનું સઘળું અભિમાન ઓગળી જાય છે. જો કોઈ પ્રકારે અનેક મુશ્કેલીઓનો સામનો કર્યા પછી તે (મધ) મળી પણ જાય

૧. પ્રાચીન પ્રતમાં 'ઉલૂક' શબ્દ લખવાનો રહી ગયો છે. ૨. પ્રા. પા. – નિરન્તરમ્ । ૩. પ્રા. પા. – ૦નગાનારુરુક્ષુર્વિમના । ૪. પ્રા. પા. – તત્રાતિકૃચ્છ્રં પ્રતિ૦ ।

ક્વચિચ્ચ શીતાતપવાતવર્ષ-
પ્રતિક્રિયાં કર્તુમનીશ આસ્તે ।
ક્વચિન્મિથો વિપણન્ યચ્ચ કિઞ્ચિદ્
વિદ્વેષમૃચ્છત્યુત વિત્તશાઠ્યાત્ ॥ ૧૧॥

ક્વચિત્ક્વચિત્ક્ષીણધનસ્તુ તસ્મિન્
શય્યાસનસ્થાનવિહારહીનઃ ।
યાચન્ પરાદપ્રતિલબ્ધકામઃ
પારક્યદૃષ્ટિર્લભતેઽવમાનમ્ ॥ ૧૨॥

અન્યોન્યવિત્તવ્યતિષઙ્ગવૃદ્ધ[1]-
વૈરાનુબન્ધો વિવહન્મિથશ્ચ ।
અધ્વન્યમુષ્મિન્નુરુકૃચ્છ્રવિત્ત-
બાધોપસર્ગૈર્વિહરન્ વિપન્નઃ ॥ ૧૩॥

તાંસ્તાન્ વિપન્નાન્ સ હિ તત્ર તત્ર
વિહાય જાતં પરિગૃહ્ય સાર્થઃ ।
આવર્તતેઽદ્યાપિ ન કશ્ચિદત્ર
વીરાધ્વનઃ પારમુપૈતિ યોગમ્ ॥ ૧૪॥

મનસ્વિનો નિર્જિતદિગ્ગજેન્દ્રા
મમેતિ સર્વે ભુવિ બદ્ધવૈરાઃ ।
મૃધે શયીરન્ન તુ તદ્વ્રજન્તિ
યન્ન્યસ્તદણ્ડો ગતવૈરોઽભિયાતિ ॥ ૧૫॥

પ્રસજ્જતિ ક્વાપિ લતાભુજાશ્રય-
સ્તદાશ્રયાવ્યક્તપદદ્વિજસ્પૃહઃ ।
ક્વચિત્કદાચિદ્ધરિચક્રતસ્ત્રસન્
સખ્યં વિધત્તે બકકઙ્કગૃધ્રૈઃ ॥ ૧૬॥

તૈર્વઞ્ચિતો હંસકુલં સમાવિશ-
ન્નરોચયન્ શીલમુપૈતિ વાનરાન્ ।
તજ્જાતિરાસેન સુનિર્વૃતેન્દ્રિયઃ[2]
પરસ્પરોદ્વીક્ષણવિસ્મૃતાવધિઃ ॥ ૧૭॥

દ્રુમેષુ રંસ્યન્ સુતદારવત્સલો
વ્યવાયદીનો વિવશઃ સ્વબન્ધને ।
ક્વચિત્પ્રમાદાદ્ ગિરિકન્દરે પતન્
વલ્લીં ગૃહીત્વા ગજભીત આસ્થિતઃ ॥ ૧૮॥

છે તો બીજા લોકો આની પાસેથી બળપૂર્વક છીનવી લે છે. (૧૦) ક્યારેક ટાઢ, તડકો, આંધી અને વરસાદથી પોતાનો બચાવ કરવામાં અસમર્થ થઈ જાય છે. ક્યારેક પરસ્પર થોડો-ઘણો વેપાર કરે છે તો ધનના લોભથી બીજાઓને દગો દઈને (છેતરીને) તેમની સાથે વેર બાંધી લે છે. (૧૧) ક્યારેક ક્યારેક તે સંસારરૂપી વનમાં આનું ધન નાશ પામે છે તો આની પાસે શય્યા, આસન, રહેવા માટેનું સ્થાન, સહેલ-સફર માટે સવારી (વાહન) વગેરે પણ રહેતાં નથી, ત્યારે બીજાંઓ પાસેથી યાચના કરે છે. માગવા છતાં પણ બીજા પાસેથી તેની ઇચ્છિત વસ્તુ મળતી નથી ત્યારે પારકી વસ્તુઓ પર અનુચિત નજર નાખવાને કારણે આણે ભારે તિરસ્કાર સહન કરવો પડે છે. (૧૨)

આ પ્રમાણે વ્યાવહારિક સંબંધને કારણે એક-બીજા સાથે દ્વેષભાવ વધી જવા છતાં પણ આ વેપારી-સમુદાય અરસપરસ લગ્ન વગેરે સંબંધો બાંધે છે અને પછી આ માર્ગમાં જાતજાતનાં કષ્ટો અને ધનસંપત્તિનો નાશ વગેરે સંકટો ભોગવતો શબવત્ થઈ જાય છે. (૧૩) સાથીઓમાંથી જે જે મરતા જાય છે તેમને જ્યાંના ત્યાં છોડીને નવાં પેદા થનારાંઓને સાથે લઈને આ વણઝારાઓનો સમુદાય બરાબર આગળ વધતો જ રહે છે. હે વીરવર! આમનામાંનું કોઈ પણ પ્રાણી નથી તો આજ સુધી વળીને પાછું આવ્યું અને નથી તો કોઈએ આ સંકટપૂર્ણ માર્ગને પાર કરીને પરમ-આનંદમય યોગનું શરણ પણ લીધું. (૧૪) જેમણે મોટા મોટા દિક્પાલોને જીતી લીધા છે તે ધીર-વીર પુરુષો પણ પૃથ્વી પર 'આ મારી છે' એવું અભિમાન કરીને પરસ્પર વેર બાંધીને સંગ્રામભૂમિમાં જંગ ખેલે છે અને તેમ છતાં તેમને ભગવાન વિષ્ણુનું તે અવિનાશી પદ મળતું નથી, કે જે નિર્વૈર પરમહંસોને મળે છે. (૧૫)

આ સંસારવન (ભવાટવી)માં ભટકનારો વણઝારાઓનો આ સમુદાય ક્યારેક કોઈ વેલીની ડાળીઓનો આશરો લે છે અને તેના પર રહેનારાં મધુર બોલીવાળાં પક્ષીઓના મોહમાં ફસાઈ જાય છે. ક્યારેક સિંહોના સમૂહથી ભય માનીને બગલા, કંક અને ગીધો સાથે પ્રેમ કરે છે. (૧૬) જ્યારે તેમનાથી દગાનો ભોગ બને છે ત્યારે હંસોના (સાધુ-સંતોના) કુળમાં પ્રવેશવા ઇચ્છે છે; પરંતુ તેને તેમનો આચાર રુચતો નથી, તેથી વાનરોમાં ભળી જઈને તેમના જાતિસ્વભાવ અનુસાર દામ્પત્યસુખમાં રત રહીને વિષયભોગોથી ઇન્દ્રિયોને તૃપ્ત કરતો રહે છે અને એક-બીજાનું મુખ જોતો-જોતો પોતાના આયુષ્યની અવધિને વીસરી જાય છે. (૧૭) ત્યાં વૃક્ષોમાં ક્રીડા કરતો રહીને પુત્ર અને પત્નીના સ્નેહપાશમાં બંધાઈ જાય છે. એનામાં મૈથુનની વાસના એટલી વધી જાય

૧. પ્રા. પા. – અન્યોન્યકર્મ૦ । ૨. પ્રા. પા. – સુનિર્જિતેન્દ્રિયઃ ।

અતઃ કથઞ્ચિત્સ વિમુક્ત આપદઃ
પુનશ્ચ સાર્થં પ્રવિશત્યરિન્દમ ।
અધ્વન્યમુષ્મિન્નજયા[1] નિવેશિતો
ભ્રમઞ્જનોઽદ્યાપિ ન વેદ કશ્ચન ॥ ૧૯॥

રહૂગણ ત્વમપિ હ્યધ્વનોઽસ્ય
સંન્યસ્તદણ્ડઃ કૃતભૂતમૈત્રઃ ।
અસજ્જિતાત્મા હરિસેવયા શિતં
જ્ઞાનાસિમાદાય તરાતિ પારમ્ ॥ ૨૦॥

રાજોવાચ

અહો નૃજન્માખિલજન્મશોભનં
કિં જન્મભિસ્ત્વપરૈરપ્યમુષ્મિન્ ।
ન યદ્‌ધૃષીકેશયશઃકૃતાત્મનાં
મહાત્મનાં વઃ પ્રચુરઃ સમાગમઃ ॥ ૨૧॥

ન હ્યદ્ભુતં ત્વચ્ચરણાબ્જરેણુભિ-
ર્હતાંહસો ભક્તિરધોક્ષજેઽમલા ।
મૌહૂર્તિકાદ્યસ્ય સમાગમાચ્ચ મે
દુસ્તર્કમૂલોઽપહતોઽવિવેકઃ ॥ ૨૨॥

નમો મહદ્‌ભ્યોઽસ્તુ નમઃ શિશુભ્યો
નમો યુવભ્યો નમ આ બટુભ્યઃ ।
યે બ્રાહ્મણા ગામવધૂતલિઙ્ગા-
શ્ચરન્તિ તેભ્યઃ શિવમસ્તુ રાજ્ઞામ્ ॥ ૨૩॥

શ્રીશુક ઉવાચ

ઈત્યેવમુત્તરામાતઃ સ વૈ બ્રહ્મર્ષિસુતઃ સિન્ધુપતય આત્મસતત્ત્વં[2] વિગણયતઃ પરાનુભાવઃ[3] પરમકારુણિકતયોપદિશ્ય રહૂગણેન સકરુણમભિવન્દિતચરણ આપૂર્ણાર્ણવ[4] ઈવ નિભૃતકરણોર્મ્યાશયો ધરણિમિમાં વિચચાર[5] ॥ ૨૪॥ સૌવીરપતિરપિ સુજનસમવગત-પરમાત્મસતત્ત્વ આત્મન્યવિદ્યાધ્યારોપિતાં ચ દેહાત્મમતિં વિસસર્જ। એવં હિ નૃપ ભગવદાશ્રિતાશ્રિતાનુભાવઃ[6] ॥ ૨૫॥

છે કે જાતજાતના અઘટિત વ્યવહારોથી દીન (દયામણો) થવા છતાં પણ એ વિવશ થઈને પોતાના બંધનને તોડવાનું સાહસ કરી શકતો નથી. ક્યારેક અસાવધાનીથી પર્વતની ગુફામાં પટકાઈ પડે છે, તો તેમાં રહેતા હાથીથી ડરી જઈને કોઈ વેલીના સહારે લટકેલો રહે છે. (૧૮) હે શત્રુદમન! જો એને કોઈ રીતે આ આપત્તિમાંથી છુટકારો મળી જાય છે તો એ ફરી પાછો પોતાના કુંડાળામાં ભળી જાય છે.જે મનુષ્ય માયાની પ્રેરણાથી એક વાર આ માર્ગમાં પહોંચી જાય છે તેને ભટકતાં ભટકતાં અંત સુધી પોતાના પરમ પુરુષાર્થનો પત્તો લાગતો નથી. (૧૯) હે રહૂગણ! તમે પણ આ જ માર્ગમાં ભટકી રહ્યા છો. માટે, હવે પ્રજાને દંડ આપવાનું કામ છોડી દઈને સમસ્ત પ્રાણીઓના સુહૃદ થઈ જાઓ અને વિષયોમાં અનાસક્ત થઈને ભગવાનની સેવા થકી તીક્ષ્ણ ધાર કાઢેલું જ્ઞાનરૂપી ખડ્ગ લઈને આ માર્ગને પાર કરી લો. (૨૦)

રાજા રહૂગણે કહ્યું – અહો! સઘળી યોનિઓમાં આ મનુષ્ય-જન્મ જ શ્રેષ્ઠ છે. અન્ય બીજા લોકોમાં પ્રાપ્ત થતા દેવતા વગેરેના ઉત્કૃષ્ટ જન્મોથી પણ શો લાભ છે, કે જ્યાં ભગવાન હૃષીકેશના પવિત્ર યશથી શુદ્ધ અંતઃકરણવાળા તમારા જેવા મહાત્માઓનો અધિકાધિક સમાગમ થવા પામતો નથી? (૨૧) તમારાં ચરણકમળોની રજનું સેવન કરવાથી જેમનાં સઘળાં પાપો અને દુઃખો નાશ પામ્યાં છે તે મહાનુભાવોને ભગવાનની વિશુદ્ધ ભક્તિ પ્રાપ્ત થવી એ કોઈ વિચિત્ર વાત નથી. તમારા બે ઘડીના સત્સંગથી જ મારું તો સઘળું કુતર્ક-મૂલક અજ્ઞાન નષ્ટ થઈ ગયું છે. (૨૨) બ્રહ્મજ્ઞાનીઓમાં જેઓ વયોવૃદ્ધ હોય, તેમને નમસ્કાર છે; જેઓ બાળક હોય, તેમને નમસ્કાર છે; જેઓ યુવાન હોય, તેમને નમસ્કાર છે અને જેઓ ક્રીડારત બટુક (રમતાં બચ્ચાં) હોય, તેમને પણ નમસ્કાર છે. જે બ્રહ્મજ્ઞાની બ્રાહ્મણો અવધૂતના વેશમાં પૃથ્વી પર વિચરણ કરે છે તેમના થકી અમારા જેવા ઐશ્વર્યથી ઉન્મત્ત બનેલા રાજાઓનું કલ્યાણ થાઓ. (૨૩)

શ્રીશુકદેવજી કહે છે – હે ઉત્તરાનંદન! આ પ્રમાણે તે પરમ પ્રભાવશાળી બ્રહ્મર્ષિપુત્રે (જડભરતે) પોતાનું અપમાન કરનારા સિંધુનરેશ રહૂગણને પણ અત્યંત કરુણાવશ થઈને આત્મતત્ત્વનો ઉપદેશ આપ્યો. ત્યારે રાજા રહૂગણે દીનભાવે તેમનાં ચરણોની વંદના કરી. પછી બ્રહ્મર્ષિશ્રેષ્ઠ ભરતજી પરિપૂર્ણ સમુદ્ર જેવા શાંતચિત્ત અને ઈન્દ્રિયોથી ઉપરત થઈને પૃથ્વી પર વિચરવા લાગ્યા. (૨૪) તેમના સત્સંગથી પરમાત્મતત્ત્વનું જ્ઞાન પામીને સૌવીરપતિ રહૂગણે પણ અવિદ્યાને લીધે અંતઃકરણમાં આરોપિત થયેલી દેહાત્મબુદ્ધિનો

૧. પ્રા. પા. – ૦મુષ્મિન્નજ્જસા । ૨. પ્રા. પા. – આત્મસ્વતત્ત્વં । ૩. પ્રાચીન પ્રતમાં 'પરાનુભાવઃ' પાઠ નથી. ૪. પ્રા. પા. – ૦ચરણઃ પૂર્ણાર્ણવ ઈવ । ૫. પ્રા. પા. – ૦મિમાં ચચાર । ૬. પ્રા. પા. – ભગવદાશ્રિતાનુભાવઃ ।

રાજોવાચ

યો હ વા ઈહ બહુવિદા મહાભાગવત ત્વયાઽભિહિતઃ પરોક્ષેણ વચસા જીવલોકભવાધ્વા[1] સ હ્યાર્યમનીષયા કલ્પિતવિષયો નાઞ્જસાઽવ્યુત્પન્નલોકસમધિગમઃ। અથ તદેવૈતદ્દુરવગમં સમવેતાનુકલ્પેન નિર્દિશ્યતામિતિ ॥ ૨૬॥

ત્યાગ કર્યો. હે રાજન્! જે લોકો ભગવાનના આશ્રિત અનન્ય ભક્તોનું શરણ ગ્રહી લે છે તેમનો આવો જ પ્રભાવ હોય છે, તેમની પાસે અવિદ્યા ઊભી રહી શકતી નથી. (૨૫)

રાજા પરીક્ષિતે કહ્યું – હે મહાભાગવત (મુનિશ્રેષ્ઠ)! તમે પરમ વિદ્વાન છો. તમે રૂપક વગેરે વડે અપ્રત્યક્ષરૂપે જીવોના સંસારના જે માર્ગનું વર્ણન કર્યું તે વિષેની કલ્પના વિવેકી મનુષ્યોની બુદ્ધિએ કરી છે, તે અલ્પબુદ્ધિવાળા મનુષ્યો વડે સરળતાથી સમજી શકાતી નથી. તેથી મારી પ્રાર્થના છે કે આ દુર્બોધ વિષયનું રૂપક સ્પષ્ટીકરણ કરતા શબ્દો વડે ખોલીને સમજાવો. (૨૬)

═★═

ઈતિ શ્રીમદ્ભાગવતે મહાપુરાણે પારમહંસ્યાં સંહિતાયાં પઞ્ચમસ્કન્ધે ત્રયોદશોઽધ્યાયઃ ॥ ૧૩॥
પાંચમા સ્કંધ-અંતર્ગત તેરમો અધ્યાય સમાપ્ત.

═★═

ચૌદમો અધ્યાય

ભવાટવીનું સ્પષ્ટીકરણ

સ હોવાચ

ય એષ દેહાત્મમાનિનાં સત્ત્વાદિગુણવિશેષવિકલ્પિતકુશલાકુશલસમવહારવિનિર્મિતવિવિધદેહાવલિભિર્વિયોગસંયોગાદ્યનાદિસંસારાનુભવસ્ય દ્વારભૂતેન ષડિન્દ્રિયવર્ગેણ તસ્મિન્દુર્ગાધ્વવદસુગમેઽધ્વન્યાપતિત ઈશ્વરસ્ય ભગવતો વિષ્ણોર્વશવર્તિન્યા માયયા જીવલોકોઽયં યથા વણિક્સાર્થોઽર્થપરઃ સ્વદેહનિષ્પાદિતકર્માનુભવઃ શ્મશાનવદશિવતમાયાં સંસારાટવ્યાં ગતો નાદ્યાપિ વિફલબહુપ્રતિયોગેહસ્તત્તાપોપશમનીં[2] હરિગુરુચરણારવિન્દમધુકરાનુપદવીમવરુન્ધે યસ્યામુ હ વા એતે ષડિન્દ્રિયનામાનઃ કર્મણા દસ્યવ એવ તે ॥૧॥ તદ્યથા પુરુષસ્ય ધનં યત્કિઞ્ચિદ્ધર્મૌપયિકં[3] બહુકૃચ્છ્રાધિગતં સાક્ષાત્પરમપુરુષારાધનલક્ષણો[4] યોઽસૌ ધર્મસ્તં તુ સામ્પરાય ઉદાહરન્તિ। તદ્ધર્મ્યં ધનં [5]દર્શનસ્પર્શનશ્રવણાસ્વાદનાવઘ્રાણસઙ્કલ્પવ્યવસાયગૃહગ્રામ્યોપભોગેન

શ્રીશુકદેવજી કહે છે – હે રાજન્! દેહના અભિમાની જીવો વડે સત્ત્વ વગેરે ગુણોના ભેદથી શુભ, અશુભ અને મિશ્ર (શુભાશુભ) – એ ત્રણ પ્રકારનાં કર્મો થતાં રહે છે. તે કર્મો દ્વારા જ નિર્માયેલો, અનેક પ્રકારનાં શરીરો સાથે થતો, સંયોગ-વિયોગ વગેરેરૂપે જે અનાદિ સંસાર જીવોને પ્રાપ્ત થાય છે તેના અનુભવનાં છ દ્વાર છે – મન અને પાંચ જ્ઞાનેન્દ્રિયો. તેમને આધીન થઈને આ જીવસમૂહ માર્ગ ભૂલીને ભયંકર જંગલમાં ભટકતો રહીને, ધનના લોભી વણઝારાઓની જેમ, પરમસમર્થ ભગવાન વિષ્ણુને આશ્રિત રહેનારી માયાની પ્રેરણાથી ભયાનક જંગલ જેવા દુર્ગમ માર્ગે ચડીને સંસારરૂપી વનમાં જઈ પહોંચે છે. આ વન સ્મશાન જેવું અત્યંત અશુભ છે. આમાં ભટકતા જીવે પોતાના શરીરથી કરાયેલાં કર્મોનું ફળ ભોગવવું પડે છે. અહીં અનેક વિઘ્નોને કારણે તેને પોતાના કાર્ય-વ્યાપારમાં સફળતા મળતી નથી, તોપણ આ જીવ તેના શ્રમનું શમન કરનારા શ્રીહરિ અને ગુરુદેવનાં ચરણકમળોના મકરંદના મધના રસિક ભક્તોરૂપી ભમરાઓના માર્ગને અનુસરતો નથી. આ સંસારરૂપી વન (ભવાટવી)માં મન સહિત છ ઈન્દ્રિયો જ પોતાનાં કર્મોની દૃષ્ટિએ લુટારાઓ જેવી છે. (૧) મનુષ્ય ઘણુંબધું કષ્ટ વેઠીને જે ધન કમાય છે તેનો ઉપયોગ ધર્મમાં થવો જાઈએ. તે જ ધર્મ જો સાક્ષાત્ ભગવાન પરમપુરુષની આરાધનાના રૂપે થાય છે તો તે પરલોકમાં નિઃશ્રેયસનો હેતુ થાય છે એમ બતાવવામાં આવ્યું છે. પરંતુ જે મનુષ્યનો બુદ્ધિરૂપી સારથિ

૧. પ્રા. પા. – જીવલોકભાવાધ્વા । ૨. પ્રા. પા. – ૦પોપશમનાં । ૩. પ્રા. પા. – યત્કિઞ્ચિત્સાક્ષાદ્ધર્મૌપ૦ । ૪. પ્રા. પા. – યત્ પરમપુરુષા૦ । ૫. પ્રા. પા. – દર્શનસ્વાદનાવઘ્રાણસઙ્કલ્પસંવ્યવસાય૦ ।

કુનાથસ્યાજિતાત્મનો યથા સાર્થસ્ય[1] તથાઽજિતાત્મનો વિલુમ્પન્તિ ॥ ૨॥ અથ ચ યત્ર કૌટુમ્બિકા દારાપત્યાદયો નામ્ના કર્મણા વૃકસૃગાલા એવાનિચ્છતોઽપિ કદર્યસ્ય કુટુમ્બિન ઉરણકવત્સંરક્ષ્યમાણં મિષતોઽપિ[2] હરન્તિ ॥ ૩॥ યથા હ્યનુવત્સરં કૃષ્યમાણમપ્યદગ્ધબીજં ક્ષેત્રં પુનરેવાવપનકાલે ગુલ્મતૃણવીરુદ્ભિર્ગહ્વરમિવ ભવત્યેવમેવ ગૃહાશ્રમઃ કર્મક્ષેત્રં યસ્મિન્ન હિ કર્માણ્યુત્સીદન્તિ યદયં કામકરણ્ડ એષ આવસથઃ ॥ ૪॥

તત્ર ગતો[3] દંશમશકસમાપસદૈર્મનુજૈઃ શલભશકુન્તતસ્કરમૂષકાદિભિરુપરુધ્યમાનબહિઃપ્રાણઃ ક્વચિત્ પરિવર્તમાનોઽસ્મિન્નધ્વન્યવિદ્યાકામકર્મભિરુપરક્તમનસાઽનુપપન્નાર્થં નરલોકં ગન્ધર્વનગરમુપપન્નમિતિ મિથ્યાદૃષ્ટિરનુપશ્યતિ[4] ॥ ૫॥ તત્ર[5] ચ ક્વચિદાતપોદકનિભાન્ વિષયાનુપધાવતિ પાનભોજનવ્યવાયાદિવ્યસનલોલુપઃ ॥ ૬॥ ક્વચિચ્ચાશેષદોષનિષદનં પુરીષવિશેષં તદ્વર્ણગુણનિર્મિતમતિઃ સુવર્ણમુપાદિત્સત્યગ્નિકામકાતર ઈવોલ્મુકપિશાચમ્ ॥ ૭॥ અથ કદાચિન્નિવાસપાનીયદ્રવિણાદ્યનેકાત્મોપજીવનાભિનિવેશ એતસ્યાં સંસારાટવ્યામિતસ્તતઃ પરિધાવતિ ॥ ૮॥ ક્વચિચ્ચ વાત્યૌપમ્યયા પ્રમદયાઽઽરોહમારોપિતસ્તત્કાલરજસા રજનીભૂતા ઈવાસાધુમર્યાદો રજસ્વલાક્ષોઽપિ દિગ્દેવતા અતિરજસ્વલમતિર્ન વિજાનાતિ ॥ ૯॥ ક્વચિત્સકૃદવગતવિષયવૈતથ્યઃ સ્વયં

વિવેકહીન હોય છે અને મન વશમાં હોતું નથી તેના તે ધર્મના ઉપયોગ માટેના ધનને આ મનસહિત છ ઇન્દ્રિયો દર્શન, સ્પર્શ, શ્રવણ, સ્વાદ, ઘ્રાણ, સંકલ્પ-વિકલ્પ અને નિશ્ચય – એ વૃત્તિઓ વડે ગૃહસ્થોચિત વિષયભોગોમાં ફસાવીને એવી રીતે લૂંટી લે છે કે જેમ બેઈમાન સરદારનું અનુગમન કરનારા તેમ જ અસાવધાન વણઝારાઓના ટોળાના ધનને ચોર-લુટારાઓ લૂંટીને લઈ જાય છે. (૨) એટલું જ નહીં, તે સંસારવનમાં રહેતાં તેનાં કુટુંબીઓ, કે જેઓ નામથી તો પત્ની-પુત્ર વગેરે કહેવાતાં હોય છે પણ જેમનાં કર્મો સાક્ષાત્ વરૂઓ અને ગીધો જેવાં હોય છે તે અર્થલોલુપ (ધનના લાલચુ) કુટુંબીઓના ધનને (પણ) તેમની ઇચ્છા નહીં હોવા છતાંય, તેના જોતાં જ એવી રીતે ઝૂંટવીને લઈ જાય છે કે જેમ વરૂઓ ભરવાડોથી સુરક્ષિત ઘેટાંઓને ઉપાડી લઈ જાય છે. (૩) જેમ ખેતરનાં કોઈ બીજને જો અગ્નિથી બાળી નાખવામાં આવ્યાં ન હોય તો દર વર્ષે ખેડી નાખવા છતાં પણ ખેતી (વાવણી)નો સમય આવતાં તે ખેતર ફરી પાછું ઝાડઝાંખરાં, વેલા, ઘાસ વગેરેથી ગીચ થઈ જાય છે, તેવી જ રીતે આ ગૃહસ્થાશ્રમ પણ કર્મોની ભૂમિ છે, એમાં પણ કર્મોનો સર્વથા ઉચ્છેદ ક્યારેય થતો નથી, કારણ કે આ ઘર (ગૃહસ્થી) કામનાઓનો પટારો છે. (૪)

ગૃહસ્થાશ્રમમાં આસક્ત થયેલી તે વ્યક્તિના ધનરૂપ બાહ્ય પ્રાણોને ડાંસ અને મચ્છરો જેવા નીચ મનુષ્યોથી તથા શલભ (તીડ), શકુન્ત (પક્ષી), ચોર, ઉંદર વગેરેથી હાનિ પહોંચતી રહે છે. ક્યારેક આ માર્ગમાં ભટકતી ભટકતી આ વ્યક્તિ અવિદ્યા, કામના અને કર્મોથી કલુષિત થયેલા પોતાના મનથી, દૃષ્ટિદોષને કારણે, ગંધર્વનગર જેવા અસત્ (મિથ્યા) એવા આ મર્ત્યલોકને સત્ય સમજવા લાગે છે. (૫) પછી ખાવું-પીવું અને સ્ત્રીસમાગમ વગેરે વ્યસનોમાં ફસાઈને મૃગજળ જેવા મિથ્યા (અસત્) વિષયો તરફ દોડવા લાગે છે. (૬) ક્યારેક બુદ્ધિના રજોગુણથી પ્રભાવિત થવાથી તમામ અનર્થોના મૂળ અગ્નિના મળરૂપ સુવર્ણને જ સુખનું સાધન સમજીને તેને પામવા માટે આતુર થઈને એવી રીતે દોડાદોડ કરવા લાગે છે કે જેમ વનમાં ઠંડીથી થથરતો માણસ આગ માટે વ્યાકુળ થઈને ઉલ્મૂક પિશાચ (આગિયા-વેતાળ) ભણી તેને આગ માનીને દોડે છે. (૭) ક્યારેક આ શરીરને જીવિત રાખનાર ઘર, અન્ન-જળ, ધન વગેરેમાં અભિનિવેશ કરીને આ સંસારરૂપી વનમાં અહીં-તહીં દોડધામ કરતો રહે છે. (૮) ક્યારેક આંધીની જેમ આંખોમાં ધૂળ ભરી દેનારી સ્ત્રી (પત્ની) ખોળામાં બેસાડી લે છે તો તત્કાળ પ્રેમાંધ બની જઈને સત્પુરુષોની મર્યાદાનો પણ વિચાર કરતો નથી. તે સમયે આંખોમાં રજોગુણની ધૂળ ભરાઈ

૧. પ્રા. પા. – યથા સાર્થિકસ્ય । ૨. પ્રા. પા. – નિમિષતો૦ । ૩. પ્રા. પા. – રતો દંશમશકાપસદૈ૦ । ૪. પ્રાચીન પ્રતમાં 'મિથ્યાદૃષ્ટિરનુપશ્યતિ' – એ ભાગ ખંડિત છે. ૫. પ્રાચીન પ્રતમાં 'તત્ર ચ' – એ પાઠ નથી.

પરાભિધ્યાયેન વિભ્રંશિતસ્મૃતિસ્તયૈવ મરીચિતોયપ્રાયાં-સ્તાનેવાભિધાવતિ ॥ ૧૦॥ ક્વચિદુલૂકઝિલ્લીસ્વન-વદતિપરુષરભસાટોપં[1] પ્રત્યક્ષં પરોક્ષં વા રિપુરાજ-કુલનિર્ભર્ત્સિતેનાતિવ્યથિતકર્ણમૂલહૃદયઃ ॥ ૧૧॥

સ યદા દુગ્ધપૂર્વસુકૃતસ્તદા કારસ્કરકાક-તુણ્ડાદ્યપુણ્યદ્રુમલતાવિષોદપાનવદુભયાર્થશૂન્ય-દ્રવિણાઞ્જીવન્મૃતાન્ સ્વયં જીવન્મ્રિયમાણ ઉપધાવતિ ॥ ૧૨॥ એકદાઽસત્પ્રસઙ્ગાન્નિકૃતમતિ-ર્વ્યુદકસ્રોતઃસ્ખલનવદુભયતોઽપિ[2] દુઃખદં પાખણ્ડમભિયાતિ ॥ ૧૩॥ યદા તુ પરબાધયાન્ધ આત્મને નોપનમતિ તદા હિ પિતૃપુત્રબર્હિષ્મતઃ પિતૃપુત્રાન્ વા સ ખલુ ભક્ષયતિ ॥ ૧૪॥ ક્વચિદાસાદ્ય ગૃહં દાવવત્પ્રિયાર્થવિધુરમસુખોદર્કં શોકાગ્નિના દહ્યમાનો ભૃશં નિર્વેદમુપગચ્છતિ ॥ ૧૫॥ ક્વચિત્કાલવિષમિત-રાજકુલરક્ષસાઽપહૃતપ્રિયતમધનાસુઃ પ્રમૃતક[3] ઇવ વિગતજીવલક્ષણ આસ્તે ॥ ૧૬॥ કદાચિન્મનોરથોપગતપિતૃપિતામહાદ્યસત્સદિતિ સ્વપ્ન-નિર્વૃતિલક્ષણમનુભવતિ ॥ ૧૭॥ ક્વચિદ્ ગૃહાશ્રમકર્મચોદનાતિભરગિરિમારુરુક્ષમાણો લોક-વ્યસનકર્ષિતમનાઃ કણ્ટકશર્કરાક્ષેત્રં પ્રવિશન્નિવ સીદતિ ॥ ૧૮॥ ક્વચિચ્ચ દુઃસહેન કાયાભ્યન્તરવહ્નિના ગૃહીતસારઃ[4] સ્વકુટુમ્બાય ક્રુધ્યતિ ॥ ૧૯॥ સ એવ પુનર્નિદ્રાજગરગૃહીતોઽન્ધે તમસિ મગ્નઃ શૂન્યારણ્ય ઇવ શેતે નાન્યત્ કિઞ્ચન વેદ શવ ઇવાપવિદ્ધઃ ॥ ૨૦॥

જવાથી બુદ્ધિ એવી મલિન થઈ જાય છે કે પોતાનાં કર્મોના સાક્ષી દિશાઓના દેવતાઓને પણ વિસારે પાડી દે છે. (૯) ક્યારેક આપોઆપ જ એકાદ વાર વિષયોનું મિથ્યાપણું જાણી લેવા છતાં પણ અનાદિકાળથી શરીરમાં આત્મબુદ્ધિ રહેવાથી વિવેકબુદ્ધિ નષ્ટ થઈ જવાને કારણે રણમાંના મૃગજળ જેવા વિષયો તરફ જ પાછો દોડવા લાગે છે. (૧૦) ક્યારેક પ્રત્યક્ષ બોલનારા ઘૂવડ જેવા શત્રુઓની અને પરોક્ષપણે બોલનારાં તમરાંઓ જેવા રાજાની અત્યંત કઠોર તેમ જ દિલને દઝાડનારી ભયાવહ ધાકધમકીથી તેના કાન અને મનને ઘણી વેદના થાય છે. (૧૧)

પૂર્વે કરેલાં પુણ્યો ક્ષીણ થઈ જવાથી આ જીવતો જ મરેલા (મડદા) જેવો થઈ જાય છે; અને જેઓ કારસ્કર, કાકતુંડ વગેરે ઝેરી ફળોવાળાં પાપ-વૃક્ષો, એવા જ પ્રકારની દૂષિત વેલીઓ અને ઝેરી કૂવાઓ જેવા છે તથા જેમનું ધન આ લોક અને પરલોક - બંનેય માટે કામમાં આવતું નથી અને જેઓ જીવિત હોવા છતાં શબવત્ છે - તેવા કૃપણ મનુષ્યોનો આશ્રય લે છે. (૧૨) ક્યારેક અસત્ (દુષ્ટ) મનુષ્યોના સંગથી બુદ્ધિ બગડી જવાને કારણે, સૂકી નદીમાં પડીને દુઃખી થયા જેવો એ લોક અને પરલોકમાં દુઃખ આપનારા પાખંડમાં જઈ પડે છે. (૧૩) બીજાંઓને સતાવવાથી એને જ્યારે અન્ન પણ મળતું નથી ત્યારે એ પોતાના સગા પિતા અને પુત્રોને અથવા જેમની પાસે પિતા, પુત્ર વગેરેનું એક તણખલું પણ જુએ છે તેમને ફાડી ખાવા તત્પર બની જાય છે. (૧૪) ક્યારેક પ્રિય વિષયો વિનાના અને પરિણામે દુઃખમય લાગતા ઘરમાં દાવાનળની જેમ જઈ પહોંચે છે તો ત્યાં ઇષ્ટજનોનો વિયોગ-વગેરેથી તેના શોકની આગ ભભૂકી ઊઠે છે; તેનાથી સંતપ્ત થઈને તે ઘણો જ ખિન્ન થવા લાગે છે. (૧૫) ક્યારેક કાળ જેવો ભયંકર રાજકુળરૂપ રાક્ષસ તેના પરમ પ્રિય ધનરૂપી પ્રાણને હરી લે છે ત્યારે તે શબવત્ નિર્જીવ થઈ જાય છે. (૧૬) ક્યારેક મનોરથના પદાર્થો જેવા અત્યંત મિથ્યા, પિતા-પિતામહ વગેરે સંબંધોને સત્ય માનીને તેમના સહવાસથી સ્વપ્નવત્ ક્ષણિક સુખ અનુભવે છે. (૧૭) ગૃહસ્થાશ્રમ માટે જે કર્મવિધિનો ઘણો વિસ્તાર કરવામાં આવ્યો છે તેનું અનુષ્ઠાન કોઈ પર્વતના કપરા ચઢાણ જેવું જ છે. લોકોને તે તરફ પ્રવૃત્તિ કરતા જોઈને તેમની દેખાદેખીથી જ્યારે આ પણ તે અનુષ્ઠાન પૂરું કરવાનો પ્રયત્ન કરે છે, ત્યારે જાતજાતની મુશ્કેલીઓથી ક્લેશ પામીને, કાંટા અને કાંકરાથી ભરેલી ભૂમિમાં જઈ પહોંચેલી વ્યક્તિની જેમ દુઃખી થઈ જાય છે. (૧૮) ક્યારેક પેટની અસહ્ય આગથી અધીરો થઈને પોતાના કુટુંબ પર ગુસ્સે થાય છે. (૧૯) પછી જ્યારે નિદ્રારૂપ

૧. પ્રા. પા. – ૦પરુષસંરંભસાટોપં પ્રત્યક્ષં વા રિપુરાજ૦ । ૨. પ્રા. પા. – ૦મતિર્વિદિવસ્રોતઃસ્વનેન સ્ખલન૦ । ૩. પ્રા. પા. – ૦મૃત ઇવ । ૪. પ્રા. પા. – ગૃહીતગતસારઃ ।

કદાચિદ્[1] ભગ્નમાનદંષ્ટ્રો દુર્જનદન્દશૂકૈરલબ્ધનિદ્રાક્ષણો વ્યથિતહૃદયેનાનુક્ષીયમાણવિજ્ઞાનોઽન્ધકૂપેઽન્ધવત્પતતિ ॥ ૨૧॥ કર્હિ સ્મ[2] ચિત્કામમધુલવાન્ વિચિન્વન્ યદા પરદારપરદ્રવ્યાણ્યવરુન્ધાનો રાજ્ઞા સ્વામિભિર્વા નિહતઃ પતત્યપારે નિરયે ॥ ૨૨॥ અથ ચ તસ્માદુભયથાઽપિ હિ કર્માસ્મિન્નાત્મનઃ સંસારાવપનમુદાહરન્તિ ॥ ૨૩॥ મુક્તસ્તતો યદિ બન્ધાદ્દેવદત્ત ઉપાચ્છિનત્તિ તસ્માદપિ વિષ્ણુમિત્ર ઇત્યનવસ્થિતિઃ ॥ ૨૪॥ ક્વચિચ્ચ શીતવાતાદ્યનેકાધિદૈવિકભૌતિકાત્મીયાનાં દશાનાં પ્રતિનિવારણેઽકલ્પો દુરન્તચિન્તયા વિષણ્ણ[3] આસ્તે ॥ ૨૫॥ ક્વચિન્મિથો વ્યવહરન્[4] યત્કિઞ્ચિદ્ધનમન્યેભ્યો વા કાકિણિકામાત્રમપ્યપહરન્ યત્કિઞ્ચિદ્વા વિદ્વેષમેતિ વિત્તશાઠ્યાત્ ॥ ૨૬॥

અધ્વન્યમુષ્મિન્નિમ ઉપસર્ગાસ્તથા સુખદુઃખરાગદ્વેષભયાભિમાનપ્રમાદોન્માદશોકમોહલોભમાત્સર્યેર્ષ્યાવમાનક્ષુત્પિપાસાધિવ્યાધિજન્મજરામરણાદયઃ ॥ ૨૭॥ ક્વાપિ દેવમાયયા સ્ત્રિયા ભુજલતોપગૂઢઃ પ્રસ્કન્નવિવેકવિજ્ઞાનો[5] યદ્વિહારગૃહારમ્ભાકુલહૃદયસ્તદાશ્રયાવસક્તસુતદુહિતૃકલત્રભાષિતાવલોકવિચેષ્ટિતાપહૃતહૃદય[6] આત્માનમજિતાત્માપારેઽન્ધે[7] તમસિ પ્રહિણોતિ ॥ ૨૮॥

અજગરની ચુંગાલમાં ફસાઈ જાય છે ત્યારે અજ્ઞાનરૂપ ઘોર અંધકારમાં ડૂબીને, સૂના વનમાં ફેંકી દીધેલા મડદા જેવો સૂતેલો પડી રહે છે. તે સમયે તેને કોઈ વાતનું ભાન રહેતું નથી. (૨૦)

ક્યારેક દુર્જનોરૂપી કરડનારા – દંશ દેનારા જીવ એટલા કરડે છે, તિરસ્કાર કરે છે કે જેમના વડે આ બીજાઓને કરડતો હતો, એના તે ગર્વરૂપી દાંત તૂટી જાય છે; ત્યારે આને અશાંતિને કારણે ઊંઘ પણ આવતી નથી તથા મર્મ-વેદનાને કારણે ક્ષણે-ક્ષણે વિવેકશક્તિ ક્ષીણ થતી રહેવાથી અંતે આંધળાની જેમ આ નરકરૂપ અંધારા કૂવામાં જઈ પડે છે. (૨૧) ક્યારેક વિષયસુખરૂપ મધુબિંદુઓને ખોળતો-ખોળતો આ જ્યારે છાનાં-છપનાં પરસ્ત્રી કે પરધનને તફડાવવા ઇચ્છે છે ત્યારે તેમના સ્વામીઓ કે રાજાના હાથે માર્યો જઈને એવા નરકમાં જઈ પડે છે કે જેનો કોઈ પાર-પત્તો નથી. (૨૨) આથી જ એવું કહેવાય છે કે પ્રવૃત્તિમાર્ગમાં રહીને કરેલાં લૌકિક અને વૈદિક બંનેય પ્રકારનાં કર્મો જીવને સંસારની જ પ્રાપ્તિ કરાવે છે. (૨૩) જો કોઈ રીતે રાજા વગેરેના બંધનમાંથી આ છૂટી પણ જાય, તો અન્યાયથી અપહરણ કરેલ તે સ્ત્રી કે ધનને દેવદત્ત નામની કોઈ બીજી વ્યક્તિ છીનવી લે છે અને તેની પાસેથી (વળી) વિષ્ણુમિત્ર નામની કોઈ ત્રીજી વ્યક્તિ આંચકી લે છે. આ પ્રમાણે તે ભોગો એક મનુષ્ય પાસેથી બીજા મનુષ્ય પાસે જતા રહેતા હોય છે, એક ઠેકાણે ઠરીને રહેતા નથી. (૨૪) ક્યારેક ક્યારેક ઠંડી, વાવાઝોડું વગેરે આધિદૈવિક, આધિભૌતિક અને આધ્યાત્મિક અનેક દુઃખોની પરિસ્થિતિઓનું નિવારણ કરવામાં સમર્થ નહીં હોવાથી આ અપાર ચિંતાઓને કારણે ઉદાસ થઈ જાય છે. (૨૫) ક્યારેક પરસ્પર આપ-લેનો વ્યવહાર કરતી વખતે કોઈ બીજાનું થોડું-સરખું, પૈસાભાર અથવા એનાથી પણ ઓછું ધન ચોરી લે છે તો આ બેઈમાનીને કારણે તેની સાથે વેર બંધાઈ જાય છે. (૨૬)

હે રાજન્! આ માર્ગમાં અગાઉ કહ્યાં તે વિઘ્નો ઉપરાંત સુખ-દુઃખ, રાગ-દ્વેષ, ભય, અભિમાન, પ્રમાદ, ઉન્માદ, શોક, લોભ, મોહ, મત્સર, ઈર્ષ્યા, અપમાન, ભૂખ-તરસ, આધિ-વ્યાધિ, જન્મ, જરા (વૃદ્ધત્વ), મૃત્યુ વગેરે બીજાં પણ અનેક વિઘ્નો છે. (૨૭) (આ વિઘ્નપ્રચુર માર્ગમાં આ રીતે ભટકતો જીવ) કોઈ વખત દેવમાયારૂપી સ્ત્રીના બાહુપાશમાં પડીને વિવેકહીન થઈ જાય છે ત્યારે તેના માટે વિહારગૃહ વગેરે બનાવવાની ચિંતાથી ગ્રસ્ત રહે છે તથા તેના આશ્રયે રહેનારાં પુત્ર, પુત્રી અને અન્ય બીજી સ્ત્રીઓના મીઠા મીઠા બોલ, દૃષ્ટિ (નેત્રકટાક્ષ) અને ચેષ્ટાઓમાં આસક્ત થઈને, તેમનામાં જ ચિત્ત ફસાઈ જવાથી તે ઇન્દ્રિયોનો દાસ અપાર અંધકારમય નરકોમાં પડે છે. (૨૮)

૧. પ્રા. પા. – ક્વચિત્ । ૨. પ્રા. પા. – કર્હિચિત્ । ૩. પ્રા. પા. – આપન્ન । ૪. પ્રા. પા. – વ્યવહર વા કાકિણિકામાત્રમપ્યેવ હરિત યત્કિં૦ । ૫. પ્રા. પા. – ૦વિજ્ઞાનસ્તદ્વિહારગૃહા૦ । ૬. પ્રા. પા. – ૦ભાષિતાલોકવિચેષ્ટિતાહૃતહૃદય । ૭. પ્રા. પા. – ૦ત્માપારે તમસિ ।

કદાચિદીશ્વરસ્ય ભગવતો વિષ્ણોશ્ચક્રાત્ પરમાણ્વાદિદ્વિપરાર્ધાપવર્ગકાલોપલક્ષણાત્પરિવર્તિતેન[1] વયસા રંહસા હરત આબ્રહ્મતૃણસ્તમ્બાદીનાં ભૂતાનામનિમિષતો મિષતાં વિત્રસ્તહૃદયસ્તમેવેશ્વરં કાલચક્રનિજાયુધં સાક્ષાદ્ભગવન્તં યજ્ઞપુરુષમનાદૃત્ય પાખણ્ડદેવતાઃ કઙ્કગૃધ્રબકવટપ્રાયા[2] આર્યસમયપરિહૃતાઃ સાઙ્કેત્યેનાભિધત્તે ॥ ૨૯॥ યદા પાખણ્ડિભિરાત્મવઞ્ચિતૈસ્તૈરુરુ વઞ્ચિતો બ્રહ્મકુલં સમાવસંસ્તેષાં શીલમુપનયનાદિશ્રૌતસ્માર્તકર્માનુષ્ઠાનેન ભગવતો યજ્ઞપુરુષસ્યારાધનમેવ તદરોચયન્ શૂદ્રકુલં ભજતે નિગમાચારેઽશુદ્ધિતો યસ્ય મિથુનીભાવઃ કુટુમ્બભરણં યથા વાનરજાતેઃ ॥ ૩૦॥ તત્રાપિ નિરવરોધઃ સ્વૈરેણ વિહરન્નતિકૃપણબુદ્ધિરન્યોન્યમુખનિરીક્ષણાદિના ગ્રામ્યકર્મણૈવ વિસ્મૃતકાલાવધિઃ ॥ ૩૧॥ ક્વચિદ્ દ્રુમવદૈહિકાર્થેષુ ગૃહેષુ રંસ્યન્ યથા વાનરઃ સુતદારવત્સલો વ્યવાયક્ષણઃ ॥ ૩૨॥

એવમધ્વન્યવરુન્ધાનો મૃત્યુગજભયાત્તમસિ ગિરિકન્દરપ્રાયે ॥ ૩૩॥ ક્વચિચ્છીતવાતાદ્યનેકદૈવિકભૌતિકાત્મીયાનાં દુઃખાનાં પ્રતિનિવારણેઽકલ્પો દુરન્તવિષયવિષણ્ણ આસ્તે ॥ ૩૪॥ ક્વચિન્મિથો વ્યવહરન્ યત્કિઞ્ચિદ્ધનમુપયાતિ વિત્તશાઠ્યેન ॥ ૩૫॥ ક્વચિત્ક્ષીણધનઃ

કાળચક્ર સાક્ષાત્ ભગવાન વિષ્ણુનું આયુધ છે. તે પરમાણુથી માંડીને દ્વિપરાર્ધ સુધીના પળ-ઘડી વગેરે અવયવોથી યુક્ત છે. તે નિરંતર સાવધાન રહીને ઘૂમતું રહે છે, જલદી જલદી બદલાતી બાળપણ, યૌવન વગેરે અવસ્થાઓ જ તેની ગતિ છે. તેના વડે તે બ્રહ્માથી માંડીને ક્ષુદ્ર—અતિક્ષુદ્ર તણખલા સુધીનાં બધાં જ ભૂત-પ્રાણીપદાર્થોનો નિરંતર સંહાર કરતું રહે છે. તેની ગતિમાં કોઈ પણ અડચણ ઊભી કરી શકતું નથી. તેનો ભય રાખવા છતાં પણ, જેમનું આ કાળચક્ર નિજી આયુધ છે તે સાક્ષાત્ ભગવાન યજ્ઞપુરુષની આરાધના છોડીને આ મંદ બુદ્ધિનો મનુષ્ય પાખંડીઓના ચક્કરમાં પડીને તેમના કંક, ગીધ, બગ અને બટેર જેવા, આર્યશાસ્ત્રોએ બહિષ્કૃત કરેલા દેવતાઓનો આશ્રય લે છે — કે જેમનો માત્ર વેદ-બહારના અપ્રામાણિક આગમ-શાસ્ત્રોએ જ ઉલ્લેખ કર્યો છે. (૨૯) આ પાખંડીઓ તો પોતે જ છેતરાયેલા છે; જ્યારે આ પણ તેમની છેતરપિંડીમાં ભેરવાઈને દુઃખી થાય છે ત્યારે બ્રાહ્મણોનું શરણ લે છે. પરંતુ ઉપનયન-સંસ્કાર પછીનાં શ્રુતિ-સ્મૃતિ-કથિત કર્મોથી ભગવાન યજ્ઞપુરુષની આરાધના કરવી વગેરે તેમનાં (બ્રાહ્મણોનાં) જે શાસ્ત્રોક્ત આચરણ છે તે તેને સારાં લાગતાં નથી; તેથી વેદોક્ત આચરણોને અનુકૂળ શુદ્ધિ પોતાનામાં નહીં હોવાને કારણે આ કર્મો વિનાના શૂદ્ર-કુળમાં પ્રવેશે છે, કે જેનો સ્વભાવ વાનરોની જેમ કેવળ કુટુંબનું પોષણ અને સ્ત્રીનું સેવન કરવું એ જ છે. (૩૦) ત્યાં કોઈ રોક-ટોક વિના, સ્વચ્છંદ વિહાર કરવાથી આની બુદ્ધિ અત્યંત દીન થઈ જાય છે અને એક-બીજાનાં મુખ જોવાં વગેરે વિષયભોગોમાં ફસાઈને આને પોતાના મૃત્યુકાળનું પણ સ્મરણ થતું નથી. (૩૧) વૃક્ષોની જેમ જેમનું ફળ લૌકિક સુખ જ છે તેવાં ઘરોમાં જ સુખ માનીને વાનરોની જેમ પત્ની-પુત્ર વગેરેમાં આસક્ત થઈને આ પોતાનો સઘળો સમય મૈથુન વગેરે વિષયભોગોમાં જ વિતાવી દે છે. (૩૨)

આ પ્રમાણે પ્રવૃત્તિમાર્ગમાં અવરોધાયેલો સુખ-દુઃખ ભોગવતો આ જીવ રોગરૂપી પર્વતગુફામાં ફસાય છે અને તેમાં રહેતા મૃત્યુરૂપી હાથીથી ડરતો રહે છે. (૩૩) ક્યારેક ક્યારેક ઠંડી (હિમપાત), વાવાઝોડું વગેરે અનેક પ્રકારનાં આધિદૈવિક, આધિભૌતિક અને આધ્યાત્મિક દુઃખોનું નિવારણ કરવામાં અસફળ થાય છે ત્યારે તે સમયે વિષયોની અપાર ચિંતાથી આ જીવ ખિન્ન બની જાય છે. (૩૪) ક્યારેક પરસ્પર ખરીદ-વેચાણ વગેરે વ્યાપાર કરતાં ઘણી કંજુસાઈ કરવાથી આને થોડુંક ધન મળી જાય છે. (૩૫) ક્યારેક ધનનો નાશ થવાથી જ્યારે આની પાસે સૂવા, બેસવા, ખાવા વગેરેની

૧. પ્રા. પા. – પરમાણ્વાદિપરાર્દ્ધા૦ । ૨. પ્રા. પા. – વટબક૦ ।

શય્યાસનાશનાદ્યુપભોગવિહીનો[1] યાવદપ્રતિલબ્ધ-[2] મનોરથોપગતાદાનેઽવસિતમતિસ્તતસ્તતોઽવમાનાદીનિ જનાદભિલભતે ॥ ૩૬॥ એવં વિત્તવ્યતિષઙ્ગવિવૃદ્ધ-વૈરાનુબન્ધોઽપિ પૂર્વવાસનયા મિથ ઉદ્વહત્યથાપવહતિ ॥ ૩૭॥ એતસ્મિન્ સંસારાધ્વનિ નાનાક્લેશોપસર્ગ-બાધિત આપન્નવિપન્નો યત્ર[3] યસ્તમુ હ વાવેતરસ્તત્ર[4] વિસૃજ્ય જાતં જાતમુપાદાય શોચન્મુહ્યન્ બિભ્યદ્વિવદન્[5] ક્રન્દન્ સંહૃષ્યન્ ગાયન્નહ્યમાનઃ[6] સાધુવર્જિતો નૈવાવર્તતેઽદ્યાપિ યત આરબ્ધ એષ નરલોકસાર્થો યમધ્વનઃ પારમુપદિશન્તિ ॥ ૩૮॥ યદિદં યોગાનુશાસનં ન વા[7] એત-દવરુન્ધતે યન્ન્યસ્તદણ્ડા મુનય ઉપશમશીલા ઉપરતાત્માનઃ સમવગચ્છન્તિ ॥ ૩૯॥ યદપિ દિગિભજયિનો યજ્વિનો યે વૈ રાજર્ષયઃ કિં તુ પરં મૃધે શયીરન્નસ્યામેવ મમેયમિતિ[8] કૃતવૈરાનુબન્ધા યાં વિસૃજ્ય સ્વયમુપસંહતાઃ ॥ ૪૦॥ કર્મવલ્લી-મવલમ્બ્ય તત આપદઃ કથઞ્ચિન્નરકાદ્વિમુક્તઃ પુન-રપ્યેવં સંસારાધ્વનિ વર્તમાનો નરલોકસાર્થમુપયાતિ એવમુપરિ ગતોઽપિ ॥ ૪૧॥

પણ કોઈ સામગ્રી રહેતી નથી ત્યારે પોતાના અભીપ્સિત ભોગો નહીં મળવાથી આ તેમને ચોરી વગેરે હીણા ઉપાયોથી મેળવવાનો નિશ્ચય કરે છે. આને લીધે આણે જ્યાં ને ત્યાં બીજાઓના હાથે ઘણું અપમાનિત થવું પડે છે. (૩૬) આ પ્રમાણે ધનની આસક્તિથી પરસ્પર વેરભાવ વધી જવાથી પણ આ પોતાની પૂર્વ-વાસનાઓથી વિવશ થઈને પરસ્પર લગ્ન વગેરે સંબંધ બાંધતો અને તોડતો રહે છે. (૩૭) આ સંસારમાર્ગમાં ચાલનારો આ જીવ અનેક પ્રકારના ક્લેશો અને વિઘ્નો-અડચણોથી બાધિત થવા છતાં પણ માર્ગમાં જેના પર જ્યાં સંકટ આવે છે અથવા જે કોઈ મરી જાય છે તેને ત્યાં જ છોડી દે છે તથા નવા જન્મેલાઓનો સાથ સાધે છે; ક્યારેક કોઈના માટે શોક કરે છે, કોઈનું દુઃખ જોઈને મૂર્ચ્છિત થઈ જાય છે, કોઈનો વિયોગ થવાની આશંકાથી ભયભીત થઈ જાય છે, કોઈની સાથે ઝઘડવા લાગે છે, કોઈ સંકટ આવે તો રોકકળ કરવા લાગે છે, ક્યારેક મનને અનુકૂળ કોઈ વાત બની જાય તો ખુશીનો માર્યો ફૂલ્યો સમાતો નથી, ક્યારેક ગાવા લાગે છે અને ક્યારેક તેમને ખાતર બંધનમાં પડવામાં પણ ખચકાતો નથી. સાધુઓ આની પાસે ક્યારેય આવતા નથી, આ સાધુઓના સંગથી હંમેશાં વંચિત રહે છે. આ પ્રમાણે આ નિરંતર આગળ જ વધતો રહે છે. જ્યાંથી આની યાત્રા શરૂ થઈ છે અને જેને આ માર્ગની અંતિમ અવધિ કહે છે તે પરમાત્મા પાસે આ આજ સુધી પાછો ફર્યો નથી. (૩૮) આ યોગશાસ્ત્ર (કર્મકાંડ) પરમાત્મા સુધી તો પહોંચાડી શકતું નથી; જેમણે બધા પ્રકારના દંડ (શાસન)નો ત્યાગ કરી દીધો છે તે નિવૃત્તિપરાયણ સંયત આત્માવાળા મુનિજનો તે (પરમાત્મા)ને પ્રાપ્ત કરી શકે છે. (૩૯) જેઓ દિગ્ગજોને જીતનારા અને મોટા-મોટા યજ્ઞોનું અનુષ્ઠાન કરનારા રાજર્ષિઓ છે તેમની પણ ત્યાં સુધી ગતિ નથી. તેઓ સંગ્રામભૂમિમાં શત્રુઓનો સામનો કરીને કેવળ પ્રાણોનો પરિત્યાગ જ કરે છે તથા જેમાં આ 'મારી' છે એવું અભિમાન કરીને વેર બાંધ્યું હતું તે પૃથ્વીમાં જ પોતાનું શરીર છોડીને પોતે પરલોકમાં ચાલ્યા જાય છે; તેઓ પણ આ સંસારને પાર કરી શકતા નથી. (૪૦) પોતાનાં પુણ્યકર્મોરૂપી લતાનો આશ્રય લઈને જો કોઈ પ્રકારે આ જીવ તે સંકટોમાંથી કે નરકમાંથી છુટકારો મેળવી પણ લે છે તો ફરી પાછો આ જ પ્રમાણે સંસારમાર્ગમાં ભટકતો-ભટકતો આ જનસમુદાયમાં ભળી જાય છે. આ જ દશા સ્વર્ગ વગેરે ઊર્ધ્વ લોકોમાં જનારાઓની પણ છે. (૪૧)

૧. પ્રા. પા. – ૦શનાદિકામભોગ્યવિહીનો । ૨. પ્રા. પા. – ૦લબ્ધમનોરથસ્તસ્યાદાનેઽવ૦ । ૩. પ્રાચીન પ્રતમાં 'યત્ર' પાઠ નથી. ૪. પ્રા. પા. – તત્ર તત્ર વિસૃજ્ય । ૫. પ્રા. પા. – વિરસન્ રુદન્નાદન્ સંહ૦ । ૬. પ્રા. પા. – મુહ્યમાનઃ । ૭. પ્રા. પા. – ન મે એતદેવ રુન્ધતે ન્યસ્તદણ્ડા મુનયઃ । ૮. પ્રા. પા. – મમેદમિતિ કૃતવૈરાનુબન્ધા વિસૃજ્ય ।

તસ્યેદમુપગાયન્તિ –

આર્ષભસ્યેહ રાજર્ષેર્મનસાપિ મહાત્મનઃ ।
નાનુવર્ત્માર્હતિ નૃપો મક્ષિકેવ ગરુત્મતઃ ॥ ૪૨॥

યો દુસ્ત્યજાન્દારસુતાન્ સુહૃદ્રાજ્યં હૃદિસ્પૃશઃ ।
જહૌ યુવૈવ મલવદુત્તમશ્લોકલાલસઃ ॥ ૪૩॥

યો દુસ્ત્યજાન્ ક્ષિતિસુતસ્વજનાર્થદારાન્
પ્રાર્થ્યાં શ્રિયં સુરવરૈઃ સદયાવલોકામ્ ।
નૈચ્છન્નૃપસ્તદુચિતં મહતાં મધુદ્વિટ્-
સેવાનુરક્તમનસામભવોઽપિ ફલ્ગુઃ ॥ ૪૪॥

યજ્ઞાય ધર્મપતયે વિધિનૈપુણાય
યોગાય સાઙ્ખ્યશિરસે પ્રકૃતીશ્વરાય ।
નારાયણાય હરયે નમ ઇત્યુદારં
હાસ્યન્મૃગત્વમપિ યઃ સમુદાજહાર ॥ ૪૫॥

ય ઇદં ભાગવતસભાજિતાવદાતગુણકર્મણો રાજર્ષેર્ભરતસ્યાનુચરિતં સ્વસ્ત્યયનમાયુષ્યં ધન્યં યશસ્યં સ્વર્ગ્યાપવર્ગ્યં[1] વાઽનુશૃણોત્યાખ્યાસ્યત્યભિનન્દતિ[2] ચ સર્વા એવાશિષ આત્મન આશાસ્તે ન કાઞ્ચન પરત ઇતિ ॥ ૪૬॥

હે રાજન્! રાજર્ષિ ભરત વિશે પંડિતજનો એવું કહે છે કે 'જેમ ગરુડની સ્પર્ધા કોઈ માખી કરી શકતી નથી, તેવી જ રીતે રાજર્ષિ મહાત્મા ભરતજીના માર્ગનું અનુસરણ કોઈ અન્ય રાજા મનથી પણ કરી શકતો નથી. (૪૨) તેમણે પુણ્યકીર્તિ શ્રીહરિમાં અનુરક્ત થઈને અતિમનોરમ પત્ની, પુત્રો, મિત્રો અને રાજ્ય વગેરેનો યુવાવસ્થામાં જ વિષ્ઠાની જેમ ત્યાગ કરી દીધો હતો; બીજાઓ માટે તો એ બધાનો ત્યાગ કરવો અત્યંત મુશ્કેલ છે. (૪૩) તેમણે ત્યજી દેવાં અતિ-મુશ્કેલ એવાં પૃથ્વી, પુત્રો, સ્વજનો, સંપત્તિ અને પત્નીની તથા જેના માટે મોટા મોટા દેવતાઓ પણ કરગરતા રહે છે પણ જે પોતે તેમના પ્રત્યે દયાદૃષ્ટિ કરવા તેમના પર દૃષ્ટિપાત કરતી રહે છે તે લક્ષ્મીની પણ લેશમાત્ર ઇચ્છા કરી નહીં. આ બધું તેમને યોગ્ય જ હતું; કારણ કે જે મહાનુભાવોનું ચિત્ત ભગવાન મધુસૂદનની સેવામાં અનુરક્ત થઈ ગયું હોય છે તેમની દૃષ્ટિમાં મોક્ષનું પદ પણ અત્યંત તુચ્છ છે. (૪૪) તેમણે મૃગ-શરીરનો ત્યાગ કરવાની ઇચ્છા થતાં ઊંચા અવાજે કહ્યું હતું કે ધર્મનું રક્ષણ કરનારા, ધર્મના અનુષ્ઠાનમાં નિપુણ, યોગ વડે જાણી શકાનારા, સાંખ્ય (યોગ)ના પ્રતિપાદ્ય, પ્રકૃતિના અધીશ્વર, યજ્ઞમૂર્તિ સર્વ-અંતર્યામી શ્રીહરિને નમસ્કાર છે.' (૪૫)

હે રાજન્! રાજર્ષિ ભરતના પવિત્ર ગુણો અને કર્મોની ભક્તજનો પણ પ્રશંસા કરે છે. તેમનું આ ચરિત્ર ઘણું કલ્યાણકારી, આયુષ્ય અને ધનની વૃદ્ધિ કરનારું, લોકમાં (સંસારમાં) સુયશ વધારનારું અને અંતે સ્વર્ગ તથા મોક્ષ મેળવી આપનારું છે. જે મનુષ્ય આ ચરિત્ર સાંભળે છે અથવા સંભળાવે છે અને આનું અભિનંદન કરે છે તેની સઘળી કામનાઓ આપમેળે જ પૂર્ણ થઈ જાય છે; બીજાઓ પાસેથી તેણે કશું જ માગવું પડતું નથી. (૪૬)

==★==

ઇતિ શ્રીમદ્ભાગવતે મહાપુરાણે પારમહંસ્યાં સંહિતાયાં પઞ્ચમસ્કન્ધે ભરતોપાખ્યાને પારોક્ષ્યવિવરણં નામ ચતુર્દશોઽધ્યાયઃ ॥ ૧૪॥

પાંચમા સ્કંધ-અંતર્ગત ભરત-ઉપાખ્યાનમાંનો પારોક્ષ્યવિવરણ નામનો ચૌદમો અધ્યાય સમાપ્ત.

==★==

પંદરમો અધ્યાય

ભરતજીના વંશનું વર્ણન

શ્રીશુક ઉવાચ

ભરતસ્યાત્મજઃ સુમતિર્નામાભિહિતો યમુ હ વાવ કેચિત્પાખણ્ડિન ઋષભપદવીમનુવર્તમાનં ચાનાર્યા અવેદસમામ્નાતાં દેવતાં સ્વમનીષયા પાપીયસ્યા કલૌ કલ્પયિષ્યન્તિ ॥ ૧॥

શ્રીશુકદેવજી કહે છે – હે રાજન્! ભરતજીનો પુત્ર સુમતિ હતો, એ પહેલાં કહેવાઈ ગયું છે. તેણે ઋષભદેવજીના માર્ગનું અનુસરણ કર્યું. તેથી કળિયુગમાં ઘણાબધા પાખંડી અનાર્ય મનુષ્યો પોતાની દુષ્ટ બુદ્ધિથી વેદથી વિપરીત કલ્પના કરીને તેને દેવતા માનશે. (૧) તેની પત્ની વૃદ્ધસેનાથી

૧. પ્રા. પા. – સ્વર્ગ્યાપવર્ગ્યમનુશૃ૦ । ૨. પ્રા. પા. – ૦ખ્યાસ્યતિ હ્યેવાભિનન્દતિ ।

તસ્માદ્ વૃદ્ધસેનાયાં દેવતાજિન્નામ પુત્રોऽભવત્ ॥ ૨॥ અથાસુર્યાં તત્તનયો દેવદ્યુમ્નસ્તતો ધેનુમત્યાં સુતઃ પરમેષ્ઠી તસ્ય સુવર્ચલાયાં પ્રતીહ[1] ઉપજાતઃ ॥ ૩॥ ય આત્મવિદ્યામાખ્યાય સ્વયં સંશુદ્ધો[2] મહાપુરુષમનુસસ્માર ॥ ૪॥ પ્રતીહાત્સુવર્ચલાયાં[3] પ્રતિહર્ત્રાદયસ્ત્રય આસન્નિજ્યાકોવિદાઃ સૂનવઃ પ્રતિહર્તુઃ સ્તુત્યામજભૂમાનાવજનિષાતામ્ ॥ ૫॥ ભૂમ્ન ઋષિકુલ્યાયામુદ્‌ગીથસ્તતઃ પ્રસ્તાવો દેવકુલ્યાયાં પ્રસ્તાવાન્નિયુત્સાયાં[4] હૃદયજ આસીદ્વિભુર્વિભો રત્યાં ચ પૃથુષેણસ્તસ્માન્નક્ત આકૂત્યાં જજ્ઞે નક્તાદ્ દ્રુતિપુત્રો ગયો રાજર્ષિપ્રવર ઉદારશ્રવા અજાયત સાક્ષાદ્‌ભગવતો વિષ્ણોર્જગદ્‌રિરક્ષિષયા ગૃહીતસત્ત્વસ્ય કલાऽऽત્મવત્ત્વાદિલક્ષણેન મહાપુરુષતાં પ્રાપ્તઃ ॥ ૬॥ સ વૈ સ્વધર્મેણ[5] પ્રજાપાલનપોષણપ્રીણનોપલાલનાનુશાસન-લક્ષણેનેજ્યાદિના ચ ભગવતિ મહાપુરુષે પરાવરે બ્રહ્મણિ સર્વાત્મનાऽર્પિતપરમાર્થલક્ષણેન બ્રહ્મ-વિચ્ચરણાનુસેવયાऽऽપાદિતભગવદ્ભક્તિયોગેન ચાભીક્ષ્ણશઃ પરિભાવિતાતિશુદ્ધમતિરુપ-રતાનાત્મ્ય આત્મનિ સ્વયમુપલભ્યમાનબ્રહ્માત્માનુ-ભવોऽપિ નિરભિમાન [6]એવાવનિમજૂગુપત્ ॥ ૭॥

તસ્યેમાં ગાથાં પાણ્ડવેય પુરાવિદ ઉપગાયન્તિ ॥ ૮॥

ગયં નૃપઃ કઃ પ્રતિયાતિ કર્મભિ-
 ર્યજ્વાભિમાની બહુવિદ્ધર્મગોપ્તા ।
સમાગતશ્રીઃ સદસસ્પતિઃ સતાં
 સત્સેવકોऽન્યો ભગવત્કલામૃતે ॥ ૯॥

યમભ્યષિઞ્ચન્ પરયા મુદા સતીઃ
 સત્યાશિષો દક્ષકન્યાઃ સરિદ્ભિઃ ।
યસ્ય પ્રજાનાં દુદુહે ધરાऽऽશિષો
 નિરાશિષો[7] ગુણવત્સસ્નુતોધાઃ ॥ ૧૦॥

દેવતાજિત નામનો પુત્ર થયો. (૨) દેવતાજિતને અસુરીના ગર્ભથી દેવદ્યુમ્ન, દેવદ્યુમ્નને ધેનુમતીના ગર્ભથી પરમેષ્ઠી અને તેને સુવર્ચલાના ગર્ભથી પ્રતીહ નામનો પુત્ર થયો. (૩) એણે અન્ય મનુષ્યોને આત્મવિદ્યાનો ઉપદેશ કરીને, પોતે શુદ્ધચિત્ત થઈને પરમપુરુષ શ્રીનારાયણનો સાક્ષાત્ અનુભવ કર્યો હતો. (૪) પ્રતીહની પત્ની સુવર્ચલાના ગર્ભથી પ્રતિહર્તા, પ્રસ્તોતા અને ઉદ્‌ગાતા નામના ત્રણ પુત્રો થયા. એ યજ્ઞ વગેરે કર્મોમાં ઘણા નિપુણ હતા. એમનામાંના પ્રતિહર્તાની પત્ની સ્તુતિ હતી, તેના ગર્ભથી અજ અને ભૂમા નામના બે પુત્રો થયા. (૫) ભૂમાને ઋષિકુલ્યાથી ઉદ્‌ગીથ, તેને દેવકુલ્યાથી પ્રસ્તાવ અને પ્રસ્તાવને નિયુત્સાના ગર્ભથી વિભુ નામનો પુત્ર થયો. વિભુને રતિના ઉદરથી પૃથુષેણ, પૃથુષેણને આકૂતિથી નક્ત અને નક્તને દ્રુતિના ગર્ભથી ઉદારકીર્તિ રાજર્ષિશ્રેષ્ઠ ગયનો જન્મ થયો. એ જગતના રક્ષણ માટે સત્ત્વગુણને અપનાવનારા સાક્ષાત્ ભગવાન વિષ્ણુના અંશ મનાતા હતા. સંયમ વગેરે અનેક ગુણોને કારણે એમની મહાપુરુષોમાં ગણતરી કરવામાં આવે છે. (૬) મહારાજ ગયે પ્રજાનું પાલન-પોષણ, રંજન, લાલન, અનુશાસન વગેરે કરીને તથા જાતજાતના યજ્ઞોનું અનુષ્ઠાન કરીને નિષ્કામભાવે, માત્ર ભગવાનની પ્રસન્નતા માટે પોતાના ધર્મોનું આચરણ કર્યું. એનાથી તેમનાં બધાં જ કર્મો સર્વશ્રેષ્ઠ પરમપુરુષ પરમાત્મા શ્રીહરિને અર્પણ થઈને પરમાર્થરૂપ બની ગયાં હતાં. એનાથી તથા બ્રહ્મવેત્તા મહાપુરુષોનાં ચરણોની સેવાથી તેમને ભક્તિયોગની પ્રાપ્તિ થઈ; અને ત્યારે નિરંતર ભગવાનનું ચિંતન કરીને તેમણે પોતાનું ચિત્ત શુદ્ધ કર્યું અને શરીર વગેરે અનાત્મ પદાર્થોમાંથી અહંભાવ દૂર કરીને તેઓ પોતાના આત્માને બ્રહ્મરૂપ અનુભવવા લાગ્યા. આ બધું (સંપન્ન થયેલું) હોવા છતાં પણ તેઓ નિરભિમાની રહીને પૃથ્વીનું પાલન કરતા રહ્યા. (૭)

હે પરીક્ષિત! પ્રાચીન ઇતિહાસને જાણનારા મહાત્માઓએ રાજર્ષિ ગય વિશે આ ગાથા કહી છે– (૮) "અહો! પોતાનાં કર્મોથી મહારાજ ગયની બરાબરી અન્ય કયો રાજા કરી શકે? તેઓ સાક્ષાત્ ભગવાનની કલા જ હતા. તેમના સિવાય અન્ય આ પ્રમાણે કોણ યજ્ઞોનું વિધિવત્ અનુષ્ઠાન કરનારો, મનસ્વી, બહુશ્રુત, ધર્મનું રક્ષણ કરનારો, લક્ષ્મીનો પ્રિય પાત્ર, સાધુસમાજનો શિરોમણિ અને સત્પુરુષોનો સાચો સેવક હોઈ શકે?" (૯)

સત્યસંકલ્પવાળી પરમ સાધ્વી શ્રદ્ધા, મૈત્રી, દયા વગેરે દક્ષકન્યાઓએ ગંગા સહિતની અનેક નદીઓના જળથી

૧. પ્રા. પા. – પ્રતીહાર । ૨. પ્રા. પા. – શુદ્ધો । ૩. પ્રા. પા. – પ્રતીહારાત્સુ૦ । ૪. પ્રા. પા. – પ્રસ્તાવાદ્વિરુત્સાયાં હૃદયજય આસી૦ । ૫. પ્રા. પા. – સ વૈ ધર્મેણ પ્રજા૦ । ૬. પ્રા. પા. – ઇવાવ૦ । ૭. પ્રા. પા. – યથેપ્સિતા ।

છન્દાંસ્યકામસ્ય ચ યસ્ય કામાન્
દુદૂહુરાજહ્રુરથો બલિં નૃપાઃ ।
પ્રત્યઞ્ચિતા યુધિ ધર્મેણ[1] વિપ્રા
યદાશિષાં ષષ્ઠમંશં પરેત્ય ॥ ૧૧॥

યસ્યાધ્વરે ભગવાનધ્વરાત્મા
મઘોનિ માદ્યત્યુરુસોમપીથે ।
શ્રદ્ધાવિશુદ્ધાચલભક્તિયોગ-
સમર્પિતેજ્યાફલમાજહાર[2] ॥ ૧૨॥

યત્પ્રીણનાદ્ બર્હિષિ[3] દેવતિર્યઙ્
મનુષ્યવીરુત્તૃણમાવિરિઞ્ચ્યાત્ ।
પ્રીયેત સદ્યઃ સ હ વિશ્વજીવઃ
પ્રીતઃ સ્વયં પ્રીતિમગાદ્ ગયસ્ય ॥ ૧૩॥

ગયાદ્ ગયન્ત્યાં ચિત્રરથઃ સુગતિરવરોધન ઇતિ ત્રયઃ પુત્રા બભૂવુશ્ચિત્રરથાદૂર્ણાયાં સમ્રાડજનિષ્ટ ॥ ૧૪॥ તત ઉત્કલાયાં મરીચિર્મરીચેર્બિન્દુમત્યાં બિન્દુમાનુદપદ્યત તસ્માત્સરઘાયાં મધુર્નામાભવન્મધોઃ સુમનસિ[4] વીરવ્રતસ્તતો ભોજાયાં મન્થુપ્રમન્થૂ જજ્ઞાતે મન્થોઃ સત્યાયાં ભૌવનસ્તતો દૂષણાયાં ત્વષ્ટાડજનિષ્ટ ત્વષ્ટુર્વિરોચનાયાં વિરજો વિરજસ્ય શતજિત્પ્રવરં પુત્રશતં કન્યા ચ વિષૂચ્યાં[5] કિલ જાતમ્ ॥ ૧૫॥

તત્રાયં શ્લોકઃ –

પ્રૈયવ્રતં વંશમિમં વિરજશ્ચરમોદ્ભવઃ ।
અકરોદત્યલં કીર્ત્યા વિષ્ણુઃ સુરગણં યથા ॥ ૧૬॥

તેમનો અભિષેક કર્યો હતો તથા તેમની ઇચ્છા નહીં હોવા છતાં પણ વસુંધરાએ, જેમ ગાય વાછરડાને સ્નેહથી દૂધ પિવડાવે છે તેવી જ રીતે તેમના ગુણો પર રીઝીને પ્રજાને ધન-રત્નો વગેરે બધા જ અભીષ્ટ પદાર્થો આપ્યા હતા. (૧૦) તેમને કોઈ કામના ન હતી, તોપણ વેદોક્ત કર્મોએ તેમને બધા પ્રકારના ભોગ આપ્યા, રાજાઓએ યુદ્ધભૂમિમાં તેમનાં બાણોથી સત્કૃત થઈને (તેમને) અનેક પ્રકારની ભેટ-બક્ષિસો આપી તથા બ્રાહ્મણોએ (તેમના) દક્ષિણા વગેરે ધર્મોથી સંતુષ્ટ થઈને તેમને પરલોકમાં મળનારા પોતાના ધર્મોના ફળનો છઠ્ઠો ભાગ આપ્યો. (૧૧) તેમના યજ્ઞમાં વધુ પડતું સોમપાન કરવાથી ઇન્દ્ર ઉન્મત્ત થઈ ગયા હતા (છકી ગયા હતા) તથા તેમણે અત્યંત શ્રદ્ધાપૂર્વક તથા વિશુદ્ધ અને નિશ્ચળ ભક્તિભાવથી સમર્પિત કરેલા યજ્ઞફળનું ભગવાન યજ્ઞપુરુષે સાક્ષાત્ પ્રગટ થઈને ગ્રહણ કર્યું હતું. (૧૨) જેમના તૃપ્ત થવાથી બ્રહ્માજીથી માંડીને દેવતાઓ, મનુષ્યો, પશુપક્ષીઓ, વૃક્ષ, લતા સુધીના બધા જ જીવો તત્કાળ તૃપ્ત થઈ જાય છે તે વિશ્વાત્મા શ્રીહરિ નિત્ય-તૃપ્ત હોવા છતાં પણ રાજર્ષિ ગયના યજ્ઞમાં તૃપ્ત થઈ ગયા હતા. તેથી તેમની બરાબરી કોઈ બીજી વ્યક્તિ કેવી રીતે કરી શકે? (૧૩)

મહારાજ ગયના ગયંતીના ગર્ભથી ચિત્રરથ, સુગતિ અને અવરોધન નામના ત્રણ પુત્રો થયા. તેમાંના ચિત્રરથની પત્ની ઊર્ણાથી સમ્રાટનો જન્મ થયો. (૧૪)
સમ્રાટનો ઉત્કલાથી મરીચિ અને મરીચિનો બિંદુમતીથી બિંદુમાન નામનો પુત્ર થયો. તેનો સરઘાથી મધુ, મધુનો સુમનાથી વીરવ્રત અને વીરવ્રતના ભોજાથી મંથુ અને પ્રમંથુ નામના બે પુત્રો થયા. તેમાંના મંથુનો સત્યાના ગર્ભથી ભૌવન, ભૌવનનો દૂષણાના ઉદરથી ત્વષ્ટા, ત્વષ્ટાનો વિરોચનાથી વિરજ અને વિરજના વિષૂચી નામની પત્નીથી શતજિત વગેરે સો પુત્રો અને એક પુત્રી જન્મ્યાં. (૧૫) વિરજ વિશે આ શ્લોક પ્રસિદ્ધ છે – 'જેમ ભગવાન વિષ્ણુ દેવતાઓની શોભા વધારે છે તેવી જ રીતે આ પ્રિયવ્રતના વંશને એમાં સૌના પછી ઉત્પન્ન થયેલા રાજા વિરજે પોતાના સુયશથી વિભૂષિત કર્યો હતો.' (૧૬)

==★==

ઇતિ શ્રીમદ્ભાગવતે મહાપુરાણે પારમહંસ્યાં સંહિતાયાં પઞ્ચમસ્કન્ધે પ્રિયવ્રતવંશાનુકીર્તનં નામ[6] પઞ્ચદશોઽધ્યાયઃ ॥ ૧૫॥

પાંચમા સ્કંધ-અંતર્ગત પ્રિયવ્રત-વંશ-અનુકીર્તન નામનો પંદરમો અધ્યાય સમાપ્ત.

==★==

૧. પ્રા. પા. – ધર્મે ચ । ૨. પ્રા. પા. – સમર્થિતેજ્યા૦ । ૩. પ્રા. પા. – યત્પ્રીણનં વર્હિષિ । ૪. પ્રા. પા. – સુમનસા । ૫. પ્રા. પા. – રિષૂચ્યાં । ૬. પ્રા. પા. – ૦વંશાનુચરિતં ।

સોળમો અધ્યાય

ભુવનકોશનું વર્ણન

રાજોવાચ

ઉક્તસ્ત્વયા ભૂમણ્ડલાયામવિશેષો યાવદાદિત્યસ્તપતિ યત્ર ચાસૌ જ્યોતિષાં ગણૈશ્ચન્દ્રમા વા સહ દૃશ્યતે[1] ॥૧॥ તત્રાપિ પ્રિયવ્રતરથચરણપરિખાતૈઃ સપ્તભિઃ સપ્ત સિન્ધવ ઉપક્લૃપ્તાઃ યત એતસ્યાઃ[2] સપ્તદ્વીપવિશેષવિકલ્પસ્ત્વયા ભગવન્ ખલુ સૂચિત એતદેવાખિલમહં માનતો લક્ષણતશ્ચ સર્વં વિજિજ્ઞાસામિ ॥૨॥ ભગવતો ગુણમયે સ્થૂલરૂપ આવેશિતં મનો હ્યગુણેઽપિ સૂક્ષ્મતમ આત્મજ્યોતિષિ પરે બ્રહ્મણિ ભગવતિ વાસુદેવાખ્યે ક્ષમમાવેશિતું તદુ હૈતદ્ ગુરોઽર્હસ્યનુવર્ણયિતુમિતિ ॥૩॥

ઋષિરુવાચ

ન વૈ મહારાજ ભગવતો માયાગુણવિભૂતેઃ કાષ્ઠાં મનસા વચસા વાઽધિગન્તુમલં વિબુધાયુષાપિ પુરુષસ્તસ્માત્પ્રાધાન્યેનૈવ ભૂગોલકવિશેષં નામરૂપમાનલક્ષણતો વ્યાખ્યાસ્યામઃ ॥૪॥ યો[3] વાઽયં દ્વીપઃ કુવલયકમલકોશાભ્યન્તરકોશો નિયુતયોજનવિશાલઃ સમવર્તુલો યથા પુષ્કર-પત્રમ્ ॥૫॥ યસ્મિન્નવ વર્ષાણિ નવયોજન-સહસ્રાયામાન્યષ્ટભિર્મર્યાદાગિરિભિઃ સુવિભક્તાનિ ભવન્તિ ॥૬॥ એષાં મધ્યે ઇલાવૃતં નામાભ્યન્તરવર્ષં યસ્ય નાભ્યામવસ્થિતઃ સર્વતઃ સૌવર્ણઃ કુલગિરિરાજો મેરુર્દ્વીપાયામસમુન્નાહઃ કર્ણિકાભૂતઃ કુવલયકમલસ્ય મૂર્ધનિ દ્વાત્રિંશત્ સહસ્રયોજનવિતતો મૂલે ષોડશ-સહસ્રં[4] તાવતાઽન્તર્ભૂમ્યાં પ્રવિષ્ટઃ ॥૭॥ ઉત્તરોત્તરેણેલાવૃતં નીલઃ શ્વેતઃ શૃઙ્ગવાનિતિ ત્રયો રમ્યકહિરણ્મયકુરૂણાં[5] વર્ષાણાં મર્યાદાગિરયઃ પ્રાગાયતા ઉભયતઃ ક્ષારોદાવધયો દ્વિસહસ્રપૃથવ[6]

રાજા પરીક્ષિત બોલ્યા — હે મુનિવર! જ્યાં સુધી સૂર્યનો પ્રકાશ છે અને જ્યાં સુધી તારાગણ સહિત ચંદ્રદેવ દેખાય છે ત્યાં (તે હદ) સુધી તમે ભૂમંડળનો વિસ્તાર બતાવ્યો છે. (૧) તેમાં પણ તમે બતાવ્યું છે કે મહારાજ પ્રિયવ્રતના રથનાં પૈડાંઓના સાત લીસોટાઓથી સાત સમુદ્રો બની ગયા હતા, કે જેમને કારણે આ ભૂમંડળમાં સાત દ્વીપોનું વિભાજન થયું. તેથી હે ભગવન્! હવે હું તે બધાંનાં પરિમાણ (કદ-માપ) અને લક્ષણો સહિત સંપૂર્ણ વિવરણ જાણવા ઇચ્છું છું; (૨) કારણ કે જે મન ભગવાનના આ ગુણમય સ્થૂળ વિગ્રહમાં જોડાઈ શકે છે તેનું તેમના (તે ભગવાનના) વાસુદેવ-નામક સ્વયંપ્રકાશ નિર્ગુણ બ્રહ્મરૂપ સૂક્ષ્મતમ સ્વરૂપમાં પણ જોડાવાનું સંભવિત છે. તેથી હે ગુરુદેવ! આ વિષયનું વિશદપણે વર્ણન કરવાની કૃપા કરો. (૩)

શ્રીશુકદેવજી બોલ્યા — મહારાજ! ભગવાનની માયાના ગુણોનો એટલો વિસ્તાર છે કે જો કોઈ મનુષ્ય દેવતાઓના જેટલું આયુષ્ય મેળવી લે, તોપણ મન કે વાણીથી તેનો પાર પામી શકતો નથી. તેથી અમે નામ, રૂપ, પરિમાણ અને લક્ષણો દ્વારા મુખ્ય-મુખ્ય વાતોને જ લઈને આ ભૂમંડળની વિશેષતાઓનું વર્ણન કરીશું. (૪) આ જંબૂદ્વીપ — જેમાં આપણે રહીએ છીએ — ભૂમંડળરૂપી કમળના કોશસ્થાનીય જે સાત દ્વીપો છે તેમાંનો સૌથી અંદરનો કોશ છે. આનો વિસ્તાર એક લાખ જોજન છે અને આ કમળપત્ર જેવો ગોળાકાર છે. (૫) આમાં નવ-નવ હજાર જોજનના વિસ્તારવાળા નવ વર્ષો (ખંડો) છે, કે જેઓ તેમની સીમાઓનું વિભાજન કરનારા આઠ પર્વતોથી વહેંચાયેલા છે. (૬) આમની વચ્ચોવચ ઇલાવૃત નામનો દશમો દેશ છે, જેની મધ્યમાં પર્વતોનો રાજા મેરુ પર્વત છે; તે જાણે કે ભૂમંડળરૂપી કમળની કર્ણિકા જ છે. તે ઉપરથી નીચે સુધી આખો ને આખો સુવર્ણમય છે અને એક લાખ જોજન ઊંચો છે. તેનો વિસ્તાર શિખરના ભાગે બત્રીસ હજાર જોજન અને તળેટીમાં સોળ હજાર જોજન છે તથા સોળ હજાર જોજન જેટલો જ તે ભૂમિની અંદર ઘૂસેલો છે (અર્થાત્ ભૂમિની બહાર તેની ઊંચાઈ ચોર્યાસી હજાર જોજન છે). (૭) ઇલાવૃતવર્ષની ઉત્તરે ક્રમશઃ નીલ, શ્વેત અને શૃંગવાન નામના ત્રણ પર્વતો છે, કે જેઓ રમ્યક, હિરણ્મય અને કુરુ નામના ખંડોની સીમા બાંધે છે. તેઓ પૂર્વથી પશ્ચિમ સુધી ખારા પાણીના સમુદ્ર સુધી

૧. પ્રા. પા. — દૃશ્યેત । ૨. પ્રા. પા. — એતસ્યાં । ૩. પ્રા. પા. — યાવાનયં દ્વીપઃ । ૪. પ્રા. પા. — ષોડશસહસ્રે । ૫. પ્રા. પા. — ત્કુરૂણાં ત્રયાણાં વર્ષાણાં । ૬. પ્રા. પા. — દ્વિસાહસ્રં ।

એકૈકશઃ પૂર્વસ્માત્પૂર્વસ્માદુત્તર ઉત્તરો[1] દશાંશાધિકાંશેન દૈર્ઘ્ય એવ હ્રસન્તિ ॥ ૮॥

એવં દક્ષિણેનેલાવૃતં નિષધો હેમકૂટો હિમાલય ઇતિ પ્રાગાયતા યથા નીલાદયોઽયુતયોજનોત્સેધા હરિવર્ષકિમ્પુરુષભારતાનાં યથાસઙ્ખ્યમ્ ॥ ૯॥ તથૈવેલાવૃતમપરેણ પૂર્વેણ ચ માલ્યવદ્ગન્ધમાદનાવાનીલનિષધાયતૌ દ્વિસહસ્રં[2] પપ્રથતુઃ કેતુમાલભદ્રાશ્વયોઃ સીમાનં વિદધાતે ॥ ૧૦॥ મન્દરો મેરુમન્દરઃ સુપાર્શ્વઃ કુમુદ ઇત્યયુતયોજનવિસ્તારોન્નાહા મેરોશ્ચતુર્દિશમવષ્ટમ્ભગિરય ઉપક્લૃપ્તાઃ ॥ ૧૧॥ ચતુર્ષ્વેતેષુ ચૂતજમ્બૂકદમ્બન્યગ્રોધાશ્ચત્વારઃ પાદપપ્રવરાઃ પર્વતકેતવ ઇવાધિસહસ્રયોજનોન્નાહાસ્તાવદ્ વિટપવિતતયઃ શતયોજનપરિણાહાઃ ॥ ૧૨॥ હ્રદાશ્ચત્વારઃ પયોમધ્વિક્ષુરસમૃષ્ટજલા યદુપસ્પર્શિન ઉપદેવગણા યોગૈશ્વર્યાણિ સ્વાભાવિકાનિ ભરતર્ષભ ધારયન્તિ ॥ ૧૩॥ દેવોદ્યાનાનિ ચ ભવન્તિ ચત્વારિ નન્દનં ચૈત્રરથં વૈભ્રાજકં સર્વતોભદ્રમિતિ ॥ ૧૪॥ યેષ્વમરપરિવૃઢાઃ[3] સહ સુરલલનાલલામયૂથપતય ઉપદેવગણૈરુપગીયમાનમહિમાનઃ કિલ વિહરન્તિ ॥ ૧૫॥

મન્દરોત્સઙ્ગ એકાદશશતયોજનોત્તુઙ્ગદેવચૂતશિરસો[4] ગિરિશિખરસ્થૂલાનિ ફલાન્યમૃતકલ્પાનિ પતન્તિ ॥ ૧૬॥ તેષાં વિશીર્યમાણાનામતિમધુરસુરભિસુગન્ધિબહુલારુણરસોદેનારુણોદા[5] નામ નદી મન્દરગિરિશિખરાન્નિપતન્તી પૂર્વેણેલાવૃતમુપપ્લાવયતિ ॥ ૧૭॥ યદુપજોષણાદ્ભવાન્યા અનુચરીણાં પુણ્યજનવધૂનામવયવસ્પર્શસુગન્ધવાતો દશયોજનં સમન્તાદનુવાસયતિ ॥ ૧૮॥

ફેલાયેલા છે. તે પ્રત્યેકની પહોળાઈ બે હજાર જોજન છે તથા લંબાઈમાં પહેલા કરતાં પછીનો, ક્રમશઃ દસમા ભાગથી સહેજ વધુ એટલા માપમાં ઓછો છે; પહોળાઈ અને ઊંચાઈ તો બધાયની સરખી છે. (૮)

આ જ પ્રમાણે ઇલાવૃત દેશની દક્ષિણે એક પછી એક નિષધ, હેમકૂટ અને હિમાલય નામના ત્રણ પર્વતો છે. નીલ વગેરે પર્વતોની જેમ આ પણ પૂર્વ-પશ્ચિમ તરફ ફેલાયેલા છે અને દસ-દસ હજાર જોજન ઊંચા છે. એમનાથી ક્રમશઃ હરિદેશ, કિંપુરુષ અને ભારતવર્ષની સીમાઓનું વિભાજન થાય છે. (૯) ઇલાવૃતની પૂર્વે અને પશ્ચિમે ઉત્તરમાં નીલપર્વત અને દક્ષિણમાં નિષધ પર્વત સુધી ફેલાયેલા ગંધમાદન અને માલ્યમાન નામના બે પર્વતો છે. આમની પહોળાઈ બે-બે હજાર જોજન છે અને આ ભદ્રાશ્વ તેમ જ કેતુમાલ નામના બે ખંડોની સીમા નિશ્ચિત કરે છે. (૧૦) આમના સિવાય મંદર, મેરુમંદર, સુપાર્શ્વ અને કુમુદ – આ ચાર દસ-દસ હજાર જોજન ઊંચા અને એટલા જ પહોળા પર્વતો મેરુ પર્વતની આધારભૂત થાંભલીઓ જેવા બનેલા છે. (૧૧) આ ચારેયની ઉપર તેમની ધજાઓ જેવાં ક્રમશઃ આંબો, જાંબુડો, કદંબ અને વડનાં ચાર વૃક્ષો છે. આમાંનું પ્રત્યેક વૃક્ષ અગિયારસો જોજન ઊંચું છે અને એટલો જ તેમની શાખાઓનો વિસ્તાર છે. આમની જાડાઈ સો-સો જોજન છે. (૧૨) હે ભરતશ્રેષ્ઠ! આ પર્વતો ઉપર ચાર સરોવરો પણ છે, જે ક્રમશઃ દૂધ, મધ, ઈક્ષુરસ (શેરડીનો રસ) અને મીઠા જળથી ભરેલાં છે. આમનું સેવન કરનારા યક્ષો-કિન્નરો વગેરે ઉપદેવોને સ્વાભાવિક જ યોગસિદ્ધિઓ મળેલી છે. (૧૩) આ પર્વતો ઉપર ક્રમશઃ નંદન, ચૈત્રરથ, વૈભ્રાજક અને સર્વતોભદ્ર નામનાં ચાર દિવ્ય ઉપવનો (ઉદ્યાનો) પણ છે. (૧૪) આ ઉપવનોમાં મુખ્ય-મુખ્ય દેવતાઓ અનેક દેવાંગનાઓના નાયકો બનીને સાથે-સાથે વિહાર કરતા રહે છે. તે સમયે ગંધર્વો વગેરે ઉપદેવો તેમના મહિમાનાં વખાણ કરતા રહે છે. (૧૫)

મંદરાચલ (મંદર પર્વત)ના ખોળામાં અગિયારસો જોજન ઊંચું દેવતાઓનું જે આમ્રવૃક્ષ છે તેમાંથી ગિરિશિખર જેવડાં મોટાં-મોટાં અને અમૃત જેવાં સ્વાદિષ્ટ ફળ પડે છે. (૧૬) જ્યારે તેઓ (પાકીને) ફાટે છે ત્યારે તેમનામાંથી ઘણો સુગંધિત અને મીઠો લાલ-લાલ રસ વહેવા લાગે છે; અને તે જ અરુણોદા નામની નદીમાં પરિણમે છે. આ નદી મંદરાચલના શિખર પરથી નીકળીને પોતાના જળથી ઇલાવૃત દેશના પૂર્વીય ભાગને સીંચે છે. (૧૭) શ્રીપાર્વતીજીની અનુચરી યક્ષપત્નીઓ આ જળનું સેવન કરે છે. આનાથી તેમનાં

૧. પ્રા. પા. – ઉત્તરેણ । ૨. પ્રા. પા. – દ્વિસાહસ્રં । ૩. પ્રા. પા. – તેષ્વમરપરિવૃઢાઃ । ૪. પ્રા. પા. – દેવગિરિશિરસો । ૫. પ્રા. પા. – રસોદેન નાનારુણોદા નામ ।

એવં જમ્બૂફલાનામત્યુચ્ચનિપાતવિશીર્ણાનામનસ્થિપ્રાયાણામિભકાયનિભાનાં રસેન જમ્બૂનામ નદી મેરુમન્દરશિખરાદયુતયોજનાદવનિતલે નિપતન્તી દક્ષિણેનાત્માનં યાવદિલાવૃતમુપસ્યન્દયતિ[1] ॥ ૧૯॥ તાવદુભયોરપિ રોધસોર્યા મૃત્તિકા તદ્રસેનાનુવિધ્યમાના[2] વાય્વર્કસંયોગવિપાકેન સદાऽમરલોકાભરણં[3] જામ્બૂનદં નામ સુવર્ણં ભવતિ ॥ ૨૦॥ યદુ હ વાવ વિબુધાદયઃ [4]સહ યુવતિભિર્મુકુટકટકકટિસૂત્રાદ્યાભરણરૂપેણ ખલુ ધારયન્તિ ॥ ૨૧॥

યસ્તુ મહાકદમ્બઃ સુપાર્શ્વનિરૂઢો[5] યાસ્તસ્ય કોટરેભ્યો વિનિઃસૃતાઃ પઞ્ચાયામપરિણાહાઃ પઞ્ચ મધુધારાઃ સુપાર્શ્વશિખરાત્પતન્ત્યોऽપરેણાત્માનમિલાવૃતમનુમોદયન્તિ[6] ॥ ૨૨॥ યા[7] હ્યુપયુઞ્જાનાનાં મુખનિર્વાસિતો[8] વાયુઃ સમન્તાચ્છતયોજનમનુવાસયતિ ॥ ૨૩॥

એવં કુમુદનિરૂઢો યઃ શતવલ્શો નામ વટસ્તસ્ય સ્કન્ધેભ્યો નીચીનાઃ[9] પયોદધિમધુઘૃતગુડાન્નાદ્યમ્બરશય્યાસનાભરણાદયઃ[10] સર્વ એવ કામદુઘા નદાઃ કુમુદાગ્રાત્પતન્તસ્તમુત્તરેણેલાવૃતમુપયોજયન્તિ ॥ ૨૪॥ યાનુપજુષાણાનાં ન કદાચિદપિ પ્રજાનાં વલીપલિતક્લમસ્વેદદૌર્ગન્ધ્યજરામયમૃત્યુશીતોષ્ણવૈવર્ણ્યોપસર્ગાદયસ્તાપવિશેષા ભવન્તિ યાવજ્જીવં સુખં નિરતિશયમેવ ॥ ૨૫॥

[11]કુરઙ્ગકુરરકુસુમ્ભવૈકઙ્કત્રિકૂટશિશિરપતઙ્ગરુચકનિષધશિનીવાસકપિલશઙ્ખવૈદૂર્યજારુધિહંસર્ષભનાગકાલઞ્જરનારદાદયો[12] વિંશતિગિરયો[13] મેરોઃ કર્ણિકાયા ઇવ કેસરભૂતા મૂલદેશે

અંગોમાંથી એવી સુગંધ નીકળે છે કે તેમને સ્પર્શીને વહેતા પવન તેમની ચારે તરફ દસ-દસ જોજન સુધી આખાય દેશને સુગંધથી ભરી દે છે. (૧૮) આ જ પ્રમાણે જાંબુડાના વૃક્ષમાંથી હાથી જેવડાં મોટાં-મોટાં ઘણું કરીને ઠળિયા વિનાનાં ફળ પડે છે. ઘણે ઊંચેથી પડવાને કારણે તેઓ ફાટી જાય છે. તેમના રસથી જંબૂ નામની નદી પ્રગટ થાય છે, કે જે મેરુમંદર પર્વતના દસ હજાર જોજન ઊંચા શિખર પરથી નીકળીને ઈલાવૃત દેશના દક્ષિણ ભૂખંડને સીંચે છે. (૧૯) તે નદીના બંને કાંઠાઓની માટી તે રસથી ભીંજાઈને જ્યારે પવન અને સૂર્યના સંયોગથી સુકાઈ જાય છે ત્યારે તે જ દેવલોકને વિભૂષિત કરનારું જાંબૂનદ નામનું સોનું બની જાય છે. (૨૦) આને પત્નીઓ સહિત દેવતાઓ, ગંધર્વો વગેરે મુગટ, કંકણ, કંદોરો વગેરે આભૂષણોરૂપે ધારણ કરે છે. (૨૧)

સુપાર્શ્વ પર્વત ઉપર જે વિશાળ કદંબ-વૃક્ષ છે તેની પાંચ બખોલોમાંથી મધની ખૂબ મોટી પાંચ ધારાઓ નીકળે છે. આ (ધારાઓ) સુપાર્શ્વના શિખર પરથી પડીને ઈલાવૃત દેશના પશ્ચિમ ભાગને પોતાની સુગંધથી સુવાસિત કરે છે. (૨૨) જે લોકો આ ધારાઓના મધનું પાન કરે છે તેમના મુખમાંથી નીકળેલો સુગંધિતવાયુ (શ્વાસ) પોતાની ચારે તરફ સો-સો જોજન સુધી મહેક ફેલાવી દે છે. (૨૩)

આ જ પ્રમાણે કુમુદ પર્વત પર શતવલ્શ નામનું જે વડનું વૃક્ષ છે તેની જટાઓ (વડવાઈઓ)માંથી નીચે તરફ વહેતા અનેક નદ (વહેળા) નીકળે છે, તે બધા ઇચ્છાનુસાર ભોગ આપનારા છે. તેમનામાંથી દૂધ, દહીં, મધ, ઘી, ગોળ, અન્ન, વસ્ત્ર, શય્યા, આસન, આભૂષણ વગેરે બધા જ પદાર્થો મળી રહે છે. આ બધા (નદ) કુમુદના શિખર પરથી નીકળીને ઈલાવૃત દેશના ઉત્તરીય ભાગને સીંચે છે. (૨૪) આમણે આપેલા પદાર્થોનો ઉપભોગ કરવાથી ત્યાંની પ્રજાની ચામડીમાં કરચલીઓ પડી જવી, વાળ પાકી જવા (પળિયાં આવવાં), થાક લાગવો, શરીરે પરસેવો થવો તથા દુર્ગંધ નીકળવી, ઘડપણ, રોગ, મૃત્યુ, ઠંડી-ગરમીની પીડા, શરીર ફિક્કું પડી જવું (તેજહીન થઈ જવું), અંગ તૂટવાં વગેરે કષ્ટો ક્યારેય સતાવતાં નથી અને તેમને જીવનપર્યંત પૂરેપૂરું સુખ મળે છે. (૨૫)

હે રાજન્! જેમ કમળની કર્ણિકાની ચારે તરફ કેસર (પરાગ) હોય છે તેવી જ રીતે મેરુના મૂળદેશમાં તેની ચારે તરફ કુરંગ, કુરર, કુસુંભ, વૈકંક, ત્રિકૂટ, શિશિર, પતંગ, રુચક, નિષધ,

૧. પ્રા. પા. – ૦વૃતમુપસ્યન્દતિ । ૨. પ્રા. પા. – રસેનાનુવિધ્યમાના ચ વાય્વ૦ । ૩. પ્રા. પા. – સદા ચામરલોકાભરણં । ૪. પ્રા. પા. – સહસ્રયુવતિભિ૦ । ૫. પ્રા. પા. – નિરૂઢસ્તસ્ય યાઃ કોટ૦ । ૬. પ્રા. પા. – ૦મનુમાદયન્તિ । ૭. પ્રા. પા. – યો હ્યુપ । ૮. પ્રા. પા. – મુખનિઃશ્વસિતો । ૯. પ્રા. પા. – નિલીનાઃ । ૧૦. પ્રા. પા. – ૦ગુડાન્નામ્બરશય્યા૦ । ૧૧. પ્રા. પા. – કુબર૦ । ૧૨. પ્રા. પા. – ૦નીરદાયામા । ૧૩. પ્રાચીન પ્રતમાં 'વિંશતિગિરયો' – આ પાઠ નથી.

પરિત ઉપક્લૃપ્તાઃ ॥ ૨૬॥ જઠરદેવકૂટૌ મેરું પૂર્વેણાષ્ટાદશયોજનસહસ્રમુદગાયતૌ[1] દ્વિસહસ્રં[2] પૃથુતુઙ્ગૌ ભવતઃ। એવમપરેણ પવનપારિયાત્રૌ દક્ષિણેન કૈલાસકરવીરૌ પ્રાગાયતાવેવમુત્તરતસ્ત્રિશૃઙ્ગમકરાવષ્ટભિરેતૈઃ પરિસ્તૃતોઽગ્નિરિવ પરિતશ્ચકાસ્તિ કાઞ્ચનગિરિઃ ॥ ૨૭॥ મેરોર્મૂર્ધનિ ભગવત આત્મયોનેર્મધ્યત ઉપક્લૃપ્તાં પુરીમયુતયોજનસાહસ્રીં સમચતુરસ્રાં શાતકૌમ્ભીં વદન્તિ ॥ ૨૮॥ તામનુ પરિતો લોકપાલાનામષ્ટાનાં યથાદિશં યથારૂપં તુરીયમાનેન પુરોઽષ્ટાવુપક્લૃપ્તાઃ ॥ ૨૯॥

શિનીવાસ, કપિલ, શંખ, વૈદૂર્ય, જારુધિ, હંસ, ઋષભ, નાગ, કાલંજર અને નારદ – આ વીસ પર્વતો બીજા છે. (૨૬) આ ઉપરાંત મેરુની પૂર્વ તરફ જઠર અને દેવકૂટ નામના બે પર્વતો છે, કે જેઓ અઢાર-અઢાર જોજન લાંબા તથા બે-બે હજાર જોજન પહોળા અને ઊંચા છે. આ જ પ્રમાણે પશ્ચિમ તરફ પવન અને પારિયાત્ર, દક્ષિણ તરફ કૈલાસ અને કરવીર તથા ઉત્તર તરફ ત્રિશૃંગ અને મકર નામના પર્વતો છે. આ આઠ પહાડોથી ચારે બાજુએ ઘેરાયેલો સુવર્ણમય મેરુ પર્વત અગ્નિ જેવો ઝગમગતો રહે છે. (૨૭) કહે છે કે મેરુના શિખરના મધ્યમાં ભગવાન બ્રહ્માજીની સુવર્ણમયી નગરી છે, જે આકારમાં સમચોરસ તથા કરોડ જોજનના વિસ્તારવાળી છે. (૨૮) તેની નીચે પૂર્વ વગેરે આઠ દિશાઓ-ઉપદિશાઓમાં તેમના અધિપતિ ઈન્દ્ર વગેરે આઠ લોકપાલોની આઠ નગરીઓ છે. તેઓ પોતપોતાના સ્વામીને અનુરૂપ તે-તે દિશાઓમાં છે તથા પરિમાણમાં બ્રહ્માજીની નગરીના ચોથા ભાગ જેવડી છે. (૨૯)

═★═

ઇતિ શ્રીમદ્ભાગવતે મહાપુરાણે પારમહંસ્યાં સંહિતાયાં પઞ્ચમસ્કન્ધે ભુવનકોશવર્ણનં નામ ષોડશોઽધ્યાયઃ ॥ ૧૬॥
પાંચમા સ્કંધ-અંતર્ગત ભુવનકોશવર્ણન નામનો સોળમો અધ્યાય સમાપ્ત.

═★═

સત્તરમો અધ્યાય

ગંગાજીનું વિવરણ અને ભગવાન શંકરે કરેલી સંકર્ષણદેવની સ્તુતિ

શ્રીશુક ઉવાચ

તત્ર ભગવતઃ સાક્ષાદ્યજ્ઞલિઙ્ગસ્ય વિષ્ણોર્વિક્રમતો વામપાદાઙ્ગુષ્ઠનખનિર્ભિન્નોર્ધ્વાણ્ડકટાહવિવરેણાન્તઃપ્રવિષ્ટા યા બાહ્યજલધારા તચ્ચરણપઙ્કજાવનેજનારુણકિઞ્જલ્કોપરઞ્જિતાખિલજગદઘમલાપહોપસ્પર્શનામલા સાક્ષાદ્ભગવત્પદીત્યનુપલક્ષિતવચોઽભિધીયમાનાતિમહતા કાલેન યુગસહસ્રોપલક્ષણેન દિવો મૂર્ધન્યવતતાર યત્તદ્વિષ્ણુપદમાહુઃ ॥ ૧॥ યત્ર[3] હ વાવ વીરવ્રત ઔત્તાનપાદિઃ પરમભાગવતોઽસ્મત્કુલદેવતાચરણારવિન્દોદકમિતિ યામનુસવનમુત્કૃષ્યમાણભગવદ્ભક્તિયોગેન દૃઢં ક્લિદ્યમાનાન્તર્હૃદય ઔત્કણ્ઠ્યવિવશામીલિતલોચન[4]યુગલકુડ્મલવિગલિતામલબાષ્પકલયાઽભિવ્યજ્યમાનરોમપુલકકુલકોઽધુનાપિ પરમાદરેણ

શ્રીશુકદેવજી કહે છે – હે રાજન્! રાજા બલિની યજ્ઞશાળામાં સાક્ષાત્ યજ્ઞમૂર્તિ ભગવાન વિષ્ણુએ ત્રણે લોકને માપવા માટે જ્યારે પોતાનો ચરણ ફેલાવ્યો ત્યારે તેમના ડાબા ચરણના અંગૂઠાના નખથી બ્રહ્માંડ-કટાહનો ઉપરનો ભાગ ફાટી ગયો. તે છિદ્રમાં થઈને બ્રહ્માંડમાંથી બહારના જળની જે ધારા અંદર આવી, તે ભગવાનના ચરણકમળને ધોવાથી તેમાં લાગેલા કેસરના ભળવાથી લાલ થઈ ગઈ. તે નિર્મળ જળપ્રવાહનો સ્પર્શ થતાં જ સંસારનાં સઘળાં પાપ નષ્ટ થઈ જાય છે, પરંતુ તે (પોતે તો) સર્વથા નિર્મળ જ રહે છે. અગાઉ તેને અન્ય કોઈ નામે નહીં કહેતાં 'ભગવત્પદી' જ કહેવામાં આવતો હતો. તે પ્રવાહ હજારો યુગ વીત્યા પછી સ્વર્ગના શિરોભાગમાં આવેલા ધ્રુવલોકમાં ઊતર્યો, જેને 'વિષ્ણુપદ' પણ કહે છે. (૧) હે વીરવ્રત પરીક્ષિત! તે ધ્રુવલોકમાં ઉત્તાનપાદના પુત્ર પરમ ભાગવત ધ્રુવજી રહે છે. તેઓ પ્રતિદિન વધતા જતા ભક્તિભાવથી 'આ અમારા કુળદેવતાનું ચરણોદક છે' એવું માનીને આજે પણ તે જળને ઘણા આદરપૂર્વક મસ્તક પર ચડાવે છે. તે સમયે પ્રેમના આવેશને કારણે તેમનું હૃદય અત્યંત ગદ્ગદ થઈ જાય છે, ઉત્કંઠાને લીધે વિવશ થઈને મીંચેલાં બંને નેત્ર-કમળોમાંથી

૧. પ્રા. પા. – ૦સાહસ્ર૦। ૨. પ્રા. પા. – દ્વિસાહસં। ૩. પ્રા. પા. – યત્ર વા હ વાવ। ૪. પ્રા. પા. – ૦યુગલવિગલિતામલ૦।

શિરસા બિભર્તિ ॥ ૨॥

તતઃ સપ્ત ઋષયસ્તત્પ્રભાવાભિજ્ઞા યાં નનુ તપસ આત્યન્તિકી સિદ્ધિરેતાવતી ભગવતિ સર્વાત્મનિ વાસુદેવેઽનુપરતભક્તિયોગલાભેનૈવોપેક્ષિતાન્યાર્થાત્મગતયો મુક્તિમિવાગતાં મુમુક્ષવ ઇવ સબહુમાનમદ્યાપિ જટાજૂટૈરુદ્વહન્તિ ॥ ૩॥ તતોઽનેકસહસ્રકોટિવિમાનાનીકસઙ્કુલદેવયાનેનાવતરન્તીન્દુમણ્ડલમાવાર્ય[1] બ્રહ્મસદને નિપતતિ ॥ ૪॥

તત્ર ચતુર્ધા ભિદ્યમાના ચતુર્ભિર્નામભિશ્ચતુર્દિશમભિસ્પન્દન્તી નદનદીપતિમેવાભિનિવિશતિ[2] સીતાઽલકનન્દા ચક્ષુર્ભદ્રેતિ ॥ ૫॥ સીતા તુ બ્રહ્મસદનાત્કેસરાચલાદિગિરિશિખરેભ્યોઽધોઽધઃ પ્રસ્રવન્તી ગન્ધમાદનમૂર્ધસુ[3] પતિત્વાઽન્તરેણ ભદ્રાશ્વવર્ષં પ્રાચ્યાં દિશિ ક્ષારસમુદ્રમભિપ્રવિશતિ ॥ ૬॥ એવં માલ્યવચ્છિખરાન્નિષ્પતન્તી[4] તતોઽનુપરતવેગા કેતુમાલમભિ ચક્ષુઃ પ્રતીચ્યાં દિશિ સરિત્પતિં પ્રવિશતિ ॥ ૭॥ ભદ્રા ચોત્તરતો મેરુશિરસો નિપતિતા ગિરિશિખરાદ્‌ગિરિશિખરમતિહાય શૃઙ્ગવતઃ શૃઙ્ગાદવસ્યન્દમાના ઉત્તરાંસ્તુ કુરૂનભિત ઉદીચ્યાં[5] દિશિ જલધિમભિપ્રવિશતિ ॥ ૮॥ તથૈવાલકનન્દા દક્ષિણેન[6] બ્રહ્મસદનાદ્ બહૂનિ ગિરિકૂટાન્યતિક્રમ્ય[7] હેમકૂટાદ્ધૈમકૂટાન્યતિરભસતરરંહસા લુઠન્તી ભારતમભિવર્ષં[8] દક્ષિણસ્યાં દિશિ જલધિમભિપ્રવિશતિ[9] યસ્યાં[10] સ્નાનાર્થં ચાગચ્છતઃ પુંસઃ પદે પદેઽશ્વમેધરાજસૂયાદીનાં ફલં ન દુર્લભમિતિ ॥ ૯॥ અન્યે ચ નદા નદ્યશ્ચ વર્ષે વર્ષે[11] સન્તિ બહુશો મેર્વાદિગિરિદુહિતરઃ શતશઃ ॥ ૧૦॥

નિર્મળ આંસુની ધારા વહેવા લાગે છે અને શરીરમાં રોમાંચ થઈ આવે છે. (૨)

આના પછી આત્મનિષ્ઠ સપ્તર્ષિઓ તેમના પ્રભાવને જાણતા હોવાથી 'આ જ તપસ્યાની આત્યંતિક સિદ્ધિ છે' એવું માનીને તેને આજે પણ આ પ્રમાણે આદરપૂર્વક પોતાની જટામાં એવી જ રીતે ધારણ કરે છે કે જેમ મુમુક્ષુઓ (પોતાને) પ્રાપ્ત થયેલી મુક્તિને (માથે ચડાવે છે). આમ તો એ અત્યંત નિષ્કામ છે; સર્વાત્મા ભગવાન વાસુદેવની નિશ્ચળ ભક્તિને જ પોતાનું પરમ ધન માનીને એમણે બીજી બધી જ કામનાઓને ત્યજી દીધી છે, ત્યાં સુધી કે એ આત્મજ્ઞાનને પણ તેની સામે કોઈ ચીજ સમજતા નથી. (૩) ત્યાંથી ગંગાજી કરોડો વિમાનોથી ઘેરાયેલા આકાશમાંથી ઊતરીને ચંદ્રમંડળને ભીંજવતાં મેરુના શિખર પર બ્રહ્મપુરીમાં આવે છે. (૪)

ત્યાં તેઓ સીતા, અલકનંદા, ચક્ષુ અને ભદ્રા – એ નામની ચાર ધારાઓમાં વિભાજિત થઈ જાય છે તથા અલગ-અલગ ચારે દિશાઓમાં વહેતાં અંતે નદીઓના સ્વામી સમુદ્રમાં જઈ મળે છે. (૫)

આમાંની સીતા બ્રહ્મપુરીમાંથી નીકળીને કેસર-પર્વત વગેરે શિખરોમાં થઈને નીચે તરફ વહેતી ગંધમાદનનાં શિખરો પર આવે છે અને ભદ્રાશ્વ દેશને ભીંજવીને પૂર્વ તરફ ખારા સમુદ્રમાં જઈ મળે છે. (૬) આ જ પ્રમાણે ચક્ષુ નામની ધારા માલ્યવાન-પર્વતના શિખર પર જઈ પહોંચીને ત્યાંથી કશા અવરોધ વિના કેતુમાલ દેશમાં વહેતી પશ્ચિમ તરફ ક્ષાર સમુદ્રમાં મળી જાય છે. (૭) ભદ્રા નામની ધારા મેરુ પર્વતના શિખર પરથી ઉત્તર તરફ આવે છે તથા એક પર્વતથી બીજા પર્વત પર થઈને છેવટે શૃંગવાન પર્વતના શિખરેથી નીચે ઊતરીને ઉત્તરકુરુ દેશમાં થઈને ઉત્તર તરફ વહેતી વહેતી સમુદ્રમાં જઈને મળે છે. (૮) અલકનંદા બ્રહ્મપુરીમાંથી દક્ષિણ તરફ ઊતરીને અનેક ગિરિશિખરોને વટાવતી હેમકૂટ પર્વત પર જઈ પહોંચે છે; ત્યાંથી અત્યંત તીવ્ર વેગથી હિમાલયનાં શિખરોને ચીરતી ભારતવર્ષમાં આવે છે અને પછી દક્ષિણ તરફ સમુદ્રમાં જઈ મળે છે. આમાં સ્નાન કરવા આવનારા મનુષ્યો માટે પદે-પદે (વારંવાર) થતા અશ્વમેધ, રાજસૂય વગેરે યજ્ઞોનું ફળ પણ દુર્લભ નથી (અર્થાત્ તે સહજપણે પ્રાપ્ત થાય છે). (૯) પ્રત્યેક ખંડમાં મેરુ વગેરે પર્વતોમાંથી નીકળતાં બીજાં પણ સેંકડો નદ-નદીઓ છે. (૧૦)

૧. પ્રા. પા. – ૦ન્તી ચન્દ્રમણ્ડલ૦ । ૨. પ્રા. પા. – નિવિશતે । ૩. પ્રા. પા. – ૦મૂર્ધનિ । ૪. પ્રા. પા. – નિષ્પતન્ત્યનુપરતવેગા । ૫. પ્રા. પા. – ઉદીચ્યાં પ્રવિશતિ । ૬. પ્રા. પા. – દક્ષિણેન તુ બ્રહ્મ૦ । ૭. પ્રાચીન પ્રતમાં 'ક્રમ્ય' – પાઠ ખંડિત છે. ૮. પ્રા. પા. – ભારતવર્ષં દક્ષિણસ્યાં । ૯. પ્રા. પા. – લવણજલધિમધિપ્રવિશતિ । ૧૦. પ્રાચીન પ્રતમાં 'યસ્યાં સ્નાનાર્થં'થી માંડીને 'ફલં ન દુર્લભમિતિ' સુધીનો ભાગ નથી. ૧૧. પ્રા. પા. – વર્ષે બહુશો ।

તત્રાપિ ભારતમેવ વર્ષં કર્મક્ષેત્રમન્યાન્યષ્ટ વર્ષાણિ સ્વર્ગિણાં પુણ્યશેષોપભોગસ્થાનાનિ ભૌમાનિ સ્વર્ગપદાનિ વ્યપદિશન્તિ ॥ ૧૧॥ એષુ પુરુષાણામયુતપુરુષાયુર્વર્ષાણાં દેવકલ્પાનાં નાગાયુતપ્રાણાનાં વજ્રસંહનનબલવયોમોદપ્રમુદિતમહાસૌરતમિથુનવ્યવાયાપવર્ગવર્ષધૃતૈકગર્ભકલત્રાણાં તત્ર તુ ત્રેતાયુગસમઃ કાલો વર્તતે ॥ ૧૨॥ યત્ર હ દેવપતયઃ સ્વૈઃ સ્વૈર્ગણનાયકૈર્વિહિતમહાર્હણાઃ સર્વર્તુકુસુમસ્તબકફલકિસલયશ્રિયાऽऽનમ્યમાનવિટપલતાવિટપિભિરુપશુમ્ભમાનરુચિરકાનનાશ્રમાયતનવર્ષગિરિદ્રોણીષુ[1] તથા ચામલજલાશયેષુ વિકચવિવિધ[2]નવવનરુહામોદમુદિતરાજહંસજલકુક્કુટકારણ્ડવસારસચક્રવાકાદિભિર્મધુકરનિકરાકૃતિભિરુપકૂજિતેષુ જલક્રીડાદિભિર્વિચિત્રવિનોદૈઃ સુલલિતસુરસુન્દરીણાં કામકલિલવિલાસહાસલીલાવલોકાકૃષ્ટમનોદૃષ્ટયઃ [3]સ્વૈરં વિહરન્તિ ॥ ૧૩॥

નવસ્વપિ વર્ષેષુ ભગવાન્નારાયણો મહાપુરુષઃ પુરુષાણાં તદનુગ્રહાયાત્મતત્ત્વવ્યૂહેનાત્મનાऽદ્યાપિ[4] સન્નિધીયતે ॥ ૧૪॥ ઈલાવૃતે તુ ભગવાન્ ભવ એક એવ પુમાન્ન હ્યન્યસ્તત્રાપરો નિર્વિશતિ ભવાન્યાઃ શાપનિમિત્તજ્ઞો યત્પ્રવેક્ષ્યતઃ સ્ત્રીભાવસ્તત્પશ્ચાદ્વક્ષ્યામિ[5] ॥ ૧૫॥ ભવાનીનાથૈઃ સ્ત્રીગણાર્બુદસહસ્રૈરવરુધ્યમાનો[6] ભગવતશ્ચતુર્મૂર્તેર્મહાપુરુષસ્ય તુરીયાં તામસીં મૂર્તિં પ્રકૃતિમાત્મનઃ સઙ્કર્ષણસઞ્જ્ઞામાત્મસમાધિરૂપેણ સન્નિધાપ્યૈતદભિગૃણન્ ભવ ઉપધાવતિ ॥ ૧૬॥

આ બધા ખંડોમાં (એક) ભારતવર્ષ જ કર્મભૂમિ છે. બાકીના આઠ દેશો તો સ્વર્ગવાસી મનુષ્યોના સ્વર્ગભોગોમાંથી બચેલાં (શેષ) પુણ્યોને ભોગવવાનાં સ્થાન છે. તેથી તેમને પૃથ્વીલોકનાં સ્વર્ગ પણ કહે છે. (૧૧) ત્યાંના દેવતુલ્ય મનુષ્યોનું, માનવીય ગણતરી મુજબ, દસ હજાર વર્ષનું આયુષ્ય હોય છે; તેમનામાં દસ હજાર હાથીઓનું બળ હોય છે; તથા તેમના વજ્ર જેવા સુદૃઢ શરીરમાં જે શક્તિ, યૌવન અને ઉલ્લાસ હોય છે તેને કારણે તેઓ દીર્ઘકાળપર્યંત સાંસારિક વિષયો ભોગવતા રહે છે. અંતે ભોગ સમાપ્ત થતાં જ્યારે તેમના આયુષ્યનું ફક્ત એક જ વર્ષ શેષ રહે છે ત્યારે તેમની પત્નીઓ ગર્ભ ધારણ કરે છે. આ પ્રમાણે ત્યાં હંમેશાં ત્રેતાયુગના જેવો સમય બનેલો રહે છે. (૧૨) ત્યાં એવા આશ્રમો, ભવનો અને રાષ્ટ્રો, પર્વતોની ઘાટીઓ છે કે જેમનાં સુંદર વનો-ઉપવનો બધી ઋતુઓનાં ફૂલોના ગુચ્છ, ફળો અને નવીન પલ્લવોની શોભાના ભારથી ઝૂકેલી ડાળીઓવાળાં અને વેલીઓથી વીંટળાયેલાં વૃક્ષોથી સુશોભિત છે. ત્યાં નિર્મળ જળથી ભરેલાં એવાં જળાશયો પણ છે કે જેમાં જાત-જાતનાં નવીન કમળો ખીલેલાં રહે છે અને તે કમળોની સુગંધથી આનંદિત થઈને રાજહંસ, જળમરઘો, કારંડવ, સારસ, ચક્રવાક વગેરે પક્ષીઓ ભાતભાતની બોલીઓ બોલે છે તથા વિભિન્ન જાતોના મત્ત ભમરાઓ મધુર-મધુર ગુંજારવ કરતા રહે છે. તે આશ્રમો, ભવનો, ઘાટીઓ તથા જળાશયોમાં ત્યાંના દેવેશ્વરો (પોતાની) પરમ સુંદર દેવાંગનાઓ સાથે તેમના કામોન્માદસૂચક હાસ્યવિલાસ અને ક્રીડા-કટાક્ષોથી મન અને નયન આકૃષ્ટ થઈ જવાને કારણે જળક્રીડા વગેરે અનેક પ્રકારની ક્રીડાઓ કરતા સ્વચ્છંદ વિહાર કરે છે તથા તેમના મુખ્ય-મુખ્ય અનુચરો અનેક પ્રકારની સામગ્રીઓથી તેમનો આદરસત્કાર કરતા રહે છે. (૧૩)

આ નવે દેશોમાં પરમપુરુષ ભગવાન નારાયણ ત્યાંના મનુષ્યો પર અનુગ્રહ (કૃપા, કરુણા) કરવા માટે આ સમયે પણ પોતાની વિભિન્ન મૂર્તિઓ થકી વિરાજમાન રહે છે. (૧૪) ઇલાવૃત દેશમાં એકમાત્ર ભગવાન શંકર જ પુરુષ છે. શ્રીપાર્વતીજીના શાપને જાણનારો કોઈ બીજો પુરુષ ત્યાં પ્રવેશ કરતો નથી; કારણ કે જે ત્યાં જાય છે તે સ્ત્રીરૂપ થઈ જાય છે. આ પ્રસંગનું અમે આગળ ઉપર (નવમા સ્કંધમાં) વર્ણન કરીશું. (૧૫) ત્યાં પાર્વતીજીથી તેમ જ તેમની અગણિત દાસીઓથી સેવિત ભગવાન શંકર પરમપુરુષ પરમાત્માની વાસુદેવ, પ્રદ્યુમ્ન, અનિરુદ્ધ અને સંકર્ષણ – એ નામસંજ્ઞાઓવાળી ચતુર્વ્યૂહ-મૂર્તિઓમાંથી પોતાની પ્રવૃત્તિ-

૧. પ્રા. પા. – ૦રુચિરાશ્રમાયતન૦ । ૨. પ્રા. પા. – ૦મોદમદમુદિતરાજહંસકલહંસજલ૦ । ૩. પ્રા. પા. – લોકાઃ સ્વૈરં વિહરન્તિ । ૪. પ્રા. પા. – ૦વ્યૂહેરાત્મનાદ્યાપિ । ૫. પ્રા. પા. – પશ્ચાદ્વક્ષ્યામઃ । ૬. પ્રા. પા. – ૦સહસ્રૈર્વ્યવરુદ્ધ્યમાનો ।

શ્રીભગવાનુવાચ

ॐ નમો ભગવતે મહાપુરુષાય સર્વગુણ-
સઙ્ખ્યાનાયાનન્તાયાવ્યક્તાય નમ ઈતિ ॥ ૧૭॥

ભજે ભજન્યારણપાદપઙ્કજં
ભગસ્ય કૃત્સ્નસ્ય પરં પરાયણમ્ ।
ભક્તેષ્વલં ભાવિતભૂતભાવનં
ભવાપહં ત્વા ભવભાવમીશ્વરમ્ ॥ ૧૮॥

ન યસ્ય માયાગુણચિત્તવૃત્તિભિ-
ર્નિરીક્ષતો હ્યણ્વપિ દૃષ્ટિરજ્યતે ।
ઈશે યથા નોઽજિતમન્યુરંહસાં
કસ્તં ન મન્યેત જિગીષુરાત્મનઃ ॥ ૧૯॥

અસદ્દૃશો યઃ પ્રતિભાતિ માયયા
ક્ષીબેવ મધ્વાસવતામ્રલોચનઃ ।
ન નાગવધ્વોઽર્હણ ઈશિરે હ્રિયા
યત્પાદયોઃ સ્પર્શનધર્ષિતેન્દ્રિયાઃ ॥ ૨૦॥

યમાહુરસ્ય સ્થિતિજન્મસંયમં
ત્રિભિર્વિહીનં યમનન્તમૃષયઃ ।
ન વેદ સિદ્ધાર્થમિવ ક્વચિત્સ્થિતં
ભૂમણ્ડલં મૂર્ધસહસ્રધામસુ ॥ ૨૧॥

યસ્યાદ્ય આસીદ્ ગુણવિગ્રહો મહાન્
વિજ્ઞાનધિષ્ણ્યો ભગવાનજઃ કિલ ।
યત્સમ્ભવોઽહં ત્રિવૃતા સ્વતેજસા
વૈકારિકં તામસમૈન્દ્રિયં સૃજે ॥ ૨૨॥

એતે વયં યસ્ય વશે મહાત્મનઃ
સ્થિતાઃ શકુન્તા ઈવ સૂત્રયન્ત્રિતાઃ ।
મહાનહં વૈકૃતતામસેન્દ્રિયાઃ
સૃજામ સર્વે યદનુગ્રહાદિદમ્ ॥ ૨૩॥

યન્નિર્મિતાં કર્હ્યપિ કર્મપર્વણીં
માયાં જનોઽયં ગુણસર્ગમોહિતઃ ।

સ્વરૂપ સંકર્ષણ નામની તમઃપ્રધાન ચોથી મૂર્તિનું ધ્યાન ધરે છે અને મનમાં તેમને બેસાડીને ચિંતન કરે છે અને આ મંત્રનું ઉચ્ચારણ કરતા આ પ્રમાણે સ્તુતિ કરે છે.* (૧૬)

ભગવાન શંકર કહે છે – ॐ, જેમનાથી બધા જ ગુણોની અભિવ્યક્તિ થાય છે તે અનંત અને અવ્યક્તમૂર્તિ ઓંકાર-સ્વરૂપ પરમપુરુષ શ્રીભગવાનને નમસ્કાર છે. હે ભજનીય પ્રભુ! તમારાં ચરણકમળ ભક્તોને આશ્રય આપનારાં છે તથા તમે સ્વયં સમસ્ત ઐશ્વર્યોના પરમ આશ્રય છો. ભક્તો સમક્ષ તમે પોતાનું ભૂતભાવન સ્વરૂપ સંપૂર્ણપણે પ્રગટ કરી દો છો તથા તેમને સંસારના બંધનમાંથી મુક્ત પણ કરી દો છો, આપ સંસારનું સર્જન કરનારા છો. તમે જ સર્વેશ્વર છો, હું તમારું ભજન કરું છું. (૧૭-૧૮) હે પ્રભુ! અમે ક્રોધના આવેગને જીતી શક્યા નથી તથા અમારી દૃષ્ટિ તત્કાળ પાપથી લેપાઈ જાય છે; પરંતુ તમે તો સંસારનું નિયમન કરવા માટે તેના સઘળા વ્યાપારોને સાક્ષીરૂપે નિરંતર જોતા રહો છો; તોપણ અમારા પ્રત્યેની તમારી દૃષ્ટિ પર તે માયિક વિષયોનો તથા ચિત્તની વૃત્તિઓનો નામમાત્રનો પણ પ્રભાવ પડતો નથી. આવી સ્થિતિમાં પોતાના મનને વશ કરવાની ઈચ્છાવાળો કયો પુરુષ તમારો આદર નહીં કરે? (૧૯) તમે જે મનુષ્યોને મધુઆસવ વગેરેનું પાન કરવાને કારણે અરુણનયન અને મત્ત જણાઓ છો તેઓ માયાને વશ હોવાને કારણે જ આવું મિથ્યા દર્શન કરે છે; તથા તમારા ચરણસ્પર્શથી જ ચિત્ત ચંચળ થઈ જવાને કારણે નાગપત્નીઓ લજ્જાવશ તમારી પૂજા કરવામાં અસમર્થ થઈ જાય છે. (૨૦) વેદમંત્રો તમને જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લયનું કારણ બતાવે છે; પરંતુ તમે સ્વયં આ ત્રણે વિકારોથી રહિત છો, તેથી ઋષિઓ તમને 'અનંત' કહે છે. તમારાં સહસ્ર મસ્તકો પર આ ભૂમંડળ સરસવના દાણાની જેમ રહેલું છે અને તમને તો એ પણ ખબર નથી હોતી કે તે ક્યાં રહેલું છે. (૨૧) જેમનાથી ઉત્પન્ન થયેલો હું અહંકારરૂપ પોતાના ત્રિગુણમય તેજથી દેવતાઓ, ઈન્દ્રિયો અને ભૂતોની રચના કરું છું તે વિજ્ઞાનના આશ્રય ભગવાન બ્રહ્માજી પણ તમારા જ મહત્તત્ત્વ-નામક પ્રથમ-ગુણમય સ્વરૂપ છે. (૨૨) હે મહાત્મા! મહત્તત્ત્વ, અહંકાર-ઈન્દ્રિય-અભિમાની દેવતાઓ, ઈન્દ્રિયો, પંચભૂતો વગેરે (એટલે કે) અમે બધા જ દોરીમાં બંધાયેલા પક્ષીની જેમ તમારી ક્રિયાશક્તિને વશીભૂત રહીને, તમારી જ કૃપાથી આ જગતની રચના કરીએ છીએ. (૨૩) સત્ત્વ વગેરે ગુણોની સૃષ્ટિથી મોહિત થયેલો આ જીવ તમારી જ રચેલી તથા કર્મબંધનમાં બાંધનારી માયાને તો કદાચ – ક્યારેક જાણી પણ લે છે, પરંતુ તેનાથી મુક્ત થવાનો ઉપાય તેને સહેલાઈથી માલૂમ પડતો નથી. આ જગતની ઉત્પત્તિ અને

* ભગવાનનો વિગ્રહ શુદ્ધ ચિન્મય જ છે, પરંતુ સંહાર વગેરે તામસી કાર્યોનો હેતુ હોવાથી આને તામસી મૂર્તિ કહે છે.

न वेद निस्तारणयोगमञ्जसा
तस्मै नमस्ते[1] विलयोदयात्मने ॥ २४॥

પ્રલય એ પણ તમારાં જ રૂપ છે. આવા તમને હું વારંવાર નમસ્કાર કરું છું. (૨૪)

=★=

इति श्रीमद्भागवते महापुराणे पारमहंस्यां संहितायां पञ्चमस्कन्धे सप्तदशोऽध्यायः ॥ १७॥

પાંચમા સ્કંધ-અંતર્ગત સત્તરમો અધ્યાય સમાપ્ત.

=★=

અઢારમો અધ્યાય

ભિન્ન-ભિન્ન વર્ષો (ખંડો)નું વર્ણન

श्रीशुक उवाच

तथा च भद्रश्रवा नाम धर्मसुतस्तत्कुलपतयः पुरुषा भद्राश्ववर्षे साक्षाद्भगवतो वासुदेवस्य प्रियां तनुं धर्ममयीं हयशीर्षाभिधानां परमेण समाधिना सन्निधाप्येदमभिगृणन्त उपधावन्ति ॥ १॥

भद्रश्रवस ऊचुः

ॐ नमो भगवते धर्मायात्मविशोधनाय नम इति ॥ २॥

अहो विचित्रं भगवद्विचेष्टितं
घ्नन्तं जनोऽयं हि मिषन्न पश्यति।
ध्यायन्नसद्यर्हि विकर्म सेवितुं
निर्हृत्य पुत्रं पितरं जिजीविषति ॥ ३॥

वदन्ति[2] विश्वं कवयः स्म नश्वरं
पश्यन्ति चाध्यात्मविदो विपश्चितः।
तथापि मुह्यन्ति तवाज मायया[3]
सुविस्मितं कृत्यमजं नतोऽस्मि तम् ॥ ४॥

विश्वोद्भवस्थाननिरोधकर्म ते
ह्यकर्तुरङ्गीकृतमप्यपावृतः।
युक्तं न चित्रं त्वयि कार्यकारणे
सर्वात्मनि व्यतिरिक्ते च वस्तुतः[4] ॥ ५॥

वेदान् युगान्ते तमसा तिरस्कृतान्
रसातलाद्यो नृतुरङ्गविग्रहः।
प्रत्याददे वै कवयेऽभियाचते
तस्मै नमस्तेऽवितथेहिताय इति ॥ ६॥

શ્રીશુકદેવજી કહે છે — હે રાજન્! ભદ્રાશ્વ વર્ષમાં ધર્મપુત્ર ભદ્રશ્રવા અને તેમના મુખ્ય-મુખ્ય સેવકો ભગવાન વાસુદેવની હયગ્રીવ નામની ધર્મમયી પ્રિય મૂર્તિને અત્યંત સમાધિ-નિષ્ઠા વડે હૃદયમાં સ્થાપિત કરીને આ મંત્રનો જપ કરતા રહીને આ પ્રમાણે સ્તુતિ કરે છે — (૧)

ભદ્રશ્રવા અને એમના સેવકો કહે છે — ચિત્તને વિશુદ્ધ કરનારા ઓંકાર-સ્વરૂપ ભગવાન ધર્મને નમસ્કાર છે. (૨)

અહો! ભગવાનની કેવી વિચિત્ર લીલા છે, જેને કારણે આ જીવ સમસ્ત લોકોનો સંહાર કરનારા કાળને જોવા છતાં પણ જોતો નથી અને તુચ્છ વિષયોનું સેવન કરવા માટે પાપમય વિચારોમાં રચ્યો-પચ્યો રહે છે, પોતાના જ હાથે પોતાના પુત્ર, પિતા વગેરેનાં શબને બાળવા છતાં પણ પોતે જીવતો રહેવાની ઈચ્છા કરે છે! (૩) વિદ્વાનો જગતને નશ્વર બતાવે છે અને સૂક્ષ્મદર્શી આત્મજ્ઞાનીઓ એવું જ જુએ પણ છે, તોપણ હે અજન્મા પ્રભુ! તમારી માયાથી લોકો મોહિત થઈ જાય છે. તમે અનાદિ છો તથા તમારાં કાર્ય ઘણાં વિસ્મયજનક છે. હું તમને નમસ્કાર કરું છું. (૪) હે પરમાત્મા! તમે અકર્તા છો અને માયાના આવરણથી રહિત છો, તોપણ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય — એ તમારાં જ કર્મ માનવામાં આવ્યાં છે; તે તો બરાબર જ છે; આમાં કોઈ આશ્ચર્યની વાત નથી, કારણ કે સર્વાત્મ-રૂપે તમે જ સઘળાં કાર્યોના કારણ છો અને પોતાના શુદ્ધ સ્વરૂપમાં આ કાર્ય-કારણ-ભાવથી સર્વથા પર (અતીત) છો. (૫) તમારો વિગ્રહ મનુષ્ય અને ઘોડાનું સંયુક્ત રૂપ છે. પ્રલયકાળમાં તમઃપ્રધાન દૈત્યો જ્યારે વેદોને ચોરી ગયા હતા ત્યારે બ્રહ્માજીએ પ્રાર્થના કરી હતી તેથી તમે તેમને રસાતલમાંથી લાવીને આપ્યા. આવા અમોઘ લીલા કરનારા સત્યસંકલ્પવાળા હયગ્રીવ ભગવાન! તમને નમસ્કાર કરું છું. (૬)

૧. પ્રા. પા. — नमस्ताद्विलयोद० । ૨. પ્રા. પા. — विदन्ति । ૩. પ્રા. પા. — माययाऽऽशु विस्मितं । ૪. પ્રા. પા. — वस्तुनि ।

હરિવર્ષે ચાપિ ભગવાન્નરહરિરૂપેણાસ્તે । તદ્રૂપગ્રહણનિમિત્તમુત્તરત્રાભિધાસ્યે । તદ્દયિતં રૂપં મહાપુરુષગુણભાજનો મહાભાગવતો દૈત્યદાનવકુલતીર્થીકરણશીલાચરિતઃ પ્રહ્લાદોઽવ્યવધાનાનન્યભક્તિયોગેન[1] સહ તદ્વર્ષપુરુષૈરુપાસ્તે ઈદં ચોદાહરતિ ॥ ૭॥ ૐ નમો ભગવતે નરસિંહાય નમસ્તેજસ્તેજસે આવિરાવિર્ભવ વજ્રનખ વજ્રદંષ્ટ્ર કર્માશયાન્ રન્ધય[2]રન્ધય તમો ગ્રસ ગ્રસ ૐસ્વાહા । અભયમભયમાત્મનિ ભૂયિષ્ઠા[3] ૐ ક્ષ્રૌમ્ ॥ ૮॥

સ્વસ્ત્યસ્તુ વિશ્વસ્ય ખલઃ પ્રસીદતાં
ધ્યાયન્તુ ભૂતાનિ શિવં મિથો ધિયા ।
મનશ્ચ ભદ્રં ભજતાદધોક્ષજે
આવેશ્યતાં નો મતિરપ્યહૈતુકી ॥ ૯॥

માઽગારદારાત્મજવિત્તબન્ધુષુ
સઙ્ગો યદિ સ્યાદ્ભગવત્પ્રિયેષુ નઃ ।
યઃ પ્રાણવૃત્ત્યા પરિતુષ્ટ આત્મવાન્
સિદ્ધ્યત્યદૂરાન્ન તથેન્દ્રિયપ્રિયઃ ॥ ૧૦॥

યત્સઙ્ગલબ્ધં નિજવીર્યવૈભવં
તીર્થં મુહુઃ સંસ્પૃશતાં હિ માનસમ્ ।
હરત્યજોઽન્તઃ શ્રુતિભિર્ગતોઽઙ્ગજં
કો વૈ ન સેવેત મુકુન્દવિક્રમમ્ ॥ ૧૧॥

યસ્યાસ્તિ ભક્તિર્ભગવત્યકિઞ્ચના
સર્વૈર્ગુણૈસ્તત્ર સમાસતે સુરાઃ ।
હરાવભક્તસ્ય કુતો મહદ્ગુણા
મનોરથેનાસતિ ધાવતો બહિઃ ॥ ૧૨॥

હરિર્હિ સાક્ષાદ્ભગવાન્ શરીરિણા-
માત્મા ઝષાણામિવ તોયમીપ્સિતમ્ ।
હિત્વા મહાંસ્તં યદિ સજ્જતે ગૃહે
તદા મહત્ત્વં વયસા દમ્પતીનામ્ ॥ ૧૩॥

હરિવર્ષ (ખંડ)માં ભગવાન નરસિંહરૂપે રહે છે. તેમણે આ રૂપ જે કારણે ધારણ કર્યું હતું તેનું વર્ણન આગળ ઉપર (સાતમા સ્કંધમાં) કરવામાં આવશે. ભગવાનના તે રૂપની ઉપાસના તે દેશના અન્ય મનુષ્યો સહિત મહાભાગવત પ્રહ્લાદજી અનન્ય ભક્તિભાવથી કરે છે. આ પ્રહ્લાદજી મહાપુરુષોને યોગ્ય ગુણોથી સંપન્ન છે તથા તેમણે પોતાના શીલ અને આચરણથી દૈત્યો અને દાનવોના કુળને પવિત્ર કરી દીધું છે. તેઓ આ મંત્ર તથા સ્તોત્રનો જપ-પાઠ કરે છે — (૭) "ઓંકાર સ્વરૂપ ભગવાન નરસિંહદેવને નમસ્કાર છે. તમે અગ્નિ વગેરે તેજોના પણ તેજ છો, તમને નમસ્કાર છે. હે વજ્રનખ! હે વજ્રદંતી! તમે અમારી સમક્ષ પ્રગટ થાઓ, પ્રગટ થાઓ; અમારી કર્મવાસનાઓને ભસ્મ કરી દો, અમારા અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરો. ૐ સ્વાહા! અમારા અંતઃકરણમાં અભયદાન દેતા પ્રકાશિત થાઓ. ૐ ક્ષ્રૌમ્! (૮) હે નાથ! વિશ્વનું કલ્યાણ થાઓ, દુષ્ટોની બુદ્ધિ શુદ્ધ થાઓ, બધાં પ્રાણીઓમાં પરસ્પર સદ્ભાવના થાઓ, બધા જ એકબીજાના હિતનું ચિંતન કરો, અમારું ચિત્ત શુભ માર્ગમાં પ્રવૃત્ત થાઓ અને અમારી બુદ્ધિ નિષ્કામભાવે ભગવાન શ્રીહરિમાં પ્રવેશ કરો. (૯)

"હે પ્રભુ! પત્ની, પુત્ર, ઘર, ધનસંપત્તિ, ભાઈભાંડુઓમાં અમારી આસક્તિ ન થાઓ, જો થાય તો કેવળ ભગવાનના પ્રેમી ભક્તોમાં જ થાઓ. જે સંયમી મનુષ્ય કેવળ શરીરનિર્વાહને યોગ્ય અન્ન વગેરેથી સંતુષ્ટ રહે છે તેને જેટલી જલદીથી સિદ્ધિ પ્રાપ્ત થાય છે તેવી ઇન્દ્રિયલોલુપ મનુષ્યને થતી નથી. (૧૦) ભગવાનના તે ભક્તોના સંગથી ભગવાનનાં તીર્થતુલ્ય પવિત્ર ચરિત્રો સાંભળવા મળે છે, કે જે તેમની અસાધારણ શક્તિનાં તેમ જ પ્રભાવનાં સૂચક હોય છે. તેમનું વારંવાર સેવન કરનારાઓના શ્રવણ માર્ગે ભગવાન હૃદયમાં પ્રવેશ કરે છે અને તેમના તમામ પ્રકારના શારીરિક અને માનસિક મળોનો નાશ કરી દે છે. પછી ભલા, ભગવાનના તે ભક્તોનો સંગ કરવાનું કોણ નહીં ઇચ્છે? (૧૧) જે મનુષ્યની ભગવાનમાં નિષ્કામ ભક્તિ છે તેના હૃદયમાં સમસ્ત દેવતાઓ ધર્મ-જ્ઞાન વગેરે સમસ્ત સદ્ગુણો સહિત નિત્ય નિવાસ કરે છે. પરંતુ જે ભગવાનનો ભક્ત નથી તેનામાં મહાપુરુષોના તે ગુણ આવી જ ક્યાંથી શકે? તે તો જાતજાતના સંકલ્પો કરીને નિરંતર તુચ્છ બાહ્ય વિષયો તરફ જ દોડતો રહે છે. (૧૨) જેમ માછલીઓને જળ અત્યંત પ્રિય હોય છે — તેમના જીવનનો આધાર હોય છે. તેવી જ રીતે સાક્ષાત્ શ્રીહરિ જ સમસ્ત શરીરધારીઓના પ્રિયતમ આત્મા છે. તેમને ત્યજીને જો કોઈ મહત્ત્વાભિમાની મનુષ્ય ઘરમાં આસક્ત રહે છે તો તે સ્થિતિમાં સ્ત્રી-પુરુષોનું

૧. પ્રા. પા. — ૦વ્યવધાનમનન્યભક્તિ૦ । ૨. પ્રા. પા. — ૦શયાન્ તમો ગ્રસ ૐ । ૩. પ્રા. પા. — ભૂયિષ્ઠાઃ ક્ષ્રૌમ્ ।

તસ્માદ્રજોરાગવિષાદમન્યુ-
માનસ્પૃહાભયદૈન્યાધિમૂલમ્ ।
હિત્વા ગૃહં સંસૃતિચક્રવાલં
નૃસિંહપાદં ભજતાકુતોભયમિતિ ॥ ૧૪॥

કેતુમાલેઽપિ ભગવાન્ કામદેવસ્વરૂપેણ લક્ષ્મ્યાઃ પ્રિયચિકીર્ષયા પ્રજાપતેર્દુહિતૄણાં પુત્રાણાં તદ્વર્ષપતીનાં પુરુષાયુષાહોરાત્ર-પરિસઙ્ખ્યાનાનાં યાસાં ગર્ભા મહાપુરુષમહાસ્ત્ર-તેજસોદ્વેજિતમનસાં વિધ્વસ્તા વ્યસવઃ સંવત્સરાન્તે વિનિપતન્તિ ॥ ૧૫॥ અતીવ સુલલિત-ગતિવિલાસવિલસિતરુચિરહાસલેશાવલોકલીલયા કિઞ્ચિદુત્તમ્ભિતસુન્દરભ્રૂમણ્ડલસુભગવદનારવિન્દશ્રિયા રમાં રમયન્નિન્દ્રિયાણિ રમયતે ॥ ૧૬॥

તદ્ભગવતો માયામયં રૂપં પરમસમાધિયોગેન રમા દેવી સંવત્સરસ્ય રાત્રિષુ પ્રજાપતેર્દુહિતૃભિરુપેતાહઃસુ ચ તદ્ભર્તૃભિરુપાસ્તે ઇદં ચોદાહરતિ ॥ ૧૭॥ ૐ હ્રાં હ્રીં હ્રૂં ૐ નમો ભગવતે હૃષીકેશાય સર્વગુણવિશેષૈર્વિલક્ષિતાત્મને આકૂતીનાં ચિત્તીનાં ચેતસાં વિશેષાણાં ચાધિપતયે ષોડશકલાય-ચ્છન્દોમયાયાન્નમયાયામૃતમયાય સર્વમયાય સહસે ઓજસે બલાય કાન્તાય કામાય નમસ્તે ઉભયત્ર ભૂયાત્ ॥ ૧૮॥

સ્ત્રિયો વ્રતૈસ્ત્વા હૃષિકેશ્વરં સ્વતો
હ્યારાધ્ય લોકે પતિમાશાસતેઽન્યમ્ ।
તાસાં ન તે વૈ પરિપાન્ત્યપત્યં
પ્રિયં ધનાયૂંષિ યતોઽસ્વતન્ત્રાઃ ॥ ૧૯॥

સ વૈ પતિઃ સ્યાદકુતોભયઃ સ્વયં
સમન્તતઃ પાતિ ભયાતુરં જનમ્ ।
સ એક એવેતરથા મિથો ભયં
નૈવાત્મલાભાદધિ મન્યતે પરમ્ ॥ ૨૦॥

મોટાપણું કેવળ આયુષ્ય (ઉંમર)ને લીધે જ માનવામાં આવે છે, ગુણોની દૃષ્ટિએ નહીં. (૧૩) તેથી હે અસુરો! તમે તૃષ્ણા, રાગ, વિષાદ, ક્રોધ, અભિમાન, ઇચ્છા, ભય, દીનતા અને માનસિક સંતાપનાં મૂળ તથા જન્મ-મરણરૂપી સંસ્કારચક્રનાં વાહક ઘર વગેરેને ત્યજીને ભગવાન નરસિંહજીનાં નિર્ભય ચરણકમળોનો આશ્રય લો.'' (૧૪)

કેતુમાલ દેશમાં લક્ષ્મીજીનું તથા સંવત્સર નામના પ્રજાપતિનાં પુત્ર-પુત્રીઓનું પ્રિય (કાર્ય) કરવા માટે ભગવાન કામદેવરૂપે નિવાસ કરે છે. રાત્રિની અભિમાની દેવતારૂપ તે પુત્રીઓની અને દિવસના અભિમાની દેવતારૂપ તે પુત્રોની સંખ્યા મનુષ્યના સો વર્ષના આયુષ્યના દિવસો અને રાત્રિઓ જેટલી એટલે કે છત્રીસ-છત્રીસ હજાર છે અને તેઓ જ તે દેશના અધિપતિ છે. તે પુત્રીઓ પરમપુરુષ શ્રીનારાયણના શ્રેષ્ઠ અસ્ત્ર સુદર્શન-ચક્રના તેજથી ડરી જાય છે, તેથી પ્રત્યેક વર્ષના અંતે તેમના ગર્ભ નાશ પામીને પડી જાય છે. (૧૫) ભગવાન પોતાના સુલલિત ગતિવિલાસથી સુશોભિત મધુર-મધુર મંદસ્મિતથી, મનોહર લીલાસભર સુકુમાર નેત્રકટાક્ષથી, કંઈક ઊપસેલાં સુંદર ભવાંની રમણીય છટા વડે મુખકમળનું અપાર સૌંદર્ય ઉલેચીને સૌંદર્યદેવી શ્રીલક્ષ્મીને આનંદિત કરે છે અને પોતે પણ આનંદિત થતા રહે છે. (૧૬) શ્રીલક્ષ્મીજી પરમ સમાધિયોગ વડે ભગવાનના તે માયામય સ્વરૂપની, રાત્રિના સમયે, પ્રજાપતિ સંવત્સરની પુત્રીઓ સાથે અને દિવસે તેમના પતિઓ સાથે આરાધના કરે છે તથા તેઓ આ મંત્રનો જપ કરતાં રહીને ભગવાનની સ્તુતિ કરે છે – (૧૭) ''જેઓ ઇન્દ્રિયોના નિયંતા (નિયામક) અને તમામ શ્રેષ્ઠ વસ્તુઓના ભંડાર છે; ક્રિયાશક્તિ, જ્ઞાનશક્તિ અને સંકલ્પ-શક્તિ વગેરે ચિત્તના ધર્મોના અને તેમના વિષયોના અધીશ્વર છે; અગિયાર ઇન્દ્રિયો અને પાંચ વિષયો – એ સોળ કળાઓથી યુક્ત છે; વેદોક્ત કર્મો કરવાથી પ્રાપ્ત થાય છે તથા અન્નમય, અમૃતમય અને સર્વમય છે – તે માનસિક, ઐન્દ્રિયિક તેમ જ શારીરિક બળ-સ્વરૂપ પરમસુંદર ભગવાન કામદેવને 'ૐ હ્રાં હ્રીં હ્રૂં' - આ બીજમંત્રો સહિત સર્વ બાજુથી નમસ્કાર છે. (૧૮)

''હે ભગવન્! તમે ઇન્દ્રિયોના અધીશ્વર છો. સ્ત્રીઓ જાતજાતનાં આકરાં વ્રતો વડે તમારી જ આરાધના કરીને અન્ય લૌકિક પતિઓ પામવા ઇચ્છતી રહે છે; પરંતુ તેઓ તેમના પુત્ર, ધન અને આયુષ્યનું રક્ષણ કરી શકતા નથી, કારણ કે તેઓ પોતે જ તો પરતંત્ર છે. (૧૯) સાચો પતિ (રક્ષક અથવા ઈશ્વર) તે જ છે કે જે પોતે સર્વથા નિર્ભય હોય અને અન્ય ભયભીત લોકોનું બધા પ્રકારે રક્ષણ કરી શકે. આવા પતિ એકમાત્ર તમે જ છો. જો એક કરતાં વધુ ઈશ્વર માનવામાં આવે તો તેમને એકબીજા તરફથી ભય થવાની

યા તસ્ય તે પાદસરોરુહાર્હણં
નિકામયેત્સાખિલકામલમ્પટા ।
તદેવ રાસીપ્સિતમીપ્સિતોઽર્ચિતો
યદ્ભગ્નયાચ્ઞા ભગવન્ પ્રતપ્યતે ॥ ૨૧॥

મત્પ્રાપ્તયેઽજેશસુરાસુરાદય-
સ્તપ્યન્ત ઉગ્રં તપ ઐન્દ્રિયેધિયઃ ।
ઋતે ભવત્પાદપરાયણાન્ન માં
વિન્દન્ત્યહં ત્વદ્ધૃદયા યતોઽજિત ॥ ૨૨॥

સ ત્વં મમાપ્યચ્યુત શીર્ષ્ણિ વન્દિતં
કરામ્બુજં યત્ત્વદધાયિ સાત્વતામ્ ।
બિભર્ષિ માં લક્ષ્મ વરેણ્ય માયયા
ક ઈશ્વરસ્યેહિતમૂહિતું વિભુરિતિ ॥ ૨૩॥

રમ્યકે ચ ભગવતઃ પ્રિયતમં માત્સ્યમવતારરૂપં તદ્વર્ષપુરુષસ્ય મનોઃ પ્રાક્પ્રદર્શિતં સ ઇદાનીમપિ મહતા ભક્તિયોગેનારાધયતીદં ચોદાહરતિ ॥ ૨૪॥ ૐ નમો ભગવતે મુખ્યતમાય નમઃ સત્ત્વાય પ્રાણાયૌજસે સહસે બલાય મહામત્સ્યાય નમ ઇતિ ॥ ૨૫॥

અન્તર્બહિશ્ચાખિલલોકપાલકૈ-
રદૃષ્ટરૂપો વિચરસ્યુરુસ્વનઃ ।
સ ઈશ્વરસ્ત્વં ય ઇદં વશેઽનય-
ન્નામ્ના યથા દારુમયીં નરઃ સ્ત્રિયમ્ ॥ ૨૬॥

યં લોકપાલાઃ કિલ મત્સરજ્વરા
હિત્વા યતન્તોઽપિ પૃથક્ સમેત્ય ચ ।
પાતું[1] ન શેકુર્દ્વિપદશ્ચતુષ્પદઃ
સરીસૃપં સ્થાણુ યદત્ર દૃશ્યતે ॥ ૨૭॥

ભવાન્ યુગાન્તાર્ણવ ઊર્મિમાલિનિ
ક્ષોણીમિમામોષધિવીરુધાં નિધિમ્ ।
મયા સહોરુ ક્રમતેઽજ ઓજસા
તસ્મૈ જગત્પ્રાણગણાત્મને નમ ઇતિ ॥ ૨૮॥

સંભાવના છે. તેથી જ તમે પોતાની પ્રાપ્તિ કરતાં અધિક અન્ય કોઈ લાભ હોવાનું માનતા નથી. (૨૦) હે ભગવન્! જે સ્ત્રી તમારાં ચરણકમળોનું પૂજન જ ઇચ્છે છે તે અન્ય કશી વસ્તુની કામના કરતી નથી, તેની બધી જ કામનાઓ પૂર્ણ (સંપન્ન) થઈ જાય છે; પરંતુ જે સ્ત્રી કોઈ એક કામનાને લઈને તમારી ઉપાસના કરે છે તેને તમે ફક્ત તે જ વસ્તુ આપો છો; અને ભોગ સમાપ્ત થઈ જવાથી તે વસ્તુ નષ્ટ થઈ જાય છે ત્યારે તેના માટે તેણે સંતપ્ત (દુઃખી) થવું પડે છે. (૨૧) હે અજિત! મને પ્રાપ્ત કરવા માટે ઇન્દ્રિયસુખના અભિલાષી બ્રહ્મા, રુદ્ર વગેરે સમસ્ત દેવો-દાનવો ઘોર તપસ્યા કરતા રહે છે; પરંતુ તમારાં ચરણકમળોનો આશ્રય લેનારા ભક્તો સિવાય અન્ય કોઈ મને પામી શકતું નથી, કારણ કે મારું મન તો (કેવળ) તમારામાં જ લાગેલું રહે છે. (૨૨) હે અચ્યુત! તમે પોતાના જે વંદનીય કરકમળને ભક્તોના મસ્તક પર મૂકો છો તેને મારા મસ્તક પર પણ મૂકો. હે વરેણ્ય! તમે મને કેવળ શ્રીલાંછન-રૂપે પોતાના વક્ષઃસ્થળમાં જ ધારણ કરો છો તે તમે સર્વસમર્થ છો. તમે પોતાની માયાથી જે લીલાઓ કરો છો તેમનું રહસ્ય કોણ જાણી શકે છે?" (૨૩)

રમ્યક વર્ષ (ખંડ)માં ભગવાને ત્યાંના અધિપતિ મનુને અગાઉના સમયમાં પોતાનું પરમપ્રિય મત્સ્યરૂપ બતાવ્યું હતું. મનુજી આ સમયે પણ ભગવાનના તે જ રૂપની અત્યંત ભક્તિભાવપૂર્વક ઉપાસના કરે છે અને આ મંત્રનો જપ કરતા રહીને સ્તુતિ કરે છે – "સત્ત્વપ્રધાન મુખ્ય પ્રાણ સૂત્રાત્મા તથા મનોબળ, ઇન્દ્રિયબળ અને શરીરબળ ઓંકારપદના અર્થ સર્વશ્રેષ્ઠ ભગવાન મહામત્સ્યને વારંવાર નમસ્કાર છે. (૨૪-૨૫)

"હે પ્રભુ! નટ જે રીતે કઠપૂતળીઓને નચાવે છે તેવી જ રીતે તમે બ્રાહ્મણ વગેરે નામની દોરીથી સમસ્ત વિશ્વને પોતાને આધીન કરીને નચાવી રહ્યા છો. તેથી તમે જ સૌના પ્રેરક છો. તમને બ્રહ્મા વગેરે લોકપાલો પણ જોઈ શકતા નથી, તોપણ તમે સમસ્ત પ્રાણીઓની અંદર પ્રાણરૂપે અને બહાર વાયુરૂપે નિરંતર સંચાર કરતા રહો છો. વેદ જ તમારો મહાન શબ્દ છે. (૨૬) એક વાર ઇન્દ્ર વગેરે ઇન્દ્રિયોના અભિમાની દેવતાઓને પ્રાણસ્વરૂપ તમારાથી દ્વેષ થયો ત્યારે તમારા અલગ થઈ જવાથી તેઓ અલગ-અલગ અથવા પરસ્પરમાં મળીને પણ મનુષ્ય, પશુ, સ્થાવર-જંગમ વગેરે જેટલાં શરીર દેખાય છે તેમાંના કોઈનું પણ ઘણો પ્રયત્ન કરવા છતાંય રક્ષણ કરી શક્યા નહીં. (૨૭) હે અજન્મા પ્રભુ! તમે મારા સહિત સમસ્ત ઔષધિઓ (વનસ્પતિઓ) અને વેલીઓના આશ્રયરૂપ આ પૃથ્વીને લઈને મોટાં-મોટાં પ્રચંડ મોજાંઓવાળા

૧. પ્રા. પા. – જ્ઞાતું ન શેકુ૦ ।

હિરણ્મયેઽપિ[1] ભગવાન્નિવસતિ કૂર્મતનું બિભ્રાણસ્તસ્ય તત્પ્રિયતમાં તનુમર્યમા સહ વર્ષપુરુષૈઃ પિતૃગણાધિપતિરુપધાવતિ[2] મન્ત્રમિમં ચાનુજપતિ ॥ ૨૯॥ ૐ નમો ભગવતે અકૂપારાય [3]સર્વસત્ત્વગુણવિશેષણાયાનુપલક્ષિત-સ્થાનાય નમો વર્ષ્મણે નમો ભૂમ્ને નમો નમોઽવસ્થાનાય નમસ્તે ॥ ૩૦॥

યદ્રૂપમેતન્નિજમાયયાઽર્પિત[4]-
 મર્થસ્વરૂપં બહુરૂપરૂપિતમ્ ।
સઙ્ખ્યા ન યસ્યાસ્ત્યયથોપલમ્ભનાત્
 તસ્મૈ નમસ્તેઽવ્યપદેશરૂપિણે ॥ ૩૧॥

જરાયુજં સ્વેદજમણ્ડજોદ્ભિદં
 ચરાચરં દેવર્ષિપિતૃભૂતમૈન્દ્રિયમ્ ।
દ્યૌઃ ખં ક્ષિતિઃ શૈલસરિત્સમુદ્ર-
 દ્વીપગ્રહર્ક્ષેત્યભિધેય એકઃ ॥ ૩૨॥

યસ્મિન્નસઙ્ખ્યેયવિશેષનામ-
 રૂપાકૃતૌ કવિભિઃ કલ્પિતેયમ્ ।
સઙ્ખ્યા યયા તત્ત્વદૃશાઽપનીયતે
 તસ્મૈ નમઃ સાઙ્ખ્યનિદર્શનાય તે ઇતિ ॥ ૩૩॥

ઉત્તરેષુ ચ કુરુષુ ભગવાન્ યજ્ઞપુરુષઃ કૃતવરાહરૂપ આસ્તે તં તુ દેવી હૈષા ભૂઃ સહ કુરુભિરસ્ખલિતભક્તિયોગેનોપધાવતિ ઇમાં ચ પરમામુપનિષદમાવર્તયતિ ॥ ૩૪॥ ૐ નમો ભગવતે મન્ત્રતત્ત્વલિઙ્ગાય યજ્ઞક્રતવે મહાધ્વરાવયવાય[5] મહાપુરુષાય નમઃ કર્મશુક્લાય ત્રિયુગાય નમસ્તે ॥ ૩૫॥

યસ્ય સ્વરૂપં કવયો વિપશ્ચિતો
 ગુણેષુ દારુષ્વિવ જાતવેદસમ્ ।
મથ્નન્તિ મથ્ના મનસા દિદૃક્ષવો
 ગૂઢં ક્રિયાર્થૈર્નમ ઈરિતાત્મને ॥ ૩૬॥

પ્રલયકાલીન સમુદ્રમાં ભારે ઉત્સાહથી વિહાર કર્યો હતો. તમે સંસારના સમસ્ત પ્રાણી-સમુદાયના નિયંતા છો. મારા તમને નમસ્કાર છે.' (૨૮)

હિરણ્મય દેશમાં ભગવાન કચ્છપરૂપ ધારણ કરીને રહે છે. ત્યાંના રહેવાસીઓ સહિત પિતૃરાજ અર્યમા ભગવાનની તે પ્રિયતમ મૂર્તિની ઉપાસના કરે છે અને આ મંત્રનો નિરંતર જપ કરતા રહીને (આ પ્રમાણે) સ્તુતિ કરે છે – (૨૯) "જેઓ સઘળા સત્ત્વગુણોથી યુક્ત છે, જળમાં વિચરતા રહેવાને કારણે જેમના સ્થાનનું કોઈ નિશ્ચિતપણું નથી તથા જેઓ કાળની મર્યાદાની બહાર છે તે ૐકારસ્વરૂપ સર્વાધાર ભગવાન કચ્છપને વારંવાર નમસ્કાર છે. (૩૦)

"હે ભગવન્! અનેક રૂપોમાં પ્રતીત થતું આ દૃશ્યપ્રપંચ જોકે મિથ્યા જ છે, તેથી તેની વાસ્તવમાં કોઈ સંખ્યા નથી; તોપણ માયાથી પ્રકાશિત થનારું આપનું જ રૂપ છે. એવા અનિર્વચનીય-સ્વરૂપ તમને મારા નમસ્કાર છે. (૩૧) એકમાત્ર તમે જ જરાયુજ, સ્વેદજ, અંડજ, ઉદ્ભિજ્જ, જંગમ, સ્થાવર, દેવતા, ઋષિ, પિતૃ, ભૂત, ઇન્દ્રિય, સ્વર્ગ, આકાશ, પૃથ્વી, પર્વત, નદી, સમુદ્ર, દ્વીપ, ગ્રહ, તારા વગેરે વિભિન્ન નામોથી પ્રસિદ્ધ છો. (૩૨) તમે અસંખ્ય નામો, રૂપો અને આકૃતિઓવાળા છો; કપિલ વગેરે વિદ્વાનોએ તમારામાં ચોવીસ તત્ત્વોની સંખ્યાની કલ્પના કરી છે પરંતુ તત્ત્વજ્ઞાન થવાથી તે તત્ત્વોની પણ નિવૃત્તિ થઈ જાય છે. પછી તેને સર્વત્ર આપ જ દેખાઓ છો. સાંખ્યસિદ્ધાંતસ્વરૂપ તમને મારા નમસ્કાર છે." (૩૩)

ઉત્તરકુરુ વર્ષ (ખંડ)માં ભગવાન યજ્ઞપુરુષ વરાહનું રૂપ ધારણ કરેલા વિરાજમાન છે. ત્યાંના રહેવાસીઓ સહિત પૃથ્વીદેવી અવિચળ ભક્તિભાવપૂર્વક તેમની ઉપાસના કરે છે અને પરમ ઉત્કૃષ્ટ મંત્રનો જપ કરતી રહીને (આ પ્રમાણે) સ્તુતિ કરે છે – (૩૪) "જેમને તત્ત્વ મંત્રોથી જાણી શકાય છે, જેઓ યજ્ઞ અને ક્રતુરૂપ છે તથા મોટા-મોટા યજ્ઞો જેમનાં અંગ છે તે ૐકારસ્વરૂપ શુક્લકર્મમય ત્રિયુગમૂર્તિ પુરુષોત્તમ વરાહ ભગવાનને વારંવાર નમસ્કાર છે." (૩૫)

"જેમ ઋત્વિજો અરણિના લાકડાના ટુકડાઓમાં છુપાયેલા અગ્નિને ઘર્ષણ વડે પ્રગટ કરે છે તેવી જ રીતે કર્મની આસક્તિ અને કર્મના ફળની કામનાને લીધે છુપાયેલા તમારા રૂપનું દર્શન કરવાની ઇચ્છાથી પરમ પ્રવીણ પંડિતો પોતાના વિવેકયુક્ત મનરૂપી વલોણાથી શરીર અને મનને વલોવી નાખે છે. આ પ્રકારે વલોવવાથી પોતાના સ્વરૂપને પ્રગટ કરનારા તમને નમસ્કાર છે. (૩૬)

૧. પ્રા. પા. – હિરણ્મયે તુ । ૨. પ્રા. પા. – પિતૃણાં ગણાધિપતિ૦ । ૩. પ્રા. પા. – ૦તત્ત્વગુણ૦ । ૪. પ્રા. પા. – ૦તં હ્યર્થસ્વરૂપં । ૫. પ્રા. પા. – મહાધ્વરાય ।

દ્રવ્યક્રિયાહેત્વયનેશકર્તૃભિ-
મૉયાગુણૈર્વસ્તુનિરીક્ષિતાત્મને ।
અન્વીક્ષયાઙ્ગાતિશયાત્મબુદ્ધિભિ-
ર્નિરસ્તમાયાકૃતયે નમો નમઃ ॥ ૩૭॥

કરોતિ વિશ્વસ્થિતિસંયમોદયં
યસ્યેપ્સિતં નેપ્સિતમીક્ષિતુર્ગુણૈઃ ।
માયા યથાઽયો ભ્રમતે તદાશ્રયં
ગ્રાવ્ણો નમસ્તે ગુણકર્મસાક્ષિણે ॥ ૩૮॥

પ્રમથ્ય દૈત્યં પ્રતિવારણં મૃધે
યો માં રસાયા[1] જગદાદિસૂકરઃ ।
કૃત્વાઽગ્રદંષ્ટ્રે[2] નિરગાદુદન્વતઃ
ક્રીડન્નિવેભઃ પ્રણતાસ્મિ તં વિભુમિતિ ॥ ૩૯॥

ચિંતન તથા યમ-નિયમો વગેરે યોગનાં અંગોના સાધનથી જેમની બુદ્ધિ નિશ્ચયાત્મક થઈ ગઈ છે - તે મહાપુરુષો માયાનાં દ્રવ્ય (વિષય), ક્રિયા (ઇન્દ્રિય-વ્યાપાર), હેતુ (ઇન્દ્રિયના અધિષ્ઠાતા દેવતા), અયન (શરીર), ઈશ, કાળ, કર્તા (અહંકાર) વગેરે કાર્યોને જોઈને તેમના અધિષ્ઠાનમાં રહેનારા પરમાત્માના વાસ્તવિક સ્વરૂપનો નિશ્ચય કરે છે તેમને વારંવાર નમસ્કાર છે. (૩૭) જેમ લોઢું જડ હોવા છતાં પણ લોહચુંબકના સાંનિધ્ય-માત્રથી હાલવા-ચાલવા લાગે છે તેવી જ રીતે જે સર્વસાક્ષીની ઇચ્છામાત્રથી, કે જે (ઇચ્છા) પોતાને માટે નહીં, બલકે સમસ્ત પ્રાણીઓ માટેની હોય છે, પ્રકૃતિ પોતાના ગુણો વડે જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય કરતી રહે છે, એવા સમસ્ત ગુણો અને કર્મોના સાક્ષી તમને નમસ્કાર છે. (૩૮) તમે જગતના કારણભૂત આદિવરાહ છો. જેમ એક હાથી બીજા હાથીને પછાડે છે તેવી જ રીતે ગજરાજની જેમ ક્રીડા કરતા તમે યુદ્ધમાં પોતાના પ્રતિદ્વંદ્વી હિરણ્યાક્ષ દૈત્યને કચડી નાખીને, મને (પૃથ્વીને) પોતાની દાઢોની અણી પર રાખીને રસાતલથી પ્રલય-સમુદ્રમાંથી બહાર નીકળી આવ્યા હતા એવા સર્વશક્તિમાન પ્રભુ આપને હું વારંવાર નમસ્કાર કરું છું.'' (૩૯)

═★═

ઇતિ શ્રીમદ્ભાગવતે મહાપુરાણે પારમહંસ્યાં સંહિતાયાં પઞ્ચમસ્કન્ધે ભુવનકોશવર્ણનં[3] નામાષ્ટાદશોઽધ્યાયઃ ॥ ૧૮॥
પાંચમા સ્કંધ-અંતર્ગત ભુવનકોશવર્ણન નામનો અઢારમો અધ્યાય સમાપ્ત.

═★═

ઓગણીસમો અધ્યાય

કિંપુરુષવર્ષ અને ભારતવર્ષનું વર્ણન

શ્રીશુક ઉવાચ

કિમ્પુરુષે વર્ષે ભગવન્તમાદિપુરુષં લક્ષ્મણાગ્રજં સીતાભિરામં રામં તચ્ચરણ-સન્નિકર્ષાભિરતઃ પરમભાગવતો હનુમાન્ સહ કિમ્પુરુષૈરવિરતભક્તિરુપાસ્તે ॥ ૧॥ આર્ષ્ટિષેણેન સહ ગન્ધર્વૈરનુગીયમાનાં પરમકલ્યાણીં ભર્તૃભગવત્કથાં સમુપશૃણોતિ સ્વયં ચેદં ગાયતિ ॥ ૨॥ ૐ નમો ભગવતે ઉત્તમશ્લોકાય નમ આર્યલક્ષણશીલવ્રતાય નમ ઉપશિક્ષિતાત્મન ઉપાસિતલોકાય નમઃ સાધુવાદનિકષણાય[4] નમો બ્રહ્મણ્યદેવાય મહાપુરુષાય મહારાજાય નમ ઇતિ ॥ ૩॥

શ્રીશુકદેવજી કહે છે – હે રાજન્! કિંપુરુષવર્ષ (ખંડ)માં શ્રીલક્ષ્મણજીના મોટા ભાઈ, આદિપુરુષ, સીતાજીના હૃદયના અભિરામ ભગવાન શ્રીરામનાં ચરણોના સાંનિધ્યના રસિક, પરમ ભાગવત શ્રીહનુમાનજી અન્ય કિન્નરો સહિત અવિચળ ભક્તિભાવથી તેમની ઉપાસના કરે છે. (૧) ત્યાં અન્ય ગંધર્વોના પ્રમુખ આર્ષ્ટિષેણ તેમના સ્વામી ભગવાન શ્રીરામની પરમ કલ્યાણમયી ગુણગાથા ગાતા રહે છે. શ્રીહનુમાનજી તે સાંભળે છે અને પોતે પણ આ મંત્રનો જપ કરતા રહીને આ પ્રમાણે તેમની સ્તુતિ કરે છે – (૨) ''અમે ઓંકારસ્વરૂપ પવિત્રકીર્તિ ભગવાન શ્રીરામને નમસ્કાર કરીએ છીએ. તમારામાં સત્પુરુષોનાં લક્ષણો, શીલ અને આચરણ વિદ્યમાન છે. તમે અત્યંત સંયતચિત્ત, આપના ઉપાસકોને દર્શન આપવામાં તત્પર, સાધુતાની પરીક્ષા માટે

૧. પ્રા. પા. – રસાયાં । ૨. પ્રા. પા. – હિત્વોગ્રદંષ્ટ્રે । ૩. પ્રા. પા. – ૦કોશાનુવર્ણનં । ૪. પ્રા. પા. – ૦વાદષિષણાય ।

યત્તદ્વિશુદ્ધાનુભવમાત્રમેકં
સ્વતેજસા ધ્વસ્તગુણવ્યવસ્થમ્ ।
પ્રત્યક્ પ્રશાન્તં સુધિયોપલમ્ભનં
હ્યનામરૂપં નિરહં પ્રપદ્યે ॥ ૪॥

મર્ત્યાવતારસ્ત્વિહ મર્ત્યશિક્ષણં
રક્ષોવધાયૈવ ન કેવલં વિભોઃ ।
કુતોઽન્યથા સ્યાદ્રમતઃ સ્વ આત્મનઃ
સીતાકૃતાનિ વ્યસનાનીશ્વરસ્ય ॥ ૫॥

ન વૈ સ આત્માઽઽત્મવતાં સુહૃત્તમઃ
સક્તસ્ત્રિલોક્યાં ભગવાન્ વાસુદેવઃ ।
ન સ્ત્રીકૃતં કશ્મલમશ્નુવીત
ન લક્ષ્મણં ચાપિ વિહાતુમર્હતિ ॥ ૬॥

ન જન્મ નૂનં મહતો ન સૌભગં
ન વાઙ્ ન બુદ્ધિર્નાકૃતિસ્તોષહેતુઃ ।
તૈર્યદ્વિસૃષ્ટાનપિ[1] નો વનૌકસ-
શ્ચકાર સખ્યે બત લક્ષ્મણાગ્રજઃ ॥ ૭॥

સુરોઽસુરો વાપ્યથ વાનરો નરઃ
સર્વાત્મના યઃ સુકૃતજ્ઞમુત્તમમ્ ।
ભજેત રામં મનુજાકૃતિં હરિં
ય ઉત્તરાનનયત્કોસલાન્દિવમિતિ ॥ ૮॥

ભારતેઽપિ વર્ષે ભગવાન્નરનારાયણાખ્ય આકલ્પાન્તમુપચિતધર્મજ્ઞાનવૈરાગ્યૈશ્વર્યોપશમોપરમાત્મોપલમ્ભનમનુગ્રહાયાત્મવતામનુકમ્પયા તપોઽવ્યક્તગતિશ્ચરતિ ॥ ૯॥ તં ભગવાન્નારદો

કસોટીરૂપ અને મહાન બ્રાહ્મણભક્ત છો. આવા મહાપુરુષ મહારાજ શ્રીરામને અમારા પુનઃ પુનઃ પ્રણામ છે. (૩)

"હે ભગવન્! તમે વિશુદ્ધ બોધસ્વરૂપ, અદ્વિતીય, પોતાના સ્વરૂપના પ્રકાશથી ગુણોના કાર્યરૂપ જાગ્રત વગેરે તમામ અવસ્થાઓનો ધ્વંસ કરનારા, સૌના અંતરાત્મા, પરમ શાન્ત, શુદ્ધ બુદ્ધિથી ગ્રહણ કરવા યોગ્ય, નામ અને રૂપ વિનાના અને અહંકારરહિત છો. હું તમારે શરણે છું. (૪) હે પ્રભુ! તમારો મનુષ્ય-અવતાર માત્ર રાક્ષસોના વધ માટે જ નથી, (બલકે) એનું મુખ્ય ઉદ્દેશ્ય તો મનુષ્યોને બોધ આપવાનું છે. અન્યથા, પોતાના સ્વરૂપમાં જ રમણ કરનારા સાક્ષાત્ વિશ્વાત્મા વિશ્વેશ્વરને સીતાજીના વિયોગમાં આટલું દુઃખ કેવી રીતે થઈ શકતું હતું? (૫) તમે ધીરપુરુષોના આત્મા* અને પ્રિયતમ ભગવાન વાસુદેવ છો; ત્રણે લોકની કોઈ પણ વસ્તુમાં તમારી આસક્તિ નથી. તમે નથી તો સીતાજી માટે મોહ પામતા અને નથી તો લક્ષ્મણજીનો ત્યાગ પણ કરતા.+ (૬) તમારા આ વ્યવહારો તો માત્ર લોકશિક્ષણ માટે જ છે. હે લક્ષ્મણાગ્રજ (લક્ષ્મણજીના મોટા ભાઈ)! ઉત્તમ કુળમાં જન્મ, સુંદરતા, વાક્ચાતુરી, બુદ્ધિ અને શ્રેષ્ઠ યોનિ – આમાંનો કોઈ પણ ગુણ તમારી પ્રસન્નતાનું કારણ બની શકતો નથી, આ વાત બતાવવા માટે જ તમે આ બધા ગુણો વિનાના વનવાસી વાનરો, એવા અમારી સાથે મિત્રતા કરી છે. (૭) દેવ, દાનવ, મનુષ્ય કે વાનર – કોઈ પણ હોય છે, તેણે બધી રીતે શ્રીરામ-સ્વરૂપ તમારું જ ભજન કરવું જોઈએ; કારણ કે તમે નરના રૂપમાં સાક્ષાત્ શ્રીહરિ જ છો. અને કરેલા થોડા (ભજન)ને પણ ઘણું વધારે માનો છો. તમે આશ્રિતોના એવા પ્રેમી છો કે જ્યારે પોતે દિવ્યધામમાં સિધાવી ગયા હતા ત્યારે સઘળાં ઉત્તર-કોસલવાસીઓને પણ પોતાની સાથે જ લઈ ગયા હતા." (૮)

ભારતવર્ષમાં પણ ભગવાન દયાવશ નર-નારાયણ-રૂપ ધારણ કરીને સંયમશીલ મનુષ્યો પર અનુગ્રહ કરવા માટે અપ્રગટરૂપે કલ્પના અંત સુધી તપ કરતા રહે છે. તેમની આ તપસ્યા એવી છે કે જેના થકી ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ઐશ્વર્ય, શાન્તિ અને ઉપરતિની ઉત્તરોત્તર વૃદ્ધિ

૧. પ્રા. પા. – ૦સૃષ્ટાન્વિપિને ।

* અહીં શંકા થાય છે કે ભગવાન તો સૌના આત્મા છે, તો પછી અહીં તેમને આત્મવાન (ધીર) મનુષ્યોના જ આત્મા કેમ બતાવવામાં આવ્યા છે? આનું કારણ એ જ છે કે તેઓ સર્વાત્મા હોવા છતાં પણ તેમને કેવળ આત્મજ્ઞાની મનુષ્યો જ પોતાના આત્મારૂપે અનુભવે છે, અન્ય મનુષ્યો નહીં. શ્રુતિમાં જ્યાં ક્યાંય આત્મસાક્ષાત્કારની વાત આવેલી છે ત્યાં આત્મવેત્તા માટે 'ધીર' શબ્દનો પ્રયોગ કરેલો છે. જેમ કે – 'કશ્ચિદ્ધીરઃ પ્રત્યગાત્માનમૈક્ષત' 'ઇતિ નઃ શુશ્રુમ ધીરાણામ્' વગેરે. તેથી અહીં પણ ભગવાનને આત્મવાન અથવા ધીરપુરુષના આત્મા બતાવ્યા છે.

+ એક વાર ભગવાન શ્રીરામ એકાંતમાં એક દેવદૂત સાથે વાતો કરી રહ્યા હતા. તે સમયે લક્ષ્મણજી પહેરો ભરતા હતા અને ભગવાનની આજ્ઞા હતી કે જો અત્યારે કોઈ અંદર આવશે તો તે મારા હાથે માર્યો જશે. એ દરમિયાન જ દુર્વાસા મુનિ આવ્યા અને તેમણે પોતાના આગમનની સૂચના આપવા અંદર જવા માટે લક્ષ્મણજીને વિવશ કર્યા. આનાથી પોતાની પ્રતિજ્ઞા અનુસાર ભગવાન ઘણા અસમંજસ (અવઢવ)માં પડી ગયા. ત્યારે વસિષ્ઠજીએ કહ્યું કે લક્ષ્મણજીના પ્રાણ નહીં લેતાં તેમનો ત્યાગ કરી દેવો જોઈએ; કારણ કે પોતાના પ્રિયજનનો ત્યાગ કરવો એ (તેને માટે) મૃત્યુદંડ બરાબર જ છે. એથી ભગવાને તેમનો ત્યાગ કર્યો.

વર્ણાશ્રમવતીભિર્ભારતીભિઃપ્રજાભિર્ભગવત્પ્રોક્તાભ્યાં સાઙ્ખ્યયોગાભ્યાં ભગવદનુભાવોપવર્ણનં સાવર્ણેરુપદેક્ષ્યમાણઃ પરમભક્તિભાવેનોપસરતિ ઇદં ચાભિગૃણાતિ ॥ ૧૦॥ ૐ નમો ભગવતે ઉપશમશીલાયોપરતાનાત્મ્યાય નમોઽકિઞ્ચનવિત્તાય ઋષિઋષભાય નરનારાયણાય પરમહંસપરમગુરવે[1] આત્મારામાધિપતયે નમો નમ ઇતિ ॥ ૧૧॥ ગાયતિ ચેદમ્–

કર્તાસ્ય સર્ગાદિષુ યો ન બધ્યતે
ન હન્યતે દેહગતોઽપિ દૈહિકૈઃ ।
દ્રષ્ટુર્ન દૃગ્યસ્ય ગુણૈર્વિદૂષ્યતે
તસ્મૈ નમોઽસક્તવિવિક્તસાક્ષિણે ॥ ૧૨॥

ઇદં હિ યોગેશ્વર યોગનૈપુણં
હિરણ્યગર્ભો ભગવાઞ્જગાદ યત્ ।
યદન્તકાલે ત્વયિ નિર્ગુણે મનો
ભક્ત્યા દધીતોજ્ઝિતદુષ્કલેવરઃ ॥ ૧૩॥

યથૈહિકામુષ્મિકકામલમ્પટઃ
સુતેષુ દારેષુ ધનેષુ ચિન્તયન્ ।
શઙ્કેત વિદ્વાન્ કુકલેવરાત્યયાદ્
યસ્તસ્ય યત્નઃ શ્રમ એવ કેવલમ્ ॥ ૧૪॥

તન્નઃ પ્રભો ત્વં કુકલેવરાર્પિતાં
ત્વન્માયયાઽહંમમતામધોક્ષજ ।
ભિન્દ્યામ યેનાશુ વયં સુદુર્ભિદાં
વિધેહિ યોગં ત્વયિ નઃ સ્વભાવમિતિ ॥ ૧૫॥

ભારતેઽપ્યસ્મિન્ વર્ષે સરિચ્છૈલાઃ સન્તિ બહવો મલયો મઙ્ગલપ્રસ્થો મૈનાકસ્ત્રિકૂટ ઋષભઃ કૂટકઃ કોલ્લકઃ[2] સહ્યો દેવગિરિર્ઋષ્યમૂકઃ શ્રીશૈલો વેઙ્કટો[3] મહેન્દ્રો વારિધારો વિન્ધ્યઃ શુક્તિમાનૃક્ષગિરિઃ પારિયાત્રો દ્રોણશ્ચિત્રકૂટો ગોવર્ધનો રૈવતકઃ કકુભો નીલો ગોકામુખ[4] ઇન્દ્રકીલઃ કામગિરિરિતિ ચાન્યે ચ શતસહસ્રશઃ શૈલાસ્તેષાં નિતમ્બપ્રભવા નદા નદ્યશ્ચ સન્ત્યસઙ્ખ્યાતાઃ ॥ ૧૬॥

થાય છે અને અંતે આત્મસ્વરૂપની પ્રાપ્તિ થઈ શકે છે. (૯) ત્યાં ભગવાન નારદજી સ્વયં શ્રીભગવાને જ કહેલા સાંખ્ય અને યોગશાસ્ત્ર સહિત ભગવાનના મહિમાને પ્રગટ કરનારા પાંચરાત્રદર્શનનો સાવર્ણિ મુનિને ઉપદેશ કરવા માટે, ભારતવર્ષની વર્ણાશ્રમ-ધર્મ પર અવલંબિત પ્રજા સહિત, અત્યંત ભક્તિભાવપૂર્વક ભગવાન શ્રીનર-નારાયણની ઉપાસના કરે છે તથા આ મંત્રનો જપ કરે છે અને સ્તોત્રનું ગાન કરીને તેમની સ્તુતિ કરે છે – (૧૦) 'ૐકારસ્વરૂપ, નિરહંકાર, નિર્ધનોના ધન, શાંતસ્વભાવ, ઋષિશ્રેષ્ઠ ભગવાન શ્રીનર-નારાયણને નમસ્કાર છે. તેઓ પરમહંસોના પરમ ગુરુ અને આત્મારામોના અધીશ્વર છે; તેમને વારંવાર નમસ્કાર છે.'' (૧૧) અને આ પ્રમાણે ગાય છે – ''જેઓ વિશ્વની ઉત્પત્તિ વગેરેમાં (સ્વયં) તેમના કર્તા હોવા છતાં પણ કર્તૃત્વના અભિમાનથી બંધાતા નથી, શરીરમાં રહેતા હોવા છતાં પણ તેના ભૂખ-તરસ વગેરે ધર્મોને વશીભૂત થતા નથી તથા દ્રષ્ટા હોવા છતાં પણ જેમની દૃષ્ટિ દૃશ્યના ગુણ-દોષોથી દૂષિત થતી નથી – તે અસંગ તેમ જ વિશુદ્ધ સાક્ષીસ્વરૂપ ભગવાન શ્રીનર-નારાયણને નમસ્કાર છે. (૧૨) હે યોગેશ્વર! હિરણ્યગર્ભ ભગવાન બ્રહ્માજીએ યોગ-સાધનની સૌથી મોટી નિપુણતા (ખૂબી) એ જ બતાવી છે કે મનુષ્યે (પોતાના) અંતકાળે દેહાભિમાન ત્યજીને ભક્તિપૂર્વક તમારા પ્રાકૃત ગુણોથી રહિત સ્વરૂપમાં પોતાનું મન જોડવું. (૧૩) લૌકિક અને પારલૌકિક ભોગોના લાલચુ મૂર્ખ (મૂઢ) મનુષ્યો જેમ પુત્ર, પત્ની અને ધનસંપત્તિની ચિંતા કરીને મોતથી ગભરાય છે તેવી જ રીતે જો વિદ્વાનને પણ આ નિંદ્ય શરીર છૂટી જવાનો ભય જ સદા રહે તો તેણે જ્ઞાન-પ્રાપ્તિ માટે કરેલો સઘળોય પ્રયત્ન કેવળ શ્રમ જ ગણાય. (૧૪) તેથી હે અધોક્ષજ! તમે અમને પોતાનો સ્વાભાવિક પ્રેમરૂપી ભક્તિયોગ જ આપો, કે જેથી હે પ્રભુ! આ નિંદ્ય શરીરમાં તમારી માયાને કારણે બદ્ધમૂળ થયેલી અહંતા-મમતાને અમે તરત કાપી નાખીએ.'' (૧૫)

હે રાજન્! આ ભારતવર્ષમાં પણ ઘણાબધા પર્વતો અને નદીઓ છે – જેવા કે મલય, મંગલપ્રસ્થ, મૈનાક, ત્રિકૂટ, ઋષભ, કૂટક, કોલ્લક, સહ્ય, દેવગિરિ, ઋષ્યમૂક, શ્રીશૈલ, વેંકટ, મહેન્દ્ર, વારિધાર, વિંધ્ય, શુક્તિમાન, ઋક્ષગિરિ, પારિયાત્ર, દ્રોણ, ચિત્રકૂટ, ગોવર્ધન, રૈવતક, કકુભ, નીલ, ગોકામુખ, ઇન્દ્રકીલ, કામગિરિ વગેરે. આવા જ અન્ય પણ સેંકડો - હજારો પર્વતો છે. તેમના તટપ્રદેશોમાંથી નીકળતાં નદ (વહેળા) અને નદીઓ પણ અસંખ્ય છે. (૧૬)

૧. પ્રા. પા. – પરમગુરુવરાયાત્મારામા૦ । ૨. પ્રા. પા. – કોલ્લઃ । ૩. પ્રાચીન પ્રતમાં 'વેઙ્કટો' – પાઠ નથી. ૪. પ્રા. પા. – કોકામુખઃ ।

એતાસામપો ભારત્યઃ પ્રજા નામભિરેવ પુનન્તીનામાત્મના ચોપસ્પૃશન્તિ ॥ ૧૭॥ ચન્દ્રવસા[1] તામ્રપર્ણી અવટોદા કૃતમાલા વૈહાયસી કાવેરી વેણી પયસ્વિની શર્કરાવર્તા તુઙ્ગભદ્રા કૃષ્ણા વેણ્યા[2] ભીમરથી ગોદાવરી નિર્વિન્ધ્યા પયોષ્ણી તાપી રેવા સુરસા નર્મદા ચર્મણ્વતી સિન્ધુરન્ધઃ[3] શોણશ્ચ નદૌ મહાનદી વેદસ્મૃતિર્ઋષિકુલ્યા ત્રિસામા કૌશિકી મન્દાકિની યમુના સરસ્વતી દૃષદ્વતી ગોમતી સરયૂ રોધસ્વતી[4] સપ્તવતી સુષોમા[5] શતદ્રૂશ્ચન્દ્રભાગા મરુદ્વૃધા વિતસ્તા અસિક્ની વિશ્વેતિ મહાનદ્યઃ ॥ ૧૮॥ અસ્મિન્નેવ વર્ષે પુરુષૈર્લબ્ધજન્મભિઃ શુક્લલોહિતકૃષ્ણવર્ણેન સ્વારબ્ધેન કર્મણા દિવ્યમાનુષનારકગતયો બહ્વ્ય આત્મન આનુપૂર્વ્યેણ સર્વા હ્યેવ સર્વેષાં વિધીયન્તે યથાવર્ણવિધાનમપવર્ગશ્ચાપિ ભવતિ ॥ ૧૯॥ યોઽસૌ ભગવતિ સર્વભૂતાત્મન્યનાત્મ્યેઽનિરુક્તેઽનિલયને પરમાત્મનિ વાસુદેવેઽનન્યનિમિત્તભક્તિયોગલક્ષણો નાનાગતિનિમિત્તાવિદ્યાગ્રન્થિરન્ધનદ્વારેણ યદા હિ મહાપુરુષપુરુષપ્રસઙ્ગઃ ॥ ૨૦॥

એતદેવ હિ દેવા ગાયન્તિ –
અહો અમીષાં કિમકારિ શોભનં
પ્રસન્ન એષાં સ્વિદુત સ્વયં હરિઃ ।
યૈર્જન્મ લબ્ધં નૃષુ ભારતાજિરે[6]
મુકુન્દસેવૌપયિકં સ્પૃહા હિ નઃ ॥ ૨૧॥

કિં દુષ્કરૈર્નઃ ક્રતુભિસ્તપોવ્રતૈ-
ર્દાનાદિભિર્વા દ્યુજયેન ફલ્ગુના ।
ન યત્ર નારાયણપાદપઙ્કજ-
સ્મૃતિઃ પ્રમુષ્ટાઽતિશયેન્દ્રિયોત્સવાત્ ॥ ૨૨॥

કલ્પાયુષાં સ્થાનજયાત્પુનર્ભવાત્
ક્ષણાયુષાં ભારતભૂજયો વરમ્ ।
ક્ષણેન મર્ત્યેન કૃતં મનસ્વિનઃ
સંન્યસ્ય સંયાન્ત્યભયં પદં હરેઃ ॥ ૨૩॥

આ નદીઓ પોતાનાં નામોથી જ જીવોને પવિત્ર કરી દે છે અને ભારતીય પ્રજા એમના જ જળમાં સ્નાન કરે છે. (૧૭) એમાંની મુખ્ય-મુખ્ય નદીઓ છે – ચંદ્રવસા, તામ્રપર્ણી, અવટોદા, કૃતમાલા, વૈહાયસી, કાવેરી, વેણી, પયસ્વિની, શર્કરાવર્તા, તુંગભદ્રા, કૃષ્ણા, વેણ્યા, ભીમરથી, ગોદાવરી, નિર્વિંધ્યા, પયોષ્ણી, તાપી, રેવા, સુરસા, નર્મદા, ચર્મણ્વતી, સિંધુ, અંધ અને શોણ નામના બે નદ, મહાનદી, વેદસ્મૃતિ, ઋષિકુલ્યા, ત્રિસામા, કૌશિકી, મંદાકિની, યમુના, સરસ્વતી, દૃષદ્વતી, ગોમતી, સરયૂ, રોધસ્વતી, સપ્તવતી, સુષોમા, શતદ્રૂ, ચંદ્રભાગા, મરુદ્વૃધા, વિતસ્તા, અસિક્ની અને વિશ્વા. (૧૮) આ જ દેશ (ભારત)માં જન્મ લેનારા મનુષ્યોને પોતાનાં કરેલાં સાત્ત્વિક, રાજસ અને તામસ કર્મો અનુસાર ક્રમશઃ અનેક પ્રકારની દિવ્ય, માનુષ અને નારકી યોનિઓ પ્રાપ્ત થાય છે; કારણ કે કર્મો અનુસાર બધા જીવોને બધી જ યોનિઓ પ્રાપ્ત થઈ શકે છે. આ જ દેશમાં પોતપોતાના વર્ણ માટે નિયત કરેલા ધર્મોનું (આચારોનું) વિધિવત્ અનુષ્ઠાન કરવાથી મોક્ષ સુધ્ધાંની પ્રાપ્તિ થઈ શકે છે. (૧૯) હે પરીક્ષિત! સમસ્ત ભૂતપ્રાણીઓના આત્મા, રાગ વગેરે દોષો વિનાના, અનિર્વચનીય, સર્વાધાર પરમાત્મા ભગવાન વાસુદેવમાં અનન્ય અને નિર્હેતુક ભક્તિભાવ જ મોક્ષપદ છે. આ ભક્તિભાવ ત્યારે જ પ્રાપ્ત થાય છે કે જ્યારે અનેક પ્રકારની ગતિઓને પ્રગટ કરનારી અવિદ્યારૂપી હૃદયગ્રંથિ કપાઈ જતાં ભગવાનના પ્રેમી ભક્તોનો સંગ મળે છે. (૨૦)

દેવતાઓ પણ (ભારતવર્ષમાં જન્મેલા મનુષ્યોનો મહિમા) આ પ્રમાણે ગાય છે – "અહો! જે જીવોએ ભારતવર્ષમાં ભગવાનની સેવાને યોગ્ય મનુષ્યજન્મ પ્રાપ્ત કર્યો છે તેમણે એવું કયું પુણ્ય કર્યું છે? અથવા તેમના પર શ્રીહરિ જ પ્રસન્ન થઈ ગયા છે? – આ પરમ સૌભાગ્ય માટે તો અમે (દેવતાઓ) પણ નિરંતર તલસતા રહીએ છીએ. (૨૧) અમે ઘણાં કઠોર યજ્ઞ-તપ-વ્રત-દાન વગેરે કરીને આ તુચ્છ સ્વર્ગનો જે અધિકાર મેળવ્યો છે એનાથી શો લાભ છે? અહીં તો ઇન્દ્રિય-ભોગોની અધિકતાને કારણે સ્મરણશક્તિ ક્ષીણ થઈ જાય છે, તેથી શ્રીનારાયણનાં ચરણકમળોનું સ્મરણ ક્યારેય થતું નથી. (૨૨) આ સ્વર્ગ તો શું, જ્યાંના નિવાસીઓનું એક-એક કલ્પનું આયુષ્ય હોય છે પણ જ્યાંથી ફરી સંસારચક્રમાં પાછા આવવું પડે છે તેવા બ્રહ્મલોક વગેરે લોક કરતાં પણ ભારતભૂમિમાં ભલે થોડા આયુષ્યવાળા હોઈએ તોપણ જન્મ લેવો એ સારું છે; કારણ કે અહીં ધીર પુરુષો (મનસ્વીઓ) પોતાના આ મર્ત્ય

૧. પ્રા. પા. – ચન્દ્રવંશ્યા । ૨. પ્રા. પા. – વેન્ત્યા । ૩. પ્રા. પા. – ન્ધુર્દૃષદ્વતી અન્ધઃ શોણશ્ચ । ૪. પ્રા. પા. – રોધવતી । ૫. પ્રા. પા. – શુષોમા । ૬. પ્રા. પા. – ત્તેઽજિરે ।

ન યત્ર વૈકુણ્ઠકથાસુધાપગા
  ન સાધવો ભાગવતાસ્તદાશ્રયાઃ ।
ન યત્ર યજ્ઞેશમખા મહોત્સવાઃ
  સુરેશલોકોઽપિ ન વૈ સ સેવ્યતામ્ ॥ ૨૪॥

પ્રાપ્તા નૃજાતિં ત્વિહ યે ચ જન્તવો
  જ્ઞાનક્રિયાદ્રવ્યકલાપસમ્ભૃતામ્ ।
ન વૈ[1] યતેરન્નપુનર્ભવાય તે
  ભૂયો વનૌકા ઇવ યાન્તિ બન્ધનમ્ ॥ ૨૫॥

યૈઃ શ્રદ્ધયા બર્હિષિ ભાગશો હવિ-
  ર્નિરુપ્તમિષ્ટં વિધિમન્ત્રવસ્તુતઃ ।
એકઃ પૃથઙ્નામભિરાહુતો મુદા
  ગૃહ્ણાતિ પૂર્ણઃ સ્વયમાશિષાં પ્રભુઃ ॥ ૨૬॥

સત્યં દિશત્યર્થિતમર્થિતો નૃણાં
  નૈવાર્થદો યત્પુનરર્થિતા યતઃ ।
સ્વયં વિધત્તે ભજતામનિચ્છતા-
  મિચ્છાપિધાનં નિજપાદપલ્લવમ્ ॥ ૨૭॥

યદ્યત્ર નઃ સ્વર્ગસુખાવશેષિતં[2]
  સ્વિષ્ટસ્ય સૂક્તસ્ય કૃતસ્ય શોભનમ્ ।
તેનાજનાભે સ્મૃતિમજ્જન્મ નઃ સ્યાદ્
  વર્ષે હરિર્યદ્ભજતાં શં તનોતિ ॥ ૨૮॥

શ્રીશુક ઉવાચ

જમ્બૂદ્વીપસ્ય ચ રાજન્નુપદ્વીપાનષ્ટૌ હૈક ઉપદિશન્તિ સગરાત્મજૈરશ્વાન્વેષણ ઇમાં મહીં પરિતો નિખનદ્ભિરુપકલ્પિતાન્ ॥ ૨૯॥ તદ્યથા સ્વર્ણપ્રસ્થશ્ચન્દ્રશુક્લ

શરીર થકી કરેલાં સમસ્ત કર્મો શ્રીભગવાનને અર્પણ કરીને એક ક્ષણમાં જ તેમનું અભય-પદ પ્રાપ્ત કરી શકે છે. (૨૩)

"જ્યાં ભગવાનની કથાની અમૃતસભર સરિતા વહેતી નથી, જ્યાં તેના ઉદ્ગમસ્થાન એવા ભગવદ્ભક્ત સાધુજનો વસતા નથી અને જ્યાં નૃત્ય-ગીત વગેરેની સાથે મોટા ઉત્સવ (સમારોહ)પૂર્વક ભગવાન યજ્ઞપુરુષની પૂજા-અર્ચના કરવામાં આવતી નથી – તે ભલેને બ્રહ્મલોક જ કેમ ન હોય, તેનું સેવન કરવું જોઈએ નહીં. (૨૪) જે જીવોએ આ ભારત- વર્ષમાં જ્ઞાન (વિવેકબુદ્ધિ), તેને અનુકૂળ કર્મ તથા તે કર્મને ઉપયોગી દ્રવ્યો વગેરે સામગ્રીથી સંપન્ન મનુષ્યજન્મ મેળવ્યો છે તેઓ જો આવાગમનના ચકરાવામાંથી બહાર નીકળવાનો પ્રયત્ન કરતા નથી તો, પારધીના ફંદામાંથી છૂટેલાં હોવા છતાં પણ ફળ વગેરે(ની પ્રાપ્તિ)ના લોભને લીધે તે જ વૃક્ષ પર વિહાર કરનારાં પક્ષીઓની જેમ, ફરીથી બંધનમાં પડી જાય છે. (૨૫)

"અહો! આ ભારતવાસીઓનું કેવું સૌભાગ્ય છે! આ (ભારતવાસીઓ) જ્યારે યજ્ઞમાં ભિન્ન-ભિન્ન દેવતાઓની પ્રસન્નતાના ઉદ્દેશ્યથી અલગ-અલગ (યજ્ઞ-)ભાગ રાખીને વિધિ, મંત્રો, દ્રવ્યો વગેરેના યોગથી શ્રદ્ધાપૂર્વક તે દેવતાઓને હવિનું પ્રદાન કરે છે ત્યારે આ પ્રમાણે ઇન્દ્ર વગેરે ભિન્ન-ભિન્ન નામે પોકારવાથી (આવાહન કરવાથી) સમસ્ત કામનાઓને પૂરી કરનારા, પૂર્ણકામ સ્વયં શ્રીહરિ પ્રસન્ન થાય છે અને તે હવિનું ગ્રહણ કરે છે. (૨૬) એ તો બરાબર છે કે ભગવાન સકામ મનુષ્યોના માગવાથી તેમને અભીષ્ટ વસ્તુઓ આપે છે, પરંતુ આ કાંઈ સાધક માટે વાસ્તવિક પ્રાપ્તિ દાન નથી; કારણ કે તે વસ્તુઓ મેળવી લીધા પછી પણ મનુષ્યના મનમાં ફરી ફરી કામનાઓ થતી જ રહે છે. આનાથી ઊલટું, જેઓ ભગવાનની નિષ્કામભાવે ભક્તિ કરે છે તેમને તો તેઓ સાક્ષાત્ પોતાનાં ચરણકમળની ભક્તિ જ આપી દે છે, કે જેઓ અન્ય સઘળી કામનાઓઓને સમાપ્ત કરી દેનારી છે. (૨૭)

"તેથી અત્યાર સુધી સ્વર્ગસુખ ભોગવી લીધા પછી, અમારાં પૂર્વે કરેલાં યજ્ઞ, પ્રવચન અને શુભ કર્મોમાંથી જો કંઈ પણ પુણ્ય બચ્યું હોય તો તેના પ્રભાવે અમને આ ભારતવર્ષમાં ભગવાનના સ્મરણ સહિતનો મનુષ્યજન્મ મળો; કારણ કે શ્રીહરિ પોતાની ભક્તિ કરનારાઓનું સર્વ પ્રકારે કલ્યાણ કરે છે." (૨૮)

શ્રીશુકદેવજી કહે છે – હે રાજન્! રાજા સગરના પુત્રોએ પોતાના યજ્ઞના અશ્વને ખોળવા આ પૃથ્વીને ચારે બાજુએ ખોદી હતી. તેનાથી જંબૂદ્વીપમાં જ આઠ અન્ય ઉપદ્વીપ બન્યા, એમ કેટલાક લોકોનું કહેવું છે. (૨૯) તે (ઉપદ્વીપો) છે – સ્વર્ણપ્રસ્થ, ચંદ્રશુક્લ આવર્તન,

૧. પ્રા. પા. – ચેદ્ । ૨. પ્રા. પા. – સૃજ્યસુખા૦ ।

આવર્તનો રમણકો મન્દરહરિણઃ[1] પાઞ્ચજન્યઃ સિંહલો લઙ્કેતિ ॥ ૩૦॥ એવં તવ ભારતોત્તમ જમ્બૂદ્વીપ-વર્ષવિભાગો યથોપદેશમુપવર્ણિત ઇતિ ॥ ૩૧॥

રમણક, મંદરહરિણ, પાંચજન્ય, સિંહલ અને લંકા. (૩૦) હે ભરતશ્રેષ્ઠ! આ પ્રમાણે જેવું મેં ગુરુના મુખેથી સાંભળ્યું હતું, બરાબર તેવું જ તમને જંબૂદ્વીપના દેશોનું આ વિભાજન કહી સંભળાવ્યું. (૩૧)

═★═

ઇતિ શ્રીમદ્ભાગવતે મહાપુરાણે પારમહંસ્યાં સંહિતાયાં પઞ્ચમસ્કન્ધે જમ્બૂદ્વીપવર્ણનં નામૈકોનવિંશોઽધ્યાયઃ ॥ ૧૯॥
પાંચમા સ્કંધ-અંતર્ગત જંબૂદ્વીપવર્ણન નામનો ઓગણીસમો અધ્યાય સમાપ્ત.

═★═

વીસમો અધ્યાય

અન્ય છ દ્વીપોનું તથા લોકાલોક પર્વતનું વર્ણન

શ્રીશુક ઉવાચ[2]

અતઃ પરં પ્લક્ષાદીનાં પ્રમાણલક્ષણસંસ્થાનતો વર્ષવિભાગ ઉપવર્ણ્યતે ॥ ૧॥ જમ્બૂદ્વીપોઽયં યાવત્પ્રમાણવિસ્તારસ્તાવતા[3] ક્ષારોદધિના પરિ-વેષ્ટિતો યથા મેરુર્જમ્બ્વાખ્યેન લવણોદધિરપિ તતો દ્વિગુણવિશાલેન પ્લક્ષાખ્યેન પરિક્ષિપ્તો યથા પરિખા બાહ્યોપવનેન । પ્લક્ષો જમ્બૂપ્રમાણો દ્વીપાખ્યાકરો[4] હિરણ્મય ઉત્થિતો યત્રાગ્નિરુપાસ્તે સપ્તજિહ્વસ્તસ્યાધિ-પતિઃ પ્રિયવ્રતાત્મજ ઇધ્મજિહ્વઃ સ્વં દ્વીપં સપ્તવર્ષાણિ વિભજ્ય સપ્તવર્ષનામભ્ય આત્મજેભ્ય આકલય્ય સ્વય-માત્મયોગેનોપરરામ ॥ ૨॥ શિવં યવસં સુભદ્રં શાન્તં ક્ષેમમમૃતમભયમિતિ વર્ષાણિ તેષુ ગિરયો નદ્યશ્ચ સપ્તૈવાભિજ્ઞાતાઃ[5] ॥ ૩॥

મણિકૂટો વજ્રકૂટ[6] ઇન્દ્રસેનો જ્યોતિષ્માન્ સુપર્ણો હિરણ્યષ્ઠીવો મેઘમાલ ઇતિ સેતુશૈલાઃ[7] । અરુણા નૃમ્ણાઽઙ્ગિરસી[8] સાવિત્રી સુપ્રભાતા ઋતમ્ભરા સત્યમ્ભરા ઇતિ મહાનદ્યઃ । યાસાં[9] જલોપસ્પર્શનવિધૂતરજસ્તમસો હંસ-પતઙ્ગોર્ધ્વાયનસત્યાઙ્ગસઞ્જ્ઞાશ્ચત્વારો વર્ણાઃ સહસ્રાયુષો વિબુધોપમસન્દર્શનપ્રજનનાઃ સ્વર્ગદ્વારં ત્રય્યા વિદ્યયા ભગવન્તં ત્રયીમયં સૂર્યમાત્માનં યજન્તે ॥ ૪॥

શ્રીશુકદેવજી કહે છે – હે રાજન્! હવે પરિમાણ (વિસ્તાર-માપ), લક્ષણો અને સ્થિતિ અનુસાર પ્લક્ષ વગેરે અન્ય દ્વીપોના દેશ-વિભાજનનું વર્ણન કરવામાં આવે છે. (૧) જેવી રીતે મેરુ પર્વત જંબૂદ્વીપથી ઘેરાયેલો છે તેવી જ રીતે જંબૂદ્વીપ પણ પોતાના જેટલા જ પરિમાણ અને વિસ્તારવાળા ખારા સમુદ્રથી ઘેરાયેલો છે. વળી જે રીતે ખાઈ બહારના ઉપવનથી ઘેરાયેલી રહી છે તેવી જ રીતે ખારો સમુદ્ર પણ પોતાનાથી બમણા વિસ્તારવાળા પ્લક્ષદ્વીપથી ઘેરાયેલો છે. જંબૂદ્વીપમાં જેવડું મોટું જંબૂ (જાંબુડા)નું વૃક્ષ છે તેટલા જ વિસ્તારવાળું અહીં સુવર્ણમય પ્લક્ષ (અંજીર)નું વૃક્ષ છે. એને જ કારણે આનું નામ પ્લક્ષદ્વીપ પડ્યું છે. અહીં સપ્તજિહ્વ અગ્નિદેવ વિરાજમાન છે. આ દ્વીપના અધિપતિ (રાજા) પ્રિયવ્રતના પુત્ર ઇધ્મજિહ્વ મહારાજ હતા. તેમણે જ આને સાત વર્ષો (ખંડો)માં વિભાજિત કર્યો અને તે ખંડો નામ જેવા જ નામવાળા પોતાના પુત્રોને સોંપ્યા અને પોતે અધ્યાત્મયોગનો આશ્રય લઈને ઉપરત થઈ ગયા. (૨) તે દેશોનાં નામ છે – શિવ, યવસ, સુભદ્ર, શાન્ત, ક્ષેમ, અમૃત અને અભય. આ દેશોમાં પણ સાત પર્વતો અને સાત નદીઓ પ્રસિદ્ધ છે. (૩) ત્યાં મણિકૂટ, વજ્રકૂટ, ઇન્દ્રસેન, જ્યોતિષ્માન્, સુપર્ણ, હિરણ્યષ્ઠીવ અને મેઘમાલ – આ સાત મર્યાદા-પર્વતો છે તથા અરુણા, નૃમ્ણા, આંગિરસી, સાવિત્રી, સુપ્રભાતા, ઋતંભરા અને સત્યંભરા – આ સાત મહાનદીઓ છે. ત્યાં હંસ, પતંગ, ઊર્ધ્વાયન અને સત્યાંગ નામના ચાર વર્ણો છે. આ નદીઓમાં સ્નાન કરવાથી રજોગુણ અને તમોગુણ ક્ષીણ થતા રહે છે. તેમનું આયુષ્ય એક હજાર વર્ષનું હોય છે. તેમનાં શરીરોમાં દેવતાઓની જેમ જ થાક, પરસેવો વગેરે થતાં નથી અને સંતાનોની ઉત્પત્તિ પણ તેમના જ જેવી થાય છે. તેઓ ત્રયીવિદ્યા વડે, ત્રણે વેદોમાં વર્ણવેલા, સ્વર્ગના દ્વારભૂત,

૧. પ્રા. પા. – મન્દહરિણો । ૨. પ્રા. પા. – ઋષિરુવાચ । ૩. પ્રા. પા. – ૦વાન્ । ૪. પ્રા. પા. – ૦ખ્યાતિકરો । ૫. પ્રા. પા. – વ પતન્ત્યભિજ્ઞાતાઃ । ૬. પ્રા. પા. – ૦કૂટઃ શતશૃઙ્ગમિન્દ્ર૦ । ૭. પ્રા. પા. – સપ્તશૈલાઃ । ૮. પ્રા. પા. – મૃગગણાઽઙ્ગિ૦ । ૯. પ્રા. પા. – આસાં ।

પ્રત્નસ્ય વિષ્ણો રૂપં યત્સત્યસ્યર્તસ્ય બ્રહ્મણઃ ।
અમૃતસ્ય ચ મૃત્યોશ્ચ સૂર્યમાત્માનમીમહીતિ ॥ ૫॥

પ્લક્ષાદિષુ પઞ્ચસુ પુરુષાણામાયુરિન્દ્રિયમોજઃ સહો બલં બુદ્ધિર્વિક્રમ ઈતિ ચ સર્વેષામૌત્પત્તિકી સિદ્ધિરવિશેષેણ વર્તતે ॥ ૬॥

પ્લક્ષઃ[1] સ્વસમાનેનેક્ષુરસોદેનાવૃતો યથા તથા દ્વીપોઽપિ શાલ્મલો દ્વિગુણવિશાલઃ સમાનેન સુરોદેનાવૃતઃ પરિવૃઙ્ક્તે ॥ ૭॥ યત્ર હ વૈ શાલ્મલી પ્લક્ષાયામા યસ્યાં વાવ કિલ નિલયમાહુર્ભગવતશ્છન્દઃસ્તુતઃ પતત્રિરાજસ્ય સા દ્વીપહૂતયે ઉપલક્ષ્યતે ॥ ૮॥ તદ્દ્વીપાધિપતિઃ પ્રિયવ્રતાત્મજો યજ્ઞબાહુઃ સ્વસુતેભ્યઃ સપ્તભ્યસ્તન્નામાનિ સપ્તવર્ષાણિ વ્યભજત્સુરોચનં સૌમનસ્યં રમણકં દેવવર્ષં પારિભદ્રમાપ્યાયનમવિજ્ઞાતમિતિ ॥ ૯॥ તેષુ વર્ષાદ્રયો નદ્યશ્ચ સપ્તૈવાભિજ્ઞાતાઃ સ્વરસઃ શતશૃઙ્ગો વામદેવઃ કુન્દો મુકુન્દઃ[2] પુષ્પવર્ષઃ સહસ્રશ્રુતિરિતિ । અનુમતિઃ સિનીવાલી સરસ્વતી કુહૂ રજની નન્દા રાકેતિ ॥ ૧૦॥ તદ્વર્ષપુરુષાઃ શ્રુતધરવીર્યધરવસુન્ધરેષન્ધરસઞ્જ્ઞા[3]ભગવન્તં વેદમયં સોમમાત્માનં વેદેન યજન્તે ॥ ૧૧॥

સ્વગોભિઃ[4] પિતૃદેવેભ્યો વિભજન્ કૃષ્ણશુક્લયોઃ ।
પ્રજાનાં સર્વાસાં રાજાઽન્ધઃ સોમો ન આસ્ત્વિતિ ॥ ૧૨॥

એવં સુરોદાદ્બહિસ્તદ્દ્વિગુણઃ સમાનેનાવૃતો ઘૃતોદેન યથાપૂર્વઃ કુશદ્વીપો યસ્મિન્ કુશસ્તમ્બો દેવકૃતસ્તદ્દ્વીપાખ્યાકરો[5] જ્વલન ઈવાપરઃ સ્વશષ્પરોચિષા દિશો વિરાજયતિ[6] ॥ ૧૩॥ તદ્દ્વીપપતિઃ પ્રૈયવ્રતો રાજન્ હિરણ્યરેતા[7] નામ સ્વં દ્વીપં સપ્તભ્યઃ સ્વપુત્રેભ્યો યથાભાગં વિભજ્ય સ્વયં[8]

આત્મસ્વરૂપ ભગવાન સૂર્યની ઉપાસના કરે છે. (૪) તેઓ કહે છે (પ્રાર્થના કરે છે) કે "જેઓ સત્ય (અનુષ્ઠાનને યોગ્ય ધર્મ) અને ઋત (પ્રતીત થતો ધર્મ), વેદો અને શુભ તથા અશુભ કર્મફળના અધિષ્ઠાતા છે તે પુરાણપુરુષ, વિષ્ણુસ્વરૂપ ભગવાન સૂર્યના શરણમાં અમે જઈએ છીએ." (૫) પ્લક્ષ વગેરે પાંચ દ્વીપોમાં બધા જ મનુષ્યોને જન્મથી જ આયુષ્ય, ઇન્દ્રિયો, મનોબળ, ઇન્દ્રિયબળ, શારીરિક બળ, બુદ્ધિ અને પરાક્રમ સમાનરૂપે સિદ્ધ થયેલાં હોય છે. (૬)

પ્લક્ષદ્વીપ પોતાના જેટલા જ વિસ્તારવાળા શેરડીના રસના સમુદ્રથી ઘેરાયેલો છે. તેની આગળ તેનાથી બમણા પરિમાણવાળો શાલ્મલીદ્વીપ છે, જે એટલા જ વિસ્તારવાળા મદિરાના સમુદ્રથી ઘેરાયેલો છે. (૭) આ શાલ્મલીદ્વીપમાં પ્લક્ષ દ્વીપના પ્લક્ષના વૃક્ષ જેવડું જ શાલ્મલીનું વૃક્ષ છે. કહે છે કે આ જ વૃક્ષ પોતાની વેદમય પાંખોથી ભગવાનની સ્તુતિ કરનારા પક્ષીરાજ ભગવાન ગરુડનું નિવાસસ્થાન છે તથા આ જ વૃક્ષ આ દ્વીપના નામકરણનું કારણ છે. (૮) આ દ્વીપના અધિપતિ પ્રિયવ્રતના પુત્ર મહારાજ યજ્ઞબાહુ હતા. તેમણે જ આ દ્વીપના સુરોચન, સૌમનસ્ય, રમણક, દેવવર્ષ, પારિભદ્ર, આપ્યાયન અને અવિજ્ઞાત નામે સાત વિભાગ કર્યા અને તે એ જ નામના પોતાના પુત્રોને સોંપી દીધા. (૯) એમાં પણ સાત વર્ષ-પર્વતો અને સાત નદીઓ પ્રસિદ્ધ છે. પર્વતોનાં નામ છે સ્વરસ, શતશૃંગ, વામદેવ, કુંદ, મુકુંદ, પુષ્પવર્ષ અને સહસ્રશ્રુતિ તથા નદીઓ છે – અનુમતિ, સિનીવાલી, સરસ્વતી, કુહૂ, રજની, નંદા અને રાકા. (૧૦) આ વર્ષોમાં રહેતા શ્રુતધર, વીર્યધર, વસુંધર અને ઇષંધર નામના ચાર વર્ણો(ના લોકો) વેદમંત્રોથી વેદમય, આત્મસ્વરૂપ ભગવાન ચંદ્રમાની ઉપાસના કરે છે. (૧૧) (તેઓ પ્રાર્થના કરે છે –) "જેઓ કૃષ્ણપક્ષ અને શુક્લપક્ષમાં પોતાનાં કિરણોથી વિભાજન કરીને દેવતાઓ, પિતૃઓ અને સમસ્ત પ્રાણીઓને અન્ન આપે છે તે ચંદ્રદેવ અમારું રંજન કરનારા (રાજા, રંજક) થાઓ." (૧૨)

આ જ પ્રમાણે મદિરાના સમુદ્રથી આગળ તેનાથી બમણા પરિમાણવાળો કુશદ્વીપ છે. અગાઉ કહેવાયેલા દ્વીપોના જેવો આ દ્વીપ પણ પોતાના જેટલા જ વિસ્તારવાળા ઘીના સમુદ્રથી ઘેરાયેલો છે. આમાં ભગવાને રચેલું કુશ સમૂહનું એક વૃક્ષ છે, એના નામથી જ આ દ્વીપનું નામ (કુશદ્વીપ) જાણીતું થયું છે. બીજા અગ્નિદેવ જેવું તે (વૃક્ષ) પોતાની કોમળ શિખાઓના તેજથી બધી જ દિશાઓને પ્રકાશિત કરતું રહે છે. (૧૩) હે રાજન્! આ દ્વીપના અધિપતિ પ્રિયવ્રતના

૧. પ્રા. પા. – પ્લક્ષસ્તુ । ૨. પ્રા. પા. – કુમુદઃ પુષ્પ૦ । ૩. પ્રા. પા. – ૦ધરેષુન્ધરસંજ્ઞા । ૪. પ્રાચીન પ્રતમાં 'સ્વગોભિઃ પિતૃદેવેભ્યો'થી માંડીને 'સોમો ન આસ્ત્વિતિ' સુધીનો પૂરો એક શ્લોક જ નથી. ૫. પ્રા. પા. – ૦ખ્યાયનો જ્વલન । ૬. પ્રા. પા. – વિરાજતિ । ૭. પ્રા. પા. – ૦ણ્યરોમા નામ । ૮. પ્રા. પા. – સ્વયં તુ તપ ।

તપ આતિષ્ઠત વસુવસુદાનદૃઢરુચિનાભિગુપ્તસ્તુત્ય-વ્રતવિવિક્તવામદેવનામભ્ય:[1] ॥ ૧૪॥ તેષાં વર્ષેષુ સીમાગિરયો નદ્યશ્ચાભિજ્ઞાતા:[2] સપ્ત સપ્તૈવ ચક્રશ્ચતુ:શૃઙ્ગ: કપિલશ્ચિત્રકૂટો[3] દેવાનીક ઊર્ધ્વરોમા દ્રવિણ ઈતિ રસકુલ્યા મધુકુલ્યા મિત્રવિન્દા શ્રુતવિન્દા દેવગર્ભા ઘૃતચ્યુતા મન્ત્રમાલેતિ ॥ ૧૫॥ યાસાં પયોભિ: કુશદ્વીપૌકસ: કુશલકોવિદાભિયુક્તકુલકસઞ્જ્ઞા ભગવન્તં જાતવેદસરૂપિણં કર્મકૌશલેન યજન્તે ॥ ૧૬॥

પરસ્ય બ્રહ્મણ:[4] સાક્ષાજ્જાતવેદોઽસિ હવ્યવાટ્ ।
દેવાનાં પુરુષાઙ્ગાનાં યજ્ઞેન પુરુષં યજેતિ ॥ ૧૭॥

તથા[5] ઘૃતોદાદ્બહિ: ક્રૌઞ્ચદ્વીપો દ્વિગુણ: સ્વમાનેન ક્ષીરોદેન પરિત ઉપક્લૃપ્તો વૃતો યથા કુશદ્વીપો ઘૃતોદેન યસ્મિન્ ક્રૌઞ્ચો નામ પર્વતરાજો દ્વીપનામનિર્વર્તક આસ્તે ॥ ૧૮॥ યોઽસૌ ગુહપ્રહરણોન્મથિતનિતમ્બકુઞ્જોઽપિ ક્ષીરોદેનાસિચ્યમાનો ભગવતા વરુણેનાભિગુપ્તો વિભયો બભૂવ ॥ ૧૯॥ તસ્મિન્નપિ પ્રૈયવ્રતો ઘૃતપૃષ્ઠો નામાધિપતિ: સ્વે[6] દ્વીપે વર્ષાણિ સપ્ત વિભજ્ય તેષુ પુત્રનામસુ સપ્ત રિક્થાદાન્ વર્ષપાન્નિવેશ્ય સ્વયં[7] ભગવાન્ ભગવત: પરમકલ્યાણયશસ આત્મભૂતસ્ય હરેશ્ચરણારવિન્દ-મુપજગામ ॥ ૨૦॥ આમો[8] મધુરુહો મેઘપૃષ્ઠ: સુધામા ભ્રાજિષ્ઠો લોહિતાર્ણો વનસ્પતિરિતિ ઘૃતપૃષ્ઠ-સુતાસ્તેષાં વર્ષગિરય:[9] સપ્ત સપ્તૈવ નદ્યશ્ચાભિખ્યાતા: શુક્લો વર્ધમાનો ભોજન ઉપ-બર્હિણો નન્દો[10] નન્દન: સર્વતોભદ્ર ઈતિ અભયા અમૃતૌઘા આર્યકા તીર્થવતી વૃત્તિરૂપવતી[11]

પુત્ર મહારાજ હિરણ્યરેતા હતા. તેમણે આ (દ્વીપ)ના સાત વિભાગ કર્યા અને તેમાંનો એક-એક (વિભાગ) પોતાના સાત પુત્રો – વસુ, વસુદાન, દૃઢરુચિ, નાભિગુપ્ત, સ્તુત્યવ્રત, વિવિક્ત અને વામદેવને આપ્યો; અને પોતે તપ કરવા ચાલી નીકળ્યા. (૧૪) તે (વિભાગો)ની સીમાઓ નક્કી કરતા સાત પર્વતો અને સાત નદીઓ છે. પર્વતોનાં નામ છે – ચક્ર, ચતુ:શૃંગ, કપિલ, ચિત્રકૂટ, દેવાનીક, ઊર્ધ્વરોમા અને દ્રવિણ. નદીઓનાં નામ છે – રસકુલ્યા, મધુકુલ્યા, મિત્રવિંદા, શ્રુતવિંદા,દેવગર્ભા, ઘૃતચ્યુતા અને મંત્રમાલા. (૧૫) આ (નદીઓ)માં સ્નાન કરીને કુશદ્વીપના નિવાસીઓ, કે જેઓ કુશળ, કોવિદ, અભિયુક્ત અને કુલક વર્ણના મનુષ્યો છે, જેઓ યજ્ઞ વગેરે કર્મકૌશલ વડે અગ્નિસ્વરૂપ ભગવાન શ્રીહરિનું પૂજન કરે છે; (૧૬) (તથા આ પ્રમાણે સ્તુતિ કરે છે –) "હે અગ્નિદેવ! તમે પરબ્રહ્મને પ્રત્યક્ષ હવિ પહોંચાડનારા છો; તેથી ભગવાનના અંગભૂત દેવતાઓનું યજન કરીને તમે તે પરમપુરુષનું જ યજન કરો." (૧૭)

હે રાજન્! પછી ઘીના સમુદ્ર (ઘૃતસમુદ્ર)થી આગળ તેના કરતાં બમણા પરિમાણવાળો ક્રૌંચદ્વીપ છે. જેમ કુશદ્વીપ ઘીના સમુદ્રથી ઘેરાયેલો છે તેવી જ રીતે આ (ક્રૌંચદ્વીપ) પોતાના જ જેટલા વિસ્તારવાળા દૂધના સમુદ્રથી ઘેરાયેલો છે. અહીં ક્રૌંચ નામનો એક ઘણો મોટો પર્વત છે, તેને જ કારણે આનું નામ ક્રૌંચદ્વીપ થયું છે. (૧૮) અગાઉના સમયમાં શ્રીકાર્તિકેય સ્વામીના શસ્ત્રપ્રહારથી આનો કટિપ્રદેશ અને લતા-નિકુંજ વગેરે નષ્ટભ્રષ્ટ થઈ ગયાં હતાં, પરંતુ ક્ષીરસમુદ્ર (દૂધના સમુદ્ર) વડે સીંચાવાથી અને વરુણદેવ વડે સુરક્ષિત થવાથી આ પર્વત ફરીથી નિર્ભય થઈ ગયો. (૧૯) આ દ્વીપના અધિપતિ પ્રિયવ્રતના પુત્ર મહારાજ ઘૃતપૃષ્ઠ હતા. તેઓ મહાન જ્ઞાની હતા. તેમણે આને સાત દેશોમાં વિભાજિત કરીને તેમના પર, તેમના જ જેવાં નામવાળા પોતાના સાત ઉત્તરાધિકારી પુત્રોની નિમણૂક કરી; અને પોતે સમસ્ત જીવોના અંતરાત્મા, પરમમંગલમય કીર્તિશાળી ભગવાન શ્રીહરિનાં પવિત્ર ચરણકમળનું શરણ લીધું. (૨૦) મહારાજ ઘૃતપૃષ્ઠને સાત પુત્રો હતા – આમ, મધુરુહ, મેઘપૃષ્ઠ, સુધામા, ભ્રાજિષ્ઠ, લોહિતાર્ણ અને વનસ્પતિ. તેમના વર્ષોમાં પણ સાત વર્ષપર્વતો અને સાત નદીઓ (હોવાનું) કહેવાય છે. પર્વતોનાં નામ છે – શુક્લ, વર્ધમાન, ભોજન, ઉપબર્હિણ, નંદ, નંદન અને સર્વતોભદ્ર. નદીઓનાં નામ છે – અભયા, અમૃતૌઘા, આર્યકા, તીર્થવતી, વૃત્તિરૂપવતી, પવિત્રવતી અને

૧. પ્રા. પા. – ૦રુચિરાભિગુપ્ત૦ । ૨. પ્રા. પા. – જ્ઞાતા: સપ્તૈવ ચક્ર૦ । ૩. પ્રા. પા. – ૦પિલો વિત્રકૂટો । ૪. પ્રાચીન પ્રતમાં 'પરસ્ય બ્રહ્મણ:...' શ્લોક નથી. ૫. પ્રાચીન પ્રતમાં 'તથા ઘૃતોદાદ્બહિ:' – પાઠ નથી. ૬. પ્રા. પા. – શ્વેતદ્વીપે । ૭. પ્રા. પા. – સ્વયં ભાગવત: પરમ૦ । ૮. પ્રા. પા. – આમ્રો । ૯. પ્રા. પા. – ગિરય: સપ્તૈવ નદ્ય૦ । ૧૦. પ્રા. પા. – નન્દન: સર્વ૦ । ૧૧. પ્રા. પા. – તૃપ્તિરૂપવતી ।

પવિત્રવતી શુક્લેતિ ॥ ૨૧॥ યાસામમ્ભઃ પવિત્રમમલમુપયુઞ્જાનાઃપુરુષઋષભદ્રવિણદેવકસઞ્જ્ઞા[1] વર્ષપુરુષા આપોમયં દેવમપાં પૂર્ણેનાઞ્જલિના યજન્તે ॥ ૨૨॥

આપઃ[2] પુરુષવીર્યાઃ સ્થ પુનન્તીર્ભૂર્ભુવઃસુવઃ ।
તા નઃપુનીતામીવઘ્નીઃસ્પૃશતામાત્મના ભુવ ઇતિ ॥ ૨૩॥

એવં પુરસ્તાત્ક્ષીરોદાત્પરિત ઉપવેશિતઃ શાકદ્વીપો દ્વાત્રિંશલ્લક્ષયોજનાયામઃસમાનેન ચ દધિમણ્ડોદેન પરીતો યસ્મિન્[3] શાકો નામ મહીરુહઃ સ્વક્ષેત્રવ્યપદેશકો યસ્ય હ મહાસુરભિગન્ધસ્તં દ્વીપમનુવાસયતિ ॥ ૨૪॥તસ્યાપિ પ્રૈયવ્રત એવાધિપતિર્નામ્ના મેધાતિથિઃ સોઽપિ વિભજ્ય સપ્ત વર્ષાણિ પુત્રનામાનિ તેષુ સ્વાત્મજાન્ પુરોજવમનોજવ-[4]પવમાનધૂમ્રાનીકચિત્રરેફબહુરૂપવિશ્વધારસઞ્જ્ઞાન્નિધાપ્યાધિપતીન્ સ્વયં ભગવત્યનન્ત આવેશિતમતિસ્તપોવનં પ્રવિવેશ ॥ ૨૫॥ એતેષાં વર્ષમર્યાદાગિરયો નદ્યશ્ચ સપ્ત સપ્તૈવ[5] ઈશાન ઉરુશૃઙ્ગો બલભદ્રઃ શતકેસરઃ સહસ્રસ્રોતો દેવપાલો મહાનસ ઇતિ અનઘાઽઽયુર્દા ઉભયસ્પૃષ્ટિરપરાજિતા પઞ્ચપદી સહસ્રસ્રુતિર્નિજધૃતિરિતિ[6] ॥ ૨૬॥ તદ્વર્ષપુરુષા ઋતવ્રતસત્યવ્રતદાનવ્રતાનુવ્રતનામાનો ભગવન્તં વાય્વાત્મકં પ્રાણાયામવિધૂત રજસ્તમસઃ પરમસમાધિના યજન્તે ॥ ૨૭॥

અન્તઃ[7] પ્રવિશ્ય ભૂતાનિ યો બિભર્ત્યાત્મકેતુભિઃ ।
અન્તર્યામીશ્વરઃ સાક્ષાત્પાતુ નો યદ્વશે સ્ફુટમ્ ॥ ૨૮॥

એવમેવ દધિમણ્ડોદાત્પરતઃ પુષ્કરદ્વીપસ્તતો દ્વિગુણાયામઃ સમન્તત ઉપકલ્પિતઃ સમાનેન સ્વાદૂદકેન[8] સમુદ્રેણ બહિરાવૃતો યસ્મિન્ બૃહત્પુષ્કરં[9] જ્વલનશિખામલકનકપત્રાયુતાયુતં ભગવતઃ કમલાસનસ્યાધ્યાસનં પરિકલ્પિતમ્ ॥ ૨૯॥

શુક્લા. (૨૧) તેમનાં પવિત્ર અને નિર્મળ જળનું સેવન કરનારા ત્યાંના પુરુષ, ઋષભ, દ્રવિણ અને દેવક નામના ચાર વર્ણોવાળા નિવાસીઓ જળ-ભરેલી અંજલિ વડે આપોદેવતા (જળદેવતા)ની ઉપાસના છે; (૨૨) (અને પ્રાર્થના કરે છે–) "હે જળદેવતા! તમને પરમાત્મા પાસેથી સામર્થ્ય મળેલું છે; તમે ભૂ:, ભુવઃ અને સ્વઃ – ત્રણે લોકોને પવિત્ર કરો છો, કારણ કે (તમે) સ્વરૂપથી જ પાપોનો નાશ કરનારા છો. અમે પોતાનાં શરીરથી તમારો સ્પર્શ કરીએ છીએ, તમે અમારાં અંગોને પવિત્ર કરો." (૨૩)

આ જ પ્રમાણે ક્ષીરસમુદ્રથી આગળ પોતાની ચારે બાજુ બત્રીસ લાખ જોજનના વિસ્તારવાળો શાકદ્વીપ છે, જે પોતાના જેટલા જ પરિમાણવાળા દહીંના સમુદ્રથી ઘેરાયેલો છે. આમાં શાક નામનું એક ઘણું મોટું વૃક્ષ છે અને એ જ આ પ્રદેશના નામનું કારણ છે. તેની અત્યંત મનોહર સુગંધથી આખો દ્વીપ મહેકતો રહે છે. (૨૪) તેના મેધાતિથિ નામના અધિપતિ પણ રાજા પ્રિયવ્રતના જ પુત્ર હતા. તેમણે પણ પોતાનાં દ્વીપને સાત વર્ષોમાં વિભાજિત કર્યો અને તે વર્ષોમાં તેમના જ જેવાં નામવાળા પોતાના પુરોજવ, મનોજવ, પવમાન, ધૂમ્રાનીક, ચિત્રરેફ, બહુરૂપ અને વિશ્વધાર (નામના) પુત્રોની અધિપતિ તરીકે નિમણૂક કરીને પોતે ભગવાન અનંતમાં દત્તચિત્ત થઈને તપોવનમાં પ્રયાણ કરી ગયા. (૨૫) આ વર્ષોમાં પણ સાત મર્યાદાપર્વતો અને સાત નદીઓ છે. પર્વતોનાં નામ છે – ઈશાન, ઉરુશૃંગ, બલભદ્ર, શતકેસર, સહસ્રસ્રોત, દેવપાલ અને મહાનસ. તથા નદીઓ છે – અનઘા, આયુર્દા, ઉભયસ્પૃષ્ટિ, અપરાજિતા, પંચપદી, સહસ્રસ્રુતિ અને નિજધૃતિ. (૨૬) તે વર્ષના ઋતવ્રત, સત્યવ્રત, દાનવ્રત અને અનુવ્રત નામના (વર્ણોના) મનુષ્યો પ્રાણાયામ વડે પોતાના રજોગુણ અને તમોગુણને ક્ષીણ કરીને મહાન સમાધિ વડે વાયુરૂપ શ્રીહરિની આરાધના કરે છે; (૨૭) (અને આ પ્રમાણે તેમની સ્તુતિ કરે છે –) "જેઓ પ્રાણ વગેરે વૃત્તિરૂપી પોતાની ધજાઓ સહિત પ્રાણીઓમાં પ્રવેશીને તેમનું પાલનપોષણ કરે છે તથા સમસ્ત દૃશ્ય જગત જેમના આધીન છે તે અંતર્યામી સાક્ષાત્ ભગવાન વાયુ અમારું રક્ષણ કરો." (૨૮)

આ જ પ્રમાણે દહીંના સમુદ્રથી આગળ તેની ચારે બાજુ તેનાથી બમણા વિસ્તારવાળો પુષ્કરદ્વીપ છે. તે ચારે બાજુએથી પોતાના જેટલા જ વિસ્તારવાળા મીઠા જળના સમુદ્રથી ઘેરાયેલો છે. ત્યાં અગ્નિની જ્યોત જેવું દેદીપ્યમાન, લાખો સ્વર્ણમય પાંખડીઓવાળું એક ઘણું મોટું પુષ્કર (કમળ) છે, કે જેને બ્રહ્માજીનું આસન માનવામાં આવે છે. (૨૯)

---

૧. પ્રા. પા. – ષર્ષભ । ૨. પ્રાચીન પ્રતમાં 'આપઃ પુરુષવીર્યાઃ...' શ્લોક નથી. ૩. પ્રા. પા. – યસ્મિન્ હિ શા૦ । ૪. પ્રા. પા. – ૦વેપમાન૦ । ૫. પ્રા. પા. – સપ્ત ઈશાન । ૬. પ્રા. પા. – સહસ્રુતિર્નિજ૦ । ૭. પ્રાચીન પ્રતમાં 'અન્તઃ પ્રવિશ્ય...' શ્લોક નથી. ૮. પ્રા. પા. – ૦દંકસમુદ્રેણ । ૯. પ્રા. પા. – પુષ્કર જ્વલન૦ ।

તદ્દ્વીપમધ્યે માનસોત્તરનામૈક[1] [2]એવાર્વાચીન-પરાચીનવર્ષયોર્મર્યાદાચલોઽયુતયોજનોચ્છ્રાયાયામો યત્ર તુ ચતસૃષુ દિક્ષુ ચત્વારિ પુરાણિ લોકપાલાના-મિન્દ્રાદીનાં યદુપરિષ્ટાત્સૂર્યરથસ્ય મેરું પરિભ્રમતઃ સંવત્સરાત્મકં ચક્રં[3] દેવાનામહોરાત્રાભ્યાં પરિભ્રમતિ ॥ ૩૦॥ તદ્દ્વીપસ્યાપ્યધિપતિઃ પ્રૈયવ્રતો વીતિહોત્રો નામૈતસ્યાત્મજૌ રમણકધાતકિનામાનૌ[4] વર્ષપતી નિયુજ્ય સ સ્વયં પૂર્વજવદ્ભગવત્કર્મશીલ એવાસ્તે ॥ ૩૧॥ તદ્વર્ષપુરુષા ભગવન્તં બ્રહ્મરૂપિણં સકર્મકેણ કર્મણાઽઽરાધયન્તીદં ચોદાહરન્તિ ॥ ૩૨॥

યત્તત્કર્મમયં લિઙ્ગં બ્રહ્મલિઙ્ગં જનોઽર્ચયેત્ ।
એકાન્તમદ્વયં શાન્તં તસ્મૈ ભગવતે નમ ઇતિ ॥ ૩૩॥

ઋષિરુવાચ

તતઃ પરસ્તાલ્લોકાલોકનામાચલો લોકા-લોકયોરન્તરાલે પરિત ઉપક્ષિપ્તઃ ॥ ૩૪॥ યાવન્માનસોત્તરમેર્વોરન્તરં તાવતી ભૂમિઃ કાઞ્ચન્યન્યાઽઽદર્શતલોપમા યસ્યાં પ્રહિતઃ પદાર્થો ન કથઞ્ચિત્પુનઃ પ્રત્યુપલભ્યતે તસ્માત્સર્વસત્ત્વપરિહૃતાઽઽસીત્ ॥ ૩૫॥

લોકાલોક ઇતિ સમાખ્યા યદનેનાચલેન લોકાલોકસ્યાન્તર્વર્તિનાઽવસ્થાપ્યતે ॥ ૩૬॥ સ લોકત્રયાન્તે પરિત ઈશ્વરેણ વિહિતો યસ્માત્સૂર્યાદીનાં ધ્રુવાપવર્ગાણાં જ્યોતિર્ગણાનાં ગભસ્તયોઽર્વાચીનાં-સ્ત્રીઁલ્લોકાનાવિતન્વાના ન કદાચિત્પરાચીના ભવિતુ-મુત્સહન્તે તાવદુન્નહનાયામઃ ॥ ૩૭॥

એતાવાઁલ્લોકવિન્યાસો માનલક્ષણસંસ્થાભિ-ર્વિચિન્તિતઃ કવિભિઃ સ તુ પઞ્ચાશત્કોટિગણિતસ્ય ભૂગોલસ્ય[5] તુરીયભાગોઽયં લોકાલોકાચલઃ ॥ ૩૮॥

તે દ્વીપની મધ્યમાં તેના પૂર્વના અને પશ્ચિમના વિભાગોની સરહદ નક્કી કરતો માનસોત્તર નામનો એક જ પર્વત છે. એ દશહજાર જોજન ઊંચો અને તેટલો જ લાંબો છે. તેના પર ચારે દિશાઓમાં ઇન્દ્ર વગેરે લોકપાલોની ચાર પુરીઓ (નગરો) છે. એમના પર મેરુ પર્વતની ચારે બાજુ ઘૂમતા સૂર્યના રથનું સંવત્સરરૂપી પૈડું દેવતાઓના દિવસ અને રાત એટલે કે ઉત્તરાયણ અને દક્ષિણાયનના ક્રમે હંમેશાં ઘૂમ્યા કરે છે. (૩૦) તે દ્વીપના અધિપતિ, પ્રિયવ્રતના પુત્ર વીતિહોત્ર પણ પોતાના રમણક અને ધાતકિ નામના (બે) પુત્રોને બંને દેશોના અધિપતિ બનાવીને પોતે પોતાના મોટા ભાઈઓની જેમ જ ભગવાનની સેવામાં તત્પર રહેવા લાગ્યા હતા. (૩૧) ત્યાંના નિવાસીઓ બ્રહ્મસાલોક્ય વગેરેની પ્રાપ્તિ કરાવનારાં કર્મો વડે બ્રહ્મારૂપ શ્રીહરિની આરાધના કરે છે અને આ પ્રમાણે સ્તુતિ કરે છે – (૩૨) "જેઓ સાક્ષાત્ કર્મફળસ્વરૂપ છે અને જેમની એક પરમેશ્વરમાં જ પૂર્ણ સ્થિતિ છે તથા જેમની બધા લોકો પૂજા કરે છે તે બ્રહ્મજ્ઞાન(પ્રાપ્તિ)ના સાધનભૂત, અદ્વિતીય અને શાંતસ્વરૂપ ભગવાન બ્રહ્મમૂર્તિને અમારા નમસ્કાર છે." (૩૩)

શ્રીશુકદેવજી કહે છે – હે રાજન્! આની આગળ લોકાલોક નામનો પર્વત છે, એ પૃથ્વીની બધી બાજુએ સૂર્ય વગેરે વડે પ્રકાશિત અને અપ્રકાશિત પ્રદેશોની વચ્ચે તેમનું વિભાજન કરતો ઊભો છે. (૩૪) મેરુ પર્વતથી શરૂ કરીને માનસોત્તર પર્વત સુધીનું જેટલું અંતર છે તેટલી જ ભૂમિ શુદ્ધ જળના સમુદ્રની પેલે પાર છે. તેનાથી આગળ સુવર્ણમયી ભૂમિ છે, જે દર્પણ જેવી સ્વચ્છ છે. એમાં પડેલી કોઈ વસ્તુ ફરી મળતી નથી, તેથી ત્યાં દેવતાઓ સિવાય અન્ય કોઈ પ્રાણી રહેતાં નથી. (૩૫) લોકાલોક પર્વત સૂર્ય વગેરે વડે પ્રકાશિત ભૂખંડ અને અપ્રકાશિત ભૂખંડની વચ્ચે છે, તેથી એનું આ નામ પડ્યું છે. (૩૬) એને પરમાત્માએ ત્રણે લોકની બહાર તેમની ચારે બાજુની સરહદરૂપે સ્થાપિત કર્યો છે. એ એટલો ઊંચો અને લાંબો છે કે ત્રણે લોકને પ્રકાશિત કરનારાં સૂર્યનાં કિરણોથી માંડીને ધ્રુવ સુધ્ધાં સમસ્ત જ્યોતિર્મંડળનાં કિરણો પણ તેની એક બાજુથી બીજી બાજુ જઈ શકતાં નથી. (૩૭)

વિદ્વાનોએ પ્રમાણ, લક્ષણો અને સ્થિતિ પ્રમાણે સમસ્ત લોકોનો આટલો જ વિસ્તાર બતાવ્યો છે. આ સમસ્ત ભૂગોળ (ભૂમિવિસ્તાર) પચાસ કરોડ જોજન છે. એનો ચોથો ભાગ (અર્થાત્ સાડા બાર કરોડ જોજન વિસ્તારવાળો) આ લોકાલોક પર્વત છે. (૩૮)

૧. પ્રા. પા. – ૦સોત્તરો નામૈક । ૨. પ્રા. પા. – પ્રાચીનયોર્વર્ષયો૦ । ૩. પ્રા. પા. – ચક્રમહોરાત્રાભ્યાં । ૪. પ્રા. પા. – ૦ણકધાતકનામાનૌ । ૫. પ્રા. પા. – ભૂગોલકસ્ય ।

તદુપરિષ્ટાચ્ચતસૃષ્વાશાસ્વાત્મયોનિનાખિલજગદ્ગુરુણાધિનિવેશિતા[1] યે દ્વિરદપતય ઋષભઃ પુષ્કરચૂડો વામનોઽપરાજિત ઇતિ સકલલોકસ્થિતિહેતવઃ ॥ ૩૯॥ તેષાં સ્વવિભૂતીનાં[2] લોકપાલાનાં ચ વિવિધવીર્યોપબૃંહણાય ભગવાન્ પરમમહાપુરુષો મહાવિભૂતિપતિરન્તર્યામ્યાત્મનો વિશુદ્ધસત્ત્વં ધર્મજ્ઞાનવૈરાગ્યૈશ્વર્યાદ્યષ્ટમહાસિદ્ધ્યુપલક્ષણં વિષ્વક્સેનાદિભિઃ સ્વપાર્ષદપ્રવરૈઃ પરિવારિતો નિજવરાયુધોપશોભિતૈર્નિજભુજદણ્ડૈઃ[3] સન્ધારયમાણસ્તસ્મિન્ ગિરિવરે સમન્તાત્સકલલોકસ્વસ્તય આસ્તે ॥ ૪૦॥ આકલ્પમેવં[4] વેષં ગત એષ ભગવાનાત્મયોગમાયયા વિરચિતવિવિધલોકયાત્રાગોપીથાયેત્યર્થઃ[5] ॥ ૪૧॥ યોઽન્તર્વિસ્તાર એતેન હ્યલોકપરિમાણં ચ વ્યાખ્યાતં યદ્‌બહિર્લોકાલોકાચલાત્ । તતઃ પરસ્તાદ્યોગેશ્વરગતિં વિશુદ્ધામુદાહરન્તિ ॥ ૪૨॥

તેની ઉપર ચારે દિશાઓમાં સમસ્ત સંસારના ગુરુ સ્વયંભૂ શ્રીબ્રહ્માજીએ સમસ્ત લોકોની સ્થિતિ માટે ઋષભ, પુષ્કરચૂડ, વામન અને અપરાજિત નામના ચાર ગજરાજની નિયુક્તિ કરેલી છે. (૩૯) આ દિગ્ગજોની તથા પોતાના અંશસ્વરૂપ ઇન્દ્ર વગેરે લોકપાલોની વિવિધ શક્તિઓની વૃદ્ધિ માટે તથા સમસ્ત લોકો (ભુવનો)ના કલ્યાણ માટે પરમ ઐશ્વર્યના અધિપતિ, સર્વાન્તર્યામી પરમપુરુષ શ્રીહરિ પોતાના વિષ્વક્સેન વગેરે પાર્ષદો સહિત આ પર્વત ઉપર બધી બાજુએ વિરાજે છે. તેઓ પોતાના વિશુદ્ધ સત્ત્વને (શ્રીવિગ્રહને), કે જે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ઐશ્વર્ય વગેરે મહા આઠ સિદ્ધિઓથી સંપન્ન છે – તેને ધારણ કરેલા છે. તેમનાં કરકમળોમાં શંખ-ચક્ર વગેરે આયુધો સુશોભિત છે. (૪૦) આ પ્રમાણે પોતાની યોગમાયાથી રચેલા વિવિધ લોકો (ભુવનો)ની વ્યવસ્થાને સુરક્ષિત રાખવા માટે તેઓ આ જ લીલામયરૂપે કલ્પના અંત સુધી ત્યાં બધી બાજુએ રહે છે. (૪૧) લોકાલોક પર્વતના અંતર્વર્તી ભૂ-ભાગનો જેટલો વિસ્તાર છે તેના પરથી તેની બીજી બાજુના અલોક (અપ્રકાશિત) પ્રદેશના પરિમાણનું પણ વિવરણ સમજી લેવું જોઈએ. તેનાથી આગળ તો કેવળ યોગેશ્વરોની જ બરાબર ગતિ થઈ શકે (અર્થાત્ આનાથી વિશેષ તો માત્ર યોગેશ્વરો જ જાણી શકે છે). (૪૨)

અણ્ડમધ્યગતઃ સૂર્યો દ્યાવાભૂમ્યોર્યદન્તરમ્ ।
સૂર્યાણ્ડગોલયોર્મધ્યે કોટ્યઃ સ્યુઃ પઞ્ચવિંશતિઃ ॥ ૪૩॥

મૃતેઽણ્ડ એષ એતસ્મિન્ યદભૂત્તતો માર્તણ્ડ ઇતિ વ્યપદેશઃ ।

હિરણ્યગર્ભ ઇતિ યદ્ધિરણ્યાણ્ડસમુદ્ભવઃ ॥ ૪૪॥

સૂર્યેણ હિ વિભજ્યન્તે દિશઃ ખં દ્યૌર્મહી ભિદા ।
સ્વર્ગાપવર્ગૌ નરકા રસૌકાંસિ ચ સર્વશઃ ॥ ૪૫॥

દેવતિર્યઙ્મનુષ્યાણાં સરીસૃપસવીરુધામ્[6] ।
સર્વજીવનિકાયાનાં સૂર્ય આત્મા દૃગીશ્વરઃ ॥ ૪૬॥

હે રાજન્! સ્વર્ગ અને પૃથ્વીની વચ્ચે બ્રહ્માંડનું જે કેન્દ્ર છે તે જ સૂર્યની સ્થિતિ છે. સૂર્ય અને બ્રહ્માંડગોલકની વચ્ચે બધી તરફથી પચીસ કરોડ જોજનનું અંતર છે. (૪૩) સૂર્ય આ 'મૃત' અર્થાત્ મરેલા (અચેતન) અંડમાં વૈરાજરૂપે વિરાજે છે, તેથી જ તેમનું નામ 'માર્તંડ' થયું છે. તેઓ હિરણ્યમય (જ્યોતિર્મય) બ્રહ્માંડમાંથી પ્રગટ થયેલા છે, તેથી તેમને 'હિરણ્યગર્ભ' પણ કહે છે. (૪૪) સૂર્ય થકી જ દિશા, આકાશ, દ્યુલોક (અંતરિક્ષ), ભૂર્લોક, સ્વર્ગ અને મોક્ષના પ્રદેશો, નરક અને રસાતલ તથા અન્ય સઘળા ભાગોનું વિભાજન થાય છે. (૪૫) સૂર્ય જ દેવતા, તિર્યક્ (પશુપંખી), મનુષ્ય, સરીસૃપ (પેટે ચાલનારા જીવ), લતા-વૃક્ષ વગેરે સમસ્ત જીવ-સમૂહોના આત્મા છે અને નેત્રેન્દ્રિયના અધિષ્ઠાતા છે. (૪૬)

=★=

ઇતિ શ્રીમદ્ભાગવતે મહાપુરાણે પારમહંસ્યાં સંહિતાયાં પઞ્ચમસ્કન્ધે ભુવનકોશવર્ણને[7] સમુદ્રવર્ષસન્નિવેશ-પરિમાણલક્ષણો વિંશોઽધ્યાયઃ ॥ ૨૦॥

પાંચમા સ્કંધ-અંતર્ગત ભુવનકોશવર્ણનમાંનો સમુદ્રવર્ષસંનિવેશ-પરિમાણલક્ષણ (નામનો) વીસમો અધ્યાય સમાપ્ત.

=★=

૧. પ્રા. પા. – ०ભિનિવેશિતા । ૨. પ્રા. પા. – સ્વાધિપતીનાં મહેન્દ્રાદીનાં લોકપાલાનાં વિવિધ० । ૩. પ્રા. પા. – ०ભિતૈર્ભુજદણ્ડૈઃ । ૪. પ્રા. પા. – ०મેષ એવમાત્મયોગ० । ૫. પ્રા. પા. – ०ત્રિવિધલોકયાત્રા० । ૬. પ્રા. પા. – ०સૃપમૃગવીરુધામ્ । ૭. પ્રાચીન પ્રતમાં 'ભુવનકોશવર્ણને' પાઠ નથી.

એકવીસમો અધ્યાય

સૂર્યના રથનું અને તેની ગતિનું વર્ણન

શ્રીશુક ઉવાચ

એતાવાનેવ ભૂવલયસ્ય સન્નિવેશઃ પ્રમાણલક્ષણતો વ્યાખ્યાતઃ ॥ ૧॥ એતેન[1] હિ દિવો મણ્ડલમાનં તદ્વિદ ઉપદિશન્તિ યથા દ્વિદલયોર્નિષ્પાવાદીનાં[2] તે અન્તરેણાન્તરિક્ષં તદુભયસન્ધિતમ્ ॥ ૨॥ યન્મધ્યગતો ભગવાંસ્તપતામ્પતિસ્તપન આતપેન ત્રિલોકીં[3] પ્રતપત્યવભાસયત્યાત્મભાસા સ એષ ઉદગયનદક્ષિણાયનવૈષુવતસઞ્જ્ઞાભિર્માન્દ્યશૈઘ્ર્ય-સમાનાભિર્ગતિભિરારોહણાવરોહણસમાનસ્થાનેષુ[4] યથાસવનમભિપદ્યમાનો મકરાદિષુ રાશિષ્વહોરાત્રાણિ દીર્ઘહ્રસ્વસમાનાનિ વિધત્તે ॥ ૩॥ યદા મેષતુલયોર્વર્તતે તદાઽહોરાત્રાણિ સમાનાનિ ભવન્તિ યદા વૃષભાદિષુ[5] પઞ્ચસુ ચ રાશિષુ ચરતિ તદાઽહાન્યેવ વર્ધન્તે[6] હ્રસતિ ચ માસિ માસ્યેકૈકા ઘટિકા રાત્રિષુ ॥ ૪॥ યદા વૃશ્ચિકાદિષુ પઞ્ચસુ વર્તતે તદાઽહોરાત્રાણિ વિપર્યયાણિ ભવન્તિ ॥ ૫॥ યાવદ્દક્ષિણાયનમહાનિ વર્ધન્તે યાવદુદગયનં રાત્રયઃ ॥ ૬॥

એવં નવ કોટય એકપઞ્ચાશલ્લક્ષાણિ યોજનાનાં માનસોત્તરગિરિપરિવર્તનસ્યોપદિશન્તિ તસ્મિન્નૈન્દ્રીં પુરીં પૂર્વસ્માન્મેરોર્દેવધાનીં નામ દક્ષિણતો યામ્યાં સંયમનીં નામ પશ્ચાદ્વારુણીં નિમ્લોચનીં નામ ઉત્તરતઃ સૌમ્યાં વિભાવરીં નામ તાસૂદયમધ્યાહ્નાસ્તમય-નિશીથાનીતિ ભૂતાનાં પ્રવૃત્તિનિવૃત્તિનિમિત્તાનિ સમય-વિશેષેણ મેરોશ્ચતુર્દિશમ્ ॥ ૭॥ તત્રત્યાનાં દિવસમધ્યઙ્ગત

શ્રીશુકદેવજી કહે છે — હે રાજન્! પરિમાણ અને લક્ષણો સહિત આ ભૂમંડળનો આટલો જ વિસ્તાર છે, તે તમને વર્ણવી બતાવ્યો. (૧) આને જ અનુસરીને વિદ્વાનો દ્યુલોકનું પણ પરિમાણ બતાવે છે. જેમ ચણા-વટાણા વગેરેનાં બે દળ (ફાડિયાં)માંથી એકનું સ્વરૂપ જાણી લેવાથી બીજાનું પણ (સ્વરૂપ) જાણી શકાય છે તેવી જ રીતે ભૂર્લોકના પરિમાણ પરથી જ દ્યુલોકનું પણ પરિમાણ જાણી લેવું જોઈએ. આ બંનેની વચ્ચે અન્તરિક્ષલોક છે. એ આ બંને (લોકો)નું સંધિસ્થાન છે. (૨) એના (અંતરિક્ષલોકના) મધ્યભાગમાં રહેલા ગ્રહો અને નક્ષત્રોના અધિપતિ ભગવાન સૂર્ય પોતાના તાપ (ગરમી) અને પ્રકાશથી ત્રણે લોકોને તપાવતા અને પ્રકાશિત કરતા રહે છે. તેઓ ઉત્તરાયણ, દક્ષિણાયન અને વિષુવત્ નામની ક્રમશઃ ધીમી, ઝડપી અને સમાન (મધ્યમ) ગતિઓથી ગતિ કરતા સમય-અનુસાર મકર વગેરે રાશિઓમાં ઊંચા, નીચા અને સમાન (સમતલ) સ્થાનોમાં જઈને દિવસ અને રાત્રિને મોટાં, નાનાં અને સમાન (સરખાં) કરે છે. (૩) સૂર્ય ભગવાન જ્યારે મેષ અથવા તુલા રાશિમાં આવે છે ત્યારે દિવસ અને રાત્રિ સરખાં થઈ જાય છે; જ્યારે વૃષભ વગેરે પાંચ રાશિઓમાં ગતિ કરે છે ત્યારે દર મહિને રાત્રિઓ (ઉત્તરોત્તર) એક-એક ઘડી જેટલી નાની થતી જાય છે અને તે જ હિસાબે દિવસ મોટા થતા જાય છે. (૪) (સૂર્ય) જ્યારે વૃશ્ચિક વગેરે પાંચ રાશિઓમાં ગતિ કરે છે ત્યારે દિવસો અને રાત્રિઓમાં (તેમના કાળમાનની વધઘટમાં) ઉપર્યુક્ત સ્થિતિ કરતાં ઊલટો ફેરફાર થાય છે. (૫) આ પ્રમાણે દક્ષિણાયનનો આરંભ થાય ત્યાં સુધી દિવસો મોટા થતા જાય છે, તો ઉત્તરાયણ આવી લાગે ત્યાં સુધી રાત્રિઓ (મોટી થતી જાય છે). (૬)

આ પ્રમાણે પંડિતો માનસોત્તર પર્વત પરની સૂર્યની પરિક્રમાનો માર્ગ નવ કરોડ એકાવન લાખ જોજનનો બતાવે છે. તે પર્વત પર મેરુ પર્વતની પૂર્વ તરફ ઇન્દ્રની દેવધાની, દક્ષિણ તરફ યમરાજની સંયમની, પશ્ચિમ તરફ વરુણની નિમ્લોચની અને ઉત્તર તરફ ચંદ્રમાની વિભાવરી નામની પુરીઓ (નગરીઓ) છે. આ પુરીઓમાં મેરુની ચારે તરફ સમય-અનુસાર સૂર્યોદય, મધ્યાહ્ન, સાયંકાળ અને મધ્યરાત્રિ થતાં રહે છે; અને એમને જ કારણે સમસ્ત જીવોની પ્રવૃત્તિ કે નિવૃત્તિ થતી રહે છે. (૭) હે રાજન્! જે લોકો સુમેરુ ઉપર રહે છે તેમને તો સૂર્યદેવ હંમેશાં મધ્યાહ્નકાલીન (બપોર-

૧. પ્રા. પા. — એતદેવ દિવો। ૨. પ્રા. પા. — વિદલયો૦। ૩. પ્રા. પા. — ત્રીલ્લોકાન્। ૪. પ્રા. પા. — ૦શૈઘ્ર્યપ્રસમાનાભિર્ગતિભિરારોહણસ્થાનેષુ। ૫. પ્રા. પા. — વૃષાદિષુ। ૬. પ્રા. પા. — વિવર્ધન્તે।

એવ સદાઽઽદિત્યસ્તપતિ સવ્યેનાચલં દક્ષિણેન કરોતિ ॥૮॥ યત્રોદેતિ તસ્ય હ સમાનસૂત્રનિપાતે નિમ્લોચતિ યત્ર ક્વચન સ્યન્દેનાભિતપતિ તસ્ય હૈષ સમાનસૂત્રનિપાતે પ્રસ્વાપયતિ[1] તત્ર ગતં ન પશ્યન્તિ યે તં સમનુપશ્યેરન્ ॥૯॥

યદા ચૈન્દ્ર્યાઃ પુર્યાઃ પ્રચલતે પઞ્ચદશ-ઘટિકાભિર્યામ્યાં[2] સપાદકોટિદ્વયં યોજનાનાં સાર્ધદ્વાદશલક્ષાણિ સાધિકાનિ ચોપયાતિ ॥૧૦॥ એવં તતો વારુણીં સૌમ્યામૈન્દ્રીં ચ પુનસ્તથાઽન્યે ચ ગ્રહાઃ સોમાદયો નક્ષત્રૈઃ સહ જ્યોતિશ્ચક્રે સમભ્યુદ્યન્તિ સહ વા[3] નિમ્લોચન્તિ ॥૧૧॥ એવં મુહૂર્તેન ચતુસ્ત્રિંશલ્લક્ષયોજના-ન્યષ્ટશતાધિકાનિ સૌરો રથસ્ત્રયીમયોઽસૌ ચતસૃષુ પરિવર્તતે પુરીષુ ॥૧૨॥

યસ્યૈકં ચક્રં દ્વાદશારં ષણ્નેમિ ત્રિણાભિ સંવત્સરાત્મકં સમામનન્તિ તસ્યાક્ષો મેરોર્મૂર્ધનિ કૃતો માનસોત્તરે કૃતેતરભાગો યત્ર પ્રોતં રવિરથચક્રં તૈલયન્ત્રચક્રવદ્ ભ્રમન્માનસોત્તરગિરૌ પરિભ્રમતિ ॥૧૩॥ તસ્મિન્નક્ષે કૃતમૂલો દ્વિતીયોઽક્ષસ્તુર્યમાનેન સમ્મિતસ્તૈલયન્ત્રાક્ષવદ્ ધ્રુવે કૃતોપરિભાગઃ ॥૧૪॥

રથનીડસ્તુ ષટ્ત્રિંશલ્લક્ષયોજનાયતસ્તત્તુરીય-ભાગવિશાલસ્તાવાન્ રવિરથયુગો યત્ર હયાશ્છન્દો-

વેળાના) જ રહીને તપાવતા રહે છે. તેઓ પોતાની ગતિ અનુસાર અશ્વિની વગેરે નક્ષત્રો તરફ ગતિ કરતાં જોકે મેરુને ડાબી બાજુ રાખીને ચાલે છે, તોપણ સમગ્ર જ્યોતિર્મંડળને ઘુમાવતા, નિરંતર ડાબી બાજુ વાતા પ્રબળ પવન (વાયુ) વડે તે ઘુમાવી દેવાતું હોવાને કારણે તેઓ (સૂર્યદેવ) તેને ડાબી બાજુએ રાખીને ગતિ કરતા જણાઈ આવે છે. (૮) જે પુરીમાં સૂર્યભગવાનનો ઉદય થાય છે તેની બરાબર બીજી તરફની પુરીમાં તેઓ અસ્ત પામતા માલૂમ પડશે અને જ્યાં તેઓ લોકોને પરસેવાથી રેબઝેબ કરતા તપાવી રહ્યા હશે તેની બરાબર સામેની પુરીમાં અડધી રાત (થયેલી) હોવાને કારણે ત્યાંનાં લોકોને તેઓએ નિદ્રાધીન કર્યાં હશે. જે લોકોને મધ્યાહ્ન સમયે તેઓ સ્પષ્ટ દેખાઈ રહ્યા હશે તે લોકો જ, સૂર્ય જ્યારે સૌમ્ય દિશામાં પહોંચશે ત્યારે તેમનું દર્શન કરી શકશે નહીં. (૯)

સૂર્યદેવ જ્યારે ઈન્દ્રની પુરી (દેવધાની)માંથી (આગળ વધી) યમરાજની પુરી (સંયમની) તરફ જાય છે ત્યારે તેઓ પંદર ઘડીમાં સવા બે કરોડ સાડા બાર લાખ જોજનની ગતિથી થોડી – પચીસ હજાર જોજન – વધુ ગતિથી ચાલે છે. (૧૦) એ પછી આ જ ક્રમે તેઓ વરુણની (નિમ્લોચની) અને ચંદ્રમાની (વિભાવરી) પુરીઓને પાર કરીને ફરી પાછા ઈન્દ્રની પુરીમાં પહોંચે છે. આ પ્રમાણે ચંદ્રમા વગેરે ગ્રહો પણ જ્યોતિર્મંડલમાં અન્ય નક્ષત્રોની સાથે સાથે ઉદય અને અસ્ત પામતા રહે છે. (૧૧) આ પ્રમાણે ભગવાન સૂર્યનો વેદમય રથ એક મુહૂર્ત (ઘડી)માં ચોત્રીસ લાખ આઠ સો જોજનની ગતિના હિસાબે ગતિ કરતો આ ચારે પુરીઓમાં ઘૂમતો રહે છે. (૧૨)

૦ આ (સૂર્ય-રથ)નું સંવત્સર નામનું એક ચક્ર બતાવવામાં આવે છે; તેમાં માસરૂપ બાર આરા છે, ઋતુ-રૂપ છ નેમીઓ છે, ત્રણ ચોમાસાં-રૂપ ત્રણ નાભિઓ છે. આ રથની ધરીનો એક છેડો મેરુ પર્વતના શિખર પર અને બીજો છેડો માનસોત્તર પર્વતના શિખર પર છે. એમાં જોડાયેલું આ પૈડું ઘાણીના પૈડાની જેમ ઘૂમતું ઘૂમતું માનસોત્તર પર્વત ઉપર ચક્કર લગાવે છે. (૧૩) આ ધરીમાં જેનો મૂળ ભાગ જોડાયેલો છે તેવી એક બીજી ધરી (પણ) છે; તે લંબાઈમાં તેના ચોથા ભાગ જેટલી છે અને તેનો ઉપરનો છેડો તેલની ઘાણીની ધરીની જેમ ધ્રુવલોક સાથે જોડાયેલો છે. (૧૪)

આ રથમાં બેસવાનું સ્થાન (બેઠક) છત્રીસ લાખ જોજન લાંબું અને નવ લાખ જોજન પહોળું છે. તેનો તુરીય ભાગ પણ છત્રીસ લાખ જોજન જ લાંબો છે. તે (રથ)માં અરુણ નામના સારથિએ ગાયત્રી વગેરે છંદોના જેવાં જ

૧. પ્રા. પા. – પ્રસ્થાપયતિ । ૨. પ્રા. પા. – ૦શભિર્ઘટિકાભિઃ । ૩. પ્રા. પા. – વાભિનિમ્લોચન્તિ ।

નામાનઃ સપ્તારુણયોજિતા વહન્તિ દેવમાદિત્યમ્ ॥૧૫॥ પુરસ્તાત્સવિતુરરુણઃ પશ્ચાચ્ચ નિયુક્તઃ સૌત્યે કર્મણિ કિલાસ્તે ॥૧૬॥ તથા વાલખિલ્યા ઋષયોઽઙ્ગુષ્ઠપર્વમાત્રાઃ ષષ્ટિસહસ્રાણિ પુરતઃ સૂર્યં સૂક્તવાકાય[1] નિયુક્તાઃ સંસ્તુવન્તિ ॥૧૭॥ તથાઽન્યે ચ ઋષયો ગન્ધર્વાપ્સરસો નાગા ગ્રામણ્યો યાતુધાના દેવા ઇત્યેકૈકશો ગણાઃ સપ્ત ચતુર્દશ[2] માસિ માસિ ભગવન્તં સૂર્યમાત્માનં[3] નાનાનામાનં પૃથઙ્નાનાનામાનઃ પૃથક્કર્મભિર્દ્વન્દ્વશ ઉપાસતે ॥૧૮॥ લક્ષોત્તરં સાર્ધનવકોટિયોજન-પરિમણ્ડલં[4] ભૂવલયસ્ય ક્ષણેન સગવ્યૂત્યુત્તરં[5] દ્વિસહસ્રયોજનાનિ સ ભુઙ્ક્તે ॥૧૯॥

નામવાળા સાત ઘોડા જોતરી રાખ્યા છે અને તેઓ જ આ રથ પર આરૂઢ થયેલા ભગવાન સૂર્યને લઈ ચાલે છે. (૧૫) સૂર્યદેવની આગળ, તેમના જ તરફ મુખ કરીને બેઠેલા અરુણ તેમના સારથિનું કામ કરે છે. (૧૬) ભગવાન સૂર્યની આગળ અંગૂઠાના વેઢા બરાબરના આકારવાળા વાલખિલ્ય વગેરે સાઠ હજાર ઋષિઓ સ્વસ્તિવાચન માટે નિમાયેલા છે. તેઓ તેમની સ્તુતિ કરતા રહે છે. (૧૭) એમના ઉપરાંત ઋષિઓ, ગંધર્વો, અપ્સરાઓ, નાગલોકો, યક્ષો, રાક્ષસો અને દેવતાઓ પણ – જેઓ કુલ મળીને ચૌદ છે, પરંતુ યુગલરૂપે (જોડામાં) રહેવાને કારણે સાત ગણ કહેવામાં આવે છે – પ્રત્યેક માસમાં ભિન્ન-ભિન્ન નામોવાળા થઈને પોતપોતાનાં ભિન્ન-ભિન્ન કર્મોથી પ્રત્યેક માસમાં ભિન્ન-ભિન્ન નામ ધારણ કરતા આત્મસ્વરૂપ ભગવાન સૂર્યની ઉપાસના બે-બે મળીને કરે છે. (૧૮) આ પ્રમાણે ભગવાન સૂર્ય ભૂમંડળના નવ કરોડ એકાવન લાખ જોજન લાંબા ઘેરાવામાંથી પ્રત્યેક ક્ષણમાં બે હજાર બે જોજનનું અંતર પાર કરતા રહે છે. (૧૯)

=★=

ઇતિ શ્રીમદ્ભાગવતે મહાપુરાણે પારમહંસ્યાં સંહિતાયાં પઞ્ચમસ્કન્ધે જ્યોતિશ્ચક્રસૂર્યરથમણ્ડલવર્ણનં[6] નામૈકવિંશોઽધ્યાયઃ ॥૨૧॥

પાંચમા સ્કંધ-અંતર્ગત જ્યોતિશ્ચક્ર-સૂર્યરથમંડલ-વર્ણન નામનો એકવીસમો અધ્યાય સમાપ્ત.

=★=

બાવીસમો અધ્યાય

ભિન્ન-ભિન્ન ગ્રહોની સ્થિતિ અને ગતિનું વર્ણન

રાજોવાચ

યદેતદ્ભગવત આદિત્યસ્ય મેરું ધ્રુવં ચ પ્રદક્ષિણેન પરિક્રામતો રાશીનામભિમુખં પ્રચલિતં[7] ચાપ્રદક્ષિણં ભગવતોપવર્ણિતમમુષ્ય વયં કથમનુમિમીમહીતિ ॥૧॥

સ હોવાચ

યથા કુલાલચક્રેણ ભ્રમતા સહ ભ્રમતાં તદાશ્રયાણાં પિપીલિકાદીનાં ગતિરન્યૈવ[8] પ્રદેશાન્તરેષ્વપ્યુપલભ્યમાનત્વાદેવં નક્ષત્ર-રાશિભિરુપલક્ષિતેન કાલચક્રેણ ધ્રુવં મેરું ચ પ્રદક્ષિણેન[9] પરિધાવતા સહ પરિધાવમાનાનાં તદાશ્રયાણાં સૂર્યાદીનાં ગ્રહાણાં ગતિરન્યૈવ

રાજા પરીક્ષિતે પૂછ્યું – હે ભગવન્! તમે જે કહ્યું કે ભગવાન સૂર્ય જોકે રાશિઓ તરફ જતી વખતે મેરુ પર્વત અને ધ્રુવને જમણી બાજુએ રાખીને ગતિ કરતા જણાય છે પરંતુ વાસ્તવમાં તેમની ગતિ દક્ષિણાવર્તી હોતી નથી – આ બાબત અમે કેવી રીતે સમજીએ? (૧)

શ્રીશુકદેવજીએ કહ્યું – હે રાજન્! જેમ કુંભારના ઘૂમતા ચાકડા પર બેઠેલી, તેની સાથે ઘૂમતી કીડી વગેરેની પોતાની ગતિ તેનાથી (તે ચાકડાની ગતિથી) ભિન્ન જ છે, કારણ કે તે જુદા જુદા સમયે તે ચાકડાની જુદી જુદી જગ્યાએ જોવામાં આવે છે; તેવી જ રીતે નક્ષત્રો અને રાશિઓમાં દેખાતા કાળચક્રમાં પડેલા, ધ્રુવ અને મેરુને જમણી બાજુએ રાખીને ઘૂમનારા સૂર્ય વગેરે ગ્રહોની ગતિ વાસ્તવમાં તેનાથી ભિન્ન જ છે; કારણ કે તેઓ કાળભેદે ભિન્ન ભિન્ન રાશિઓ

૧. પ્રા. પા. – સૂક્તવાક્યાય । ૨. પ્રા. પા. – ૦ર્દશ માસિ ભગવ૦ । ૩. પ્રા. પા. – ૦ત્માનં પૃથગાત્મનઃ પૃથ૦ । ૪. પ્રા. પા. – ૦યોજનમણ્ડલં । ૫. પ્રા. પા. – સગત્યુત્તરં । ૬. પ્રા. પા. – ૦ચક્રાનુવર્ણનં । ૭. પ્રા. પા. – ૦તં ભગવતોપવર્ણિત૦ । ૮. પ્રા. પા. – ૦ન્યા ચ । ૯. પ્રા. પા. – દક્ષિણતઃ ।

નક્ષત્રાન્તરે રાશ્યન્તરે ચોપલભ્યમાનત્વાત્ ॥૨॥ સ એષ ભગવાનાદિપુરુષ એવ સાક્ષાન્નારાયણો લોકાનાં સ્વસ્તય આત્માનં ત્રયીમયં કર્મવિશુદ્ધિનિમિત્તં કવિભિરપિ ચ વેદેન વિજિજ્ઞાસ્યમાનો[1] દ્વાદશધા વિભજ્ય ષટ્સુ વસન્તાદિષ્વૃતુષુ યથોપજોષમૃતુગુણાન્ વિદધાતિ ॥૩॥ તમેતમિહ પુરુષાસ્ત્રય્યા વિદ્યયા[2] વર્ણાશ્રમાચારાનુપથા ઉચ્ચાવચૈઃ કર્મભિરામ્નાતૈર્યોગવિતાનૈશ્ચ શ્રદ્ધયા યજન્તોઽઞ્જસા શ્રેયઃ સમધિગચ્છન્તિ ॥૪॥ અથ સ એષ આત્મા લોકાનાં દ્યાવાપૃથિવ્યોરન્તરેણ નભોવલયસ્ય કાલચક્રગતો દ્વાદશ માસાન્ ભુઙ્ક્તે રાશિસઞ્જ્ઞાન્ સંવત્સરાવયવાન્માસઃ પક્ષદ્વયં[3] દિવા નક્તં ચેતિ સપાદર્ક્ષદ્વયમુપદિશન્તિ યાવતા ષષ્ઠમંશં ભુઞ્જીત સ વૈ ઋતુરિત્યુપદિશ્યતે સંવત્સરાવયવઃ ॥૫॥ અથ ચ યાવતાર્ઽધેન નભોવીથ્યાં[4] પ્રચરતિ તં કાલમયનમાચક્ષતે ॥૬॥ અથ ચ યાવન્નભોમણ્ડલં સ હ દ્યાવાપૃથિવ્યોર્મણ્ડલાભ્યાં કાર્ત્સ્ન્યેન સહ ભુઞ્જીત તં કાલં સંવત્સરં પરિવત્સરમિડાવત્સરમનુવત્સરં વત્સરમિતિ ભાનોર્માન્ધશૈઘ્ર્યસમગતિભિઃ સમામનન્તિ ॥૭॥

એવં ચન્દ્રમા અર્કગભસ્તિભ્ય ઉપરિષ્ટાલ્લક્ષયોજનત ઉપલભ્યમાનોઽર્કસ્ય સંવત્સરભુક્તિં પક્ષાભ્યાં માસભુક્તિં સપાદર્ક્ષાભ્યાં દિનેનૈવ પક્ષભુક્તિમગ્રચારી દ્રુતતરગમનો ભુઙ્ક્તે ॥૮॥ અથ ચાપૂર્યમાણાભિશ્ચ કલાભિરમરાણાં ક્ષીયમાણાભિશ્ચ કલાભિઃ પિતૃણામહોરાત્રાણિ પૂર્વપક્ષાપરપક્ષાભ્યાં વિતન્વાનઃ સર્વજીવનિવહપ્રાણો[5] જીવશ્ચૈકમેકં નક્ષત્રં ત્રિંશતા મુહૂર્તૈર્ભુઙ્ક્તે ॥૯॥ ય એષ ષોડશકલઃ પુરુષો ભગવાન્મનોમયોઽન્નમયોઽમૃતમયો દેવપિતૃમનુષ્યભૂતપશુપક્ષિસરીસૃપવીરુધાં પ્રાણાપ્યાયનશીલત્વાત્સર્વમય ઇતિ વર્ણયન્તિ ॥૧૦॥

અને નક્ષત્રોમાં દેખાઈ આવે છે. (૨) વેદો અને વિદ્વાનો પણ જેમની ગતિને જાણવા માટે ઉત્સુક રહે છે તે સાક્ષાત્ આદિપુરુષ ભગવાન નારાયણ જ સૂર્યરૂપે લોકોના કલ્યાણ માટે તથા કર્મોની શુદ્ધિ માટે પોતાના વેદમય વિગ્રહ કાળને બાર માસોમાં વિભાજિત કરીને વસંત વગેરે છ ઋતુઓમાં તેમના યથાયોગ્ય ગુણોનું વિધાન કરે છે. (૩) આ લોકમાં વર્ણાશ્રમધર્મનું અનુસરણ કરનારા મનુષ્યો ત્રણે વેદો વડે પ્રતિપાદિત નાનાં-મોટાં કર્મોથી ઈન્દ્ર વગેરે દેવતાઓરૂપે અને યોગનાં સાધનોથી અંતર્યામીરૂપે તેમની શ્રદ્ધાપૂર્વક આરાધના કરીને સહેલાઈથી પરમ પદને પ્રાપ્ત કરે છે. (૪) ભગવાન સૂર્ય સમસ્ત લોકોના આત્મા છે. તેઓ પૃથ્વી અને દ્યુલોકની વચ્ચે રહેલા આકાશમંડળની ભીતર કાળચક્રમાં સ્થિત થઈને બાર માસોને ભોગવે છે, કે જેઓ સંવત્સરના અવયવો છે અને મેષ વગેરે રાશિઓના નામે પ્રસિદ્ધ છે. એમનામાંથી પ્રત્યેક માસ ચંદ્રમાનથી શુક્લ અને કૃષ્ણ એમ બે પક્ષનો, પિતૃમાનથી એક રાત અને એક દિવસનો તથા સૌરમાનથી સવા-બે નક્ષત્રોનો બતાવવામાં આવે છે. જેટલા કાળમાં સૂર્યદેવ આ સંવત્સરનો છઠ્ઠો ભાગ ભોગવે છે તેનો તે અવયવ (અર્થાત્ તેટલો ભાગ) એક 'ઋતુ' કહેવાય છે. (૫) આકાશમાં ભગવાન સૂર્યનો જેટલો માર્ગ છે તેનો અડધો તેઓ જેટલા કાળમાં પાર કરી લે છે તેને એક 'અયન' કહે છે; (૬) તથા જેટલા કાળમાં તેઓ પોતાની મંદ, તીવ્ર અને સમાન ગતિથી સ્વર્ગ અને પૃથ્વીમંડળ સહિત પૂરા આકાશનું ચક્કર લગાવી લે છે તેને અવાન્તરભેદે સંવત્સર, પરિવત્સર, ઈડાવત્સર, અનુવત્સર અથવા વત્સર કહે છે. (૭)

આ જ પ્રમાણે સૂર્યનાં કિરણોથી એક લાખ જોજન ઉપર ચંદ્રમા છે, તેની ચાલ (ગતિ) ઘણી તીવ્ર છે તેથી તે બધાં નક્ષત્રોથી આગળ રહે છે. આ (ચંદ્રમા) સૂર્યના એક વર્ષના માર્ગને એક માસમાં, એક માસના માર્ગને સવા બે દિવસમાં અને એક પક્ષના માર્ગને એક જ દિવસમાં પાર કરી લે છે. (૮) આ (ચંદ્રમા) કૃષ્ણ પક્ષમાં ક્ષીણ થતી જતી કળાઓથી પિતૃગણનાં અને શુક્લ પક્ષમાં વૃદ્ધિ પામતી જતી કળાઓથી દેવતાઓનાં રાત્રિ-દિવસનું વિભાજન કરે છે; તથા ત્રીસ-ત્રીસ મુહૂર્તોમાં એક-એક નક્ષત્રને પાર કરે છે. આ જ અન્નમય અને અમૃતમય હોવાને કારણે સમસ્ત જીવોનો પ્રાણ અને જીવન છે. (૯) સોળ કળાઓવાળા આ જે મનોમય, અન્નમય, અમૃતમય પુરુષસ્વરૂપ ભગવાન ચંદ્રમા છે – એ જ દેવતાઓ, પિતૃઓ, મનુષ્યો, ભૂતો, પશુઓ, પક્ષીઓ, સરીસૃપો તેમ જ વૃક્ષો

૧. પ્રા. પા. – જિજ્ઞાસ્યમાનો । ૨. પ્રા. પા. – વિદ્યાયા । ૩. પ્રા. પા. – ૦દ્વયં સપાદર્ક્ષદ્વયં દિવા નક્તમુપવદન્તિ યાવતા । ૪. પ્રા. પા. – ૦થ્યાઃ । ૫. પ્રા. પા. – ૦વહઃ પ્રાણો ।

તત ઉપરિષ્ટાત્ત્રિલક્ષયોજનતો નક્ષત્રાણિ મેરું દક્ષિણેનૈવ કાલાયન ઈશ્વરયોજિતાનિ સહાભિજિતાઽષ્ટાવિંશતિઃ ॥ ૧૧ ॥ તત ઉપરિષ્ટાદુશના દ્વિલક્ષયોજનત[1] ઉપલભ્યતે પુરતઃ પશ્ચાત્સહૈવ વાઽર્કસ્ય શૈઘ્ર્યમાન્દ્યસામ્યાભિર્ગતિભિરર્કવચ્ચરતિ લોકાનાં[2] નિત્યદાઽનુકૂલ એવ પ્રાયેણ વર્ષયંશ્ચારેણાનુમીયતે સવૃષ્ટિવિષ્ટમ્ભગ્રહોપશમનઃ ॥ ૧૨ ॥

ઉશનસા બુધો વ્યાખ્યાતસ્તત ઉપરિષ્ટાદ્ દ્વિલક્ષયોજનતો બુધઃ સોમસુત ઉપલભ્યમાનઃ પ્રાયેણ શુભકૃદ્યદાર્કાદ્ વ્યતિરિચ્યેત તદાતિવાતાભ્રપ્રાયાનાવૃષ્ટ્યાદિભયમાશંસતે ॥ ૧૩ ॥ અત ઊર્ધ્વમઙ્ગારકોઽપિ યોજનલક્ષદ્વિતય ઉપલભ્યમાનસ્ત્રિભિસ્ત્રિભિઃ પક્ષૈરેકૈકશો રાશીન્ દ્વાદશાનુભુઙ્ક્તે યદિ ન વક્રેણાભિવર્તતે પ્રાયેણાશુભગ્રહોઽઘશંસઃ ॥ ૧૪ ॥ તત ઉપરિષ્ટાદ્ દ્વિલક્ષયોજનાન્તરગતો ભગવાન્ બૃહસ્પતિરેકૈકસ્મિન્ રાશૌ પરિવત્સરં પરિવત્સરં ચરતિ[3] યદિ ન વક્રઃ સ્યાત્પ્રાયેણાનુકૂલો[4] બ્રાહ્મણકુલસ્ય ॥ ૧૫ ॥

તત ઉપરિષ્ટાદ્યોજનલક્ષદ્વયાત્પ્રતીયમાનઃ શનૈશ્ચર એકૈકસ્મિન્ રાશૌ ત્રિંશન્માસાન્ વિલમ્બમાનઃ સર્વાનેવાનુપર્યેતિ તાવદ્ભિરનુવત્સરૈઃ પ્રાયેણ હિ સર્વેષામશાન્તિકરઃ ॥ ૧૬ ॥ તત ઉત્તરસ્માદૃષય એકાદશલક્ષયોજનાન્તર[5] ઉપલભ્યન્તે ય એવ[6] લોકાનાં શમનુભાવયન્તો ભગવતો વિષ્ણોર્યત્પરમં પદં પ્રદક્ષિણં[7] પ્રક્રમન્તિ ॥ ૧૭ ॥

વગેરે સમસ્ત પ્રાણીઓના પ્રાણોનું પોષણ કરે છે, તેથી તેમને 'સર્વમય' કહે છે. (૧૦)

ચંદ્રમાથી ત્રણ લાખ જોજન ઉપર અભિજિત સહિત અઠ્ઠાવીસ નક્ષત્રો છે. ભગવાને તેમને કાળચક્રમાં નિયુક્ત કરેલાં છે, તેથી એ મેરુને જમણી બાજુએ રાખીને ઘૂમતાં રહે છે. (૧૧) એમનાથી બે લાખ જોજન ઉપર શુક્ર દેખાઈ આવે છે. આ (શુક્ર) સૂર્યની તીવ્ર, મંદ અને સમાન ગતિઓ અનુસાર તેમની જ જેમ ક્યારેક આગળ, ક્યારેક પાછળ અને ક્યારેક સાથે-સાથે રહીને ગતિ કરે છે. આ વરસાદ વરસાવનારો ગ્રહ છે, તેથી લોકોને લગભગ હંમેશ માટે અનુકૂળ રહે છે. આની ગતિ પરથી એવું અનુમાન થાય છે કે આ વરસાદને અવરોધતા ગ્રહોને શાંત કરી દે છે. (૧૨)

શુક્રની ગતિની સાથોસાથ બુધ(ની ગતિ)નું પણ વિવરણ થઈ ગયું – શુક્રની ગતિ પ્રમાણે જ બુધની ગતિ પણ સમજી લેવી જોઈએ. ચંદ્રમાનો પુત્ર આ બુધ શુક્રથી બે લાખ જોજન ઉપર છે. આ ઘણું કરીને મંગલકારી જ છે, પરંતુ તે જ્યારે સૂર્યની ગતિનું ઉલ્લંઘન કરીને ગતિ કરે છે ત્યારે ઘણી મોટી આંધી, અતિવૃષ્ટિ કે દુષ્કાળના ભયનું સૂચન કરે છે. (૧૩) આનાથી બે લાખ જોજન ઉપર મંગળ છે. તે જો વક્ર ગતિએ ચાલતો નથી તો એક-એક રાશિને ત્રણ-ત્રણ પક્ષોમાં ભોગવતો રહીને બારે રાશિઓને પાર કરે છે. આ અશુભ ગ્રહ છે અને ઘણું કરીને અમંગળનો સૂચક છે. (૧૪) આની ઉપર બે લાખ જોજનના અંતરે ભગવાન બૃહસ્પતિજી (ગુરુનો ગ્રહ) છે. એ જો વક્રગતિથી ચાલતા નથી તો એક-એક રાશિને એક-એક વર્ષમાં ભોગવે છે. એ ઘણું કરીને બ્રાહ્મણકુળ માટે અનુકૂળ રહે છે. (૧૫)

બૃહસ્પતિથી બે લાખ જોજન ઉપર શનૈશ્ચર દેખાઈ આવે છે. એ એક-એક રાશિમાં ત્રીસ-ત્રીસ માસ સુધી રહે છે; તેથી એમને બધી રાશિઓને પાર કરવામાં ત્રીસ વર્ષ લાગે છે. એ ઘણું કરીને સૌને માટે અશાન્તિકારક છે. (૧૬) એમની ઉપર અગિયાર લાખ જોજનના અંતરે કશ્યપ વગેરે સપ્તર્ષિઓ દેખાઈ આવે છે. એ બધા લોકો માટે મંગલકામના કરતા રહીને ભગવાન વિષ્ણુના પરમપદ ધ્રુવલોકની પ્રદક્ષિણા કર્યા કરે છે. (૧૭)

═★═

ઇતિ શ્રીમદ્ભાગવતે મહાપુરાણે પારમહંસ્યાં સંહિતાયાં પઞ્ચમસ્કન્ધે જ્યોતિશ્ચક્રવર્ણને[8] દ્વાવિંશોઽધ્યાયઃ ॥ ૨૨ ॥

પાંચમા સ્કંધ-અંતર્ગત જ્યોતિશ્ચક્રવર્ણનમાંનો બાવીસમો અધ્યાય સમાપ્ત.

═★═

૧. પ્રા. પા. – ૦જન ઉપલભ્યતે । ૨. પ્રા. પા. – ૦કાન્ નિત્યદા । ૩. પ્રા. પા. – પ્રચરતિ । ૪. પ્રા. પા. – પ્રાયશોઽનુ૦ । ૫. પ્રા. પા. – ૦ન્તારત ઉપલક્ષ્યન્તે । ૬. પ્રા. પા. – એવં । ૭. પ્રા. પા. – ૦ક્ષિણમુપક્રામન્તિ । ૮. પ્રા. પા. – ૦શ્ચક્રાનુવર્ણનો ।

ત્રેવીસમો અધ્યાય

શિશુમાર-ચક્રનું વર્ણન

શ્રીશુક ઉવાચ[1]

અથ તસ્માત્પરતસ્ત્રયોદશલક્ષયોજનાન્તરતો યત્તદ્વિષ્ણોઃપરમં પદમભિવદન્તિ યત્ર હ મહાભાગવતો ધ્રુવ ઔત્તાનપાદિરગ્નિનેન્દ્રેણ પ્રજાપતિના કશ્યપેન ધર્મેણ ચ સમકાલયુગ્ભિઃ સબહુમાનં દક્ષિણતઃ ક્રિયમાણ ઈદાનીમપિ કલ્પજીવિનામાજીવ્ય ઉપાસ્તે તસ્યેહાનુભાવ ઉપવર્ણિતઃ ॥૧॥ સ હિ સર્વેષાં જ્યોતિર્ગણાનાં ગ્રહનક્ષત્રાદીનામનિમિષેણાવ્યક્ત-રંહસા ભગવતા કાલેન ભ્રામ્યમાણાનાં સ્થાણુ-રિવાવષ્ટમ્ભ ઈશ્વરેણ વિહિતઃ શશ્વદવભાસતે[2] ॥૨॥

યથા મેઢીસ્તમ્ભ[3] આક્રમણપશવઃ સંયોજિતાસ્ત્રિભિસ્ત્રિભિઃ[4] સવનૈર્યથાસ્થાનં મણ્ડલાનિ ચરન્ત્યેવં ભગણા ગ્રહાદય એતસ્મિન્નન્તર્બહિર્યોગેન કાલચક્ર આયોજિતા ધ્રુવમેવાવલમ્બ્ય વાયુનોદીર્યમાણા આકલ્પાન્તં પરિચઙ્ક્રમન્તિ નભસિ યથા મેઘાઃ શ્યેનાદયો વાયુવશાઃ કર્મસારથયઃ પરિવર્તન્તે એવં જ્યોતિર્ગણાઃ પ્રકૃતિપુરુષસંયોગાનુગૃહીતાઃ કર્મનિર્મિતગતયો ભુવિ ન પતન્તિ ॥ ૩॥

કેચનૈતજ્જ્યોતિરનીકં શિશુમારસંસ્થાનેન ભગવતો વાસુદેવસ્ય યોગધારણાયામનુ-વર્ણયન્તિ ॥૪॥ યસ્ય પુચ્છાગ્રેઽવાક્‌શિરસઃ[5] કુણ્ડલીભૂતદેહસ્ય ધ્રુવ ઉપકલ્પિતસ્તસ્ય લાઙ્ગૂલે પ્રજાપતિરગ્નિરિન્દ્રો ધર્મ ઈતિ પુચ્છમૂલે ધાતા વિધાતા ચ કટ્યાં સપ્તર્ષયઃ। તસ્ય દક્ષિણાવર્તકુણ્ડલી-ભૂતશરીરસ્ય યાન્યુદગયનાનિ દક્ષિણપાર્શ્વે તુ નક્ષત્રાણ્યુપકલ્પયન્તિ દક્ષિણાયનાનિ તુ સવ્યે। યથા શિશુમારસ્ય કુણ્ડલાભોગસન્નિવેશસ્ય પાર્શ્વયોરુભયોરપ્યવયવાઃ સમસઙ્ખ્યા ભવન્તિ ।પૃષ્ઠે ત્વજવીથી આકાશગઙ્ગા ચોદરતઃ ॥ ૫॥

શ્રીશુકદેવજી કહે છે – હે રાજન્! સપ્તર્ષિઓથી તેર લાખ જોજન ઉપર ધ્રુવલોક છે. આને ભગવાન વિષ્ણુનું પરમપદ કહે છે. અહીં ઉત્તાનપાદના પુત્ર પરમ ભગવદ્‌ભક્ત ધ્રુવજી વિરાજમાન છે. અગ્નિ, ઇન્દ્ર, પ્રજાપતિ કશ્યપ અને ધર્મ - આ બધા એકીસાથે અત્યંત આદરપૂર્વક એમની પ્રદક્ષિણા કરતા રહે છે. અત્યારે પણ કલ્પપર્યંત રહેતા લોક એમના જ આધારે સ્થિત (રહેલા) છે. એમના આ લોકનો પ્રભાવ અમે અગાઉ (ચોથા સ્કંધમાં) વર્ણવેલો છે. (૧) સદા જાગ્રત રહેતા અવ્યક્ત-ગતિ ભગવાન કાળ વડે ગ્રહો-નક્ષત્રો વગેરે જે જ્યોતિઃસમૂહો નિરંતર ઘુમાવવામાં આવે છે તે બધાના આધારસ્તંભરૂપે આ ધ્રુવલોકને જ ભગવાને નિયુક્ત કરેલો છે. તેથી આ (ધ્રુવ) એક જ સ્થાનમાં રહીને હંમેશાં પ્રકાશિત રહે છે. (૨)

જેમ મેઢીસ્થંભમાં (ડૂંડાંમાંથી દાણા છૂટા પાડવાની પ્રક્રિયામાં) અનાજ(નાં ડૂંડાઓ)ને ખૂંદનારાં પશુઓ ટૂંકી, લાંબી અને સમાન (મધ્યમ માપની) રાશ (દોરડા)થી બંધાઈને ક્રમશઃ નજીક, દૂર અને વચ્ચે રહીને થાંભલીની ચારે તરફ વર્તુળ બનાવીને ઘૂમતા રહે છે તેવી જ રીતે તમામ નક્ષત્રો અને ગ્રહો બહારના-અંદરના ક્રમે આ કાળચક્રમાં નિયુક્ત થઈને ધ્રુવલોકનો જ આશ્રય લઈને, વાયુથી પ્રેરિત થતા, કલ્પના અંત સુધી ઘૂમતા રહે છે. જેમ વાદળાં અને બાજ વગેરે પક્ષીઓ પોતાનાં કર્મોની સહાયથી, વાયુને આધીન રહીને, આકાશમાં ઊડતાં રહે છે તેવી જ રીતે આ જ્યોતિઃસમુદાયો પણ પ્રકૃતિ અને પુરુષના સંયોગને આધીન (રહીને) પોતપોતાનાં કર્મો અનુસાર ચક્કર મારતા રહે છે, પૃથ્વી પર પડતા નથી. (૩)

કેટલાક મનુષ્યો ભગવાનની યોગમાયાના આધારે રહેલા આ જ્યોતિશ્ચક્રનું શિશુમાર-રૂપે વર્ણન કરે છે. (૪) આ શિશુમાર કુંડલીભૂત (ગોળ વર્તુળ વળેલા) આકારમાં છે અને તેનું મુખ નીચે તરફ છે. આની પૂંછડીના છેડે ધ્રુવ છે; પૂંછડીના મધ્યભાગમાં પ્રજાપતિ, અગ્નિ, ઇન્દ્ર અને ધર્મ છે; પૂંછડીના મૂળમાં ધાતા અને વિધાતા છે. આની કેડના ભાગમાં સપ્તર્ષિઓ છે. આ શિશુમાર જમણી તરફ સંકોચાઈને કુંડળી વાળેલો છે. આવી સ્થિતિમાં અભિજિત્‌થી માંડીને પુનર્વસુ સુધીનાં ઉત્તરાયણનાં જે ચૌદ નક્ષત્રો છે તે (બધાં) આના જમણા ભાગમાં છે અને પુષ્યથી માંડીને ઉત્તરાષાઢા સુધીનાં દક્ષિણાયનનાં જે ચૌદ નક્ષત્રો છે તે (બધાં) ડાબા ભાગમાં છે. સંસારમાં પણ

૧. પ્રા. પા. – ઋષિરુવાચ । ૨. પ્રા. પા. – ૦દાભાસતે । ૩. પ્રા. પા. – મેધીસ્તમ્ભ । ૪. પ્રા. પા. – ૦તાસ્ત્રિભિઃ સવનૈ૦ । ૫. પ્રા. પા. – ૦ચ્છાગ્રેઽર્વાક્છિરસઃ ।

પુનર્વસુપુષ્યૌ દક્ષિણવામયોઃ[1] શ્રોણ્યોરાર્દ્રાશ્લેષે ચ દક્ષિણવામયોઃ પશ્ચિમયોઃ પાદયોરભિજિદુત્તરાષાઢે દક્ષિણવામયોર્નાસિકયોર્યથાસઙ્ખ્યં શ્રવણ-પૂર્વાષાઢે દક્ષિણવામયોર્લોચનયોર્ધનિષ્ઠા મૂલં ચ દક્ષિણવામયોઃ[2] કર્ણયોર્મઘાદીન્યષ્ટ નક્ષત્રાણિ દક્ષિણાયનાનિ વામપાર્શ્વવઙ્ક્રિષુ[3] યુઞ્જીત તથૈવ મૃગશીર્ષાદીન્યુદગયનાનિ[4] દક્ષિણપાર્શ્વવઙ્ક્રિષુ[5] પ્રાતિલોમ્યેન પ્રયુઞ્જીત શતભિષાજ્યેષ્ઠે સ્કન્ધયો-ર્દક્ષિણવામયોર્ન્યસેત્ ॥ ૬॥ ઉત્તરાહનાવગસ્તિ-રધરાહનૌ[6] યમો મુખેષુ ચાઙ્ગારકઃ શનૈશ્ચર ઉપસ્થે બૃહસ્પતિઃ કકુદિ વક્ષસ્યાદિત્યો હૃદયે નારાયણો[7] મનસિ ચન્દ્રો નાભ્યામુશના સ્તનયોરશ્વિનૌ બુધઃ પ્રાણાપાનયો રાહુર્ગલે કેતવઃ સર્વાઙ્ગેષુ રોમસુ સર્વે તારાગણાઃ ॥ ૭॥

એતદુ હૈવ ભગવતો વિષ્ણોઃ સર્વદેવતામયં રૂપમહરહઃ સન્ધ્યાયાં પ્રયતો વાગ્યતો નિરીક્ષમાણ ઉપતિષ્ઠેત નમો[8] જ્યોતિર્લોકાય કાલાયનાયા-નિમિષાં પતયે મહાપુરુષાયાભિધીમહીતિ ॥ ૮॥

ગ્રહર્ક્ષતારામયમાધિદૈવિકં
પાપાપહં મન્ત્રકૃતાં ત્રિકાલમ્ ।
નમસ્યતઃ સ્મરતો વા ત્રિકાલં
નશ્યેત તત્કાલજમાશુ પાપમ્ ॥ ૯॥

શિશુમાર જ્યારે કુંડલાકાર હોય છે ત્યારે તેની બંને બાજુનાં અંગોની સંખ્યા સરખી રહે છે તેવી જ રીતે અહીં નક્ષત્રોની સંખ્યામાં પણ સરખાપણું (ચૌદ-ચૌદ, બંને બાજુ) છે. આ (શિશુમાર)ની પીઠના ભાગમાં અજવીથી (એટલે કે મૂળ, પૂર્વાષાઢા અને ઉત્તરાષાઢા - એ ત્રણ નક્ષત્રોનો સમૂહ) છે અને આના ઉદરના ભાગમાં આકાશગંગા છે. (૫) હે રાજન્! આના જમણા અને ડાબા કટિભાગોમાં પુનર્વસુ અને પુષ્ય નક્ષત્રો છે, જમણા અને ડાબા ચરણોમાં પાછલા ભાગે આર્દ્રા અને આશ્લેષા નક્ષત્રો છે, તેમ જ જમણા અને ડાબા નસકોરાંમાં અનુક્રમે અભિજિત્ અને ઉતરાષાઢા (નક્ષત્રો) છે. આ જ પ્રમાણે જમણા અને ડાબા નેત્રોમાં અનુક્રમે શ્રવણ અને પૂર્વાષાઢા તથા જમણા અને ડાબા કાનોમાં અનુક્રમે ધનિષ્ઠા અને મૂળ નક્ષત્રો છે. દક્ષિણાયનનાં મઘા વગેરે આઠ નક્ષત્રો ડાબી પાંસળીઓમાં અને એનાથી ઊલટા ક્રમે ઉત્તરાયણનાં મૃગશિરા વગેરે આઠ નક્ષત્રો જમણી પાંસળીઓમાં છે. શતભિષા અને જ્યેષ્ઠા - આ બે નક્ષત્રો, ક્રમશઃ જમણા અને ડાબા ખભાઓના સ્થાને છે. (૬) આની ઉપરની હડપચીમાં અગસ્ત્ય, નીચેની હડપચીમાં નક્ષત્રરૂપ યમ, મુખમાં મંગળ, લિંગપ્રદેશમાં શનિ, ખૂંધમાં બૃહસ્પતિ (ગુરુ), છાતીમાં સૂર્ય, હૃદયમાં નારાયણ, મનમાં ચંદ્રમા, નાભિમાં શુક્ર, સ્તનોમાં (બે) અશ્વિનીકુમારો, પ્રાણ અને અપાનમાં બુધ, કંઠમાં રાહુ, સમસ્ત અંગોમાં કેતુ અને રુવાંટાંમાં સમસ્ત તારાઓ સ્થિત છે. (૭)

હે રાજન્! આ (શિશુમાર) ભગવાન વિષ્ણુનું સર્વદેવમય સ્વરૂપ છે. દરરોજ સાયંકાળ-સમયે પવિત્ર થઈને અને મૌન રહીને આનું દર્શન કરતાં-કરતાં ચિંતન કરવું જોઈએ તથા આ મંત્રનો જપ કરતાં-કરતાં ભગવાનની સ્તુતિ કરવી જોઈએ – 'સમસ્ત જ્યોતિર્ગણોના આશ્રય, કાળચક્ર-સ્વરૂપ, સર્વદેવોના અધિપતિ પરમપુરુષ પરમાત્માનું અમે નમસ્કારપૂર્વક ધ્યાન કરીએ છીએ.' (૮) ગ્રહો, નક્ષત્રો અને તારાઓ-રૂપે ભગવાનનું આધિદૈવિક રૂપ પ્રકાશિત થઈ રહ્યું છે; તે ત્રણે સમય ઉપર્યુક્ત મંત્રનો જપ કરનારા પુરુષોનાં પાપોનો નાશ કરી દે છે. જે મનુષ્ય સવારે, બપોરે અને સાંજે – ત્રણે સમય તેમના આ આધિદૈવિક સ્વરૂપનું રોજેરોજ ચિંતન અને વંદન કરે છે તેનાં કરેલાં પાપ તે સમયે તત્કાળ નાશ પામે છે. (૯)

==★==

ઇતિ શ્રીમદ્ભાગવતે મહાપુરાણે પારમહંસ્યાં સંહિતાયાં પઞ્ચમસ્કન્ધે શિશુમારસંસ્થાવર્ણનં નામ ત્રયોવિંશોઽધ્યાયઃ ॥ ૨૩॥

પાંચમા સ્કંધ-અંતર્ગત શિશુમારસંસ્થાવર્ણન નામનો ત્રેવીસમો અધ્યાય સમાપ્ત.

==★==

૧. પ્રા. પા. – ૦ણ્યોરાર્દ્રાશ્લેષે ચ । ૨. પ્રાચીન પ્રતમાં 'દક્ષિણવામયોઃ' પાઠ નથી. ૩. પ્રા. પા. – ૦પાર્શ્વવક્ષઃસુ । ૪. પ્રા. પા. – મૃગશીર્ષર્ક્ષાદીન્યુ૦ । ૫. પ્રા. પા. – ૦ક્ષિણપાર્શ્વેષુ પ્રાતિલોમ્યેન શતભિષાજ્યેષ્ઠે । ૬. પ્રા. પા. – ઉત્તરહનાવગસ્ત્યોઽધરહનૌ યમો મુખે ચા૦ । ૭. પ્રા. પા. – નાસાયામુશના સ્તનયોઃ । ૮. પ્રા. પા. – નમો નમો જ્યો૦ ।

ચોવીસમો અધ્યાય

રાહુ વગેરેની સ્થિતિ તથા અતલ વગેરે નીચેના લોકોનું વર્ણન

શ્રીશુક ઉવાચ

અધસ્તાત્સવિતુર્યોજનાયુતે સ્વર્ભાનુર્નક્ષત્રવચ્ચરતીત્યેકે યોઽસાવમરત્વં ગ્રહત્વં ચાલભત ભગવદનુકમ્પયા સ્વયમસુરાપસદઃ સૈંહિકેયો હ્યતદર્હસ્તસ્ય તાત જન્મ કર્માણિ ચોપરિષ્ટાદ્વક્ષ્યામઃ ॥ ૧॥ યદદસ્તરણેર્મણ્ડલં પ્રતપતસ્તદ્વિસ્તરતો યોજનાયુતમાચક્ષતે દ્વાદશસહસ્રં સોમસ્ય ત્રયોદશસહસ્રં રાહોર્યઃ પર્વણિ તદ્‌વ્યવધાનકૃદ્વૈરાનુબન્ધઃ સૂર્યાચન્દ્રમસાવભિધાવતિ ॥ ૨॥ તન્નિશમ્યોભયત્રાપિ ભગવતા રક્ષણાય પ્રયુક્તં સુદર્શનં નામ ભાગવતં દયિતમસ્ત્રં તત્તેજસા દુર્વિષહં મુહુઃ પરિવર્તમાનમભ્યવસ્થિતો મુહૂર્તમુદ્વિજમાનશ્ચકિતહૃદય આરાદેવ નિવર્તતે તદુપરાગમિતિ વદન્તિ લોકાઃ ॥ ૩॥

તતોઽધસ્તાત્સિદ્ધચારણવિદ્યાધરાણાં સદનાનિ તાવન્માત્ર એવ ॥ ૪॥ તતોઽધસ્તાદ્યક્ષરક્ષઃપિશાચપ્રેતભૂતગણાનાં વિહારાજિરમન્તરિક્ષં યાવદ્વાયુઃ પ્રવાતિ યાવન્મેઘા ઉપલભ્યન્તે ॥ ૫॥ તતોઽધસ્તાચ્છતયોજનાન્તર ઇયં પૃથિવી યાવદ્ધંસભાસશ્યેનસુપર્ણાદયઃ પતત્ત્રિપ્રવરા ઉત્પતન્તીતિ ॥ ૬॥ ઉપવર્ણિતં ભૂમેર્યથાસન્નિવેશાવસ્થાનમવનેરપ્યધસ્તાત્ સપ્ત ભૂવિવરા એકૈકશો યોજનાયુતાન્તરેણાયામવિસ્તારેણોપક્લૃપ્તા[1] અતલં વિતલં સુતલં તલાતલં મહાતલં રસાતલં પાતાલમિતિ ॥ ૭॥ એતેષુ હિ બિલસ્વર્ગેષુ[2] સ્વર્ગાદપ્યધિકકામભોગૈશ્વર્યાનન્દભૂતિવિભૂતિભિઃ સુસમૃદ્ધ-

શ્રીશુકદેવજી કહે છે — હે પરીક્ષિત! કેટલાક લોકોનું કહેવું છે કે સૂર્યથી દસ હજાર જોજન નીચે રાહુ નક્ષત્રોની જેમ ઘૂમે છે. એણે ભગવાનની કૃપાથી જ દેવત્વ અને ગ્રહત્વ પ્રાપ્ત કરેલું છે, (અન્યથા) સિંહિકાપુત્ર તે પોતે તો અધમ અસુર હોવાને કારણે કોઈ પણ રીતે આ પદને લાયક ન હતો. તેના જન્મ અને તેનાં કર્મોનું વર્ણન અમે આગળ ઉપર કરીશું. (૧) સૂર્યનું અત્યંત તપતું આ જે મંડળ છે તેનો વિસ્તાર દસ હજાર જોજન બતાવવામાં આવે છે. આ જ પ્રમાણે ચંદ્રના મંડળનો વિસ્તાર બાર હજાર અને રાહુનો વિસ્તાર તેર હજાર જોજન છે. અમૃતપાન કરતી વખતે આ રાહુ દેવતાના વેશમાં સૂર્ય અને ચંદ્રની વચ્ચે આવીને બેસી ગયો હતો અને ત્યારે સૂર્ય અને ચંદ્રે આનો ભેદ ખોલી નાખ્યો હતો. તે વેર યાદ કરીને આ (રાહુ) અમાસ અને પૂર્ણિમાના દિવસે તેમના (સૂર્ય અને ચંદ્ર) પર આક્રમણ કરે છે. (૨) આ જોઈને ભગવાને સૂર્ય અને ચંદ્રના રક્ષણ માટે તે બંનેની પાસે પોતાના પ્રિય આયુધ સુદર્શન ચક્રની નિયુક્તિ કરેલી છે, તે નિરંતર ઘૂમતું રહે છે; તેથી રાહુ તેના અસહ્ય તેજથી ઉદ્વિગ્ન અને ચકિતચિત્ત થઈને ઘડીભર માટે તેમની સામે ટકીને પછી તરત પાછો ચાલ્યો જાય છે. આ રાહુના એટલા સમય માટે તેમની સામે ટકવાની ઘટનાને લોકો 'ગ્રહણ' કહે છે. (૩)

રાહુથી દસ હજાર જોજન નીચે સિદ્ધો, ચારણો, વિદ્યાધરો વગેરેનાં સ્થાન છે. (૪) તેમની નીચે જ્યાં સુધી વાયુ ગતિ કરે છે અને વાદળાં દેખાય છે તે અંતરિક્ષલોક છે. એ યક્ષો, રાક્ષસો, પિશાચો, પ્રેતો અને ભૂતોનું વિહારસ્થાન છે.(૫) તેનાથી નીચે સો જોજન દૂર આ પૃથ્વી છે. હંસ, ગીધ, બાજ, ગરુડ વગેરે મુખ્ય-મુખ્ય પક્ષીઓ જ્યાં સુધી ઊડી શકે છે ત્યાં સુધી તેની હદ છે. (૬) પૃથ્વીના વિસ્તારનું અને તેની સ્થિતિનું વર્ણન તો (અગાઉ) થયેલું જ છે. આ (પૃથ્વી)ની પણ નીચે અતલ, વિતલ, સુતલ, તલાતલ, મહાતલ, રસાતલ અને પાતાળ નામના સાત ભૂ-વિવરો (અર્થાત્ ભૂગર્ભમાં રહેલા લોક) છે. આ એકની નીચે એક દસ-દસ હજાર જોજનના અંતરે આવેલા છે અને એમાંના પ્રત્યેકની લંબાઈ-પહોળાઈ પણ દસ-દસ હજાર જોજન જેટલી જ છે. (૭) આ ભૂમિ વિવરો પણ એક પ્રકારનાં સ્વર્ગ જ છે. એમનામાં સ્વર્ગ કરતાં પણ વધુ વિષયભોગ, ઐશ્વર્ય, આનંદ, સંતાનસુખ અને ધનસંપત્તિ છે. અહીંનાં વૈભવપૂર્ણ ભવનો, ઉદ્યાનો અને ક્રીડાસ્થાનોમાં દૈત્યો, દાનવો અને નાગલોકો જાતજાતની માયામયી ક્રીડાઓ કરતા રહીને નિવાસ કરે છે. તે બધા ગૃહસ્થીધર્મનું પાલન કરે છે.

૧. પ્રા. પા. — ૰મવિસ્તારાઃ સિદ્ધચારણવિદ્યાધરાણાં સદનાનિ તાવન્માત્ર એવ તતોઽધસ્તાદુરગાણામુપક્લૃપ્તા અતલં । ૨. પ્રા. પા. — વિલસ્થલેષુ ।

ભવનોદ્યાનાક્રીડવિહારેષુ દૈત્યદાનવકાદ્રવેયા નિત્યપ્રમુદિતાનુરક્તકલત્રાપત્યબન્ધુસુહૃદનુચરા ગૃહપતય ઈશ્વરાદપ્યપ્રતિહતકામા માયાવિનોદા નિવસન્તિ ॥ ૮॥ યેષુ મહારાજ મયેન માયાવિના વિનિર્મિતાઃ[૧] પુરો નાનામણિપ્રવરપ્રવેકવિરચિતવિચિત્રભવનપ્રાકારગોપુરસભાચૈત્યચત્વરાયતનાદિભિર્નાગાસુરમિથુનપારાવતશુકસારિકાકીર્ણકૃત્રિમ-[૨] ભૂમિભિર્વિવરેશ્વરગૃહોત્તમૈઃ સમલઙ્કૃતાશ્ચકાસતિ ॥ ૯॥ ઉદ્યાનાનિ ચાતિતરાં[૩] મનઇન્દ્રિયાનન્દિભિઃ કુસુમફલસ્તબકસુભગકિસલયાવનતરુચિરવિટપવિટપિનાં[૪] લતાઙ્ગાલિઙ્ગિતાનાં શ્રીભિઃ સમિથુનવિવિધવિહઙ્ગમજલાશયાનામમલજલપૂર્ણાનાં ઝષકુલોલ્લઙ્ઘનક્ષુભિતનીરનીરજકુમુદકુવલય-[૫] કહ્લારનીલોત્પલલોહિતશતપત્રાદિવનેષુ કૃતનિકેતનાનામેકવિહારાકુલમધુરવિવિધસ્વનાદિભિરિન્દ્રિયોત્સવૈરમરલોકશ્રિયમતિશયિતાનિ ॥ ૧૦॥ યત્ર હ વાવ ન ભયમહોરાત્રાદિભિઃ કાલવિભાગૈરુપલક્ષ્યતે ॥ ૧૧॥ યત્ર[૬] હિ મહાહિપ્રવરશિરોમણયઃ સર્વં તમઃ પ્રબાધન્તે ॥ ૧૨॥ ન વા એતેષુ વસતાં દિવ્યૌષધિરસરસાયનાન્નપાનસ્નાનાદિભિરાધયો વ્યાધયો વલીપલિતજરાદયશ્ચ દેહવૈવર્ણ્યદૌર્ગન્ધ્યસ્વેદક્લમગ્લાનિરિતિ

તેમનાં પત્ની, પુત્ર, ભાઈ, સગાંવહાલાં અને સેવકો તેમને ઘણો પ્રેમ કરે છે અને તેઓ હંમેશાં પ્રસન્નચિત્ત રહે છે. તેમના ભોગો ભોગવવામાં અડચણ ઊભી કરવાનું સામર્થ્ય ઇન્દ્ર વગેરેમાં પણ નથી. (૮) હે મહારાજ! આ ભૂમિ-વિવરોમાં માયાવી મયદાનવે બનાવેલી અનેક નગરીઓ શોભાપૂર્વક ઝગમગી રહી છે, કે જે (નગરીઓ) અનેકવિધ સુંદર-સુંદર મણિઓ વડે રચાયેલાં ચિત્ર-વિચિત્ર ભવનો, કોટ, નગરના દરવાજાઓ, સભાભવનો, મંદિરો, મોટાં મોટાં પ્રાંગણો અને ઘરોથી સુશોભિત છે તથા જેમની કૃત્રિમ ભૂ-સપાટી (ફરશ) પર નાગ અને અસુરોનાં યુગલો તેમ જ કબૂતરો, પોપટ, મેના વગેરે પક્ષીઓ કિલ્લોલ કરતાં રહે છે. પાતાળના અધિપતિઓનાં આવાં ભવ્ય ભવનો તે નગરીઓની શોભા વધારે છે. (૯) ત્યાંના બાગબગીચાઓ પણ પોતાની શોભાથી દેવલોકના ઉદ્યાનોની શોભાને પરાજિત કરે છે. તેમાં અનેક વૃક્ષો છે, કે જેમની સુંદર ડાળીઓ ફળ-ફૂલોના ગુચ્છોના અને કોમળ કૂંપળોના ભારથી લચેલી રહે છે તથા જેમને જાતજાતની લતાઓએ પોતાના અંગપાશ વડે બાંધી રાખેલાં છે. ત્યાં નિર્મળ જળથી ભરેલાં જે અનેક જળાશયો છે તેમાં વિવિધ પક્ષીઓનાં યુગલો વિલાસ કરતાં રહે છે. આ વૃક્ષો અને જળાશયોના સૌંદર્યથી તે બગીચાઓ અત્યંત શોભી રહ્યા છે. તે જળાશયોમાં રહેતી માછલીઓ જ્યારે ક્રીડા કરતી ઊછળે છે ત્યારે તેમનાં જળમાં સ્પંદનો ઊઠે છે, એ સાથે જ જળ પર ઊગેલાં કમળ, કુમુદ, કુવલય, કહ્લાર (શ્વેતકમળ) નીલકમળ, રક્ત-કમલ, શતપાંખડી કમળ વગેરેના સમૂહો પણ હાલવા લાગે છે. આ કમળોના વનમાં રહેતાં પક્ષીઓ નિરંતર ક્રીડા-કૌતુક કરતાં રહીને જાત-જાતની અતિ-મધુર બોલીઓ બોલતાં રહે છે, જે સાંભળીને મન અને ઇન્દ્રિયોને ઘણો જ આહ્લાદ મળે છે; અને તે સમયે સમસ્ત ઇન્દ્રિયોમાં જાણે ઉત્સવ છવાઈ જાય છે. (૧૦) ત્યાં સૂર્યનો પ્રકાશ જતો નથી, તેથી દિવસ-રાત વગેરે કાળ-વિભાજનનો પણ કોઈ પ્રશ્ન ઊભો થતો નથી. (૧૧) ત્યાંના સમસ્ત અંધકારને મોટા મોટા નાગોનાં મસ્તકો પરના મણિઓ જ દૂર કરે છે. (૧૨) આ લોકોના રહેવાસીઓ જે ઔષધિ, રસ, રસાયણ, અન્ન, પાન, સ્નાન વગેરેનું સેવન કરે છે તે તમામ પદાર્થો દિવ્ય હોય છે; આ દિવ્ય પદાર્થોના સેવનથી તેમને માનસિક કે શારીરિક રોગ થતા નથી તથા કરચલીઓ પડવી, વાળ પાકી જવા, ઘડપણ આવવું, શરીર તેજહીન થઈ જવું, શરીરમાંથી દુર્ગંધ આવવી, પરસેવો ટપકવો, થાક લાગવો અથવા નબળાઈ આવી જવી તથા ઉંમરના બદલાવા સાથે શરીરની અવસ્થામાં ફેરફાર થવો – આવા કોઈ વિકાર થતા નથી. તેઓ હંમેશાં સુંદર, સ્વસ્થ, યુવાન અને શક્તિસંપન્ન રહે

૧. પ્રા. પા. – નિર્મિતાઃ । ૨. પ્રા. પા. – ૦શારિકા૦ । ૩. પ્રા. પા. – નિતરાં । ૪. પ્રા. પા. – ૦ચિરવિટપિનાં । ૫. પ્રા. પા. – ૦નીલનીરજ૦ । ૬. પ્રા. પા. – યત્ર મહાહિ૦ ।

વયોઽવસ્થાશ્ચ ભવન્તિ ॥૧૩॥ ન હિ તેષાં કલ્યાણાનાં પ્રભવતિ કુતશ્ચન મૃત્યુર્વિના ભગવત્તેજસશ્ચક્રાપદેશાત્ ॥૧૪॥ યસ્મિન્ પ્રવિષ્ટેઽસુરવધૂનાં પ્રાયઃ પુંસવનાનિ ભયાદેવ સ્રવન્તિ પતન્તિ ચ ॥૧૫॥

અથાતલે મયપુત્રોઽસુરો બલો નિવસતિ યેન હ વા ઈહ સૃષ્ટાઃ ષણ્ણવતિર્માયાઃ કાશ્ચનાદ્યાપિ માયાવિનો ધારયન્તિ યસ્ય ચ જૃમ્ભમાણસ્ય મુખતસ્ત્રયઃ સ્ત્રીગણા ઉદપદ્યન્ત સ્વૈરિણ્યઃ કામિન્યઃ પુંશ્ચલ્ય ઈતિ યા વૈ વિલાયનં પ્રવિષ્ટં પુરુષં રસેન હાટકાખ્યેન સાધયિત્વા સ્વવિલાસાવલોકનાનુરાગસ્મિતસંલાપોપગૂહનાદિભિઃ સ્વૈરં કિલ રમયન્તિ યસ્મિન્નુપયુક્તે પુરુષ ઈશ્વરોઽહં સિદ્ધોઽહમિત્યયુતમહાગજબલમાત્માનમભિમન્યમાનઃ કત્થતે મદાન્ધ ઈવ ॥૧૬॥

તતોઽધસ્તાદ્વિતલે હરો ભગવાન્ હાટકેશ્વરઃ સ્વપાર્ષદભૂતગણાવૃતઃ[1] પ્રજાપતિસર્ગોપબૃંહણાય ભવો ભવાન્યા સહ મિથુનીભૂત[2] આસ્તે યતઃ પ્રવૃત્તા સરિત્પ્રવરા હાટકી નામ ભવયોર્વીર્યેણ[3] યત્ર ચિત્રભાનુર્માતરિશ્વના સમિધ્યમાન ઓજસા પિબતિ તન્નિષ્ઠ્યૂતં હાટકાખ્યં સુવર્ણં ભૂષણેનાસુરેન્દ્રાવરોધેષુ પુરુષાઃ સહ પુરુષીભિર્ધારયન્તિ ॥૧૭॥

તતોઽધસ્તાત્સુતલે ઉદારશ્રવાઃ પુણ્યશ્લોકો વિરોચનાત્મજો બલિર્ભગવતા મહેન્દ્રસ્ય પ્રિયં ચિકીર્ષમાણેનાદિતેર્લબ્ધકાયો ભૂત્વા બટુવામનરૂપેણ પરાક્ષિપ્તલોકત્રયો[4] ભગવદનુકમ્પયૈવ પુનઃ પ્રવેશિત ઈન્દ્રાદિષ્વવિદ્યમાનયા સુસમૃદ્ધયા શ્રિયાઽભિજુષ્ટઃ સ્વધર્મેણારાધયંસ્તમેવ ભગવન્તમારાધનીયમપગતસાધ્વસ આસ્તેઽધુનાપિ ॥૧૮॥ નો એવૈતત્સાક્ષાત્કારો[5] ભૂમિદાનસ્ય

છે. (૧૩) તે પુણ્યશાળી જનોનું ભગવાનના તેજરૂપ સુદર્શન ચક્ર સિવાય અન્ય કોઈ સાધનથી મૃત્યુ થઈ શકતું નથી. (૧૪) સુદર્શન ચક્રના તો આગમન-માત્રથી જ ભયને કારણે અસુર-રમણીઓને ગર્ભસ્રાવ અને ગર્ભપાત* થઈ જાય છે. (૧૫)

અતલ-લોકમાં મયદાનવનો પુત્ર બલ (નામનો) અસુર રહે છે. તેણે છન્નુ પ્રકારની માયા રચેલી છે. એમાંની કેટલીક તો આજે પણ માયાવી પુરુષોમાં જોવા મળે છે. તેણે એક વાર બગાસું ખાધું હતું, ત્યારે તેના મુખમાંથી સ્વૈરિણી (માત્ર પોતાના વર્ણના પુરુષો સાથે રમણ કરનારી), કામિની (અન્ય વર્ણોના પુરુષો સાથે પણ સમાગમ કરનારી) અને પુંશ્ચલી (અત્યંત ચંચળ સ્વભાવશાળી) – ત્રણ પ્રકારની સ્ત્રીઓ ઉત્પન્ન થઈ હતી. આ સ્ત્રીઓ તે લોકમાં રહેતા પુરુષોને હાટક નામનો રસ પિવડાવીને તેમને સંભોગ કરવા સમર્થ બનાવી દે છે; અને પછી તેમની સાથે પોતાની હાવભાવ-સભર દૃષ્ટિ (નેત્રકટાક્ષ), પ્રેમસભર સ્મિત, પ્રેમાલાપ અને આલિંગન વગેરે વડે યથેષ્ટ રમણ કરે છે. તે હાટક-રસ પીને મનુષ્ય મદાંધ જેવો થઈ જાય છે અને પોતાને દસ હજાર હાથીઓ જેટલો બળવાન માનીને 'હું ઈશ્વર છું, હું સિદ્ધ છું' - એ પ્રમાણે ગર્વથી ફુલાઈને વાતો કરવા લાગે છે. (૧૬)

આ અતલની નીચેના વિતલ-લોકમાં ભગવાન હાટકેશ્વર નામના મહાદેવજી પોતાના પાર્ષદ ભૂતગણો સાથે નિવાસ કરે છે. તેઓ પ્રજાપતિની સૃષ્ટિની વૃદ્ધિ માટે ભવાની સાથે વિહાર કરતા રહે છે. તે બંનેના તેજમાંથી ત્યાં હાટકી નામની એક શ્રેષ્ઠ નદી નીકળેલી છે. તેનું જળ વાયુથી ભભૂકી ઊઠેલો અગ્નિ અત્યંત ઉત્સાહથી પીએ છે. તે (અગ્નિ) હાટક નામનું જે સુવર્ણ થૂંકે છે, તેમાંથી બનેલાં આભૂષણોને દૈત્યરાજોનાં અંતઃપુરોમાંનાં બધાં જ સ્ત્રી-પુરુષો ધારણ કરે છે. (૧૭)

વિતલની નીચે સુતલ-લોક છે. તેમાં વિરોચનનો મહાયશસ્વી, પરમકીર્તિવાન પુત્ર બલિ રહે છે. ઈન્દ્રનું પ્રિય (કાર્ય) કરવા માટે ભગવાને અદિતિના ગર્ભથી વટુ-વામનરૂપે અવતાર લઈને તેની પાસેથી ત્રણે લોક છીનવી લીધાં હતાં. પછી ભગવાનની કૃપાથી જ તેનો આ (સુતલ) લોકમાં પ્રવેશ થયેલો છે. અહીં તેને જેવી ઉત્કૃષ્ટ સંપત્તિ મળેલી છે તેવી ઈન્દ્ર વગેરે પાસે પણ નથી. તેથી તે એ જ પૂજ્યતમ પ્રભુની પોતાના ધર્માચરણ વડે આરાધના કરતો, અહીં આજે પણ નિર્ભયતાપૂર્વક રહે છે. (૧૮) હે રાજન્! સમસ્ત જીવોના નિયામક અને આત્મસ્વરૂપ પરમાત્મા ભગવાન વાસુદેવ જેવા પૂજ્યતમ, પવિત્રતમ પાત્રના આગમનથી તેમને પરમ શ્રદ્ધા અને આદર સાથે સ્થિર ચિત્તે કરેલા ભૂમિના દાનનું આ જ કોઈ મુખ્ય ફળ

૧. પ્રા. પા. – ૦પારિષદભૂ૦ । ૨. પ્રા. પા. – ૦ભૂય । ૩. પ્રા. પા. – તયોર્વીર્યેણ । ૪. પ્રા. પા. – પરિક્ષિપ્તસ્વર્લોકત્રયો । ૫. પ્રા. પા. – યદ્યેતત્સાક્ષાત્કારો ।

* 'આચતુર્થાદ્ભવેત્સ્રાવઃ પાતઃ પઞ્ચમષષ્ઠયોઃ' - અર્થાત્ ચોથા માસ સુધીમાં જે ગર્ભ પડી જાય છે તેને 'ગર્ભસ્રાવ' કહે છે, જ્યારે પાંચમા કે છઠ્ઠા માસમાં જે ગર્ભ પડી જાય છે તેને 'ગર્ભપાત' કહેવાય છે.

યત્તદ્ભગવત્યશેષજીવનિકાયાનાં જીવભૂતાત્મભૂતે પરમાત્મનિ વાસુદેવે તીર્થતમે પાત્ર ઉપપન્ને પરયા શ્રદ્ધયા પરમાદરસમાહિતમનસા સમ્પ્રતિપાદિતસ્ય સાક્ષાદપવર્ગદ્વારસ્ય યદ્બિલનિલયૈશ્વર્યમ્ ॥૧૯॥ યસ્ય હ વાવ ક્ષુતપતનપ્રસ્ખલનાદિષુ વિવશઃ સકૃન્નામાભિગૃણન્ પુરુષઃ કર્મબન્ધનમઞ્જસા વિધુનોતિ યસ્ય હૈવ પ્રતિબાધનં મુમુક્ષવોઽન્યથૈવોપલભન્તે[1] ॥ ૨૦॥ તદ્ભક્તાનામાત્મવતાં સર્વેષામાત્મન્યાત્મદ આત્મતયૈવ ॥ ૨૧॥ ન વૈ ભગવાન્નૂનમમુષ્યાનુજગ્રાહ યદુત પુનરાત્માનુસ્મૃતિમોષણં માયામયભોગૈશ્વર્યમેવાતનુતેતિ ॥ ૨૨॥યત્તદ્ભગવતાઽનધિગતાઽન્યોપાયેન યાચ્ઞાચ્છલેનાપહૃતસ્વશરીરાવશેષિતલોકત્રયો વરુણપાશૈશ્ચ સમ્પ્રતિમુક્તો ગિરિદર્યાં ચાપવિદ્ધ ઇતિ હોવાચ ॥ ૨૩॥ નૂનં બતાયં ભગવાનર્થેષુ ન નિષ્ણાતો યોઽસાવિન્દ્રો યસ્ય સચિવો મન્ત્રાય[2] વૃત એકાન્તતો બૃહસ્પતિસ્તમતિહાય[3] સ્વયમુપેન્દ્રેણાત્માનમયાચતાત્મનશ્ચાશિષો નો એવ તદ્દાસ્યમતિગમ્ભીરવયસઃ કાલસ્ય મન્વન્તરપરિવૃત્તં કિયલ્લોકત્રયમિદમ્ ॥ ૨૪॥ યસ્યાનુદાસ્યમેવાસ્મત્પિતામહઃ કિલ વવ્રે ન તુ સ્વપિત્ર્યં યદુતાકુતોભયં પદં દીયમાનં ભગવતઃ પરમિતિ ભગવતોપરતે ખલુ સ્વપિતરિ ॥ ૨૫॥ તસ્ય મહાનુભાવસ્યાનુપથમમૃજિતકષાયઃ કો વાઽસ્મદ્વિધઃ પરિહીણભગવદનુગ્રહ[4] ઉપજિગમિષતીતિ ॥ ૨૬॥ તસ્યાનુચરિતમુપરિષ્ટાદ્વિસ્તરિષ્યતે[5] યસ્ય ભગવાન્ સ્વયમખિલજગદ્ગુરુર્નારાયણો દ્વારિ ગદાપાણિરવતિષ્ઠતે નિજજનાનુકમ્પિતહૃદયો યેનાઙ્ગુષ્ઠેન પદા દશકન્ધરો યોજનાયુતાયુતં દિગ્વિજય ઉચ્ચાટિતઃ ॥ ૨૭॥

નથી કે બલિને સુતલ-લોકનું ઐશ્વર્ય મળી ગયું. આ ઐશ્વર્ય તો અનિત્ય છે; પરંતુ તે ભૂમિદાન તો સાક્ષાત્ મોક્ષનું જ દ્વાર છે. (૧૯) સહજરૂપે અર્થાત્ બગાસું કે છીંક આવતાં અથવા પડતાં-આથડતાં વિવશ થઈને પણ ભગવાનનું એક વાર નામ લેવાથી પણ મનુષ્ય એકાએક જ કર્મોના બંધનને કાપી નાખે છે; જ્યારે મુમુક્ષુજનો આ કર્મબંધનને યોગ-સાધન વગેરે અનેક અન્ય ઉપાયોનો આશ્રય લેવા છતાં ઘણી મુશ્કેલીથી કાપી શકે છે. (૨૦) ભગવાનનું જે આત્મભાવથી ભજન કરે તે તેને ભગવાન પોતાનું સ્વરૂપ પ્રદાન કરી દે છે. આ તેમની ભક્તિનો મહિમા છે, ભૂમિદાનનો નહીં. (૨૧) ભગવાને જો બલિને તેના સર્વસ્વના દાનના બદલામાં પોતાની વિસ્મૃતિ કરાવનાર આ માયામય ભોગ અને ઐશ્વર્ય જ આપ્યું તો તેના પર આ કોઈ અનુગ્રહ કર્યો નથી. (૨૨) જ્યારે અન્ય કોઈ ઉપાય ન દેખાતાં ભગવાને યાચનરૂપી છળથી તેનું ત્રણે લોકનું રાજ્ય છીનવી લીધું અને તેની પાસે ફક્ત તેનું શરીરમાત્ર જ રહેવા પામ્યું ત્યારે વરુણના પાશોમાં બાંધીને પર્વતની ગુફામાં નાખી દેવાતાં તેણે કહ્યું હતું – (૨૩) "ખેદની વાત છે કે, આ ઐશ્વર્યવાન ઈન્દ્ર વિદ્વાન હોવા છતાં પણ પોતાનો સ્વાર્થ સિદ્ધ કરવામાં કુશળ નથી. તેણે મારી પાસેનું આ સ્વર્ગનું રાજ્ય છીનવી લેવા માટે બૃહસ્પતિજીને મંત્રી બનાવ્યા અને સ્વાર્થવશ તેમની અવગણના કરીને તેણે ભગવાન વિષ્ણુ પાસેથી તેમની ભક્તિ ન માગતાં મારી પાસેનું સ્વર્ગનું રાજ્ય અને ભોગો જ માંગ્યા. પરંતુ ઈન્દ્રને એ ખબર નથી કે, આ ત્રણ લોકનું રાજ્ય તો એક મન્વન્તર સુધી જ રહેશે, જે અનંતકાળનો માત્ર એક અંશ જ છે. ભગવાનના કિંકરપણાની સામે આ તુચ્છ ભોગોનું શું મૂલ્ય છે? (૨૪) અમારા પિતામહ પ્રહ્લાદજીએ ભગવાનના હાથે પોતાના પિતા હિરણ્યકશિપુના માર્યા ગયા પછી પ્રભુની સેવાનું જ વરદાન માગ્યું હતું. ભગવાન તેમને રાજ્ય આપવા ઈચ્છતા હતા તોપણ આ બધું ભગવાનથી દૂર કરનારું છે એમ સમજીને તેમણે પોતાના પિતાનું નિષ્કંટક રાજ્ય લેવાનો સ્વીકાર કર્યો ન હતો. (૨૫) તેઓ મોટા મહાનુભાવ હતા. તેમનું અનુકરણ કરવાનું પણ મારામાં સામર્થ્ય નથી. અને ભગવાનના અનુગ્રહથી પણ હું વંચિત છું. તો મારા જેવો કોણ તેમની પાસે પહોંચવાનું સાહસ કરી શકશે? (૨૬) હે રાજન્! આ બલિની ચરિત્રકથા અમે આગળ ઉપર (આઠમા સ્કંધમાં) વિસ્તારપૂર્વક કહીશું. ભગવાનનું હૃદય પોતાના ભક્તો માટે દયાપૂર્ણ જ રહે છે, તેથી જ અખિલ જગતના પરમ પૂજનીય ગુરુ ભગવાન નારાયણ હાથમાં ગદા ધારણ કરીને સુતલ-લોકમાં રાજા બલિના દ્વાર પર હંમેશાં ઉપસ્થિત રહે છે. એક વાર દિગ્વિજય કરતો કરતો ઘમંડી રાવણ જ્યારે ત્યાં જઈ પહોંચ્યો ત્યારે ભગવાને પોતાના પગના અંગૂઠાની ઠોકરથી જ તેને લાખો જોજન દૂર ફેંકી દીધો

૧. પ્રા. પા. – ૦ઽન્યથૈવેહોપ૦ । ૨. પ્રા. પા. – મન્ત્રાય એકાન્તતો વૃતો બૃહ૦ । ૩. પ્રા. પા. – ૦હાયોપેન્દ્રેણાત્માનમાશિષો નો એવ તદનુદાસ્યમતિ૦ । ૪. પ્રા. પા. – ૦ગ્રહમુપજિ૦ । ૫. પ્રા. પા. – મુત્તરસ્માદ્વિસ્તરિષ્યતે યદ્ભગવાન્ ।

તતોઽધસ્તાત્તલાતલે મયો નામ દાનવેન્દ્રસ્ત્રિપુરાધિપતિર્ભગવતા પુરારિણા[1] ત્રિલોકીશં ચિકીર્ષુણા નિર્દગ્ધસ્વપુરત્રયસ્તત્પ્રસાદાલ્લબ્ધપદો માયાવિનામાચાર્યો[2] મહાદેવેન પરિરક્ષિતો વિગતસુદર્શનભયો મહીયતે ॥ ૨૮॥

તતોઽધસ્તાન્મહાતલે કાદ્રવેયાણાં સર્પાણાં નૈકશિરસાં ક્રોધવશો નામ ગણઃ કુહકતક્ષકકાલિયસુષેણાદિપ્રધાના મહાભોગવન્તઃ પતત્રિરાજાધિપતેઃ પુરુષવાહાદનવરતમુદ્વિજમાનાઃ[3] સ્વકલત્રાપત્યસુહૃત્કુટુમ્બસઙ્ગેન ક્વચિત્પ્રમત્તા વિહરન્તિ ॥ ૨૯॥

તતોઽધસ્તાદ્રસાતલે દૈતેયા દાનવાઃ પણયો નામ નિવાતકવચાઃ કાલેયા હિરણ્યપુરવાસિન ઈતિ વિબુધપ્રત્યનીકા ઉત્પત્ત્યા મહૌજસો મહાસાહસિનો ભગવતઃ સકલલોકાનુભાવસ્ય હરેરેવ[4] તેજસા પ્રતિહતબલાવલેપા[5] બિલેશયા ઈવ વસન્તિ યે વૈ સરમયેન્દ્રદૂત્યા વાગ્ભિર્મન્ત્રવર્ણાભિરિન્દ્રાદ્ બિભ્યતિ ॥ ૩૦॥

તતોઽધસ્તાત્પાતાલે નાગલોકપતયો વાસુકિપ્રમુખાઃ શઙ્ખકુલિકમહાશઙ્ખશ્વેતધનઞ્જયધૃતરાષ્ટ્રશઙ્ખચૂડકમ્બલાશ્વતરદેવદત્તાદયો મહાભોગિનો મહામર્ષા[6] નિવસન્તિ યેષામુ હ વૈ પઞ્ચસપ્તદશશતસહસ્રશીર્ષાણાં ફણાસુ વિરચિતા મહામણયો રોચિષ્ણવઃ પાતાલવિવરતિમિરનિકરં સ્વરોચિષા વિધમન્તિ ॥ ૩૧॥

હતો. (૨૭)

સુતલ-લોકની નીચે તલાતલ-લોક છે. ત્યાં ત્રિપુરાધિપતિ મય નામનો દાનવરાજ રહે છે. પહેલાં ત્રણે લોકને શાંતિ પ્રદાન કરવા ભગવાન શંકરે તેનાં ત્રણે પુર (નગરો) ભસ્મ કરી દીધાં હતાં. પછી તેમની જ કૃપાથી તેને આ સ્થાન મળ્યું. તે (મય) માયાવીઓનો પરમ ગુરુ છે અને મહાદેવજી વડે સુરક્ષિત છે, તેથી તેને સુદર્શન ચક્રનો પણ કોઈ ભય નથી. ત્યાંના રહેવાસીઓ તેનો ઘણો આદર કરે છે. (૨૮)

તે (તલાતલ)ની નીચે આવેલા મહાતલ-લોકમાં કદ્રૂથી ઉત્પન્ન થયેલા અનેક શિરવાળા સર્પોનો ક્રોધવશ નામનો એક સમુદાય રહે છે. તેમાં કુહક, તક્ષક, કાલિય, સુષેણ વગેરે મુખ્ય છે. તેમને મોટી-મોટી ફણાઓ છે. તે બધા હંમેશાં ભગવાનના વાહન - પક્ષીરાજ ગરુડથી બીતા રહે છે, તોપણ ક્યારેક-ક્યારેક પોતાની પત્ની, પુત્ર, મિત્ર અને કુટુંબના સંગથી પ્રમત્ત થઈને વિહાર કરવા લાગે છે. (૨૯)

તે (મહાતલ)ની નીચે આવેલા રસાતલ-લોકમાં પણિ નામના દૈત્યો-દાનવો રહે છે. એ નિવાતકવચ, કાલેય અને હિરણ્યપુરવાસી પણ કહેવાય છે. તેમનો દેવતાઓ સાથે વિરોધ છે. એ બધા જન્મથી જ ઘણા બળવાન અને મહા સાહસિક હોય છે. પરંતુ જેમનો પ્રભાવ સમસ્ત લોકોમાં ફેલાયેલો છે તે શ્રીહરિના તેજથી બળના અભિમાનનો ચૂરો થઈ જવાને કારણે આ લોકો સાપોની જેમ લપાઈ-છુપાઈને રહે છે તથા ઈન્દ્રની દૂતી સરમાએ કહેલા મંત્રવર્ણરૂપ* વાક્યને કારણે સદૈવ ઈન્દ્રથી બીતા રહે છે. (૩૦)

રસાતલની નીચે પાતાળ-લોક છે. ત્યાં શંખ, કુલિક, મહાશંખ, શ્વેત, ધનંજય, ધૃતરાષ્ટ્ર, શંખચૂડ, કંબલ, અશ્વતર, દેવદત્ત વગેરે અત્યંત ક્રોધી અને મોટી-મોટી ફણાઓવાળા નાગ રહે છે. એમાં વાસુકિ મુખ્ય છે. તેમાંના કેટલાકને પાંચ, કેટલાકને સાત, કેટલાકને દસ, કેટલાકને સો અને કેટલાકને હજાર માથાં છે. તેમના ફણાઓના તગતગતા મણિઓ પોતાના પ્રકાશથી પાતાળ-લોકના બધા અંધકારને નષ્ટ કરી દે છે. (૩૧)

==★==

ઈતિ શ્રીમદ્ભાગવતે મહાપુરાણે પારમહંસ્યાં સંહિતાયાં પઞ્ચમસ્કન્ધે રાહ્વાદિસ્થિતિબિલસ્વર્ગમર્યાદાનિરૂપણં[7] નામ ચતુર્વિંશોઽધ્યાયઃ ॥ ૨૪॥

પાંચમા સ્કંધ-અંતર્ગત રાહુ-આદિ-સ્થિતિ-બિલસ્વર્ગમર્યાદા-નિરૂપણ નામનો ચોવીસમો અધ્યાય સમાપ્ત.

==★==

૧. પ્રા. પા. – ત્રિપુરારિણા ત્રિલોક્યર્થં । ૨. પ્રા. પા. – માયાનામાચાર્યો । ૩. પ્રા. પા. – ૦મુદ્વિગ્નમનસા સ્વક૦ । ૪. પ્રા. પા. – હરેરિવ । ૫. પ્રા. પા. – ૦હતાવલેપા બિલશયા ઈવ વસન્તિ યે વૈ સુરમયે૦ । ૬. પ્રા. પા. – ૦મર્ષાઃ સન્તિ । ૭. પ્રા. પા. – વિવરાવયવવર્ણનં નામ ।

* એક કથા (સાંભળવામાં) આવે છે કે જ્યારે પણિ નામના દૈત્યોએ પૃથ્વીને રસાતલમાં સંતાડી દીધી ત્યારે ઈન્દ્રે તેને શોધવા માટે સરમા નામની એક દૂતી મોકલી હતી. સરમા સાથે સંધિ કરી લેવાનું દૈત્યોએ ઈચ્છ્યું, પણ સરમાએ સંધિ કરી નહીં અને ઈન્દ્રની સ્તુતિ કરતાં કહ્યું હતું – 'હતા ઈન્દ્રેણ પણયઃ શયધ્વમ્ ।' (હે પણિઓ! તમે ઈન્દ્રના હાથે મરીને પૃથ્વી પર સૂઈ જાઓ.) આ જ શાપને કારણે તેમને હંમેશાં ઈન્દ્રનો ડર લાગેલો રહે છે.

પચીસમો અધ્યાય

શ્રીસંકર્ષણદેવનું વિવરણ અને સ્તુતિ

શ્રીશુક ઉવાચ

તસ્ય મૂલદેશે ત્રિંશદ્યોજનસહસ્રાન્તર આસ્તે યા વૈ કલા ભગવતસ્તામસી સમાખ્યાતાઽનન્ત ઈતિ સાત્વતીયા દ્રષ્ટૃદૃશ્યયોઃ[1] સઙ્કર્ષણમહમિત્યભિમાનલક્ષણં યં સઙ્કર્ષણમિત્યાચક્ષતે ॥ ૧॥ યસ્યેદં[2] ક્ષિતિમણ્ડલં ભગવતોઽનન્તમૂર્તેઃ સહસ્રશિરસ એકસ્મિન્નેવ શીર્ષણિ ધ્રિયમાણં સિદ્ધાર્થ ઈવ લક્ષ્યતે ॥ ૨॥ યસ્ય હ વા ઈદં કાલેનોપસઞ્જિહીર્ષતોઽમર્ષવિરચિતરુચિરભ્રમદ્ભ્રુવોરન્તરેણ સાઙ્કર્ષણો[3] નામ રુદ્ર એકાદશવ્યૂહસ્ત્ર્યક્ષસ્ત્રિશિખં શૂલમુત્તમ્ભયન્નુદતિષ્ઠત્ ॥ ૩॥ યસ્યાઙ્ઘ્રિકમલયુગલારુણવિશદનખમણિષણ્ડમણ્ડલેષ્વહિપતયઃ[4] સહ સાત્વતર્ષભૈરેકાન્તભક્તિયોગેનાવનમન્તઃ[5] સ્વવદનાનિ પરિસ્ફુરત્કુણ્ડલપ્રભામણ્ડિતગણ્ડસ્થલાન્યતિમનોહરાણિ[6] પ્રમુદિતમનસઃ ખલુ વિલોકયન્તિ ॥ ૪॥ યસ્યૈવ હિ નાગરાજકુમાર્ય આશિષ આશાસાનાશ્ચાર્વઙ્ગવલયવિલસિતવિશદવિપુલધવલસુભગરુચિરભુજરજતસ્તમ્ભેષ્વગુરુચન્દનકુઙ્કુમપઙ્કાનુલેપે[7]નાવલિમ્પમાનાસ્તદભિમર્શનોન્મથિતહૃદયમકરધ્વજાવેશરુચિરલલિતસ્મિતાસ્તદનુરાગમદમુદિતમદવિઘૂર્ણિતારુણકરુણાવલોકનયનવદનારવિન્દં સવ્રીડં કિલ વિલોકયન્તિ ॥ ૫॥ સ[8] એવ ભગવાનનન્તોઽનન્તગુણાર્ણવ આદિદેવ ઉપસંહતામર્ષરોષવેગો લોકાનાં સ્વસ્તય આસ્તે ॥ ૬॥

ધ્યાયમાનઃ સુરાસુરોરગસિદ્ધગન્ધર્વવિદ્યાધરમુનિગણૈરનવરતમદમુદિતવિકૃતવિહ્વલલોચનઃ સુલલિત-

શ્રીશુકદેવજી કહે છે — હે રાજન્! પાતાળ-લોકની નીચે ત્રીસ હજાર જોજનના અંતરે ‘અનંત’ નામથી વિખ્યાત, શ્રીભગવાનની તામસી નિત્ય કલા છે. દેહાભિમાની દ્રષ્ટા (જીવ) દૃશ્ય (જડવસ્તુ)ની સાથે તાદાત્મ્ય કરે છે, જેથી અહંકારરૂપી આ કલા દ્રષ્ટા અને દૃશ્યને અહંતા-મમતાને લીધે ખેંચીને એક કરી દે છે. તેથી પાંચરાત્ર આગમના અનુયાયી ભક્તો એને ‘સંકર્ષણ’ કહે છે. (૧) આ ભગવાન અનંતને એક હજાર મસ્તક છે. તે પૈકીના એક પર રાખેલું આ સઘળું ભૂમંડળ સરસવના દાણા જેવડું દેખાય છે. (૨) પ્રલયકાળ ઉપસ્થિત થતાં જ્યારે તેમને આ વિશ્વનો ઉપસંહાર (સમાપન) કરવાની ઈચ્છા થાય છે ત્યારે તેમની ક્રોધને લીધે ઘૂમતી મનોહર ભ્રૂકુટિઓના મધ્યભાગમાંથી સંકર્ષણ નામના રુદ્ર પ્રગટ થાય છે. તેમની વ્યૂહસંખ્યા અગિયાર છે. તે બધા જ ત્રણ નેત્રોવાળા છે અને હાથમાં ત્રિશૂળ ધારણ કરેલા હોય છે. (૩) ભગવાન સંકર્ષણનાં ચરણકમળોના ગોળ-ગોળ, સ્વચ્છ અને અરુણવર્ણી નખ મણિઓની હાર જેવા દેદીપ્યમાન છે. અન્ય મુખ્ય મુખ્ય ભક્તો સહિત અનેક નાગરાજો અનન્ય ભક્તિભાવથી જ્યારે તેમને પ્રણામ કરે છે ત્યારે તેમને તે નખરૂપી મણિઓમાં પોતાનાં, કુંડળોની કાન્તિથી યુક્ત કમનીય ગાલવાળાં મનોહર મુખારવિંદોનું મનને મોહી લેનારું દર્શન થાય છે અને તેમનું મન આનંદથી પરિપૂર્ણ થઈ જાય છે. (૪) તે નાગરાજોની અનેક કુમારિકાઓ વિવિધ કામનાઓથી તેમનાં અંગમંડળ પર ચાંદીના સ્થંભ જેવી સુશોભિત, તેમની કંકણ-મંડિત લાંબી-લાંબી શ્વેતવર્ણી સુંદર ભુજાઓ પર અગરુ, ચંદન અને કુમકુમનો લેપ કરે છે. તે સમયે અંગસ્પર્શ થવાથી તેમનાં હૃદયમાં પ્રેમનો સંચાર થઈ જાય છે અને ત્યારે તેઓ પોતાનાં મદ-વિહ્વળ સકરુણ અરુણવર્ણી નેત્રકમળોથી શોભતાં તથા પ્રેમના મદથી આનંદિત મુખારવિંદ ભણી મધુર-મનોહર સ્મિત સાથે લજ્જાયુક્ત ભાવથી નિહાળવા લાગે છે. (૫) અનંત ગુણોના સાગર તે આદિદેવ ભગવાન અનંત પોતાના અમર્ષ અને રોષના વેગને રોકી રાખીને, સમસ્ત લોકોના કલ્યાણ માટે ત્યાં વિરાજમાન છે. (૬)

દેવતાઓ, અસુરો, નાગલોકો, સિદ્ધો, ગંધર્વો, વિદ્યાધરો અને મુનિઓ ભગવાન અનંતનું ધ્યાન ધર્યા કરે છે. તેમનાં નેત્ર નિરંતર પ્રેમ-મદથી આનંદિત, ચંચળ અને વિહ્વળ રહે છે. તેઓ સુલલિત વચનોરૂપી અમૃતથી પોતાના પાર્ષદો અને

૧. પ્રા. પા. — દ્રષ્ટૃદર્શનયોઃ સન્નિકર્ષણ । ૨. પ્રા. પા. — તસ્યેદં । ૩. પ્રા. પા. — સઙ્કર્ષણો । ૪. પ્રા. પા. — મણ્ડલં હ્યધિપતયઃ । ૫. પ્રા. પા. — નમન્તિ સ્વ૦ । ૬. પ્રા. પા. — પરિસ્ફુરત્પ્રભામણ્ડલીમણ્ડિત૦ । ૭. પ્રા. પા. — ન વિલિમ્પમાનાઃ । ૮. પ્રા. પા. — સ ભગવાનન૦ ।

મુખરિકામૃતેનાપ્યાયમાનઃ[1] સ્વપાર્ષદવિબુધ-[2]યૂથપતીનપરિમ્લાનરાગનવતુલસિકામોદમધ્વાસવેન[3] માદ્યન્મધુકરવ્રાતમધુરગીતશ્રિયં વૈજયન્તીં સ્વાં વનમાલાં નીલવાસા એકકુણ્ડલો હલકકુદિ કૃતસુભગસુન્દરભુજો ભગવાન્માહેન્દ્રો વારણેન્દ્ર ઇવ કાઞ્ચનીં કક્ષામુદારલીલો બિભર્તિ ॥ ૭॥

ય એષ એવમનુશ્રુતો[4] ધ્યાયમાનો મુમુક્ષૂણા-મનાદિકાલકર્મવાસનાગ્રથિતમવિદ્યામયં[5] હૃદય-ગ્રન્થિં સત્ત્વરજસ્તમોમયમન્તર્હૃદયં ગત આશુ નિર્ભિનત્તિ તસ્યાનુભાવાન્[6] ભગવાન્ સ્વાયમ્ભુવો નારદઃ સહ તુમ્બુરુણા સભાયાં બ્રહ્મણઃ સંશ્લોકયામાસ ॥ ૮॥

ઉત્પત્તિસ્થિતિલયહેતવોઽસ્ય કલ્પાઃ
સત્ત્વાદ્યાઃ પ્રકૃતિગુણા યદીક્ષયાઽઽસન્ ।
યદ્રૂપં ધ્રુવમકૃતં યદેકમાત્મન્
નાનાધાત્કથમુ હ વેદ તસ્ય વર્ત્મ ॥ ૯॥

મૂર્તિં નઃ પુરુકૃપયા બભાર સત્ત્વં
સંશુદ્ધં સદસદિદં વિભાતિ યત્ર ।
યલ્લીલાં મૃગપતિરાદદેઽનવદ્યા-
માદાતું સ્વજનમનાંસ્યુદારવીર્યઃ ॥ ૧૦॥

યન્નામ શ્રુતમનુકીર્તયેદકસ્મા-
દાર્તો વા યદિ પતિતઃ પ્રલમ્ભનાદ્વા ।
હન્ત્યંહઃ સપદિ નૃણામશેષમન્યં
કં શેષાદ્ભગવત આશ્રયેન્મુમુક્ષુઃ ॥ ૧૧॥

મૂર્ધન્યર્પિતમણુવત્સહસ્રમૂર્ધ્નો
ભૂગોલં[7] સગિરિસરિત્સમુદ્રસત્ત્વમ્ ।
આનન્ત્યાદનિમિતવિક્રમસ્ય ભૂમ્નઃ
કો વીર્યાણ્યધિગણયેત્સહસ્રજિહ્વઃ[8] ॥ ૧૨॥

દેવગણરક્ષકોને સંતુષ્ટ કરતા રહે છે. તેમના અંગ પર નીલાંબર અને કાનોમાં માત્ર એક કુંડળ ઝગમગતું રહે છે; તથા તેમનો સુભગ અને સુંદર હાથ હળની મૂઠ પર રાખેલો રહે છે. તે ઉદાર લીલામય ભગવાન સંકર્ષણ ગળામાં વૈજયન્તીમાળા ધારણ કરેલા રહે છે, કે જે સાક્ષાત્ ઇન્દ્રના હાથી ઐરાવતના ગળામાં રહેલી સુવર્ણની સાંકળ જેવી જણાય છે. જેનું તેજ ક્યારેય ફીક્કું પડતું નથી એવી નવીન તુલસીની ગંધથી તથા મધુર મકરંદથી ઉન્મત્ત થયેલા ભમરાઓ નિરંતર મધુર ગુંજારવ કરતા રહીને તેની શોભા વધારતા રહે છે. (૭)

હે પરીક્ષિત! આ પ્રમાણે ભગવાન અનંત, તેમના માહાત્મ્યનું શ્રવણ અને ધ્યાન કરવાથી મુમુક્ષુઓના હૃદયમાં આવિર્ભૂત થાય છે અને અનાદિ કાળની કર્મ-વાસનાઓ સાથે ગંઠાયેલી તેમની સત્ત્વ, રજ અને તમોગુણાત્મક અવિદ્યામયી હૃદયગ્રંથિને તત્કાળ કાપી નાખે છે. તેમના ગુણોનું બ્રહ્માજીના પુત્ર ભગવાન નારદે તુમ્બુરુ ગંધર્વ સહિત એક વાર બ્રહ્માજીની સભામાં આ પ્રમાણે ગાન કર્યું હતું – (૮)

"ભગવાન એક જ છે, તેઓ જ અનેકરૂપ ધારણ કરે છે, સંકર્ષણ પણ તે જ છે, તેમની દૃષ્ટિ પડતાં જ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયના કારણભૂત સત્ત્વ વગેરે પ્રાકૃત ગુણો પોતપોતાના કાર્યમાં સમર્થ થાય છે, જેમનું સ્વરૂપ ધ્રુવ (અનંત) અને અકૃત (અનાદિ) છે તથા જેઓ પોતે એકમાત્ર હોવા છતાં પણ આ અનેકવિધ પ્રપંચને પોતાનામાં ધારણ કરી રહેલા છે તે ભગવાન સંકર્ષણના તત્ત્વને કોણ કેવી રીતે જાણી શકે? (૯) જેમનામાં કાર્ય-કારણરૂપી આ સઘળો પ્રપંચ ભાસી રહ્યો છે તથા પોતાનાં આત્મીય જનોનાં ચિત્તને આકર્ષિત કરવા માટે કરેલી જેમની વીરતાપૂર્ણ લીલાને પરમ પરાક્રમી સિંહે આદર્શ માનીને અપનાવેલી છે તે ઉદારવીર્ય સંકર્ષણ ભગવાને અમારા પર મહાન કૃપા કરીને આ વિશુદ્ધ સત્ત્વમય સ્વરૂપ ધારણ કરેલું છે. (૧૦) જેમના સાંભળેલા-સંભળાવેલા નામનું કોઈ પીડિત કે પતિત મનુષ્ય અચાનક અથવા મજાક ખાતર પણ ઉચ્ચારણ કરે છે તો તે મનુષ્ય બીજાં મનુષ્યોનાં તમામ પાપોનો તત્કાળ નાશ કરી દે છે – એવા ભગવાન શેષને છોડીને મુમુક્ષુ મનુષ્ય અન્ય કોનો આશ્રય લઈ શકે? (૧૧) પર્વતો, નદીઓ, સમુદ્રો વગેરેથી પરિપૂર્ણ આ સંપૂર્ણ ભૂમંડળ તે સહસ્ર મસ્તકોવાળા ભગવાનના એક મસ્તક પર એક રજકણની જેમ રખાયેલું છે. તેઓ અનંત છે, તેથી તેમના પરાક્રમનું કોઈ પરિમાણ નથી (અર્થાત્ તેઓ અપરિમિત પરાક્રમી છે). કોઈને હજાર જીભ હોય તોપણ તે મનુષ્ય તે સર્વવ્યાપક ભગવાનનાં પરાક્રમોની ગણતરી કરવાનું

૧. પ્રા. પા. – ૦મુખવિકારામૃતેના૦ । ૨. પ્રા. પા. – ૦યૂથપતીનાં પરિ૦ । ૩. પ્રા. પા. – ૦વનતુલસિ૦ । ૪. પ્રા. પા. – ૦મનુશ્રુતોઽભિધ્યાય૦ । ૫. પ્રા. પા. – ૦કર્મણાં વા૦ । ૬. પ્રા. પા. – ૦ભાવમુદ્વહન્ ભગ૦ । ૭. પ્રા. પા. – ભૂગોલકં । ૮. પ્રા. પા. – વીર્યાણ્યભિગણ૦ ।

એવમ્પ્રભાવો ભગવાનનન્તો
દુરન્તવીર્યોરુગુણાનુભાવઃ[1] ।
મૂલે રસાયાઃ સ્થિત આત્મતન્ત્રો
યો લીલયા ક્ષ્માં સ્થિતયે બિભર્તિ ॥ ૧૩॥

એતા હ્યેવેહ નૃભિરુપગન્તવ્યા ગતયો યથાકર્મવિનિર્મિતા યથોપદેશમનુવર્ણિતાઃ કામાન્ કામયમાનૈઃ ॥ ૧૪॥ એતાવતીર્હિ રાજન્ પુંસઃ પ્રવૃત્તિલક્ષણસ્ય ધર્મસ્ય વિપાકગતય ઉચ્ચાવચા વિસદૃશા યથાપ્રશ્નં વ્યાચખ્યે કિમન્યત્કથયામ ઈતિ ॥ ૧૫॥

સાહસ કેવી રીતે કરી શકે? (૧૨) વાસ્તવમાં તેમનાં વીર્ય, અતિશય ગુણો અને પ્રભાવ અસીમ છે. આવા પ્રભાવશાળી ભગવાન અનંત રસાતલના મૂળમાં પોતાના જ મહિમામાં સ્થિત સ્વતંત્ર છે અને સમસ્ત લોકોની સ્થિતિ માટે લીલાપૂર્વક જ પૃથ્વીને ધારણ કરી રહ્યા છે.'' (૧૩)

હે રાજન્! ભોગોની કામનાવાળા મનુષ્યોની પોતાનાં કર્મો અનુસાર પ્રાપ્ત થતી ભગવાને રચેલી આ જ ગતિઓ છે. એમને મેં ગુરુના મુખેથી જે રીતે સાંભળી હતી તે જ રીતે તમને કહી સંભળાવી. (૧૪) પ્રવૃત્તિરૂપ ધર્મના પરિણામે મનુષ્યને પ્રાપ્ત થતી પરસ્પર ઉત્તમ અને અધમ જે ગતિઓ વિવિધ પ્રકારની છે, તે મેં તમને તમારા પ્રશ્ન અનુસાર કહી સંભળાવી. હવે કહો, અન્ય શું કહી સંભળાવું? (૧૫)

=★=

ઈતિ શ્રીમદ્ભાગવતે મહાપુરાણે પારમહંસ્યાં સંહિતાયાં પઞ્ચમસ્કન્ધે ભૂવિવરવિધ્યુપવર્ણનં નામ પઞ્ચવિંશોઽધ્યાયઃ ॥ ૨૫॥
પાંચમા સ્કંધ-અંતર્ગત ભૂવિવરવિધિ-ઉપવર્ણન નામનો પચીસમો અધ્યાય સમાપ્ત.

=★=

છવ્વીસમો અધ્યાય

નરકોની વિભિન્ન ગતિઓનું વર્ણન

રાજોવાચ

મહર્ષ એતદ્વૈચિત્ર્યં લોકસ્ય કથમિતિ ॥ ૧ ॥

ઋષિરુવાચ[2]

ત્રિગુણત્વાત્કર્તુઃ[3] શ્રદ્ધયા કર્મગતયઃ પૃથગ્વિધાઃ સર્વા એવ સર્વસ્ય તારતમ્યેન ભવન્તિ ॥ ૨॥ અથેદાનીં પ્રતિષિદ્ધ-લક્ષણસ્યાધર્મસ્ય તથૈવ કર્તુઃ[4] શ્રદ્ધાયા વૈસાદૃશ્યાત્કર્મફલં વિસદૃશં ભવતિ યા હ્યનાદ્યવિદ્યયા[5] કૃતકામાનાં તત્પરિણામલક્ષણાઃ સૃતયઃ સહસ્રશઃ પ્રવૃત્તા-સ્તાસાં પ્રાચુર્યેણાનુવર્ણયિષ્યામઃ ॥ ૩॥

રાજોવાચ

નરકા નામ ભગવન્ કિં દેશવિશેષા અથવા બહિસ્ત્રિલોક્યા આહોસ્વિદન્તરાલ ઈતિ ॥ ૪॥

ઋષિરુવાચ

અન્તરાલ એવ ત્રિજગત્યાસ્તુ દિશિ દક્ષિણ-સ્યામધસ્તાદ્ભૂમેરુપરિષ્ટાચ્ચ જલાદ્યસ્યામગ્નિષ્વા-

રાજા પરીક્ષિતે પૂછ્યું – હે મહર્ષિ! લોકોને આ જે ઉત્તમ કે અધમ ગતિઓ પ્રાપ્ત થાય છે એમનામાં આટલી વિભિન્નતા શા માટે છે? (૧)

શ્રીશુકદેવજીએ કહ્યું – હે રાજન્! કર્મ કરનારા મનુષ્યો સાત્વિક, રાજસ અને તામસ – ત્રણ પ્રકારના હોય છે; તથા તેમની શ્રદ્ધાઓ પણ ભિન્ન-ભિન્ન પ્રકારની રહેલી હોય છે. આ પ્રમાણે સ્વભાવ અને શ્રદ્ધાની ભિન્નતાને લીધે તેમનાં કર્મોની ગતિ પણ ભિન્ન-ભિન્ન હોય છે અને ન્યૂનાધિક અંશે આ તમામ ગતિઓ બધા જ કર્મકર્તાઓને પ્રાપ્ત થાય છે. (૨) આ જ પ્રમાણે નિષિદ્ધ કર્મોરૂપી પાપ કરનારાઓને પણ તેમની શ્રદ્ધાના અસમાનપણાને કારણે એકસરખું ફળ મળતું નથી. તેથી અનાદિ અવિદ્યાને વશ થઈને કામનાપૂર્વક કરેલાં તે નિષિદ્ધ કર્મોના પરિણામે હજારો પ્રકારની જે નારકીય ગતિઓ (પ્રાપ્ત) થાય છે તેમનું અમે વિસ્તારપૂર્વક વર્ણન કરીશું. (૩)

રાજા પરીક્ષિતે પૂછ્યું – હે ભગવન્! આપ જેમનું વર્ણન કરવા ઈચ્છો છો તે નરકો આ જ પૃથ્વીના કોઈ વિશેષ ભૂ-ભાગ છે કે પછી ત્રિલોકથી બહાર અથવા એની જ અંદર કોઈ જગ્યાએ છે? (૪)

શ્રીશુકદેવજીએ કહ્યું – હે રાજન્! તે નરકો ત્રણે

૧. પ્રા. પા. – ૦વીર્યો ગુણાનુભાવઃ । ૨. પ્રાચીન પ્રતમાં 'ઋષિરુવાચ' પાઠ નથી. ૩. પ્રા. પા. – કર્તૃશ્રદ્ધાયાઃ । ૪. પ્રા. પા. – કર્તૃશ્રદ્ધાયાઃ । ૫. પ્રા. પા. – વિદ્યાકામાનાં ।

ત્તાદયઃ પિતૃગણા દિશિ સ્વાનાં ગોત્રાણાં પરમેણ સમાધિના સત્યા એવાશિષ આશાસાના નિવસન્તિ ॥ ૫॥ યત્ર હ વાવ ભગવાન્ પિતૃરાજો વૈવસ્વતઃ સ્વવિષયં પ્રાપિતેષુ સ્વપુરુષૈર્જન્તુષુ સમ્પરેતેષુ યથાકર્માવદ્યં દોષમેવાનુલ્લઙ્ઘિતભગવચ્છાસનઃ સગણો દમં ધારયતિ ॥ ૬॥ તત્ર હૈકે નરકાનેકવિંશતિં ગણયન્તિ । અથ તાંસ્તે રાજન્નામરૂપલક્ષણતોઽનુક્રમિષ્યામસ્તામિસ્રોઽન્ધતામિસ્રો રૌરવો મહારૌરવઃ કુમ્ભીપાકઃ કાલસૂત્રમસિપત્રવનં સૂકરમુખમન્ધકૂપઃ કૃમિભોજનઃ સન્દંશસ્તપ્તસૂર્મિર્વજ્રકણ્ટકશાલ્મલી વૈતરણી પૂયોદઃ પ્રાણરોધો વિશસનં લાલાભક્ષઃ સારમેયાદનમવીચિરયઃપાનમિતિ । કિઞ્ચ ક્ષારકર્દમો રક્ષોગણભોજનઃ શૂલપ્રોતો દન્દશૂકોઽવટનિરોધનઃ[1] પર્યાવર્તનઃ સૂચીમુખમિત્યષ્ટાવિંશતિર્નરકા વિવિધયાતનાભૂમયઃ ॥ ૭॥

તત્ર યસ્તુ પરવિત્તાપત્યકલત્રાણ્યપહરતિ સ હિ કાલપાશબદ્ધો યમપુરુષૈરતિભયાનકૈસ્તામિસ્રે નરકે બલાન્નિપાત્યતે અનશનાનુદપાનદણ્ડતાડનસન્તર્જનાદિભિર્યાતનાભિર્યાત્યમાનો જન્તુર્યત્ર કશ્મલમાસાદિત એકદૈવ મૂર્ચ્છામુપયાતિ તામિસ્રપ્રાયે ॥ ૮॥ એવમેવાન્ધતામિસ્રે યસ્તુ વઞ્ચયિત્વા[2] પુરુષં દારાદીનુપયુઙ્ક્તે યત્ર શરીરી નિપાત્યમાનો યાતનાસ્થો વેદનયા નષ્ટમતિર્નષ્ટદૃષ્ટિશ્ચ ભવતિ યથા[3] વનસ્પતિર્વૃશ્ચ્યમાનમૂલસ્તસ્માદન્ધતામિસ્રં તમુપદિશન્તિ ॥ ૯॥

યસ્ત્વિહ વા એતદહમિતિ મમેદમિતિ ભૂતદ્રોહેણ કેવલં સ્વકુટુમ્બમેવાનુદિનં પ્રપુષ્ણાતિ સ તદિહ વિહાય સ્વયમેવ તદશુભેન[4] રૌરવે નિપતતિ ॥ ૧૦॥ યે[5] ત્વિહ યથૈવામુના વિહિંસિતા જન્તવઃ પરત્ર યમયાતનામુપગતં[6] ત એવ રુરવો ભૂત્વા તથા તમેવ વિહિંસન્તિ તસ્માદ્ રૌરવમિત્યાહૂ રુરુરિતિ સર્પાદતિ[7]-

લોકની અંદર જ છે અને તે દક્ષિણ તરફ પૃથ્વીની નીચે પરંતુ જળની ઉપર આવેલાં છે. આ જ દિશામાં અગ્નિષ્વાત્ત વગેરે પિતૃઓ રહે છે અને તેઓ અત્યંત એકાગ્રતાપૂર્વક પોતાના વંશધરો માટે મંગલ કામના કર્યા કરે છે. (૫) તે નરકલોકમાં સૂર્યના પુત્ર પિતૃરાજ ભગવાન યમ પોતાના સેવકો સાથે રહે છે તથા ભગવાનની આજ્ઞાનું ઉલ્લંઘન નહીં કરતાં, પોતાના દૂતો વડે ત્યાં લવાયેલાં મૃત પ્રાણીઓને તેમનાં દુષ્કર્મો અનુસાર પાપના ફળ તરીકે દંડ આપે છે. (૬) હે પરીક્ષિત! કેટલાક લોકો નરકોની સંખ્યા એકવીસ છે એમ જણાવે છે. હવે અમે નામ, રૂપ અને લક્ષણો અનુસાર તેમનું ક્રમશઃ વર્ણન કરીએ છીએ. તેમનાં નામ આ છે – તામિસ્ર, અંધતામિસ્ર, રૌરવ, મહારૌરવ, કુંભીપાક, કાલસૂત્ર, અસિપત્રવન, સૂકરમુખ, અંધકૂપ, કૃમિભોજન, સન્દંશ, તપ્તસૂર્મિ, વજ્રકંટકશાલ્મલી, વૈતરણી, પૂયોદ, પ્રાણરોધ, વિશસન, લાલાભક્ષ, સારમેયાદન, અવીચિ અને અયઃપાન. આ ઉપરાંત ક્ષારકર્દમ, રક્ષોગણભોજન, શૂલપ્રોત, દંદશૂક, અવટનિરોધન, પર્યાવર્તન અને સૂચીમુખ – આ સાત બીજાં મળીને કુલ અઠ્ઠાવીસ નરકો જાતજાતની યાતનાઓને ભોગવવાનાં સ્થાનો છે. (૭)

જે મનુષ્યો બીજાઓના ધન, સંતાન કે સ્ત્રીનું હરણ કરે છે તેને અત્યંત ભયાનક યમદૂતો કાળપાશથી બાંધીને જબરદસ્તીથી તામિસ્ર નરકમાં નાખે છે. તે અંધકારપૂર્ણ નરકમાં તેને અન્ન-જળ નહીં આપવાં, દંડા મારવા, ભય દેખાડવો વગેરે અનેક પ્રકારના દુઃખ આપવામાં આવે છે; એનાથી અત્યંત દુઃખી થઈને તે એકાએક મૂર્ચ્છિત થઈ જાય છે. (૮) આ જ પ્રમાણે જે મનુષ્ય કોઈ બીજા સાથે દગો કરીને તેની સ્ત્રી વગેરેનો ભોગ કરે છે તે અંધતામિસ્ર નરકમાં પડે છે. ત્યાંની યાતનાઓ ભોગવતો તે મૂળમાંથી કપાયેલા વૃક્ષની જેમ વેદનાનો માર્યો તમામ સાન-ભાન ખોઈ બેસે છે અને તેને કશું જ સૂઝતું નથી. આ કારણે જ તે નરકને અંધતામિસ્ર કહે છે. (૯)

જે મનુષ્ય આ સંસારમાં 'આ શરીર એ જ હું છું અને આ પત્ની-ધન વગેરે મારાં છે' એવી બુદ્ધિને લીધે બીજાં પ્રાણીઓ સાથે દ્રોહ કરીને નિરંતર પોતાના કુટુંબનું જ પાલન-પોષણ કરવામાં રત રહે છે તે પોતાના શરીરનો ત્યાગ કર્યા પછી પોતાના પાપને કારણે જાતે જ રૌરવ નરકમાં જઈ પડે છે. (૧૦) તેણે આ લોકમાં જે જીવોને જે રીતે દુઃખ પહોંચાડ્યું હોય છે, પરલોકમાં યમ-યાતનાનો સમય આવ્યે, તે જીવો 'રુરુ' થઈને તેને તે જ રીતે દુઃખ પહોંચાડે છે. તેથી તે નરકનું નામ 'રૌરવ' છે. 'રુરુ' સાપ કરતાં પણ વધુ

૧. પ્રા. પા. – શૂકોઽવટનિરોધનં પર્યાવર્તનં । ૨. પ્રા. પા. – વઞ્ચિત્વા । ૩. પ્રા. પા. – યથા હિ વનસ્પતિ૦ । ૪. પ્રા. પા. – તદશુભે રૌરવે । ૫. પ્રા. પા. – ને વેહ તથૈવામુના । ૬. પ્રા. પા. – યાતનાયતનમુપગતાસ્ત । ૭. પ્રા. પા. – સર્પવદતિક્રૂરસત્ત્વ૦ ।

ક્રૂરસત્ત્વસ્યાપદેશઃ ॥ ૧૧॥ એવમેવ મહારૌરવો યત્ર નિપતિતં પુરુષં ક્રવ્યાદા[1] નામ રુરવસ્તં ક્રવ્યેણ ઘાતયન્તિ યઃ કેવલં દેહમ્ભરઃ ॥ ૧૨॥

યસ્ત્વિહ વા ઉગ્રઃ પશૂન્ પક્ષિણો વા પ્રાણત ઉપરન્ધયતિ તમપકરુણં પુરુષાદૈરપિ વિગર્હિતમમુત્ર યમાનુચરાઃ કુમ્ભીપાકે તપ્તતૈલે ઉપરન્ધયન્તિ ॥ ૧૩॥ યસ્ત્વિહ પિતૃવિપ્રબ્રહ્મધ્રુક્ સ કાલસૂત્રસઞ્જ્ઞકે નરકે અયુતયોજનપરિમણ્ડલે તામ્રમયે[2] તપ્તખલે ઉપર્યધસ્તાદગ્ન્યર્કાભ્યામતિતપ્યમાનેઽભિનિવેશિતઃ ક્ષુત્પિપાસાભ્યાં ચ દહ્યમાનાન્તર્બહિઃશરીર આસ્તે શેતે[3] ચેષ્ટતેઽવતિષ્ઠતિ પરિધાવતિ ચ યાવન્તિ પશુરોમાણિ તાવદ્વર્ષસહસ્રાણિ ॥ ૧૪॥

યસ્ત્વિહ[4] વૈ નિજવેદપથાદનાપદ્યપગતઃ પાખણ્ડં ચોપગતસ્તમસિપત્રવનં પ્રવેશ્ય કશયા પ્રહરન્તિ તત્ર હાસાવિતસ્તતો ધાવમાન ઉભયતોધારૈસ્તાલવનાસિપત્રૈશ્છિદ્યમાનસર્વાઙ્ગો હા હતોઽસ્મીતિ પરમયા વેદનયા મૂર્ચ્છિતઃ પદે પદે નિપતતિ સ્વધર્મહા પાખણ્ડાનુગતં[5] ફલં ભુઙ્ક્તે ॥ ૧૫॥

યસ્ત્વિહ વૈ રાજા રાજપુરુષો વા અદણ્ડ્યે દણ્ડં પ્રણયતિ બ્રાહ્મણે વા શરીરદણ્ડં સ પાપીયાન્નરકેઽમુત્ર સૂકરમુખે નિપતતિ તત્રાતિબલૈર્વિનિષ્પિષ્યમાણાવયવો યથૈવેહેક્ષુખણ્ડ આર્તસ્વરેણ સ્વનયન્ ક્વચિન્મૂર્ચ્છિતઃ કશ્મલમુપગતો યથૈવેહાદૃષ્ટદોષા ઉપરુદ્ધાઃ ॥ ૧૬॥

ક્રૂરસ્વભાવવાળા એક જીવનું નામ છે. (૧૧) મહારૌરવ નરકમાં પણ આવું જ છે. એમાં તે વ્યક્તિ જાય છે કે જે અન્ય કોઈનીય પરવા નહીં કરીને કેવળ પોતાના જ શરીરનું પાલનપોષણ કરે છે. ત્યાં તેને કાચું માંસ ખાનારાં રુરુઓ માંસના લોભથી કરડે છે. (૧૨)

જે ક્રૂર મનુષ્ય આ લોકમાં પોતાનું પેટ ભરવા માટે જીવતાં પશુ કે પક્ષીઓને રાંધી ખાય છે તે હૃદયહીન, રાક્ષસો કરતાં પણ ગયા-ગુજર્યા મનુષ્યને યમદૂતો કુંભીપાક નરકમાં લઈ જાય છે અને તેને ઊકળતા તેલમાં રાંધે છે. (૧૩) જે મનુષ્ય આ લોકમાં માતા-પિતા, બ્રાહ્મણો અને વેદોનો વિરોધ કરે છે તેને યમદૂતો કાલસૂત્ર નરકમાં લઈ જાય છે. એનો ઘેરાવો દસ હજાર જોજનનો છે. એની ભૂમિ તાંબાની છે. એમાં જે મેદાન તપેલું છે તે ઉપરથી સૂર્યના અને નીચેથી અગ્નિના દાહને લીધે બળતું રહે છે. ત્યાં પહોંચાડવામાં આવેલો પાપી જીવ ભૂખ-તરસથી વ્યાકુળ થઈ જાય છે અને તેનું શરીર બહારથી ને અંદરથી બળવા લાગે છે. તેની બેચેની ત્યાં સુધી વધી જાય છે કે તે ક્યારેક બેસી જાય છે, ક્યારેક આળોટવા લાગે છે, ક્યારેક તરફડવા લાગે છે, ક્યારેક ઊભો થઈ જાય છે અને ક્યારેક અહીં-તહીં દોડવા માંડે છે. આ પ્રમાણે તે નરપશુના શરીરમાં જેટલાં રુવાંડાં હોય છે તેટલાં જ હજાર વર્ષો સુધી તેની આ દુર્ગતિ થતી રહે છે. (૧૪)

જે મનુષ્ય કોઈ પણ પ્રકારની આપત્તિ નહીં આવી પડવા છતાં પોતાના વૈદિક માર્ગને ત્યજીને અન્ય પાખંડપૂર્ણ ધર્મોનો આશ્રય લે છે તેને યમદૂતો અસિપત્રવનમાં લઈ જાય છે અને કોરડાઓથી મારે છે. આ મારથી બચવા જ્યારે તે અહીંતહીં દોડવા માંડે છે ત્યારે તેનાં બધાં અંગો તાલવનનાં તલવાર જેવાં ધારદાર પત્તાંઓથી, કે જેમને બંને બાજુ ધારો હોય છે – તેમનાથી ટુકડે ટુકડા થવા લાગે છે; અને ત્યારે તે વેદનાથી 'હાય! મરી ગયો રે!' એ પ્રમાણે ચીસો પાડતો ક્ષણે-ક્ષણે મૂર્ચ્છિત થઈને પટકાતો રહે છે. પોતાના ધર્મને ત્યજીને પાખંડના માર્ગે ચાલવાથી તેણે આ પ્રમાણે પોતાનાં કુકર્મોનું ફળ ભોગવવું પડે છે. (૧૫)

૩ જે મનુષ્ય આ લોકમાં (પોતે) રાજા અથવા રાજ-કર્મચારી હોવાથી કોઈ નિર્દોષ મનુષ્યને દંડ આપે છે અથવા બ્રાહ્મણને શરીરદંડ આપે છે તે મહાપાપી મર્યા પછી સૂકરમુખ નરકમાં જઈ પડે છે. ત્યાં મહાબળવાન યમદૂતો જ્યારે તેનાં અંગોને કચડે છે ત્યારે તે ઘાણીમાં ઓરવામાં આવતા શેરડીના સાંઠાઓની જેમ પીડિત થાય છે અને આ લોકમાં તેના વડે રંજાડવામાં આવેલાં નિર્દોષ પ્રાણીઓ જે રીતે રોતાં-

૧. પ્રા. પા. – ક્વ્યાદા રુરવસ્તં । ૨. પ્રા. પા. – ૦મયે ખલે । ૩. પ્રા. પા. – શેતેઽવતિષ્ઠતિ । ૪. પ્રા. પા. – વસ્તૂ હ વૈ । ૫. પ્રા. પા. – પાપણ્ડાનુગમનં ।

યસ્ત્વિહ વૈ [1]ભૂતાનામીશ્વરોપકલ્પિતવૃત્તીનામવિવિક્તપરવ્યથાનાં સ્વયં પુરુષોપકલ્પિતવૃત્તિર્વિવિક્તપરવ્યથો વ્યથામાચરતિ સ પરત્રાન્ધકૂપે તદભિદ્રોહેણ નિપતતિ તત્ર હાસૌ તૈર્જન્તુભિઃ પશુમૃગપક્ષિસરીસૃપૈર્મશકયૂકામત્કુણમક્ષિકાદિભિર્યે કે ચાભિદ્રુગ્ધાસ્તૈઃ સર્વતોઽભિદ્રુહ્યમાણસ્તમસિ વિહતનિદ્રાનિર્વૃતિરલબ્ધાવસ્થાનઃ પરિક્રામતિ યથા કુશરીરે જીવઃ ॥ ૧૭॥

યસ્ત્વિહ વા અસંવિભજ્યાશ્નાતિ[2] યત્કિઞ્ચનોપનતમનિર્મિતપઞ્ચયજ્ઞો વાયસસંસ્તુતઃ સ પરત્ર કૃમિભોજને નરકાધમે નિપતતિ તત્ર શતસહસ્રયોજને[3] કૃમિકુણ્ડે[4] કૃમિભૂતઃ સ્વયં કૃમિભિરેવ ભક્ષ્યમાણઃ કૃમિભોજનો યાવત્તદપ્રત્તાપ્રહુતાદોઽનિર્વેશમાત્માનં યાતયતે ॥ ૧૮॥ યસ્ત્વિહ વૈ સ્તેયેન બલાદ્વા હિરણ્યરત્નાદીનિ બ્રાહ્મણસ્ય વાઽપહરત્યન્યસ્ય વાઽનાપદિ પુરુષસ્તમમુત્ર રાજન્ યમપુરુષા અયસ્મયૈરગ્નિપિણ્ડૈઃ[5] સન્દંશૈસ્ત્વચિ નિષ્કુષન્તિ ॥ ૧૯॥ યસ્ત્વિહ વા અગમ્યાં સ્ત્રિયમગમ્યં વા પુરુષં યોષિદભિગચ્છતિ[6] તાવમુત્ર કશયા તાડયન્તસ્તિગ્મયા[7] સૂર્મ્યા લોહમય્યા પુરુષમાલિઙ્ગયન્તિ સ્ત્રિયં ચ પુરુષરૂપયા[8]

બરાડતાં હતાં તેવી જ રીતે તે ક્યારેક આર્તસ્વરે ચીસો પાડે છે અને ક્યારેક મૂર્છિત થઈ જાય છે. (૧૬)

જે મનુષ્ય આ લોકમાં માકણ-મચ્છર વગેરે જીવોની હિંસા કરે છે તે તેમનો દ્રોહ કરવાને કારણે અંધકૂપ નરકમાં પડે છે; કારણ કે તે જંતુઓની રક્તપાન કરવાની વૃત્તિ ખુદ ભગવાને જ બનાવેલી છે અને તેમને એ કારણે બીજાંઓને કષ્ટ પહોંચે છે એનું જ્ઞાન પણ હોતું નથી, પરંતુ મનુષ્યની વૃત્તિ ભગવાને વિધિ-નિષેધપૂર્વક બનાવેલી છે (અર્થાત્ શું કરવું, શું ન કરવું તેનો વૃત્તિવિવેક આપેલો છે) અને તેને બીજાંઓને કષ્ટ પહોંચે છે એનું જ્ઞાન પણ હોય છે. ત્યાં (અંધકૂપ નરકમાં) તે પશુઓ, મૃગો, પક્ષીઓ, સાપ વગેરે ઘસડાઈને ચાલતાં જંતુઓ, મચ્છરો, જૂ, માકણ, માખી વગેરે જીવો, કે જેમનો તેણે દ્રોહ કર્યો હતો - તેઓ તેને બધી બાજુએ કરડે છે. એનાથી તેની નિદ્રા અને શાંતિનો ભંગ થઈ જાય છે અને ક્યાંય સ્થાન નહીં મળવાથી પણ બેચેનીને કારણે તે ઘોર અંધકારમાં એવી રીતે ભટકતો રહે છે કે જેમ રોગગ્રસ્ત શરીરમાં જીવ તરફડ્યા કરતો હોય છે. (૧૭)

જે મનુષ્ય આ લોકમાં પંચમહાયજ્ઞ કર્યા વિના તથા જે કંઈ મળે તેને કોઈ બીજાને આપ્યા વિના માત્ર પોતે જ ખાય છે તેને કાગડા જેવો કહેવામાં આવ્યો છે. તે પરલોકમાં કૃમિભોજન નામના અધમ નરકમાં પડે છે. ત્યાં એક લાખ જોજન લાંબો-પહોળો કીડાઓનો એક કુંડ છે, તેમાં તેણે પણ કીડો બનીને રહેવું પડે છે; અને પોતાનાં પાપોનું પ્રાયશ્ચિત્ત નહીં કરનારા તે પાપીની, આપ્યા વિના અને હવન કર્યા વિના ખાવાના કરેલા દોષમાંથી જ્યાં સુધી સારી રીતે શુદ્ધિ થઈ જતી નથી ત્યાં સુધી તે તેમાં જ પડ્યો પડ્યો દુઃખ ભોગવતો રહે છે. ત્યાં કીડાઓ તેને ચટકા ભરે છે અને તે કીડાઓને ખાય છે. (૧૮) હે રાજન્! જે મનુષ્ય આ લોકમાં ચોરી કરે છે અથવા બળજોરીથી બ્રાહ્મણનું કે આપત્તિનો સમય નહીં હોવા છતાં પણ કોઈ બીજા મનુષ્યનું સુવર્ણ, રત્ન વગેરે ધનનું હરણ કરે છે તેને તેના મર્યા પછી યમદૂતો સન્દંશ નામના નરકમાં લઈ જઈને તપાવેલા લોઢાના ગોળાઓથી ડામ દે છે અને સાણસીથી તેની ખાલ ચૂંટે છે. (૧૯) જો કોઈ પુરુષ આ લોકમાં અગમ્યા સ્ત્રી સાથે સંભોગ કરે છે અથવા કોઈ સ્ત્રી અગમ્ય પુરુષ સાથે વ્યભિચાર કરે છે તો યમદૂતો તેને તપ્તસૂર્મિ નામના નરકમાં લઈ જઈને કોરડાઓથી મારે છે તથા પુરુષને તપાવેલા લોઢાની સ્ત્રીમૂર્તિ સાથે અને સ્ત્રીને તપાવેલા લોઢાની પુરુષપ્રતિમા સાથે

૧. પ્રા. પા. – ૦મીશ્વરકલ્પિત૦ । ૨. પ્રા. પા. – સકેઽસંવિભજ્ય૦ । ૩. પ્રા. પા. – શતયોજને । ૪. પ્રા. પા. – ૦ણ્ડે કૃમિભિરેવ ભક્ષ્યમાણઃ । ૫. પ્રા. પા. – અશ્મમયૈરગ્નિ૦ । ૬. પ્રા. પા. – ૦દપિ ગચ્છતિ । ૭. પ્રા. પા. – તાડયેત્તિગ્મયા । ૮. પ્રા. પા. – પુરુષમૂર્ત્યા ।

સૂર્મ્યા ॥ ૨૦॥ યસ્ત્વિહ વૈ સર્વાભિગમસ્તમમુત્ર નિરયે વર્તમાનં વજ્રકણ્ટકશાલ્મલીમારોપ્ય નિષ્કર્ષન્તિ ॥ ૨૧॥

યે ત્વિહ વૈ રાજન્યા રાજપુરુષા વા અપાખણ્ડા ધર્મસેતૂન્[1] ભિન્દન્તિ તે સમ્પરેત્ય વૈતરણ્યાં નિપતન્તિ ભિન્નમર્યાદાસ્તસ્યાં નિરયપરિખાભૂતાયાં નદ્યાં યાદોગણૈરિતસ્તતો ભક્ષ્યમાણા આત્મના ન વિયુજ્યમાનાશ્ચાસુભિરુહ્યમાનાઃ સ્વાઘેન[2] કર્મપાકમનુસ્મરન્તો વિણ્મૂત્રપૂયશોણિતકેશ-નખાસ્થિમેદોમાંસવસાવાહિન્યામુપતપ્યન્તે ॥ ૨૨॥ યે ત્વિહ વૈ વૃષલીપતયો નષ્ટશૌચાચારનિયમાસ્ત્યક્તલજ્જાઃ પશુચર્યાં ચરન્તિ તે ચાપિ પ્રેત્ય પૂયવિણ્મૂત્રશ્લેષ્મમલાપૂર્ણાર્ણવે નિપતન્તિ તદેવાતિબીભત્સિતમશ્નન્તિ ॥ ૨૩॥ યે ત્વિહ વૈ શ્વગર્દભપતયો બ્રાહ્મણાદયો મૃગયાવિહારા અતીર્થે ચ મૃગાન્નિઘ્નન્તિ તાનપિ સમ્પરેતાઁલ્લક્ષ્ય-ભૂતાન્ યમપુરુષા ઇષુભિર્વિધ્યન્તિ ॥ ૨૪॥

યે ત્વિહ વૈ દામ્ભિકા દમ્ભયજ્ઞેષુ પશૂન્ વિશસન્તિ તાનમુષ્મિઁલ્લોકે વૈશસે નરકે પતિતાન્નિરયપતયો યાતયિત્વા વિશસન્તિ ॥ ૨૫॥ યસ્ત્વિહ વૈ સવર્ણાં ભાર્યાં દ્વિજો રેતઃ પાયયતિ કામમોહિતસ્તં પાપકૃતમમુત્ર રેતઃકુલ્યાયાં પાતયિત્વા રેતઃ સમ્પાયયન્તિ[3] ॥ ૨૬॥ યે ત્વિહ વૈ દસ્યવોઽગ્નિદા ગરદા ગ્રામાન્ સાર્થાન્ વા વિલુમ્પન્તિ રાજાનો રાજભટા વા તાંશ્ચાપિ હિ પરેત્ય[4] યમદૂતા વજ્રદંષ્ટ્રાઃ શ્વાનઃ સપ્તશતાનિ વિંશતિશ્ચ સરભસં ખાદન્તિ ॥ ૨૭॥ યસ્ત્વિહ[5] વા અનૃતં વદતિ સાક્ષ્યે દ્રવ્યવિનિમયે દાને વા કથઞ્ચિત્સ વૈ પ્રેત્ય નરકેઽવીચિમત્યધઃશિરા[6] નિરવકાશે યોજનશતોચ્છ્રાયાદ્ ગિરિમૂર્ધ્નઃ સમ્પાત્યતે યત્ર[7]

આલિંગન કરાવે છે. (૨૦) જે મનુષ્ય આ લોકમાં પશુ વગેરે સૌ કોઈની સાથે વ્યભિચાર કરે છે તેને તેના મૃત્યુ પછી યમદૂતો વજ્રકંટકશાલ્મલી નામના નરકમાં નાખે છે અને વજ્ર જેવા કઠોર કાંટાવાળા શીમળાના વૃક્ષ પર ચઢાવીને નીચે તરફ ખેંચે છે. (૨૧)

જે રાજાઓ કે રાજપુરુષો આ લોકમાં શ્રેષ્ઠ કુળમાં જન્મ પામીને પણ ધર્મની મર્યાદાનું ઉચ્છેદન કરે છે તેઓને એવા મર્યાદાના ઉલ્લંઘનને કારણે વૈતરણી નદીમાં ફેંકવામાં આવે છે. આ નદી નરકોની ખાઈ જેવી છે; તેમાં મળ, મૂત્ર, પરુ, રક્ત, કેશ, નખ, હાડકાં, ચરબી, માંસ-મજ્જા વગેરે ગંદી ચીજો ભરેલી છે. તેમાં પડ્યા પછી તેમને જળચર જીવો બધી બાજુએથી ચટકા ભરે છે. પણ તેમ છતાંય તેમનું શરીર છૂટતું નથી, કરેલા પાપને કારણે તેમના પ્રાણ આ પીડાને વહન કરતા રહે છે અને તેઓ આ દુર્ગતિને પોતાની કરણીનું ફળ સમજીને મનોમન સંતપ્ત થતા રહે છે. (૨૨) જે લોકો શૌચ-શુદ્ધિ અને આચરણના નિયમોનો પરિત્યાગ કરીને તથા લાજમર્યાદાને તિલાંજલિ આપીને આ લોકમાં શૂદ્રાઓની સાથે સંબંધ જોડીને પશુઓના જેવું આચરણ કરે છે તેઓ પણ મર્યા પછી પરુ, વિષ્ઠા, મૂત્ર, કફ અને મળથી ભરેલા પૂયોદ નામના સમુદ્રમાં પડે છે અને તેઓ તે અત્યંત ઘૃણિત વસ્તુઓ જ ખાય છે. (૨૩) આ લોકમાં બ્રાહ્મણ વગેરે ઉચ્ચ વર્ણના જે લોકો કૂતરાં અને ગધેડાં પાળે છે અને શિકાર વગેરે (નિષિદ્ધ કર્મો)માં રત રહે છે તથા શાસ્ત્રથી વિપરીત પશુવધ કરે છે તેમને તેમના મર્યા પછી પ્રાણરોધ નામના નરકમાં નાખવામાં આવે છે અને ત્યાં યમદૂતો તેમને લક્ષ્ય બનાવીને બાણોથી વીંધે છે. (૨૪)

જે પાખંડી લોકો પાખંડપૂર્ણ યજ્ઞોમાં પશુઓનો વધ કરે છે તેમને પરલોકમાં વૈશસ (વિશસન) નામના નરકમાં નાખીને ત્યાંના અધિકારીઓ ઘણું કષ્ટ આપીને કાપે છે. (૨૫) જે બ્રાહ્મણ કામાતુર થઈને પોતાની સવર્ણા પત્નીને વીર્યપાન કરાવે છે તે પાપીને તેના મર્યા પછી યમદૂતો વીર્યની નદી (લાલાભક્ષ નામના નરક)માં નાખીને વીર્ય પિવડાવે છે. (૨૬) જે કોઈ ચોર લુટારા અથવા રાજા કે રાજપુરુષો આ લોકમાં કોઈના ઘરમાં આગ લગાડે છે, કોઈને ઝેર આપે છે અથવા ગામોને કે વેપારીઓની મંડળીઓને લૂંટે છે તેમને તેમના મર્યા પછી સારમેયાદન નામના નરકમાં (નાખીને) વજ્ર જેવી દાઢોવાળા સાતસો વીસ યમદૂતો કૂતરા બનીને ભારે વેગપૂર્વક કરડવા લાગે છે. (૨૭) જે મનુષ્ય આ લોકમાં કોઈની સાક્ષી આપવામાં, વેપારમાં અથવા દાન આપતી વખતે કોઈ પણ પ્રકારે જૂઠું બોલે છે તે મર્યા પછી આધારરહિત અવીચિમાન

૧. પ્રા. પા.—ધર્મસેતું । ૨. પ્રા. પા.—અથેન કર્મવિપાકમનુસ્મરન્ત ઉપતપ્યતે વિણ્મૂત્ર... વાહિન્યામ્ । ૩. પ્રા. પા.—આપાયયન્તિ । ૪. પ્રા. પા.—પરેતાન્ । ૫. પ્રા. પા.—યે ત્વિહ વા અનૃતં વદન્તિ સાક્ષ્યે દ્રવ્યવિનિમયે વા કથઞ્ચિત્ । ૬. પ્રા. પા.—વ્વીમયેઽધશ્શિ૦ । ૭. પ્રા. પા.—યત્તજ્જલમિવ ।

જલમિવ સ્થલમશ્મપૃષ્ઠમવભાસતે તદવીચિમત્તિલશો વિશીર્યમાણશરીરો ન મ્રિયમાણઃ પુનરારોપિતો નિપતતિ ॥ ૨૮॥

યસ્ત્વિહ વૈ વિપ્રો રાજન્યો વૈશ્યો વા સોમપીથસ્તત્કલત્રં વા સુરાં વ્રતસ્થોઽપિ વા પિબતિ પ્રમાદતસ્તેષાં[1] નિરયં નીતાનામુરસિ પદાઽઽક્રમ્યાસ્યે વહ્નિના દ્રવમાણં કાર્ષ્ણાયસં નિષિઞ્ચન્તિ ॥ ૨૯॥ અથ ચ યસ્ત્વિહ[2] વા આત્મસમ્ભાવનેન સ્વયમધમો જન્મતપોવિદ્યાચારવર્ણાશ્રમવતો વરીયસો ન બહુ મન્યેત સ મૃતક એવ મૃત્વા ક્ષારકર્દમે નિરયેઽવાક્‌શિરા નિપાતિતો દુરન્તા યાતના હ્યશ્નુતે ॥ ૩૦॥

યે ત્વિહ વૈ પુરુષાઃ પુરુષમેધેન યજન્તે યાશ્ચ સ્ત્રિયો[3] નૃપશૂન્ ખાદન્તિ તાંશ્ચ તે પશવ ઇવ[4] નિહતા યમસદને યાતયન્તો રક્ષોગણાઃ સૌનિકા ઇવ સ્વધિતિનાઽવદાયાસૃક્[5] પિબન્તિ નૃત્યન્તિ ચ ગાયન્તિ ચ હૃષ્યમાણા યથેહ પુરુષાદાઃ ॥ ૩૧॥ યે ત્વિહ વા અનાગસોઽરણ્યે ગ્રામે વા વૈશ્રમ્ભકૈરુપસૃતાનુપવિશ્રમ્ભય્ય જિજીવિષૂન્ શૂલસૂત્રાદિષૂપપ્રોતાન્ ક્રીડનકતયા યાતયન્તિ તેઽપિ ચ પ્રેત્ય યમયાતનાસુ શૂલાદિષુ પ્રોતાત્માનઃ ક્ષુત્તૃડ્‌ભ્યાં ચાભિહતાઃ કઙ્કવટાદિભિશ્ચેતસ્તતસ્તિગ્મતુણ્ડૈરાહન્યમાના આત્મશમલં સ્મરન્તિ ॥ ૩૨॥

નામના નરકમાં પડે છે. ત્યાં તેને સો જોજન ઊંચા પર્વતના શિખર પરથી ઊંધા માથે નીચે નાખવામાં આવે છે. તે નરકની પથ્થરની ભૂમિ પાણી જેવી જણાય છે, તેથી તેનું નામ અવીચિમાન છે. ત્યાં નીચે નાખી દેવામાં આવતાં તેના શરીરના ટુકડે ટુકડા થઈ જાય છે છતાં પણ તેના પ્રાણ નીકળતા નથી; તેથી તેને વારંવાર ઉપર લઈ જઈને નીચે ફેંકવામાં આવે છે. (૨૮)

જે બ્રાહ્મણ કે બ્રાહ્મણી અથવા વ્રતપાલન કરતી અન્ય કોઈ પણ વ્યક્તિ પ્રમાદને લીધે મદ્યપાન કરે છે તથા જે ક્ષત્રિય કે વૈશ્ય સોમપાન* કરે છે તેમને યમદૂતો અયઃપાન નામના નરકમાં લઈ જાય છે અને તેમની છાતી પર પગ મૂકીને તેમના મોઢામાં આગમાં ઓગાળેલું લોઢું નાખે છે. (૨૯)

જે મનુષ્ય આ લોકમાં (પોતે) નિમ્ન કક્ષાનો હોવા છતાં પણ પોતાને મોટો (ઉત્કૃષ્ટ) માને છે અને તેને લીધે જન્મ, તપ, વિદ્યા, આચાર, વર્ણ કે આશ્રમમાં પોતાનાથી જેઓ મોટા હોય તેમનો વિશેષ સત્કાર કરતો નથી તે જીવતો હોવા છતાં પણ મરેલા જેવો છે. તેને તેના મર્યા પછી ક્ષારકર્દમ નામના નરકમાં ઊંધા માથે નાખવામાં આવે છે અને ત્યાં તેણે અત્યંત પીડાઓ ભોગવવી પડે છે. (૩૦) જે મનુષ્યો આ લોકમાં નરમેધયજ્ઞ વગેરે વડે ભૈરવ, યક્ષો, રાક્ષસો વગેરેનું યજન કરે છે અને જે સ્ત્રીઓ પશુઓની જેમ પુરુષોને ભરખી જાય છે તેમને, પશુઓની જેમ મારવામાં આવેલા તે પુરુષો યમલોકમાં રાક્ષસો થઈ જાત-જાતની યાતનાઓ આપે છે અને રક્ષોગણભોજન નામના નરકમાં કસાઈઓની જેમ કુહાડીથી કાપી કાપીને તેમનું લોહી પીએ છે; તથા તે માંસભક્ષી પુરુષો આ લોકમાં જે રીતે તેમના માંસનું ભક્ષણ કરીને આનંદિત થતા હતા તે જ રીતે તેઓ પણ તેમનું રક્તપાન કરે છે અને આનંદિત થઈને નાચગાન કરે છે. (૩૧) જે લોકો આ લોકમાં વન કે ગામના નિર્દોષ જીવોને – કે જે બધાય પોતાના પ્રાણ જાળવી રાખવા ઇચ્છતા હોય છે તેમને જાત-જાતની યુક્તિઓથી ફોસલાવીને પોતાની પાસે બોલાવી લે છે અને પછી કાંટાઓથી વીંધીને અથવા દોરડાથી બાંધીને ખેલ કરાવતા રહીને જાતજાતની પીડાઓ આપે છે તેમને પણ તેમના મર્યા પછી યમયાતનાઓ ભોગવવાના સમયે શૂલપ્રોત નામના નરકમાં શૂળોથી વીંધવામાં આવે છે. તે સમયે તેમને જ્યારે ભૂખ-તરસ સતાવે છે અને કંક, બટેર વગેરે તીક્ષ્ણ ચાંચોવાળાં ભયંકર નારકીય પક્ષીઓ ચટકા ભરવા લાગે છે ત્યારે તેમને પોતે કરેલાં બધાં પાપ યાદ આવી જાય છે. (૩૨)

૧. પ્રા. પા. – પુમાનતસ્તેષાં નિરયં । ૨. પ્રા. પા. – યસ્ત્વિહાત્મસમ્ભાવનેન । ૩. પ્રા. પા. – સ્વસ્ત્રિયો નૃપશૂન્ । ૪. પ્રા. પા. – ઇહ । ૫. પ્રા. પા. – દાર્ષ્યાસૃક્ ।

* ક્ષત્રિયો તેમ જ વૈશ્યો માટે શાસ્ત્રમાં સોમપાનનો નિષેધ (મનાઈ) છે.